લગ્નગાળા વચ્ચે સીઝનલ રોગચાળો કાબુ બહાર : ૧૪૦૦ નવા કેસ ૧૬

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

કારતક વદ-૧૩-૧૪ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૧-૧૨-૨૦૨૩ – સોમવાર | રાજકોટ (સીટી)

રાજકોટની ૧૫ નામાંકિત હોટલોમાંથી રૂા.૧૨ કરોડનાં બિલ વિનાનાં વ્યવહારો પકડાયા ૧૬

વર્ષ : ૩૮ અંક : ૯૪ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

### અયોધ્યા–રામમંદિર બાદ સર્વોચ્ચ અદાલતનો વધુ એક મહત્વપૂર્ણ ચૂકાદો

# જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાનો નિર્ણય યોગ્યઃ સુપ્રીમ

### તમામ પાંચ જજોની બંધારણીય ખંડપીઠે સર્વાનુમતે ચૂકાદો આપ્યોઃ કલમ–૩૭૦ અસ્થાયી હતીઃ રાષ્ટ્રપતિને તે રદ કરવાનો અધિકારઃ કેન્દ્રના દરેક નિર્ણયને પડકારી શકાય નહી

નવી દિલ્હી તા.૧૧

અયોધ્યામાં રામમંદિર નિર્માણ માટેનો મહત્વનો ચુકાદો આપ્યા બાદ સુપ્રીમકોર્ટે આજે જમ્મુ-કાશ્મીરને ભારત સાથે જોડતી કલમ ૩૭૦ દુર કરવાનો રાષ્ટ્રપતિને અધિકાર હોવાનું જણાવીને તેને પડકારતી ૧૮ જેટલી રીટ અરજીઓ ફગાવી હતી. સર્વોચ્ચ અદાલતે આ મુદાઓ પર ત્રણ મહત્વપૂર્ણ મુદાઓ આપ્યા છે જેમાં સૌપ્રથમ જણાવ્યું હતું કે બંધારણ સભાની સમાપ્તી બાદ તમામ અધિકાર રાષ્ટ્રપતિ પાસે આવી જાય છે અને તા.૫ ઓગષ્ટ ૨૦૧૯ના જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ રદ કરવાના રાષ્ટ્રપતિનું જાહેરનામુ યોગ્ય છે અને તેને પડકારી શકાય નહી. સર્વોચ્ચ અદાલતે આ સાથે એ પણ જણાવ્યું હતું કે ભારત સાથે જોડાણની સાથે જ જમ્મુ-કાશ્મીરનું સાર્વભૌમત્વનો અંત આવી ગયો હતો. આ ઉપરાંત ત્રીજા મહત્વપૂર્ણ ચૂકાદામાં સુપ્રીમકોર્ટે એ પણ જણાવ્યું હતું કે કલમ ૩૭૦ની નાબુદી સાથે જ જમ્મુ-કાશ્મીરમાં દેશની તમામ બંધારણીય જોગવાઈઓ પણ અમલી બની જાય છે. આજે આ ચૂકાદા પુર્વે જમ્મુ-કાશ્મીરમાં રેડએલર્ટ જાહેર કરીને સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવાઈ હતી તથા પીડીપીના નેતાઓ સહિત રાજ્યના અનેક નેતાઓને પણ નજરકેદ કર્યા હતા તથા રાજ્યમાં ઈન્ટરનેટ સહિતની સેવાઓ પણ ગમે તે ઘડીએ બંધ કરાઈ તે માટે ટેલીકોમ

(અનુસંધાન છઠ્ઠા પાને)

### ભારતમાં ભળતા જ જમ્મુ–કાશ્મીર દેશનું અવિભાજય રાજય બની ગયું હતું તેના સાર્વભૌમત્વનો પણ અંત આવ્યો હતોઃ મહત્વપૂર્ણ અર્થઘટન

### જમ્મુ–કાશ્મીરમાં દેશના બંધારણની તમામ જોગવાઈઓ લાગુઃ કેન્દ્રના નિર્ણયને પડકારતી ૧૮ જેટલી રીટ ફગાવાઈઃ મોદી સરકારની મોટી કાનૂની જીત

## જમ્મુ-કાશ્મીરને પુનઃ રાજયનો દરજજો આપવા તથા ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં ચુંટણી યોજવા તાકીદ

### સુપ્રીમે કેન્દ્રને રોડમેપ પણ આપ્યોઃ લાંબા સમય સુધી લોકપ્રતિનિધિત્વથી વંચિત રાખવુ ખોટુ

નવી દિલ્હી તા.૧૧

જમ્મુ-કાશ્મીરને ભારત સાથે જોડાણમાં ખાસ દરજજો આપતી કલમ ૩૭૦ની નાબુદીને યોગ્ય ગણાવી અને રાષ્ટ્રપતિને આ કલમ રદ કરવાનો અધિકાર પણ હોવાનું જણાવી સર્વોચ્ચ અદાલતે તેની સાથે રાજયમાં લાંબા સમયથી ચાલી રહેલા



રાષ્ટ્રપતિ શાસન અંગે પણ વિચારણા કરી હતી અને ચુંટણીપંચને ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં રાજયમાં ચુંટણી યોજવા આદેશ આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચૂડના અધ્યક્ષપદ હેઠળની ખંડપીઠે આજે તેનો

(અનુસંધાન છઠ્ઠા પાને)

### નવા સપ્તાહનો પ્રારંભ જ 'ગ્રીન ઝોન'માંઃયાદગાર કેલેન્ડર વર્ષ

# શેરબજારમાં તેજી પૂરબહારઃ સેન્સેકસ ૭૦,૦૦૦ઃ માર્કેટ કેપ ૩૫૦ લાખ કરોડ

રાજકોટ તા.૧૧

ભારતીય શેરબજારમાં રેકોર્ડબ્રેક તેજીના કારણે નવા નવા સીમાચિન્હ રચાતા હોય તેમ આજે સેન્સેકસે ૭૦,૦૦૦ ની સપાટી પાર કરી હતી. નિફ્ટીએ ગત સપ્તાહમાં જ ૨૧૦૦૦ ની ઉંચાઈ આંબી લીધી હતી. આ સાથે શેરબજારનું માર્કેટ કેપ પણ ૩૫૦ લાખ કરોડના રેકોર્ડસ્તરે પહોંચી ગયુ હતું.

ભારતીય અર્થતંત્ર ફુલગુલાબી બની રહેવાના તથા વિકાસદર અંદાજ કરતાં પણ ઝડપી અને સારો રહેવાના

### નવી નવી ઉંચાઈ સર કરતુ માર્કેટઃ સરકારી કંપનીઓનાં શેરો, બેંક, આઈટી શેરો વધુ ઝળકયા

આશાવાદથી સારી અસર હતી. આજે શરૂઆત જ પ્રોત્સાહક ટોને થઈ હતી. વિશ્વ બજારોની જંગી ખરીદી ચીનની આર્થિક નબળાઈથી અર્થતંત્ર ક્ષેત્રે ભારતને લાભ જાળવવાનાં આશાવાદ જેવા કારણોની સારી અસર હતી. જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે શેરબજારની વર્તમાન તેજી મજબુત




ફંડામેન્ટલ આધારીત છે. અને લાંબી ચાલવાના આશાવાદને કારણે નાના રીટેઈલ ઈન્વેસ્ટરો જંગી નાણા ઠાલવી રહ્યા છે અને તેને પરીણામે નવા નવા રેકોર્ડ રચાઈ રહ્યા છે.

શેરબજારમાં આજે મોટાભાગનાં શેરો લાઈટમાં હતા.બેંક, આઈટી. સરકારી કંપનીઓનાં શેરો વધુ મજબુત હતા. બજાજ ફાઈનાન્સ, એચસીએલ ટેકનો, ઈન્ડુસઈન્ડ બેંક, ઈન્ફોસીસ, કોટક બેંક, લાર્સન, નેસલે, પાવરગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેંક, ઓએનજીસી,કોલ ઈન્ડીયા જેવા શેરોમાં ઉછાળો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ આજે ઈતિહાસમાં પ્રથમ વખત

(અનુસંધાન છઠ્ઠા પાને)

**કાર વેચવાની છે**
હ્યુન્ડાઈ ક્રેટા નાઈટ એડીશન
ટોપ મોડલ, ઓટો. ડીઝલ
ફર્સ્ટ ઓનર, મોડલ 2022-8
35000 કી.મી.
99090 11117

**3BHK-લક્ઝુરીયસ ફ્લેટ વેચવાનો છે**
1050 સ્કે. ફુટ
નવું બાંધકામ - ફર્નિચર
સાથે સંપૂર્ણ સગવડતા સહિત
શુભગૃહ એપાર્ટમેન્ટ, બીજો માળ, ૧-ગુણાતીત નગર, રૈયા ટેલી. એક્સ. પાસે
94995 27018

## કોંગ્રેસના સ્વભાવમાં જ ભ્રષ્ટાચારઃ 'રોકડ જપ્તિ'નો મામલો જનતા સુધી લઈ જવાશે



### ગૃહમંત્રી અમિત શાહે વિપક્ષો પર નિશાન તાકયુંઃ માત્ર કોંગ્રેસ જ નહિં; 'ઈન્ડિયા'ગઠબંધનના પક્ષો પણ કેમ ચૂપ?

અમદાવાદ તા.૧૧

કોંગ્રેસનાં સાંસદ ધીરજ સાહુ પર આવકવેરા દરોડામાં પકડાયેલી ૨૫૦ કરોડથી વધુ રોકડના મામલે કેન્દ્રીય ગૃહપ્રધાન અમીત શાહે માત્ર કોંગ્રેસ જ

(અનુસંધાન છઠ્ઠા પાને)

## શ્રીનગરમાં હિમવર્ષા સાથે હવે માઈનસ ચાર ડીગ્રી સુધી પારો ગગડયો



### ઉતર ભારતમાં હળવી ઠંડીનો અનુભવઃ જો કે ડિસેમ્બરની કડકડતી 'ટાઢ'થી રાહત

નવી દિલ્હીઃ ડિસેમ્બર માસના પ્રથમ સપ્તાહ પુરો થયા બાદ પણ હજું કડાકાની ઠંડીના અહેવાલ નથી પણ હિમાલયન ક્ષેત્રોમાં હિમવર્ષાથી એક તરફ શ્રીનગરમાં હવે ઉષ્ણતામાનનો પારો શૂન્યથી નીચો માઈનસમાં પહોંચ્યો છે તો દિલ્હીમાં પણ લઘુતમ તાપમાન આઠ ડીગ્રી સેલ્સીયસ નોંધાતા પાટનગરમાં હળવી ઠંડીનો અનુભવ કર્યો હતો. દેશમાં દક્ષિણમાં હજું હળવી વર્ષાની આગાહી છે પણ કાશ્મીર સહિત હિમાચલ ક્ષેત્રમાં હિમવર્ષાથી તાપમાન હવે ગગડવા લાગ્યુ છે. ગઈકાલે શ્રીનગરમાં તાપમાનનો પારો શૂન્યથી નીચે ગયો છે. પંજાબમાં પણ હિમાલયન સહિતના નજીકના ક્ષેત્રોમાં કડકડતી ઠંડીની અસર જોવા મળી છે. ઉતર ભારતમાં હવે વાતાવરણમાં ધુમ્મસ છવાઈ રહેશે.






**પરિચય**



- ★ કોર્પોરેટ પોલિટિકલ એસ્ટ્રોલોજીકલ કન્સલ્ટન્ટ.
- ★ વાસ્તુ : પાવર ઓફ ડાઇરેકશન એક્સપર્ટ.
- ★ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરિયર કાઉન્સેલિંગ પ્રણેતા.
- ★ ઉચ્ચ વિદ્યાશાખામાં પ્રવેશનારા સેંકડો બાળકોના પથદર્શક.
- ★ પ્રસિદ્ધ ફિઝીક્સ એક્સપર્ટ.
- ★ માઇન્ડ પાવર, મોટિવેશનલ ટ્રેનર.
- ★ વર્તમાનપત્રો-સામયિકમાં કટાર લેખક.
- ★ ખ્યાતનામ વક્તા-કેળવણીકાર તરીકે અનેક સંસ્થાઓના માર્ગદર્શક.
- ★ સૌથી નાની વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તજજ્ઞ તરીકે સેવા આપનાર.

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...
સાંજ સમાચાર

# અઠવાડિક રાશિ ભવિષ્ય

**તારીખ :- ૧૧/૧૨/૨૦૨૩ થી ૧૭/૧૨/૨૦૨૩**

**સનતકુમાર વી. પોપટ : 'રૂદ્ર ફાઉન્ડેશન' સેકન્ડ ફ્લોર, પરિમલ પ્રાઈમ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ (Mo.) ૭૫૭૫૮ ૩૫૩૫૯**

ૐ સોમવાર થી રવિવાર ૐ

## મેષ રાશિ (અ, લ, ઈ)

મેષ રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ચંદ્રનું ભ્રમણ આઠમા સ્થાન પરથી થશે.ગણતરી પૂર્વકના સાહસો દ્વારા લાભ પ્રાપ્ત કરી શકો. કાન, નાક, ગળાની તકલીફ ધરાવતા જાતકોને રાહત મળતી જણાય. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ નવમા સ્થાન પરથી થશે. ધર્મસ્થાન, યાત્રાસ્થાનની મુલાકાત શક્ય બને. શેરબજારમાં સમજ અને ધીરજ પૂર્વકનું રોકાણ ફળદાયી નિવડે. વિદ્યાર્થીઓને સફળતા પ્રાપ્તિ માટે વધારે પરિશ્રમની આવશ્યકતા રહે. સપ્તાહના અંતભાગમાં દશમા સ્થાન પરથી ચંદ્ર પસાર થશે. માનસિક શાંતિ તથા હળવાશ અનુભવી શકાય. વતનને લગતા પ્રશ્નો ઉકેલવા માટે સહાયતા પ્રાપ્ત કરી શકો. પ્રતિષ્ઠામાં વધારો થાય. આ સપ્તાહમાં તારીખ ૧૬ ડિસેમ્બરથી પંચમેશ સૂર્ય રાશિ પરિવર્તન પામી ધન રાશિમાં પ્રવેશશે. પ્રિયપાત્ર દ્વારા સહકર પ્રાપ્ત કરી શકો. સંતાનોના પ્રશ્નોનો ઉકેલ મેળવી શકો. કર્મક્ષેત્રે પ્રગતિ માટે નવી તક મળે. ઉપરી અધિકારી તથાસરકાર પક્ષનો સહકારમેળવી શકો.

## વૃષભ રાશિ (બ, વ, ઉ)

વૃષભ રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાંતૃતીયેશ ચંદ્ર સાતમા સ્થાન ઉપરથી પસાર થશે.અહી ચંદ્ર મંગળ કોમ્બિનેશન શેરબજાર કે અન્ય કોઈ કોઈ જગ્યાએ કરેલા જુના રોકાણો ફાયદો અપાવી શકે છે. ઘણા સમયથી અટકેલી ઉઘરાણીઓ છૂટી પડતી જણાય. ભાગીદારો સાથે મળે નવી યોજનાઓ પર કાર્ય કરી શકાય. દાંપત્યજીવનમાં વિવાદ ઉકલતો જણાય. સપ્તાહના મધ્ય ભાગમાં આઠમા સ્થાનમાં ભ્રમણ કરતો ચંદ્ર સર્વિસમાં અટકેલા લાભો અપાવવામાં નિમિત બને. મુસાફરી તથા યાત્રામાં વાહનો પશુઓથી સાવચેતી રાખવી ઇચ્છનીય ગણાય. મિલકત દ્વારા અર્થ પ્રાપ્તિ કરવાનો પ્રયત્ન સફળ બનાવી શકો.નવમા સ્થાન પરથી ચંદ્ર પસાર થતાં સપ્તાહના અંતભાગમાં વિકાસ તથા પ્રગતિ માટે કોઈ નવીન તક પ્રાપ્ત થતી જણાય. આ સપ્તાહમાં તારીખ ૧૬ ડિસેમ્બરથી ચતુર્થેશ સૂર્ય રાશિ પરિવર્તન પામી ધન રાશિમાં પ્રવેશશે.ભ્રામક લોભમાં આવી જઇને અયોગ્ય મિલકત વ્યવહાર કે રોકાણ ન થઇ જાય તે અંગે તકેદારી રાખવી પડશે.

## મિથુન રાશિ (ક, છ, ઘ)

મિથુન રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાંધન સ્થાનનો સ્વામી ચંદ્ર વૃશ્ચિક રાશિ પરથી પસાર થશે. મોસાળ પક્ષ દ્વારા લાભ પ્રાપ્ત કરી શકો. અહીં હરીફાઈ તથા પ્રતિસ્પર્ધામાં બેદરકારીપણું દાખવવું નહીં. વાઈરલ સમસ્યાઓથી સાવચેતી રાખવી. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ સાતમા સ્થાન પરથી થશે. અહીં જીવનસાથીનો યોગ્ય સાથ સહકાર મળતો જણાય. પારિવારિક શાંતિયુક્ત માહોલ અનુભવી શકો.જાહેરજીવન સાથે સંકળાયેલા જાતકો માટે શુભ સમય રહે. સપ્તાહના અંત ભાગમાં આઠમા સ્થાન પરથી ચંદ્ર પસાર થતાં વિલ વારસા કે મળવા પાત્ર વિલંબમાં પડેલા હક્કો અંગેના કાર્યો પૂર્ણતા તરફ આગળ વધતા જણાય. આ સપ્તાહમાં તારીખ ૧૬ ડિસેમ્બરથી તૃતીયેશ સૂર્ય રાશિ પરિવર્તન પામી ધન રાશિમાં પ્રવેશશે. જાહેર જીવનમાં વધતાં સંપર્કો લાભદાયી નિવડે. સામાજિક સંસ્થામાં અગ્ર સ્થાન પ્રાપ્ત કરી શકાય. અચાનક મળી જતી ઉત્તમ તકને ઝડપતા શીખવી જરૂરી બનશે. કાર્યક્ષમતામાં વધારો થાય. કરેલા આયોજન મુજબ કાર્ય પાર પાડી શકો.

## કર્ક રાશિ (ડ, હ)

કર્ક રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં રાશિપતિ ચંદ્ર વૃશ્ચિક રાશિ પરથી પસાર થશે. વ્યાજ, ઇન્સેંટિવ, કમિશન જેવી વધારાની આવક પ્રાપ્ત કરવા માટે સાનુકૂળ સમય ગણી શકાય. વિદ્યાર્થીઓએ વધુ પડતા આત્મવિશ્વાસમાં રહેવું નહીં. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ છઠ્ઠા સ્થાન પરથી થશે. વાઈરલ શારીરિક સમસ્યાઓથી બચવા માટે ખાન-પાન પર નિયંત્રણ રાખવું. તેમજ જરૂરી તકેદારીના પગલાં લેવા. શરદીજન્ય રોગોથી પીડાતા જાતકોએ સ્વાસ્થ્ય વિષયક જરૂરી કાળજી રાખવી. કર્મક્ષેત્રે વધુ પડતી પ્રગતિની ઉતાવળમાં અયોગ્ય નિર્ણય લેવાઈ ન જાય તે માટે ધીરજથી કામ લેવું અનિવાર્ય બનશે. સપ્તાહના અંતભાગમાં સાતમા સ્થાન પરથી ચંદ્ર પસાર થતાં જાહેર જીવનમાં માન-સન્માનમાં વધારો પામી શકો. આ સપ્તાહમાં તારીખ ૧૬ ડિસેમ્બરથી ધનેશ સૂર્ય રાશિ પરિવર્તન પામી ધન રાશિમાં પ્રવેશશે. આર્થિક વ્યવહારો સમજપૂર્વક કરવા. બોલવામાં સંયમ રાખવો જરૂરી બનશે. કાયદાકીય સફળતા પ્રાપ્ત કરી શકો.

## સિંહ રાશિ (મ, ટ)

સિંહ રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં બારમા સ્થાનનો અધિપતિ ચંદ્ર ચોથા સ્થાન પરથી પસાર થશે. વતનની મિલકતના પ્રશ્નોને ગંભીરતાથી લઈ ઉકેલવાનો પ્રયત્ન કરવો. વિલ-વારસા, હક્ક-હિસ્સા કે ભાગ- બટાઈના પ્રશ્નોમાં આપની ફેવર તરફનું માહોલ ઊભો થતું જોઈ શકો. વધુ પડતો માનસિક તણાવ ઉભો કરવાથી બચવું. સપ્તાહના મધ્ય ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પાંચમા સ્થાન પરથી થશે. શેરબજાર કે અન્ય કોઇ જગ્યાએ નાણાં રોકતા પહેલાં પૂરતો અભ્યાસ કરીને આગળ વધવું. વધુ પડ્તા તીખા મસાલાયુક્ત ખોરાકના સેવનથી દૂર રહેવું. સપ્તાહના અંતભાગમાં છઠ્ઠા સ્થાન પરથી ચંદ્ર પસાર થતા મોસાળ પક્ષ સાથે મળીને કોઈ ઉજવણીના પ્રસંગમાં સહભાગી બની શકાય. આ સપ્તાહમાં તારીખ ૧૬ ડિસેમ્બરથી આપનો રાશિપતિ સૂર્ય રાશિ પરિવર્તન પામી ધન રાશિમાં પ્રવેશશે. બુદ્ધિક્ષમતામાં વધારો રહે. પેટના દર્દોમાં રાહત ઉદ્‌ભવે.નવા ઓર્ડર્સ પ્રાપ્ત કરી શકો. ભૂતકાળમાં કરેલ પુરુષાર્થનું યોગ્ય ફળ મળતું જણાય.

## કન્યા રાશિ (પ, ઠ, ણ)

કન્યા રાશિના જાતકોને નવા સપ્તાહ કન્યા રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં લાભ સ્થાનનો સ્વામી ચંદ્રનું પરિભ્રમણ વૃશ્ચિક રાશિમાં થશે. કાર્યક્ષમતામાં વધારો રહે. યાત્રા-મુસાફરીમાં સાવચેતી રાખવી. પાડોશીઓ સાથે બિનજરૂરી વિવાદ નિવારવો.સપ્તાહના મધ્ય ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ચોથા સ્થાન પરથી થશે. લાભેશનું અહી ભ્રમણ શુભ પુરવાર થાય. મિલ્કતને લગતા અટકેલા કાર્યો આગળ ધપાવવામાં મદદરૂપ સાબિત થશે. રંગરોગાન, રિપેરીંગ, ફર્નિચરનું આયોજન પાર પાડી શકાય. માતાની તબિયતમાં સુધારો અનુભવી શકો. પ્રિયપાત્ર સાથે બિનજરૂરી વિવાદોથી દૂર રહેવું. વધુ પડતા લોભ કે લાલચમાં આવી જઈને અનીતિ યુક્ત વ્યવહારો કરવાથી લાંબા ગાળાનું નુકસાન થઈ શકે તેમ હોવાથી પ્રમાણિકતા તથા નીતિનો માર્ગ પકડી રાખવો ઇચ્છનીય ગણાય. આ સપ્તાહમાં તારીખ ૧૬ ડિસેમ્બરથી વ્યયેશ સૂર્ય રાશિ પરિવર્તન પામીને ધન રાશિમાં પ્રવેશશે.આત્મવિશ્વાસ મંદ પડતો જણાય. વધુ પડતું ટેન્શન ત્યજી હળવાશથી કાર્યો કરવા.

## તુલા રાશિ (ર, ત)

તુલા રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં કર્મ સ્થાનનો અધિપતિ ચંદ્ર વૃશ્ચિક રાશિ પરથી પસાર થશે. ઠંડા પદાર્થોના સેવનમાં અંકુશ રાખવો. વાણીના યોગ્ય ઉપયોગ દ્વારા કાર્યસિદ્ધિ મળતી જણાય. પરિવારના કોઈ સભ્ય સાથેઅણબનાવ ન બને, તે માટે જાગૃતતાપૂર્વક વર્તન રાખવું. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ત્રીજા સ્થાન પરથી થશે. વ્યવસાયિક નાનું ટ્રાવેલિંગ લાભદાયી નીવડી શકશે. પરંતુ ક્યારેક કરેલા પુરુષાર્થનું યોગ્ય ફળ પ્રાપ્ત ન થતાં મન નિરાશા અનુભવી શકે છે. લાંબાગાળાના આયોજન દ્વારા પરફેક્ટ પ્લાનિંગ સાથે કાર્ય કરવું.અન્ય લોકો પર વધુ પડતો વિશ્વાસ કરવો નહીં. સપ્તાહના અંતભાગમાં ચોથા સ્થાન પરથી ચંદ્ર પસાર થશે. જે દશમા સ્થાનને બળવાન દ્રષ્ટિથી મજબૂત બનાવશે. કર્મક્ષેત્રે પ્રતિષ્ઠામાં વધારો થાય. નવી જવાબદારી વહન કરવાની તક મળી શકે.આ સપ્તાહમાં તારીખ ૧૬ ડિસેમ્બરથી લાભેશ સૂર્ય રાશિ પરિવર્તન પામી ધન રાશિમાં પ્રવેશશે. મિત્ર વર્ગથી પુર્ણ સહયોગ પ્રાપ્ત કરી શકો.

## વૃશ્ચિક રાશિ (ન, ય)

વૃશ્ચિક રાશિ જાતકો માટે સપ્તાહની શરૂઆતમાં ચંદ્રનું ભ્રમણ દેહભૂવન પરથી થશે. માનસિક તણાવ તથા ઉતાવળિયાપણાને લીધે ઝડપી, અયોગ્ય નિર્ણય ન લઈ બેસો. તે માટે શાંત મગજે કાર્ય કરવું પડશે. સપ્તાહના મધ્ય ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બીજા સ્થાન પરથી થશે. જે વક્તૃત્વક્ષમતા સાથે સંકળાયેલા જાતકો માટે વિશેષ ફળદાયી નિવડી શકે. ઘણા સમયથી કોઈ જગ્યાએ રોકાયેલા નાણાં ઉચિત વળતર સાથે પરત પ્રાપ્ત કરી શકો. મિત્રો દ્વારા યોગ્ય સમયે યોગ્ય સહકાર પ્રાપ્ત થતાં આનંદ અનુભવે.સત્તાપક્ષ તથા ઉપરી અધિકારીઓ દ્વારા ફેવર પ્રાપ્ત કરી શકો. સપ્તાહના અંતભાગમાં ત્રીજા સ્થાન પરથી ચંદ્ર પસાર થતા સ્ટેમિના કાર્યક્ષમતામાં વધારો થાય.આ સપ્તાહમાં તારીખ ૧૬ ડિસેમ્બરથી કર્મેશ સૂર્ય રાશિ પરિવર્તન પામી ધન રાશિમાં પ્રવેશશે.આંખની સમસ્યા ધરાવતા જાતકોને રાહત મળતી જણાય. ઓવરટાઈમ અથવા એક્સ્ટ્રા વર્ક દ્વારા અર્થ પ્રાપ્તિના પ્રયત્નો ફળીભૂત થઈ શકે.

## ધન રાશિ (ભ, ધ, ફ, ઢ)

ધન રાશિ જાતકો માટે નવા સપ્તાહના આરંભકાળે આઠમે ભ્રમણ કરતો ચંદ્ર બિનજરૂરી વિવાદો તથા ઝઘડાથી દૂર રહેવાનું સૂચવે છે. અન્ય કોઈ વ્યક્તિની જામીન કે ગેરંટીમાં સહી કરીને બંધાવું નહીં. સપ્તાહના મધ્યભાગમાં પ્રથમ સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર આકસ્મિક સંજોગો તથા બનાવવાથી સાવચેત રહેવાનુ સૂચવે છે. ઈલેક્ટ્રીક તથા ઇલેક્ટ્રોનિક ઉપકરણો કાળજીપૂર્વક ઓપરેટ કરવા. સપ્તાહના અંતભાગમાં બીજા સ્થાન પરથી ચંદ્ર પસાર થતા વકૃત્વ ક્ષમતામાં વધારો થાય. યોગ્ય વાણી તથા કોમ્યુનિકેશનના ઉપયોગ દ્વારા ધાર્યું કાર્ય પાર પાડી શકાય. આ સપ્તાહમાં તારીખ ૧૬ ડિસેમ્બરથી ભાગ્યેશ સૂર્ય રાશિ પરિવર્તન પામી આપની રાશિમાં પ્રથમ સ્થાનમાં પ્રવેશશે. સ્વપુરુષાર્થ દ્વારા રચેલા પ્રગતિના પાયા પર બુલંદી તરફ આગળ વધી શકાય. અહી સૂર્ય વડીલ વર્ગના અનુભવના ભાથામાંઓમાંથી પ્રસાદ પામવામાં નિમિત બની શકે.કર્મક્ષેત્રે વિકાસ માટે કંઈક નવી મેથડોલોજી અપનાવી શકો.ભાગીદારો દ્વારા ઇચ્છિત સહકાર પ્રાપ્ત કરી શકાય.

## મકર રાશિ (ખ, જ)

મકર રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં સાતમા સ્થાનનો સ્વામી ચંદ્ર અગિયારમાં સ્થાન પરથી પસાર થશે. જાહેર જીવનમાં વિકાસ અનુભવી શકો. કહેવાતા હિતેચ્છુઓ પર વધુ પડતો વિશ્વાસ કરવાથી બચવું. ચંદ્ર મંગળ સંબંધ અહી ઉત્તમ લાભ અપાવી શકે. સપ્તાહના મધ્ય ભાગમાં સાતમા સ્થાનનો સ્વામી ચંદ્ર બારમા સ્થાનમાંથી પસાર થઇ રહ્યો છે. નાની બાબતોને લઈને દાંપત્યજીવનમાં વિવાદ ઉત્પન્ન ન થાય તે માટે લેટ ગો કરવાની ભાવના અપનાવવી જરૂરી બને. અહીં બિનજરૂરી વધુ પડતા સાહસો નિવારવા અનિવાર્ય બનશે.સપ્તાહના અંતભાગમાં આપની રાશિ પરથી ચંદ્ર પસાર થશે. બુદ્ધિચાતુર્યનો વિકાસ થાય. વિચારોમાં એકાગ્રતા રાખવી જરૂરી બને. આ સપ્તાહમાં તારીખ ૧૬ ડિસેમ્બરથી અષ્ટમેશ સૂર્ય રાશિ પરિવર્તન પામી ધન રાશિમાં બારમા સ્થાનમાં પ્રવેશશે. વાહન ચલાવવા, પડવા-વાગવાથી ખાસ સંભાળવું. આસ્કિમક આર્થિક લાભ પ્રાપ્ત કરી શકાય. કાયદાકીય વિવાદિત કે અયોગ્ય કાર્યોથી દૂર રહેવું.

## કુંભ રાશિ (ગ, શ, સ)

કુંભ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં છઠ્ઠા સ્થાનનો સ્વામી ચંદ્ર દશમા સ્થાન પરથી પસાર થશે. કર્મક્ષેત્રે હરીફોથી વિજય પ્રાપ્ત કરવાના પ્રયત્નો સફળ બને. જો કે અહી પોતાના ક્ષેત્રમાં જાતકોએ રૂલ્સ એન્ડ રેગ્યુલેશનને ફોલો કરીને જ આગળ વધવાનો પ્રયત્ન કરવો.ધન રાશિનો ચંદ્ર સપ્તાહના મધ્યભાગમાં મિત્રો થકી ફાયદો અપાવી શકશે. નાણાનું યોગ્ય જગ્યાએ રોકાણ કરીને બેઠી આવક ઊભી કરવા માટેના પ્રયત્નોમાં આગળ વધી શકાય. આ સપ્તાહમાં તારીખ ૧૬ ડિસેમ્બરથી સપ્તમેશ સૂર્ય રાશિ પરિવર્તન પામી ધન રાશિમાં પ્રવેશશે. જે દાંપત્યજીવનમાં માનસિક આનંદ ઉલ્લાસનું વાતાવરણ અપાવશે. નાની પિકનિક-પ્રવાસનું આયોજન કરી શકો.જાહેરજીવન ક્ષેત્રે પ્રતિષ્ઠામાં વધારો થાય. સપ્તાહના અંતભાગમાં છઠ્ઠા સ્થાનનો સ્વામી ચંદ્ર અગિયારમાં સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. મિત્રો ને મદદ કરવા જતા કોઈ સમસ્યા ઉભી ન થાય તે માટે સાવધાનીપૂર્વક વર્તવું. શારીરિક સ્વાસ્થ્યમાં સુધારો અનુભવી શકાય.

## મીન રાશિ (દ, ચ)

મીન રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં પાંચમા સ્થાનનો સ્વામી ચંદ્ર નવમા સ્થાન પરથી પસાર થશે. ધાર્મિક માનતા પૂરી કરવામાં આળસ ત્યજવી ઇચ્છનીય ગણાશે.સપ્તાહના મધ્યભાગમાં દશમા સ્થાનમનો ચંદ્ર પિતા દ્વારા યોગ્ય સહકાર અપાવી શકશે.સર્વિસમાં આગળ વધવા માટે ગ્રુપ બનાવવાનું હોય કે વ્યવસાયમાં નવી ભાગીદારીનો વિકાસ કરવા ઈચ્છતા હોય, તો સાનુકૂળ માહોલ જળવાઇ શકે. સપ્તાહના અંતભાગમાં અગિયારમા સ્થાન પરથી ચંદ્ર પસાર થશે. જે પાંચમા સ્થાનને બળવાન બનાવશે. સંતાનોની સમસ્યા દૂર થતા મન હળવું બને. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓને તેમની મહેનતનું ફળ પ્રાપ્ત થતું જણાય. આત્મવિશ્વાસમાં વધારો થઇ શકે.આ સપ્તાહમાં તારીખ ૧૬ ડિસેમ્બરથી ષષ્ઠેશ સૂર્ય રાશિ પરિવર્તન પામી ધન રાશિમાં કર્મ સ્થાનમાં પ્રવેશશે.વ્યવસાય-વેપારમાં પ્રતિસ્પર્ધીથી આગળ રહેવા માટે જાગૃત રહી નવી યોજનાઓ ઘડવી જરૂરી બને.અટકાયેલા નાણની પ્રાપ્તિ થતાં નાણાકીય પ્રવાહિતતા જળવાઈ રહે.

* * *

## આજનું ચિંતન

### પ્રતિસ્પર્ધા જીવનમાં ઘણી ગૂંચ ઉભી કરે છે

ગુલાબનું પુષ્પ મોગરાના પુષ્પ સાથે પ્રતિસ્પર્ધા કરે તો સરવાળે એને દુઃખી થવાનું જ રહે ને ? ચકલી ગરૂડ સાથે પ્રતિસ્પર્ધા કરતી રહે તો સરવાળે એને એટેકના જ શિકાર બનવું પડે ને ?

બે ફુટની જ ઉંચાઇ ધરાવતો યુવક સાત ફુટની ઉંચાઇ ધરાવતા યુવક સાથે પ્રતિસ્પર્ધામાં ઉતરે તો એનાં લમણે પરાજય જ ઝીંકાય ને?

યાદ રાખજે, અતૃપ્તિ અને અસંતોષ આ બે એવા દોષો છે કે જે તમને શાંતિથી બેસવા જ નથી દેતા, દોડાવ્યા જ કરે છે અને આ આંધળી દોટની મોટી તકલીફ એ છે કે એમાં તમને કોઇનીય હુંફ તો નથી જ મળતી, તમારે સતત હાંફતા જ રહેવું પડે છે.

હા, પ્રતિસ્પર્ધા વિના મનને ચેન ન જ પડતું હોય તો એક કામ કરવા જેવું છે.

મારી પ્રતિસ્પર્ધા મારી જ સાથે, મારી ગઇકાલે સાથે મારી આજની પ્રતિસ્પર્ધા, મારા ગઇકાલના વિકાસ સાથે મારા આજના વિકાસની સ્પર્ધા.

પરિણામ ? સ્વસ્થતા-પ્રસન્નતા-શાંતિ અને મસ્તીની અનુભૂતિ પાકી.

- પદ્મભૂષણ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીજી મ.
('સ્પર્શ' પુસ્તકમાંથી સાભાર)

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
કારતક વદ-૪, તા.૧/૧૨/૨૩, શુક્રવાર

સૂર્યોદય : ૬-૧૫, સૂર્યાસ્ત : ૬-૦૦, જૈન નવકારશી : ૭.૧૯
રાશિ : મિથુન (ક.છ.ઘ.), ૧૯.૧૫થી કર્ક (ડ.હ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-ધન, ગુરૂ-મેષ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-તુલા, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃશ્ચિક

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** મિલ્કત બાબતના પ્રશ્નોનું નિરાકરણ થઈ શકે છે, ભાઈ બહેનોનો સાથ સહકાર રહેવાનો.

**વૃષભ :** ભાઈ-બહેનો સાથે વ્યવસાય બાબત ચર્ચા-વિચારણા સફળ થવાની, તંદુરસ્તી સારી રહેશે.

**મિથુન :** ઉધારી કરવાથી દુર રહેવાની સલાહ છે, ભૌતિક સુખ સગવડતાઓમાં વધારો થવાનો.

**કર્ક :** જુના પ્રશ્નોનું નિરાકરણ થઈ શકે, સગાઈ લગ્નના કાર્યોમાં આપના અવરોધો દુર થઈ શકે.

**સિંહ :** પરિવારમાં માંગલીક પ્રસંગો ઉભા થાય, રોજિંદા કાર્યને વળગી રહેજો, મિત્રો સાથે પ્રવાસનું આયોજન થઈ શકે.

**કન્યા :** નોકરીમાં કાર્યભારની સાથે સાથે સફળતા પણ મળવાની, હોટલ લાઈનમાં વિશેષ સફળતા રહે.

**તુલા :** સાહસ કરવાની તક મળવાની, નોકરીમાં અનુકુળતા જોવા મળે, પરિવારનો સહકાર સારો રહેશે.

**વૃશ્ચિક :** વીલ વારસાના પ્રશ્નોને લઈને અનુકુળતા રહેવાની, નોકરીમાં કાર્યભાર રહેશે, પ્રવાસમાં લાભ રહેવાનો.

**ધન :** રાજકારણમાં અનુકુળતા જોવા મળે, ભાઈ બહેનો સાથે સુમેળ વધવાનો.

**મકર :** જુના મિત્રોની મુલાકાત થાય, જેનાથી તમારો ઉત્સાહ વધવાનો, નવી નોકરીમાં ઓફર પણ આપે.

**કુંભ :** ઈલેકટ્રોનિક ટેકનીકલ લાઈનમાં સફળતા મળવાની, આવક વધારવાના નવા પ્રયત્નો કરવા પડશે.

**મીન :** આપને વિદેશ સાથેના બીઝનેસની ઈચ્છા ફળવાની, આવક કરતા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખજો.

# વિશ્વના સૌથી મોટા વ્યાપારી સંકુલ ડાયમંડ બુર્સનું ઉદઘાટન કરવા તા.૧૭ના મોદી સુરતમાં

### વડાપ્રધાનના હસ્તે નવા એરપોર્ટ ટર્મીનલને પણ ખુલ્લુ મુકાશેઃ સુરત માટે નવી આંતરરાષ્ટ્રીય ફલાઈટની પણ જાહેરાત થાય



સુરત: વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૧૭મી ડિસેમ્બરે ગુજરાતની મુલાકાતે આવશે, તેમાં સુરતમાં નવનિર્મિત એરપોર્ટ ટર્મિનલનું ઉદઘાટન અને હીરા ઉદ્યોગના વેપારનું સૌથી મોટા મથક એવા ડાયમંડ બુર્સને પણ વિધિવત શરૂ કરાવશે. પીએમ મોદીના આગમનની તૈયારીઓ માટે પક્ષના નેતાઓ અત્યારથી જોતરાઈ ગયા છે.

વિસ્તરણ કરાયેલા નવા એરપોર્ટ ટર્મિનલને અનેક સુવિધાઓથી સજજ કરવામાં આવ્યું છે. ટર્મિનલમાં ગુજરાતની સંસ્કૃતિને દર્શાવતું આર્ટ વર્ક પણ કરાયું છે, નવા ટર્મિનલમાં ૧૮૦૦ પ્રવાસીઓ સમાઈ શકે એટલી જગ્યા ફાળવવામાં આવી છે.

ડોમેસ્ટીક અને આંતરરાષ્ટ્રીય ફલાઈટના પ્રવાસીઓ માટે બે એકઝીકયુટીવ લોન્જ બનાવવામાં આવ્યા છે તો બીજી તરફ નવા ટર્મિનલમાં પાંચ એરોબ્રિજ તૈયાર કરવામાં આવ્યા છે. સુરતીલાલાઓને નવા ટર્મિનલની ભેટ ૧૭મી ડિસેમ્બરે મળશે. વર્તુળોના જણાવ્યા પ્રમાણે આગામી લોકસભાની ચુંટણી પહેલાની વડાપ્રધાન મોદીની સુરતની આ વ્યુહાત્મક મુલાકાત હશે. વડાપ્રધાન તેમની સુરતની વિઝીટ દરમિયાન પક્ષના સ્થાનિક નેતાઓ સાથે બંધ બારણે બેઠક પણ યોજશે. અલબત, વડાપ્રધાન એક જ દિવસ માટે તેઓ ગુજરાતના પ્રવાસમાં આવી રહ્યાં છે. જો કે, દિવસ દરમિયાન અનેક મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.


## પાટીદાર સમાજના આગેવાનોને સૂચક સંદેશ

ડાયમંડ બુર્સનું ઉદઘાટન તો સિમ્બોલીક ગણાવાય છે પરંતુ ડાયમંડ ઉદ્યોગ સાથે સંકળાયેલા રાજયના ટોચના પાટીદાર સમાજના મહારથીઓને પણ આ કાર્યક્રમની સાથે આગામી લોકસભાની ચુંટણી માટેના સૂચક સંદેશ આપવાનો પણ આ મોકો હશે. સુરતમાં વડાપ્રધાનની આ મુલાકાતને સુરતીઓ ખૂબ આશાભરી નજરથી જોઈ રહ્યાં છે. વડાપ્રધાન સુરતને નવી ઈન્ટરનેશનલ ફલાઈટ કનેકટીવીટીની જાહેરાત કરે તેવું પણ જોવાય રહ્યું છે. અહીં ઉલ્લેખનીય છે કે, નાગરિક ઉડ્ડયન મંત્રી જયોતિરાદીત્ય સિંધીયાએ અગાઉ સુરતના પ્રતિનિધિમંડળને સુરતથી દુબઈ અને સુરતથી હોંગકોંગની એમ બે કનેકટીવીટી મળે તેવી બાંયધરી આપી ચૂકયા છે.

## સુવિચાર

**બિન્દાસ હસો શું ગમ છે, જિંદગીમાં ટેન્શન કોને કમ છે, સારૂ અને ખરાબ તો કેવળ એક ભ્રમ છે, જિંદગીનું નામ જ કભી ખુશી કભી ગમ છે**

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત




### આડી ચાવી

૧. ભારતના કવિ વડાપ્રધાન (૧૦)
૬. શીપ (૩)
૭. ... રાજહંસ : એક સૂફી ગાયક (૨)
૮. ચુસ્ત આમાન્ય પાળનાર (૪)
૧૧. પુણ્યનું વિરોધી (૨)
૧૩. સૂકાયેલો પોદળો (૨)
૧૪. જીતેન્દ્રની એક ફિલ્મ (૩)
૧૬. એક કઠોળ (૨)
૧૮. ટાઇગર તરીકે ઓળખાતો ખાન (૪)
૨૦. રિડર (૩)
૨૧. બાંધવામાં માટેની શણની 'દોરી' (૩)
૨૩. કુમક લખો (૩)
૨૪. આવક (૩)
૨૬. પશુ, જાનવર (૨)
૨૭. રામને બોર ખવડાવનારી (૩)
૨૮. સાઉથથી આવેલી અભિનેત્રી (૨)
૩૦. પતાની જોડમાં કેટલા પાના હોય ? (૩)
૩૩. ઉચ્ચ કુળનું (૪)
૩૪. સુદ અને ? (૨)
૩૫. શ્વાસો .. (૨)
૧૨. હવા (૩)
૧૩. વાછટ (૩)
૧૫. સ્થિર પાણી પર બાજે (૨)
૧૬. રિડર (૩)
૧૭. નિર્દોષ, ભોળુ (૩)
૧૯. હાથાપાઇ-ગુજરાતી (૪)
૨૨. ઓપોર્ચ્યુનિટી (૨)
૨૩. ફિરોજખાન-વિનોદ ખન્નાની ફિલ્મ (૪)
૨૪. કબ્રસ્તાનમાં શું હોય ? (૩)
૨૫. એક છોકરીનું નામ (૩)
૨૯. સલમાન, આમીર, ફરદીનની અટક (૩)
૩૧. પાંચ વત્તા ચાર (૨)
૩૨. અત્યાચાર, જૂલ્મ (૨)

### ઉભી ચાવી

૧. એ સુશ્રાવક ... શરણ પામ્યા છે ? (૪)
૨. જલ-ઉંધુ લખો (૨)
૩. વિકૃત, ડરાવી દેવું (૪)
૪. ગેર ... (૩)
૫. પાણી (૨)
૯. પેગ (૨)
૧૦. માચિસની દાંડી (૪)

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રા | મ | ગો | પા | લ | વ | ર્મા | | સા | વ | ર | કું | ડ | લા | |
| જ | | વિં | | વ | દ | | હ | દ | | ઝા | ડ | | ભ | વ |
| કુ | | દા | દ | ર | | વા | લ | | ક | | લિ | | | ગ |
| મા | સી | | ર્દ | | આ | | ચ | ક | લી | | ચા | દ | ગા | ર |
| ર | | | | જ | ગ | મા | લ | ચો | ક | | | લા | | |
| હિ | મ | પ્ર | પા | ત | | મા | | રી | | બ | ગ | લ | થે | લો |
| ર | | મા | પ | સ | ર | | જ | | અ | ગ | ર | | પ | |
| વા | સ | ણ | | | જે | સ | લ | તો | ર | લ | | મ | લા | જો |
| ણી | | પ | રિ | વા | ર | | વા | ડ | જ | | મ | ગ | | રા |
| | પ | ત્ર | ક | | જ | | દિ | | | બ | જા | ર | ભા | વ |
| સા | ગ | | વ | હુ | | પ | ની | હા | રી | | ક | મ | ત | ર |
| ગ | | ક | રી | બ | | રિ | | શ | ત | ક | | રછ | | ન |
| ર | જા | | | લી | | વ | ન | | રિ | | મ | | સા | રા |
| ખે | | મા | યા | | બ | ર્ત | ન | | વા | | કા | રી | ગ | ર |
| ડુ | મિ | યા | ણી | | મ | ન | ન | | જ | વા | ન | | ર | |

## મૂલ્યવાન મોતી-૩

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

- સંબંધો બનાવવા માટે- મીઠા બોલ, સારો વ્યવહાર, સુંદર મેસેજ, મોંઘી ગિફ્ટ... કેટલી મહેનત કરીએ છીએ. પરંતુ અંદર જુની વાતો અને નારાજગી પકડીને રાખી છે.
- વાસ્તવમાં સંબંધોનો આધાર આ બાહરી ચીજો નહી પરંતુ તે વ્યક્તિ પ્રત્યે મારા વિચારો કેવા છે તે છે.
- કહી દઈએ છીએ કે- 'તમે મને દુઃખ પહોચાડ્યુ, તમારે કારણે હું દુઃખી છું.' પરંતુ લોકો ભલે મારી સાથે ગેરવર્તન કરી શકે, દગો પણ આપી શકે, આર્થિક શોષણ કરી શકે પણ મને દુઃખ ન આપી શકે...
- દુઃખ તો મેં મારા વિચારોથી ઉત્પન્ન કર્યુ... એટલે વિચારો બદલી, હું જ તેને દૂર કરું.
- બહારની દુનિયામાં ચમત્કાર થાય એની રાહ જોઈએ છીએ.... જયારે કે પોતાની સાથે ખોટું કર્યુ તેને માફ કરી દેવાથી, નફરત કરનારને પણ મદદ કરીને... છેતરનારને પણ દુવા આપીને...
- વ્યસન... ક્રોધ... અહંકારને છોડવાથી આંતરિક દુનિયામાં ચમત્કાર થાય છે.
- સવારે ઉઠતાની સાથે પરમાત્માને યાદ કરીએ, મોબાઈલને નહી. દિવસની શરૂઆત આધ્યાત્મિક જ્ઞાનથી કરીએ ટીવી, છાપથપી નહી. સાત્વિક ભોજન લઈએ, ટીવી સામે બેસીને નહી. ધન કમાઈએ પરંતુ દુવાઓ સાથે કમાઈએ. નાની નાની વાતો પર ધ્યાન આપવાથી જીવન ધન્ય બની જશે.
- યાદ રહે, સંબંધ પ્રેમ અને ખુશી માટે છે, માંગવા માટે નહી.
- પોતાને દુઃખ લાગ્યુ, અન્યને કારણે. તેથી આશા રાખીએ કે તે મારી માફી માંગે. તેમણે બદલવું જોઈએ. પરંતુ તેવું ન પણ બને કારણ કે ભૂલ કરનારને, દુઃખ આપનારને લાગતું ન હોય કે તેમણે ભૂલ કરી છે અપવા તેમની પાસે બદલવાની શક્તિ જ નથી. આથી બદલવાની જરૂર સ્વયંને છે.
- સાચું એ છે કે સ્વયંએ જ સ્વયંને દુઃખ આપ્યુ છે. આથી સ્વયંના વિચારો બદલી, દુઃખ મટાડીએ.
- ઘણી બાબતોમાં ... હાં, હું આવીશ... હું કરી નાખીશ... બોલી દઈએ છીએ પરંતુ મન તો ના પાડે છે! શું આપણે 'ના' બોલવાની અને 'ના' સાંભળવાની હિમત રાખી શકીએ છીએ? ખરેખર તો ઈચ્છા વગરનું કોઈપણ કામ કરવાથી આપણી આત્માની શક્તિ ઓછી થાય છે.
- સમજો- 'ના' પાડવી એ અપમાન ન કહેવાય. આ માટે આદર સાથે ના પાડો અને ના સ્વીકારો.

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

# હાશ; રેલનગર અંડરબ્રીજ ફરી ધમધમતો થઇ ગયો

## પાણીના નિકાલ માટેનું વોટર પ્રુફીંગ કામ પૂર્ણ : હજારો વાહન ચાલકોને રાહત : હવે આવતા ચોમાસાની રાહ...!





શહેરના વોર્ડ નં.૩માં આવેલ રેલનગર અંડરબ્રીજ રીપેરીંગ બાદ આજે વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકાતા હજારો વાહન ચાલકોને માધાપર ચોકડી અને પોપટપરા નાલાના ધકકા બંધ થયા છે. (તસ્વીર : પંકજ શીશાંગીયા)

રાજકોટ, તા. ૧૧

મહાપાલિકાના ખર્ચે રેલવે તંત્ર દ્વારા વર્ષો અગાઉ બનાવવામાં આવેલા રેલનગર અંડરબ્રીજમાં પહેલેથી રહેલો પાણીના ભરાવાનો પ્રશ્ન મહાપાલિકાએ હાલ માંડ માંડ ઉકેલ્યો છે. અઢી મહિના પહેલા બ્રીજમાં વોટર પ્રુફીંગનું શરૂ કરાયેલું કામ ગઇકાલે પૂર્ણ થતા રાબેતા મુજબ વાહન ચાલકોની અવરજવર શરૂ થઇ છે.

ચોમાસા બાદ પણ મહિનાઓ સુધી રેલનગર બ્રીજમાં પાણી ભરાવાના પ્રશ્ન રહેતો હતો. કેટલીક ટેકનીકલ ખામી, ડિઝાઇનના કારણે આવું બનતું હતું જેનો રસ્તો નીકળતો ન હતો. પાણીના નિકાલ માટે પમ્પ પણ મુકવામાં આવતા હતા છતાં વર્ષમાં છએક મહિના પાણી વહેતું રહેતું હતું. અંતે થોડા મહિના પહેલા બ્રીજમાં વોટર પ્રુફીંગ માટે ખર્ચ મંજૂર કરાતા અઢી મહિના પહેલા પુલ બંધ કરાયો હતો. રોજ હજારો લોકોને માધાપર ચોકડી અથવા પોપટપરા જંકશનના રસ્તેથી નીકળવું પડતું હતું. આ કામ પખવાડીયુ લંબાયુ પણ હતું. તે સાથે નવું કલરકામ પણ કરવામાં આવ્યું છે.

આજે આ રસ્તો ખુલી જતા વાહન ચાલકોને લાંબા ફેરા બંધ થયા છે. જોકે



આ વોટર પ્રુફીંગ (ગ્રાઉટીંગ) કેટલું સફળ રહે છે તે આગામી ચોમાસામાં જ માલુમ પડશે.

આજે મેયર નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીનભાઇ ઠાકર, કમિશનર આનંદ પટેલ, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા અને બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયાએ જણાવ્યું હતું કે વોર્ડ નં.૩માં રેલનગર વિસ્તારમાં આવેલ રેલનગર અન્ડર બ્રીજમાં પાણી ભરાવવાની સમસ્યા હતી. જે અંદાજીત રૂ.૬૨ લાખના ખર્ચે પી.યુ. પ્રેસર ગ્રાઉટીંગ તથા આર.સી.સી. સ્લેબ ભરી વચ્ચેના ભાગે રીપેરીંગ કામ પૂર્ણ કરવામાં આવેલ છે. આ કામગીરી કરવાથી શહેરીજનોને હાલાકીમાંથી મુક્તિ મળશે. ગઇકાલે નાગરિકોના સરળ પરિવહન માટે બ્રિજ પુનઃ ખુલ્લો મુકવામાં આવેલ છે. આ બ્રિજમાં રૂ.૧૨ લાખના ખર્ચે નવા રંગરોગાન અને બ્યુટીફિકેશન તથા પેઇન્ટિંગ પણ કરવામાં આવેલ છે. ભવિષ્યમાં બ્રિજના સાઈડના એપ્રોચમાં પણ આ કામગીરી કરવામાં આવશે. રેલનગર અન્ડરબ્રિજ પુનઃ શરૂ થવાથી રેલનગર અને બ્રિજની બંને તરફના વિસ્તારોના નાગરિકોને પરિવહન માટે સુગમતા રહેશે.

# હવે અમદાવાદ-ગાંધીનગર વચ્ચે નર્મદા કેનાલમાં તરતી સોલાર પેનલ મૂકવામાં આવશે

અમદાવાદ, તા.૧૧

હવે અમદાવાદથી ગાંધીનગરના મુલાકાતીઓને હવે ટૂંક સમયમાં નર્મદા કેનાલમાં પાણીમાં તરતી સોલાર પેનલ જોવા મળશે. નર્મદા કેનાલમાં આવી ૧૫ જેટલી સોલાર પેનલને તરતી મૂકવામાં આવશે. જે ૩ મેગા વોટ જેટલી વીજળી પેદા કરશે.

આ પ્રોજેક્ટ પંડિત દીન દયાલ ઉપાધ્યાય યુનિ. (પીડીઇયુ) અને ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીકસીટી કોર્પોરેશન લી. દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે ૨૬ કરોડ રુપિયાની મંજુરી આપવામાં આવી છે. તેમ પીડીઇયુના ડાયરેક્ટર જનરલ એસ. સુંદર મનોહરને યુનિવર્સિટીના કોર્પોરેશનમાં જણાવ્યું હતું.



ગુજરાત સરકારના એનર્જી અને પેટ્રોકેમિકલના પ્રિન્સીપાલ સેક્રેટરી મમતા વર્માએ જણાવ્યું હતું કે નર્મદાની કેનાલમાં તરતી સોનાલ પેનલના પાઇલોટ પ્રોજેક્ટને મંજુરી મળી છે. જો આ પ્રોજેક્ટને સફળતા મળી તો અન્ય સ્થળે પણ ફ્લોટીંગ સોલાર પેનલના પ્રોજેક્ટને વિસ્તારવામાં આવશે.






# ઓકટોબર ૨૦૨૫થી દેશમાં ટ્રકમાં ડ્રાઈવર કેબિનમાં એસી ફરજિયાત

## ટ્રકની કેબિનમાં એસીથી ડ્રાઈવરોની કાર્યક્ષમતા વધશે અને થાક નહીં લાગેઃ ગડકરી

નવીદિલ્હી તા.૧૧

માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયે ટ્રકચાલકોની સફરને સુવિધાજનક બનાવવાના ઉદ્દેશથી ઓકટોબર ૨૦૨૫થી ટ્રકોમાં એરકન્ડીશનર એસી ફરજિયાત કર્યુ છે.



મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું હતું કે આ બારામાં લાંબા સમયથી કામ કરવામાં આવી રહ્યું હતું. એક સર્વેમાં એ પણ બહાર આવ્યું હતું કે લાંબા અંતર ટ્રક ચલાવતા ડ્રાઈવરોને એસી વિના મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાનું બહાર આવ્યું હતું. ગરમી અને વધુ ઠંડીથી તેમને પરેશાની થતી હતી. સર્વેમાં ટ્રક ડ્રાઈવરોએ પણ કહ્યું હતું કે ટ્રકની કેબીન એસી હોય તો તેમને ઘણો આરામ મળે.

કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ટ્રક ચાલકોના અધિક ગરમીમાં કામ કરવાનો હવાલો આપીને જણાવ્યું હતું કે કેટલાક પક્ષ કેબિનમાં એસી દેવાથી ટ્રકના ખર્ચમાં વધારો થવાનો તર્ક આપતા હતા પણ માર્ગ પરિવહન મંત્રાલય તેને ફરજીયાત કરવાના પક્ષમાં રહ્યું છે. આ નિર્ણયથી ડ્રાઈવરોની દક્ષતામાં સુધારો થશે અને તેમની થાકની સમસ્યા દૂર થશે.

# બ્રિટનના ત્રીજા ભાગના વિઝા ભારતીયોને અપાયાઃ ૧૩ ટકા સાથે ચીન બીજા ક્રમે

## ટાયર–ટુ શહેરોમાં બ્રિટીશ વિઝા માટે કામ ચલાઉ કેન્દ્રો

નવી દિલ્હી, તા.૧૧

વિદેશોમાં માત્ર કરવા જવાનો જ નહીં પરંતુ કાયમી ધોરણે સ્થાયી થવાનો ભારતીયોનો લગાવ જાણીતો છે. બ્રિટને ગત સપ્તાહમાં જ ઇમીગ્રેશન નિયમોમાં અત્યાર સુધીનો સૌથી આકરો સુધારો જાહેર કર્યો છે છતાં બ્રિટન દ્વારા ઇસ્યુ થતાં કુલ વિઝામાંથી ત્રીજા ભાગના ભારતીયોને મળ્યા છે. બીજાક્રમે ચીનના નાગરિકોને વિઝા ઇસ્યુ થયા છે.




વિશ્વભરના પ્રવાસીઓમાં સૌથી મોટું આકર્ષણ ધરાવતા બ્રિટને જુન-૨૦૨૩ના પુરા થયેલા વર્ષમાં કુલ ૧૮ લાખ વિઝા ઇસ્યુ કર્યા હતા જે ૨૦૨૨ની સરખામણીએ ડબલ હતા. જુન ૨૦૨૩ના પુરા થયેલા વર્ષમાં બ્રિટનના કુલ વિઝામાંથી ૩૦ ટકા ભારતીયોને આપવામાં આવ્યા હતા. બીજા ક્રમે ચીનના નાગરિકોને ૧૩ ટકા નાઇઝીરીયન્સને ૬ ટકા તથા તૂર્કીના નાગરિકોને ૬ ટકા વિઝા આપવામાં આવ્યા હતાં.

ભારતીયોમાં વિઝા મેળવવા વધતી અરજીઓને આધારે વીએફએસ ગ્લોબલ દ્વારા અલ્હાબાદ, ક્લીકટ, દેહરાદુન, ઇન્દોર, થાણે જેવા ટાયર-ટુ શહેરોમાં કામચલાઉ વિઝા અરજી સેન્ટરો ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ કદમનથી બ્રિટીશ વિઝા મેળવવા માંગતા લોકોને મહાનગરો સુધીના ધક્કા બચશે. નાણાંની બચત થઇ શકશે. બ્રિટનના વિઝા માટે તગડી ફી ચૂકવવી પડતી જ હોય છે તેમાં લોકોને રાહત થશે. છ મહિના માટેના સ્ટાંડર્ડ વિઝાની ફી રૂા.૧૨૬૧૫ છે જ્યારે બે વર્ષ માટે ૪૩૮૭૯ પાંચ માટે રૂા.૮૪૫૭૭, ૧૦ વર્ષ માટે ૧૦૫૬૩૯ની વિઝા ફી ચૂકવવી પડતી હોય છે.

બ્રિટીશ સરકારે ગત ઓક્ટોબરમાં જ વિઝા ફીમાં વધારો જાહેર કર્યો હતો. કોવિડકાળ બાદ કેનેડાની સાથોસાથ બ્રિટને ભારતીયો માટેની વિઝા પ્રોસેસનો સમય ઘટાડયો હતો. કોરોનાકાળ બાદ વિદેશ પ્રવાસે જનારા ભારતીયોની સંખ્યા ઘણી વધી હતી, ચીનમાં નિયંત્રણો મોડા ઉઠયા હતા. એટલે અન્ય દેશો તરફ પ્રવાહ વધ્યો છે.







# મોરબીમાં સસ્તામાં આઈફોન, ફલેટ અને કાર આપવાનું કહીને ૭૮ લાખની ઠગાઈઃ રાજકોટનો શખ્સ ઝડપાયો

### ઈન્કમટેક્સની ખોટી નોટીસ દેખાડી આધેડના પુત્ર-પુત્રીને શીશામાં ઉતાર્યા: બેડીનાકાના હર્ષ દવેની ધરપકડ

**(જીગ્નેશ ભટ્ટ)** મોરબી તા.૧૧

માળીયા મીયાણા તાલુકાના લક્ષ્મીવાસ ગામે રહેતા આધેડની દીકરી અને દીકરાના સંપર્કમાં આવ્યા બાદ તેને સસ્તામાં આઈફોન, ફલોરા-૧૧ માં સસ્તામાં ફ્લેટ, સસ્તામાં ક્રેટા ગાડી તેમજ એપલ કંપનીમાં નોકરી અપાવવાનું કહીને ૭૮ લાખની છેતરપિંડી કરવામાં આવી છે આટલું જ નહીં પરંતુ ઈન્કમટેક્સના સિક્કા વાળી ખોટી નોટિસ બનાવીને ખોટા દસ્તાવેજ બનાવીને તે વ્હોટ્સએપમાં મોકલાવીને કુલ મળીને ૭૮.૬૧ લાખની છેતરપિંડી અને વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે જેથી કરીને ભોગ બનેલા આધેડે રાજકોટના ભેજાબાજ શખ્સની સામે ફરિયાદ નોંધાવતા પોલીસે હાલમાં ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરી લીધી છે.

વર્તમાન સમયમાં છેતરપિંડી અને વિશ્વાસઘાતની અનેક ઘટનાઓ સામે આવતી હોય છે તેમ છતાં પણ તેમાંથી લોકો કોઈ બોધપાઠ ન લેતા હોય તેવો ઘાટ હાલમાં મોરબીમાં જોવા મળી રહ્યો છે મોરબી જિલ્લાના માળિયા મીયાણા તાલુકાના લક્ષ્મીવાસ ગામે રહેતા મનસુખભાઈ છગનભાઈ કાવર પટેલ (૫૪)એ હાલમાં મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે હર્ષ દિનેશભાઈ દવે ઉ.વ.૨૭ રહે. બેડીનાકા પાસે સોની બજાર કરસનજી મુલચંદજી વાળી શેરી રાજકોટ વાળાની સામે ફરિયાદ નોંધાવેલ છે જેમાં તેને જણાવ્યુ છે કે, તેઓની દીકરી અંકિતા રાજકોટથી સરકારી બસમાં બેસીને મોરબી આવતી હતી ત્યારે તેના પરિચયમાં આરોપી આવ્યો હતો અને ત્યારે આરોપી હર્ષ દિનેશભાઈ દવેએ તેની દીકરી અને તેના દીકરા આશિષભાઈનો વિશ્વાસ કેળવીને તેઓને સસ્તામાં આઈફોન, આશિષને એપલ કંપનીમાં નોકરી અપાવી દેવાનું કહ્યુ હતું તેમજ મોરબીના રવાપર નજીક ઘુનડા રોડ ઉપર આવેલ ફ્લોરા-૧૧ માં સસ્તામાં ફ્લેટ દેવાનું કહ્યુ હતું અને ૬૩ લાખની કિંમતનો ફ્લેટ છે જોકે તમારા તરફથી ૪૮ લાખ રૂપિયા ટ્રાન્સફર થયેલ છે તેનો આરબીઆઈ ખુલાસો પૂછે છે તેની પતાવટ કરવી પડશે તેવું બહાનું કર્યું હતું.

ત્યારબાદ ફરિયાદી અને સાહેદો સાથે છેતરપિંડી કરવાના આશયથી આરોપીએ ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટનો કોમ્પ્યુટર પર એડિટિંગ કરી ઈન્કમટેક્સ વિભાગના સિક્કા વાળી ખોટી નોટિસ બનાવી હતી અને ખોટા દસ્તાવેજ બનાવીને ફરિયાદીને વ્હોટ્સએપમાં મોકલ્યા હતા તે નોટિસ ફાઈલે કરવા વહીવટ કરવો પડશે તેવું બહાનું કર્યું હતું અને આરબીઆઈના અધિકારીએ તેને પકડી લીધેલ છે તેની પતાવટ માટે રૂપિયા આપવા પડશે તેવું કહ્યું હતી આટલું જ નહીં ક્રેટા ગાડીના ફોટો ફરિયાદીના વ્હોટ્સએપમાં મોકલીને કાર સસ્તામાં દેવાની લાલચ આપી હતી આમ જુદાજુદા બહાના કરીને કુલ મળીને ભોગ બનેલ આધેડ પાસેથી ૭૮.૬૧ લાખ રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાત કરવામાં આવેલ છે જેથી કરીને ભોગ બનેલા આધેડ દ્વારા હાલમાં મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો નોંધીને આરોપી હર્ષ દવેની ધરપકડ કરી છે.

# લોધીકાના પીપરડી ગામની સીમમાં ચાલતી જુગાર કલબ પર દરોડો : સાત શખ્સો ઝડપાયા

### જયપાલસિંહ જાડેજા પોતાના મકાનમાં જુગારનો અખાડો ચલાવતો'તો : પડધરી, રાજકોટ, કલ્યાણપુર અને જામનગરથી જુગારીઓ રમવા આવતા'તા : લોધીકા પોલીસે કુલ રૂા. ૧.૨૬ લાખની રોકડ જપ્ત કરી

રાજકોટ, તા. ૧૧

લોધીકાના પીપરડી ગામની સીમમાં ચાલતી જુગાર કલબ પર પોલીસે દરોડો પાડી પડધરી, રાજકોટ, કલ્યાણપુર અને જામનગરથી પતા ટીંચવા આવેલા શખ્સોને દબોચી રૂા. ૧.૨૬ લાખની રોકડ જપ્ત કરી હતી.

દરોડાની વિગત મુજબ લોધીકા પોલીસ મથકના પીએસઆઈ કે.વી.પરમાર ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના એએસઆઈ કીર્તિદાન ગઢવી, કોન્સ્ટેબલ પ્રવિણભાઈ મેર સહિતના સ્ટાફે લોધીકાના પીપરડી ગામની સીમમાં રહેતા જયપાલસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજાની વાડીમાં જુગાર કલબ ધમધમે છે. તેવી મળેલ ચોકકસ બાતમીના આધારે દરોડો પાડી પતા ટીંચતા જયપાલસિંહ વિક્રમસિંહ જાડેજા (ઉ.વ.૨૮) વિક્રમ મોતી આલ (ઉ.વ.૪૦, રહે. રેલનગર રાજકોટ), દેસુર મનુ બસીયા (ઉ.વ.૪૧, રહે. રોજીયા, પડધરી), મહેશ વરવા બરાડ (ઉ.વ.૪૦, રહે. બાપા સિતારામ ચોક શેરી નં.૧, રાજકોટ), જયેશ ભાયા બેલા (ઉ.વ.૩૯, રહે. કલ્યાણપુર), શકિતસિંહ મહીપતસિંહ જાડેજા (રહે. ખંભાલીડા, જામનગર) અને નથુ નારણ કોબીયા (રહે. ખજુરીયા, ખંભાળીયા)ને દબોચી રૂા. ૧.૨૬ લાખની મતા કબ્જે કરી હતી.

# લાઈનબોય દેવરાજે અવારનવાર દુષ્કર્મ આચર્યા બાદ પણ હવસ ઠંડી ન પડી તો યુવતી કામે જતી હતી તે ઓફીસ સળગાવી

**ક્રાઇમ બ્રાન્ચ, એસીબીના ઓફિસરની ઓળખ આપી કોરોનાકાળમાં નોકરીની લાલચે યુવતીને ફસાવી સ્ટાર પ્લાઝા બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફલોરમાં આવેલ રૂમમાં અને ઉદયપુરમાં અવારનવાર દેહ અભડાવ્યો**

**યુવતીએ સબંધ તોડી નાંખ્યા બાદ યુનિવર્સિટી રોડ પર આવેલ ઓફિસમાં કામ કરતી ત્યા સાયકો થયેલ આરોપીએ જવલનશીલ પદાર્થ છાંટી આગ ચાંપી 'તીઃ આરોપીની બંને ગુનામાં ધરપકડ**

રાજકોટ. તા.૧૧

રાજકોટના ગંજીવાડા શેરી નં.૯માં રહેતાં અને લાઈનબોય દેવરાજ વાલજી ગોહિલે એક લોની છાત્રાને પોતાની ઉદયપુર એસીબી, ક્રાઈમ બ્રાંચના ઓફિસર તરીકેની ઓળખ આપી, નોકરીની લાલચ આપી તેની ઉપર અવાર-નવાર દૂષ્કર્મ ગુજાર્યાની પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. જો કે આરોપી હાલ જેલની હવા ખાતો હોવાથી તેનો કબ્જો મેળવવા પ્ર.નગર પોલીસે કાર્યવાહી શરૂ કરી છે.

વધુમાં ભોગ બનનાર યુવતીએ પોલીસને જણાવ્યું કે, ગઈ તા.૧૬ ઓકટોબરના રોજ તે પિતા સાથે આધાર કાર્ડમાં સુધારો કરાવવા જયુબેલી પોસ્ટ ઓફિસમાં ગઈ હતી. તે વખતે પોસ્ટ ઓફિસની બહાર બાંકડા ઉપર આરોપી બેઠો હતો. જેને આધાર કાર્ડમાં કઈ જગ્યાએ સુધારો થાય છે તેમ પૂછયું હતું. બાદમાં તેના પિતા પોસ્ટ ઓફિસની બહાર આંટો મારવા ગયા હતા. તે વખતે તે બાંકડામાં આરોપીની બાજુમાં બેઠી હતી. તે સાથે જ આરોપીએ તેને કહ્યુ કે હું ઉદયપુરમાં એસીબી, ક્રાઈમ બ્રાંચમાં નોકરી કરૂ છું. ત્યારબાદ તેને શું કરો છો તેમ પૂછતાં તેણે અભ્યાસ કરતી હોવાનું અને હાલ નોકરીની તલાશમાં હોવાનું કહ્યુ હતું.

આ વાત સાંભળી આરોપીએ કહ્યું કે મારી અન્ડરમાં રાઈટર તરીકેનું જોબવર્ક છે, જેમાં એક પેઈજના રૂ.૫ મળશે, તમારે કામ કરવું હોય તો કહેંજો. જેથી તેણે વાલીઓને પૂછીને વાત કરીશ તેમ કહ્યા બાદ આરોપી સાથે મોબાઈલ નંબરની આપ-લે કરી હતી.

### આરોપી દેવરાજના પિતા પોલીસમાં ફરજ બજાવતાં જેનો લાભ ઉઠાવતો

આરોપી દેવરાજના પિતા વાલજીભાઈ પોલીસ વિભાગમાં ફરજ બજાવતાં હતાં. હાલ તેઓએ સ્વૈચ્છિક નિવૃતી લઈ લીધેલ છે. તેઓ જયારે પોલીસમાં ફરજ બજાવતાં ત્યારે તેનો લાભ ઉઠાવી પોતે પણ પોલીસ વિભાગમાં અલગ અલગ બ્રાન્ચમાં ફરજ બજાવે છે, તેવો રુઆબ દેખાડી લોકોને ફસાવતો હતો.

### તું મારા સિવાય કામ નહીં કરે અને મારા સિવાય કોઈ સાથે બોલીશ નહીંઃ સાયકો થયેલ આરોપી જાહેરમાં યુવતીને મારમારતો

પોલીસ સૂત્રોએ જણાવ્યા અનુસાર, સાયકો થયેલ હવસખોર દેવરાજ યુવતીને તું મારા સિવાય કામ નહીં કરે અને મારા સિવાય કોઈ સાથે બોલીસ નહીં કહીં માનસિક હેરાન કરતો હતો. તેમજ યુવતી તાબે ન થતાં તેને અવારનવાર જાહેરમાં ગાળો આપી મારમારતો હોવાનું પણ સામે આવ્યું હતું.



તેણે વાલીઓને પૂછતાં હા પાડી હતી. જેથી તેણે આરોપીનો મોબાઈલ પર સંપર્ક કરતાં તેને પીડીએફ મોકલી હતી. જેનું રાઈટીંગ કરવામાં તેને બે અઢી મહીના લાગ્યા હતા. આ કામ પૂરૂ થઈ ગયા બાદ તેણે આરોપીને આપતાં રૂ. ૧૬૦૦ ચુકવ્યા હતા. પરંતુ રકમ ખૂબજ ઓછી હોવાથી તેણે આરોપીને કહ્યુ કે, આ કામ મને નહીં પોસાય, આ વાત સાંભળી આરોપીએ કહ્યુ કે, તું ઉદયપુર ક્રાઈમ બ્રાંચમાં મારી અન્ડરમાં કામ કરીશ તો તને માસીક રૂ.૧૨ હજાર મળશે. પાંચ વર્ષ પૂર્ણ થયા બાદ માસીક રૂા.૩૦ થી ૪૦ હજારનો પગાર મળશે. ઉદયપુરમાં રહેવા-જમવાની વ્યવસ્થા થઈ જશે. જેની સામે તેણે કહ્યુ કે, હું મારા માતા-પિતાને સાથે લાવીશ તો આરોપીએ કહ્યુ કે હું તેમની પણ વ્યવસ્થા કરી દઈશ.

ભોગ બનનાર યુવતીએ વધુમાં પોલીસને જણાવ્યું કે, તેના પરિવારની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી કામ માટે હા પાડી દીધી હતી. તેના દોઢેક મહિના બાદ આરોપીએ તેને આર વર્લ્ડ સિનેમાની બાજુમાં આવેલા કપલ બોક્ષમાં બોલાવી, ફરીથી તેને નોકરીની લાલચ આપી, વાતોમાં ફસાવી, તેની ઈચ્છા વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો.

થોડા દિવસ બાદ તેને ઉદયપુર લઈ ગયો હતો. જયાંની કોર્ટમાં તેની પાસે એક ફોર્મ ભરાવ્યું હતું. ત્યારબાદ રાજકોટ અને ઉદયપુરમાં અવાર-નવાર તેની મરજી વિરુદ્ધ તેની સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. એટલું જ નહીં જો આ વાત તારા માતા-પિતાને કરીશ તો તમામને મારી નાખીશ તેવી ધમકી પણ આપતો હતો.

પારસી અગિયારી ચોક પાસે આવેલા સ્ટાર પ્લાઝા બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલા ઈલેકટ્રીક રૂમમાં કામનાં બહાને બોલાવી અવાર- નવાર દૂષ્કર્મ ગુજાર્યું હતું. આખરે તેને આરોપી ખોટું બોલતો હોવાનું જણાતાં હવે પછી તમને નથી મળવું તેમ કહી દીધું હતું. જેની સામે આરોપીએ કહ્યુ કે તે પાંચ વર્ષ સુધીનું ફોર્મ ભર્યું છે, તે મુજબ નોકરી કરવા તું બંધાયેલી છો, જો તું ના પાડીશ તો તને અને તારા પિતાને જેલમાં પુરાવી દઈશ. આખરે કંટાળીને તેણે આરોપી વિરુદ્ધ દૂષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી.

આરોપીને યુનિવર્સિટી પોલીસ મથકના પીએસઆઈ બિ.એસ.ભરવાડ અને સ્ટાફે યુનિવર્સિટી રોડ પર આવેલ ઓફિસમાં આગ લગાડવાના ગુનામાં પકડી જેલમાં ધકેલી દિધો હતો. પ્ર.નગર જયાંથી તેનો કબજો મેળવી ધરપકડ કરાશે.

# અંધશ્રદ્ધામાં યુવાન લૂંટાયો ! : સગાઈ ન થતી હોય તો વિધિ કરવી પડશે તેમ કહીં રૂા.૩.૨૧ લાખની છેતરપિંડી

### રોકડ અને દાગીના લઈ જસદણનો શખ્સ નાસી ગયો હતો, પીએસઆઇ આર.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ કોટડા સાંગાણી પોલીસે આરોપીને દબોચ્યો

### જસદણના જીવણરામ આંકોલીયાએ પહેલાં પોતાનું નામ હરિભાઈ હોવાનું કહ્યું હતું, રૂા.૫૧ હજાર રોકડા તથા પાંચ તોલાનો સોનાનો હાર કબ્જે કરાયો

રાજકોટ, તા.૧૦

આ આધુનિક જમાનામાં પણ અંધશ્રદ્ધામાં આવી જતા લોકોને કિસ્સા અવાર નવાર સામે આવે છે. ત્યારે રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણીના સાંઢવાયા ગામે રહેતો યુવાન અંધશ્રદ્ધામાં લૂંટાયો હતો. યુવાનની સગાઈ ન થતી હોય તો વિધિ કરવી પડશે તેમ કહીં રૂ.૩.૨૧ લાખની છેતરપિંડી કરાઈ હતી. રોકડ અને દાગીના લઈ જસદણનો શખ્સ નાસી ગયો હતો. તેને પીએસઆઈ આર.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ કોટડા સાંગાણી પોલીસે દબોચી લીધો હતો. જસદણના જીવણરામ આંકોલીયાએ પહેલાં પોતાનું નામ હરિભાઈ હોવાનું કહ્યુ હતું. તેની પાસેથી રૂ.૫૧ હજાર રોકડા તથા પાંચ તોલાનો સોનાનો હાર કબ્જે કરાયો છે.

પોલીસ સૂત્રોએ આપેલી વિગત મુજબ, સાંઢવાયા ગામે રહેતા અને ખેતી કરતા અમિત રમેશ પરસાણા (ઉ.વ.૩૪)એ ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, હું ખેતી કરું છું અને મારે સંતાનમાં એક દીકરી છે. મારા મોટા ભાઈ ભાવેશ ઉર્ફે જીગાનું અગાઉ છૂટું થઈ ગયા બાદ સગાઈ થતી નહોતી. જેથી અમે ઘર પરિવારના સભ્યો ચિંતિત હતા. આ દરમિયાન તા.૮/૧૨ના રોજ હું વાડીએ હતો ત્યારે એક બાઈકમાં અજાણ્યો વ્યક્તિ આવેલ. તેણે પોતાની ઓળખ



(તસ્વીર : મિલન મહેતા-શાપર)

જસદણના હરિભાઈ તરીકે આપેલ. તેણે વાત કરેલ કે, પોતે રામાપીરનો ભગત છે. બે દિવસ પછી કોટડા સાંગાણીમાં રામા મંડળ છે. તે જોવા આવજો. ત્યાં મોબાઈલ નંબર લીધો હતો. પછી હું ઘરે જતો ત્યાં મારા પાછળ આવી મને કહેલ કે મારે તમારા ઘરે આવવું છે. મને ખબર છે તમારા ભાઈની સગાઈ થતી નથી. જેથી યુવાન તેને ઘરે લઈ જતા ત્યાં જઈ આરોપીએ વિધિ કરવી પડશે એમાં ૫૨ હજાર મુકવા પડશે. તેમ કહેતા પરિવાર વિધિ માટે તૈયાર થયેલો. ઘરમાં ૫૧ હજાર હોય તે વિધિમાં મુક્યા અને પાંચ તોલાનો હાર મુક્યો. સાત જુદા જુદા વૃક્ષના પાન, ફળીયામાંથી ત્રણ સફેદ કાંકારા અને એક ખીલી પરિવારે આપી. વિધિ કરી એક રૂમાલમાં રોકડ અને સોનાનો હાર મુકી અમિત, તેના પત્ની અંજુબેન અને માતા રમીલાબેનને વિધિમાં બેસાડ્યા હતા. પછી અમિતને કહેલ કે તું સીધો બાથરૂમમાં ન્હાવા જતો રહેજે. કોઈ મારી પાછળ ન આવતા નહિતર વિધિ ફોગટ જશે. કોઈને આ અંગે વાત પણ કરી તો પરિવારનું ખરાબ થશે. એમ કહી આરોપી રોકડ-દાગીના લઈ ફરાર થઈ ગયો હતો. અંધશ્રદ્ધામાં ડૂબેલા પરિવારે કોઈને વાત કરી નહોતી. જોકે તે સગા સંબંધીએ ચિંતિત જોતા પૂછતાં આ વાત તેમને જણાવતા કોઈ હોશિયાર માણસે તેમને પોલીસમાં જાણ કરવા કહ્યું હતું.

પોલીસને જાણ થતાં તુરંત જ ટેકનિકલ સોર્સ તથા હ્યુમન સોર્સના અને સી.સી.ટી.વી. કેમેરાની મદદથી આરોપી જીવણભાઈ રામભાઈ આંકોલીયા (ઉ.વ ૩૯ રહે.જસદણ વિંછીયા રોડ તાલુકા પંચાયત પાછળ)ને દબોચી રોકડ-દાગીના તથા મોટર સાઈકલ કબ્જે કરાયું હતું. આ કામગીરીમાં પીએસઆઈ આર.કે.ગોહિલની રાહબરીમાં હેડ કોન્સ. ક્રિપાલસિંહ રાણા, મયુરસિંહ જાડેજા, કોન્સ્ટેબલ અલ્પેશભાઈ ડામસીયા, દિપકભાઈ સરવૈયા, હેડ કોન્સ.રાજેન્દ્રસિંહ ઝાલા, દુષ્યંતસિંહ રાણા, કોન્સ્ટેબલ અજયસિંહ જેઠવા, યુવરાજસિંહ વાઘેલા ફરજ પર રહ્યા હતા.

### આરોપીનો ગુનાહિત ઈતિહાસ

પોલીસે જણાવ્યું હતું કે,આરોપી ગ્રામ્ય વિસ્તારમાં લોકોને તાંત્રીક વિધી કરવાના બહાને વિશ્વાસમાં લઈ છેતરપીંડી કરતો. આરોપી સામે અગાઉ આટકોટ પોલીસ મથકમાં છેતરપિંડીનો, અમરેલીના લાઠીમાં ચોરી અને વંડા પોલીસ મથકમાં ચોરીનો ગુનો નોંધાઇ ચૂકયો છે.

# ગુજરાતી રંગભૂમિના સુપ્રસિધ્ધ નાટય લેખક નિલેશ રૂપાપરાનું મુંબઈ ખાતે નિધનઃ આજે સાંજે પ્રાર્થનાસભા

### મૂળ રાજકોટના નિલેશ રૂપાપરાએ ગુજરાતી નાટકો, ફિલ્મો, સીરીયલો લખી છે તેમને 'મહેકનામા' પુસ્તક પર સાહિત્ય એકાદમીનું પારિતોષિક મળ્યું છે

રાજકોટ તા.૧૧

મૂળ રાજકોટના પણ ઘણા વર્ષોથી મુંબઈમાં સ્થાયી થયેલા ગુજરાતી રંજભૂમિના નાટકો, ફિલ્મો, સીરીયલોના લેખક નિલેશભાઈ રતિલાલ રૂપાપરાનું તા.૧૦ના નિધન થયું છે. સ્વ. નિલેશ રૂપાપરાએ ૧૫ ગુજરાતી નાટકો લખ્યા છે. જેમાં જલસા કરો જયંતીલાલ 'બાલવીર' સિરીયલના લેખક, ગુજરાતી નવલકથા મહેંકનામા, માટે પારિતોષિક આપેલ છે. તેમાણે 'છલનાયક' પુસ્તક લખેલું છે.

નિલેશ રૂપાપરાના નિધનથી ગુજરાતી રંગભૂમિને મોટી ખોટ પડી છે તેમ જાણીતા અભિનેતા બાબુલ ભાવસારે જણાવેલ છે.

આજે સવારે તેમની અંતિમ યાત્રા તેમના નિવાસસ્થાન સી-૧૭, ૯૦૧ ઓમકાર દર્શન-



સેકટર-૯, કાંદીવલી (વેસ્ટ) ખાતેથી નીકળી હતી.

**પ્રાર્થનાસભા**

સ્વ. નિલેશ રૂપાપરાની પ્રાર્થનાસભા તા.૧૧ના આજે સાંજે ૪થી ૬ શંકર મંદિર, એસ.વી. રોડ, નટરાજ માર્કેટની બાજુમાં મલાડ (વેસ્ટ) મુંબઈ ખાતે રાખેલ છે.




ભાવભરી શ્રધ્ધાંજલી

**સ્વ. પી. ટી. માકડીયા**

સ્વ.તા.૦૬-૧૨-૨૦૨૩, બુધવાર

પરસોતમભાઈ ઠાકરશીભાઈ માકડીયા

સેવા, સાદગી અને સંસ્કારસભર સરળ સહદયી સ્વજન. શિસ્ત, સમયપાલન અને સ્વાવલંબનના આગ્રહી, સત્યનિષ્ઠ, સ્પષ્ટવકતા આપ સમાજના પ્રેરણામૂર્તિ અને પથદર્શક હતા. આપની ખોટ કયારેય પૂરાય તેવી નથી


**પ્રભુ આપના આત્માને ચિર શાંતી અર્પે એજ પ્રાર્થના.**

**યુનિટી સિમેન્ટ પરિવાર**

PMC CEMENT PVT. LTD


## અવસાન નોંધ

મૂળ જોડીયા હાલ રાજકોટ નિવાસી સ્વ. અમૃતલાલ મોરારજી આહ્યા (ખ્યાતિ સાઈકલ સ્ટોરવાળા) તે અનસૂયાબેનના પતિ, તે



રીટાબેન, મનોજભાઈ, સ્વ. ભાવેશભાઈના પિતા, રશ્મીબેન તથા રાજેશકુમાના સસરા સ્વ. ભગવાનજી ગોવિંદજી બગડાઈના જમાઈ અને નિખિલ, ક્રિષ્ના, હિમાંશીના દાદા તથા રાહુલકુમાર, યશકુમાર તથા દ્રષ્ટિબેનના દાદાજી સસરા તા.૯ના રામચરણ પામેલ છે. સદગતનુ ઉઠમણુ તેમજ પિયર પક્ષની સાદડી તા.૧૧ના સાંજે ૫ વાગ્યે ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર, માસ્તર સોસાયટી પાસે, ૮૦ ફૂટ મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. મનોજભાઈ આહ્યાઃ ૯૮૯૮૦ ૯૬૨૮૨, નિખિલભાઈ આહ્યાઃ ૭૬૦૦૬ ૨૮૮૮૨૯

**મોરબીઃ** ગોસ્વામી પ્રભાબેન ભગવાનગર (ઉં.૯૦) તે ગોપાલગર તથા કાન્તીગરના માતુશ્રી તા.૧૦ના રોજ અવસાન થયેલ છે. સદગતનુ બેસણુ તા.૧૧ને સોમવારે સાંજે ૪ થી ૬ તેમના નિવાસસ્થાન પાસે શ્રી નિલકંઠ મહાદેવ મંદિરે વિષ્ણુનગર કુબેરનગર બાજુમાં નવલખી રોડ મોરબી ખાતે રાખેલ છે.

**મોરબીઃ** કુવાડવાવાળા સ્વ.હરિલાલ આણંદજીભાઈ રાજવીરના ધર્મપત્ની ભગવતીબેન (ઉં.૭૩)નુ અવસાન તા.૧૦ના રોજ થયેલ છે. તે મુકેશભાઈ (એલઆઈસી), પરેશભાઈ (માનસી ફુટ), મનીષભાઈના માતુશ્રી તેમજ અક્ષય, પ્રિયંક, અભી, ડોલીબેન, પૂજાબેનના દાદીમા તથા મોરબી નિવાસી ગીરધરલાલ પોપટલાલ મીરાણીના દીકરી તથા સ્વ. વસંતભાઈ, જગદીશભાઈ, અરવિંદભાઈ, અશોકભાઈ તેમજ જીતુભાઈ (ફુટવાળા)ના બેન થાય. ઉઠમણુ અને પિયર પક્ષની સાદડી તા.૧૧ના સાંજે ૪ થી ૫ શ્રી જલારામ મંદિર, અયોધ્યાપુરી રોડ, મોરબી ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મચ્છુ કઠીયા સઈ સુથાર રાજકોટ નિવાસી ગં.સ્વ. સરોજબેન સરવૈયા (ઉં.૫૯) તે સ્વ. કિરણભાઈ મુળજીભાઈ સરવૈયાના ધર્મપત્ની અને દેવાંગભાઈ અને ભૂમિકાબેન વિશાલકુમાર સોલંકીના માતુશ્રી તથા સ્વ. મનસુખભાઈ વલ્લભદાસ વાઘેલા (આણંદ)ના પુત્રી તા.૧૦ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનુ ઉઠમણુ તા.૧૧ના રોજ સાંજે ૪ થી ૫ કલાકે ગંગેશ્વર મહાદેવ મંદિર, ગાંધીગ્રામ, એસ.કે.ચોક પાસે રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષની સાદડીપણ સાથે રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ. ઠાકરશી કલ્યાણજી બુધ્ધદેવના સુપુત્ર મોહનલાલ ઠાકરશી બુધ્ધદેવ તે પ્રભુદાસભાઈ, મનસુખલાલ, અરવિંદભાઈ, ચંદ્રકાંતભાઈ, જગદીશભાઈના ભાઈ તેમજ વિમલભાઈ, સુનીલભાઈ તથા જાગૃતિબેનના પિતાનુ તા.૧૦ના અવસાન થયેલ છે. તેમનુ ઉઠમણુ તેમજ પિયર પક્ષની સાદડી તા.૧૧ના સાંજે ૪-૩૦ થી ૫-૩૦ મોહનેશ્વર મહાદેવ મંદિર, પુનિતનગર, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મુ. હળવદ હાલ રાજકોટ નિવાસી સુર્યકાંત (સૂર્યપ્રસાદ) હરિકૃષ્ણલાલ રાવલ તે પુષ્પાબેનના પતિ, નિલેશભાઈ, સુનીલભાઈ (સીબીઆઈ), યોગેશભાઈ (બીએસએનએલ), નિખિલભાઈના પિતા તેમજ ચિરાગભાઈ (એલઆઈસી), મૌલિકભાઈ (આઈડી), ડો.રિધ્ધિ દવેના દાદા તા.૯ના શિવચરણ પામેલ છે. સદગતનુ બેસણુ તા.૧૧ને સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે હળવદ બ્રાહ્મણ બોર્ડીંગ, એસ્ટ્રોન ચોક પાસે, રાજકોટ મુકામે રાખેલ છે. ચિરાભાઈ રાવલઃ મો.૯૫૧૦૮ ૮૭૫૬૧, મૌલિકભાઈ રાવલઃ મો.૯૫૧૦૧ ૫૨૧૨૫.

**વાંકાનેરઃ** સ્વ. લુહાર તળશીભાઈ રવજીભાઈ મારૂના મોટા પુત્ર રસીકભાઈ મારૂ (ઉં.૬૬) તે સુરેશભાઈના મોટાભાઈ તથા હિતેષભાઈ, રમેશભાઈ તથા રીટાબેનના પિતાનુ તા.૯ના રોજ અવસાન થયેલ છે. સદગતનુ બેસણુ તા.૧૧ને સોમવારના રોજ સાંજે ૩ થી ૫ લુહાર જ્ઞાતિની વાડી, નેશનલ હાઈવે, વાંકાનેર ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી સેજપાલ હસમુખભાઈ અમૃતલાલ (ઉં.૬૭) તે સ્વ. અમૃતલાલ કેશવલાલ સેજપાલના પુત્ર તેમજ નિકાવા નિવાસી રમેશચંદ્ર અમૃતલાલ મીરાણીના બનેવી તથા કુસુમબેનના પતિ તથા મયુરભાઈ અને લીનાબેનના પિતા અને દિનેશભાઈ, હર્ષદભાઈ, પ્રવિણભાઈના ભાઈ તા.૯ના રોજ રામચરણ પામેલ છે. સદગતનુ બેસણુ તેમજ સસરા પક્ષની સાદડી તા.૧૧ને સોમવારે સાંજે ૪ થી ૫ ચારમંદિર, પ્રજાપતિનગર, પેડક રોડ ખાતે રાખેલ છે.

**વેરાવળ :** સ્વ.દયાબેન હરિદાસ કક્કડ (ઉ.વ.૯૫) તે સ્વ.હરિદાસ દામોદર કક્કડ ના ધર્મપત્ની, સ્વ,પ્રવીણ ભાઈ , વીનુંભાઈ , સ્વ.કિશનભાઈ , સ્વ રમેશભાઈ સ્વ.જીતેન્દ્રના માતુશ્રી તથા દીપ કિશનભાઈ તથા ચિરાગ પ્રવીણભાઈ યજ્ઞેશ પ્રવીણભાઈના દાદીમા અને સ્વ.મનજી ઠાકરશી પટેલિયા ના દીકરી નું તારીખ ૯ ના રોજ અવસાન થયેલ છે.સદગત નું ઉઠમણું તથા પિયર પક્ષ ની સાદડી તા. ૧૧ ને સોમવાર ના રોજ બપોરે ૪ થી ૫ ,બિલેશ્વર મંદિરે , જલારામ ટોકીઝ સામે , વેરાવળ ખાતે રાખેલ છે.

**જામ ખંભાળિયાઃ** દામોદરભાઈ જમનાદાસ કાનાણીના ધર્મ પત્ની જ્યોત્સનાબેન તે નીતિનભાઈ તથા ધર્મિષ્ઠાબેન રમણીકકુમાર દતાણીના માતુશ્રી તથા હેતા અને કાવ્યના દાદીમાં તેમજ મણિલાલ રામજીભાઈ પાબારી (ઓખા વાળા) ના પુત્રીનુ તારીખ ૧૦ ના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થનાસભા તથા પિયર પક્ષની સાદડી આજરોજ સોમવારે સાંજે ચારથી સાડા ચાર અત્રે જલારામ મંદિર પ્રાર્થના હોલ ખાતે રાખવામાં આવેલ છે.

**રાજકોટ :** સોરઠીયા રજપૂત મીનાબેન મકવાણા (ઉ.વ.૫૨) તે મહેન્દ્રભાઈ કેશુભાઈ મકવાણાના પત્ની તેમજ હસમુખભાઈ મકવાણા અને મનિષભાઈ મકવાણાના ભાભી, તેમજ જયોત્સનાબેન ચૌહાણ અને જયોતિબેન સરવૈયાના ભાભી તથા કુલદીપ મકવાણા અને જાનકીબેનના માતુશ્રીનું તા. ૯ શનિવારના અવસાન થયેલ છે. બેસણું તા. ૧૧ સોમવારના બપોરના ૪ થી ૫.૩૦ સોરઠીયા રજપુત ભવન, ૧ દિપક સોસાયટી, ગાંધીગ્રામ, રાજકોટ ખાતે રાખેલ છે.


ઉઠમણું (પગડીયુ)



**સ્વ.મોહનલાલ ચેતનદાસ આઈનાણી**

(ઉ.વ.૭૦) સ્વ.તા.૧૦-૧૨-૨૩

કારતક વદ-બારસ રવિવાર

नैनं छिद्रन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुत ॥

સ્વ.મોહનલાલ ચેતનદાસ આઈનાણી (ઉ.વ.૭૦) તેઓ માધુભાઈ, પ્રકાશભાઈ, કિશોરભાઈ, સ્વ.નારાયણભાઈના ભાઈ, કમલેશભાઈ, જ્યોતિબેન તેમજ દિનેશભાઈના પિતાશ્રી તા.૧૦-૧૨-૨૩ કાતરક વદ-બારસને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**તેમનું ઉઠમણું (પગડીયુ) તા.૧૨-૧૨-૨૩ મંગળવારે સાંજે ૫ વાગ્યે, શ્રી હરમંદિર, રામનાથપરા, વિરાણી વાડીની બાજુમાં રાજકોટ ખાતે રાખેલ છે.**

લી. દિનેશભાઈ-૯૯૨૫૭ ૧૯૧૧૯

કમલેશભાઈ-૯૯૯૮૫ ૪૧૦૩૬


### સાધ્વીજી ભગવંતશ્રી ચિંતનપૂર્ણાશ્રીજી મ. કાળધર્મ પામ્યા

રાજકોટ તા.૧૧

પૂ.નીતિસૂરિ સમુદાયના પૂ.સાધ્વીજી શ્રી વિશ્વપૂર્ણાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સાધ્વીજી ચિંતનપૂર્ણાશ્રીજી મ. (ઉ.૫૬) ગઈકાલે પોલારપુરથી પાલીતાણા જતા અકસ્માત થતા કાળધર્મ પામ્યા છે. તેમની પાલખીયાત્રા તથા અંતિમ વિધિ ધંધુકા મુકામે કરાઈ હતી.

### રાજુલા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિનાં પ્રમુખ ભાનુભાઈ રાજગોરનાં પત્નીનું અવસાન



રાજુલા, તા.૧૧

રાજુલા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સમાજ ના પ્રમુખ અને સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ પીઢપત્રકાર રહી ચૂકેલા ભાનુભાઈ રાજગોરના પત્ની મુક્તા બેન ઉ.વ.૮૦ નું તા.૧૦ રવિવાર ના રોજ અવસાન થયેલ છે તે પારૂલબેન તેરૈયા અમદાવાદ,જ્યોતિબેન લાલાણી રાજકોટ, લીનાબેન ચાઉ (બોબીબેન) ના માતૃશ્રી દોલુભાઈ પ્રતાપભાઈ સ્વ કનુભાઈ તથા સ્વ વસંતભાઈ જીતેન્દ્રભાઈ સ્વ શિવભાઈ સ્વ ધીરુભાઈ બેબી બહેન ( લત્તા બેન) મધુબેનના ભાભી થાય મનિષ કુમાર એમ મહેતા અને સચિનદેવ એમ મહેતાના મામી થાય. અંતિમયાત્રામાં રાજુલા સમસ્ત મહિલા બ્રહ્મ સમાજના આગેવાનો જોડાયા હતા.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેકસઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# શહેરમાં આવારા તત્વો બેફામઃ મારામારી, જાહેરમાં બખેડો સામાન્ય બની ગયાં

**પોલીસનું અસ્તિત્વ જ ન હોય તેમ છરી, ધોકા-પાઈપ જેવા હથિયારોથી છાસવારે આવારા તત્વો બનાવને અંજામ આપી દહેશત ફેલાવતા હોય છે**

**બે દિવસમાં જાહેરમાં બે મારામારી, હથિયારો સાથે ઉતરેલા શખ્સોએ લોકોમાં ભય ફેલાવ્યોઃ વિડીયો વાયરલ થતાં પોલીસ એક્શનમાં આવીઃ યુવતી સહિત છ શખ્સો સામે કાર્યવાહી કરી**

રાજકોટ,તા.૧૧

શહેરમાં થોડાં સમયથી શહેરમાં અવાર તત્વોને પોલીસનો કોઈ ભય જ હોય તેમ બેફામ બની શહેરને બાનમાં લીધું હોય તેમ ગમે ત્યારે જાહેરમાં છરી, ધોકા-પાઇપ જેવા હથિયારો વડે મારામારી- હુમલો કરી બનાવને અંજામ આપતાં હોય છે. ત્યારે બે દિવસમાં જાહેરમાં બે મારામારીના વિડીયો વાયરલ થયાં હતાં. જેમાં કાલાવડ રોડ પર આવેલ નકલંક હોટલ પાસે પૂર્વ પતિએ યુવતી અને તેના પતિ પર હુમલો કર્યા બાદ સામે પણ પાઈપથી મારમાર્યાનો બનાવ સામે આવ્યો હતો. જ્યારે ગઈકાલે મોડી રાતે ૧૫૦ ફૂટ રિંગરોડ પર નાનામવા ઓવરબ્રિજ નીચે રાહદારી યુવાન અને કારચાલક વચ્ચે માથાકૂટ થતાં કારચાલક સહિતના શખસોએ જાહેરમાં યુવાનને લાકડી વડે મારમારી લોકોમાં દહેશત ફેલાવ્યો હતો. માલવીયાનગર પોલીસે વિડીયો વાયરલ થયાં બાદ હરકતમાં આવી



કાલાવડ રોડ પર અને નાનામવા ઓવરબ્રિજ નીચે થયેલ મારામારી તસ્વીરમાં દ્રશ્યમાન થાય છે અને માલવીયાનગર પોલીસે આરોપીઓ તસ્વીરમાં દેખાય છે.

યુવતી સહિત છ શખ્સો સામે કાર્યવાહી કરી હતી. બનાવ અંગે માલવીયા નગર પોલીસ મથકમાં પીસીઆરમાં ફરજ બજાવતાં કોન્સ્ટેબલે ભાગ્યેશભાઈ દિપકભાઇ પરમારે નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે સબીર કાળુ સર્વદી (રહે. આશાબાપીરની પાછળ, ભગવતીપરા), આશીફ અનવર શાહમદાર (રહે. ભગવતીપરા), કિશન વિનુ ટીડાણી (રહે. નવલનગર ૨/૬ નો ખૂણો), રાજ મહેન્દ્ર બાંભણીયા (રહે.પી.ડી.માલવીયા કોલેજ, શિવનગર શેરી), કાદર અનવર પઠાણ (રહે. ભગવતીપરા નદી પાસે) અને મુસ્કાન કરીમ શાહમદાર (રહે.નવલનગર વાછરદાદા મંદિર પાસે) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ગઈ તા-૧૦/૧૨/૨૦૨૩ ના પી.સી.આર.માં નોકરી પર હોઇ ત્યારે કંટ્રોલ તરફથી એક કોલ આપેલ કે, કાલવડ રોડ સ્વામીનારાયણ મંદિર સામે નકળંગ હોટલ પાસે અમુક લોકો જાહેરમાં ઝઘડો કરે છે. જેથી તેઓ સ્ટાફ સાથે બનાવવાળી જગ્યાએ પહોંચતા પાંચ યુવકો અને એક યુવતી જાહેર રોડ ઉપર એકબીજા સાથે ઝપા-ઝપી કરતા હોય જેથી તેઓને જાહેરમાં બખેડો કરવાની ના પાડવા છતાં બખેડો ચાલુ રાખી એક બીજા પર લોખંડનો પાઇપ વડે મારમારી કરી જાહેરમાં બેફામ ગાળો બોલવા લાગેલ હતાં. જેથી યુવતી સહિત છ શખ્સોને પોલીસ મથકે લાવી પૂછપરછ કરતાં મુસ્કાન શાહમદારના અગાઉ કાદર પઠાણ સાથે લગ્ન થયેલ હોય અને ત્યારબાદ બન્ને વચ્ચે મનમેળ ન હોય જેથી છુટા થઇ ગયેલ હતાં. ત્યારબાદ મુસ્કાનના બીજા લગ્ન કિશન ટીડાણી સાથે થયેલ હોય અને છએ શખ્સો નકળંગ હોટલ પાસે અચાનક સાથે ભેગા થઇ જતાં કાદરે મુસ્કાન ને જણાવેલ કે,તું મારી સાથે કેમ રહેલ નહીં અને કિશન સાથે લગ્ન શા માટે કરેલ તેમ કહેતાં બખેડો થયાનું કબુલ્યું હતું.

જ્યારે બીજા બનાવમાં ૧૫૦ ફૂટ રિંગરોડ પર આવેલ નાનામવા સર્કલ બ્રિજ નીચે ગઈકાલે એક કાર ચાલક અને અને ત્યાંથી પસાર થતાં એક રાહદારી વચ્ચે માથાકૂટ થતાં મહિલા સહિત કારચાલક અને તેની સાથેના શખ્સે કારમાંથી લાકડી કાઢી જાહેરમાં યુવાનને બેફામ ફટકાર્યો હતો. બનાવના અંગેનો વિડીયો વાયરલ થતાં માલવીયાનગર પોલીસની ટીમે વિડીયોના આધારે તપાસ હાથ ધરી હતી.

### ધોકા-પાઈપ અને છરી સાથે ફરતા લોકો સામે પોલીસનું કુણુ વલણ

શહેરમાં દહેશત ફેલાવી લોકોમાં ભય ફેલાવતા શખ્સો ધોકા-પાઇપ અને છરી સાથે નીકળતા હોય છે. જેની સામે પોલીસ કુણુ વલણ ધરાવતાં હોય તેવું હાલ તો ફલિત થઈ રહ્યું છે. છાસવારે પેટ્રોલિંગ કરી હથિયારો સાથે રોફ જમાવતાં શખ્સો સામે કાર્યવાહી કરતી પોલીસ નબળી પુરવાર થઇ હોય તેમ જાહેરમાં અવાર તત્વો મારામારી અને હુમલા કરી બનાવને અંજામ આપતાં હોય છે. શહેર પોલીસે પેટ્રોલિંગ વધારી જાહેરમાં હથિયારો સાથે બેફામ બનતાં શખ્સો સામે કડક કાર્યવાહી કરવી પડશે, નહિતર શહેર યુપી-બિહાર સમાન બનતાં વાર નહીં લાગે.

# એમ્બ્યુલન્સ, શબવાહિની સહિતના ડ્રાઈવરોની હડતાલની ચીમકી

**કોન્ટ્રાકટરના ડ્રાઇવરોએ સરકારના પરિપત્ર મુજબ પગાર માંગ્યો : પી.એફ., ઓવરટાઇમ સહિતના કોઇ લાભ મળતા નથી**

રાજકોટ, તા. ૧૧

મ્યુનિ. કોર્પોરેશનમાં એજન્સીના કોન્ટ્રાકટ હેઠળ ફાયર બ્રિગેડમાં ફરજ બજાવતા ડ્રાઇવરોએ સરકારના નિયમ મુજબ વેતન ચુકવવાની માંગણી સાથે આજે અધિકારીઓ અને પદાધિકારીઓને રજૂઆત કરી હતી. સાથે જ તેમની માંગણી સંતોષવામાં ન આવે તો હડતાલની ચિમકી ઉચ્ચારી છે.

આજે સવારે કોન્ટ્રાકટરના ડ્રાઇવરો મહાપાલિકામાં એકત્ર થયા હતા. ફાયર એન્ડ ઇમરજન્સી શાખાના ડ્રાઇવરોએ મેયર, ડે.મેયર, સ્ટે.ચેરમેન, કમિશનરને રજૂઆત કરી હતી. બાદમાં આ કર્મચારીઓએ ચીફ ફાયર ઓફિસર ઇલેશ ખેરને લાગણી પહોંચાડી હતી.



મનપા ફાયર શાખાના ડ્રાઇવરોએ આજે પગાર વધારાની માંગ સાથે પદાધિકારીઓ અને ચીફ ફાયર ઓફિસરને રજૂઆત કરી હતી. (તસ્વીર : પંકજ શીશાંગીયા)

રજૂઆતમાં તેઓએ જણાવ્યું છે કે તેઓ દર મહિને ૮૮૭૪નો પગાર મળે છે. પરંતુ તેમને પણ ગુજરાત સરકારના નિયમો મુજબ વેતન મળવું જોઇએ. ફાયર બ્રિગેડમાં કુદરતી આફત, આગના બનાવ વખતે કામગીરી સમયે તેમને મેડીકલ સહાય સહિતની કોઇ સુરક્ષા મળતી નથી. ઓવર ટાઇમનું પણ વેતન આપવામાં આવતું નથી. એમ્બ્યુલન્સ, શબવાહિની સિવાય ફાયર ફાઇટર જેવા હેવી વ્હીકલ પણ તેઓ ચલાવતા હોવા છતાં યોગ્ય વેતન અપાતું નથી.

ઇમરજન્સી સેવા છતાં ઓળખકાર્ડ આપવામાં આવતું નથી. જેથી નોકરીના સમયે અવરજવરમાં મુશ્કેલી પડે છે. પગાર સ્લીપ મળતી નથી અને કેટલું પી.એફ. કપાય છે તેની જાણ નથી. ઓવર ટાઇમ ન મળવા સામે રજા મુકે તો પગાર કાપી લેવામાં આવે છે. રાજકીય કાર્યક્રમો વખતે પણ બંદોબસ્તમાં કે ડ્રાઇવીંગમાં જોડાવાનું હોય છે.

આ સંજોગોમાં રાજય સરકારના પરિપત્ર મુજબ તેમને પણ પગારનો લાભ આપવામાં આવે. કોન્ટ્રાકટના ડ્રાઇવરોની આ માંગણી સંતોષવામાં નહીં આવે તો તેઓ હડતાલ પર જશે તેવી અંતમાં ચીમકી આપવામાં આવી છે.

### ટેન્ડરની શરતો મુજબ વેતન ચૂકવાય છે છતાં ફાઈલ મૂકશું : CFO

રાજકોટ, તા. ૧૧

કોન્ટ્રાકટના ડ્રાઇવરોની રજુઆત અંગે ચીફ ફાયર ઓફિસર ઇલેશ ખેરે જણાવ્યું હતું કે આ તમામ ડ્રાઇવરો એજન્સી પૂરા પાડે છે. અગાઉના કોન્ટ્રાકટમાં તમામ શરતો અને ધોરણો નકકી થયેલા છે. તે મુજબ તેમને વેતન મળે છે અને તેઓ તેમાં વધારો માંગે છે. પ્રક્રિયા અને નિયમ મુજબ તેઓએ આ પગાર સ્વીકારેલો છે. છતાં તેમની રજુઆત પરથી આ અંગે ડે.કમિશનર પાસે ફાઇલ મુકવામાં આવશે અને યોગ્ય વિચારણા કરવામાં આવશે.

# રાજકોટમાં ત્રણ એટીએમ તોડવાનો નિષ્ફળ પ્રયાસઃ બે પરપ્રાંતીય શખ્સોની ધરપકડ

**નારાયણનગરમાં અને રૈયા રોડ પર આવેલ એસબીઆઈના બે એટીએમને તસ્કરોએ નિશાન બનાવ્યા પણ સફળતા ન મળીઃ વધુ એટીએમ ચોરીના ભેદ ખુલવાની શકયતા**

રાજકોટ. તા.૧૧

રાજકોટમાં આવેલ નારાયણનગરમાં અને રૈયા રોડ પર આવેલ એસબીઆઇ બે એટીએમને તસ્કરોએ નિશાન બનાવી ચોરીનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. બનાવ અંગેની ફરિયાદ પરથી ક્રાઇમ બ્રાન્ચની ટીમે બે પરપ્રાંતીય શખ્સોને દબોચી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે શહેરમાં જવાહર રોડ પર આવેલ એસબીઆઈ મેઈન બ્રાન્ચમાં કેશિયર તરીકે નોકરી કરતાં હસમુખભાઈ ગુલાબભાઈ પટેલે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતુંકે, બેંકના એટીએમ શહેરમાં અલગ અલગ જગ્યાએ મુકવામાં આવેલ છે. ગઇ તા.૦૭/૧૨/૨૦૨૩ ના ભક્તિનગર પોલીસ મથકના અધિકારીએ જવાહર રોડ પર આવેલ મેઇન બ્રાન્ચમાં જાણ કરી હતી કે, તમારી બેંકનું એટીએમ નારાયણનગરમાં આવેલ છે, ત્યાં તા. ૦૬/૧૨/૨૦૨૩ ના રાત્રીના બે અજાણ્યા શખ્સો આવેલ તેમાંથી એક શખ્સે તેના ખીસ્સામાથી એ.ટી.એમ. કાર્ડ કાઢી રૂપીયા ઉપાડેલ બાદ તેણે પોતાની પાસેના પાના વડે એ.ટી.એમ. મશીનના શર્ટરમાં નાખેલ અને બાદ બંને નાસી છૂટ્યા હતાં. બાદમાં ફરીવાર બંને શખ્સો એ.ટી.એમ પર આવેલ અને તેમાંથી એક શખ્સે ફરીથી પોતાની પાસેના ડીસમીસથી તે એટીએમનું શટર તોડવાનો પ્રયત્ન કરેલ પરંતુ રૂપીયા ઉપડેલ નહી જેથી બંને શખ્સો ત્યાંથી નાસી છૂટ્યા હતાં. જે અંગે સ્ટાફે તપાસ કરતાં એટીએમમાં અંદાજીત રૂ.૧૮ હજારનું નુકશાન થયેલ હતું.

આજ રીતે રૈયા રોડ પર સદગુરૂ કોમ્પ્લેક્ષની સામે આવેલું એસબીઆઈનું એટીએમ તોડવાનો પ્રયાસ થયો હતો. જેમાં રૂ. ૪૫ હજારની નુકશાની ગઈ હતી. રૈયા ચોકડી પાસે આવેલું એસબીઆઈનું ત્રીજું એટીએમ તોડવાનો પણ પ્રયાસ થયો હતો. જેને કારણે રૂા. ૧૫ હજારની નુકશાની થઈ હતી.

બનાવ અંગેની ફરિયાદ પરથી સ્થાનિક પોલીસ સાથે ક્રાઈમ બ્રાંચે પણ તપાસમાં ઝુકાવ્યું હતું. ત્રણેય એટીએમમાં ત્રાટકનાર બે પરપ્રાંતિય શખ્સોને ક્રાઇમ બ્રાન્ચની ટીમે ઝડપી લીધા છે. પ્રાથમિક તપાસમાં પોલીસને આ બંને શખ્સો બીજા રાજ્યોમાં પણ આ રીતે ઘણાં એટીએમમાં ત્રાટક્યાની જેમાં અમુકમાં સફળતા જયારે અમુકમાં નિષ્ફળતા મળ્યાની માહિતી મળી છે.

### જમ્મુ-કાશ્મીરમાં એલર્ટઃ અનેક નેતાઓ નજર કેદ

આજે સુપ્રીમકોર્ટના ચૂકાદા પુર્વે જમ્મુ-કાશ્મીરમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે તથા રાજયના પીડીપી નેતા મહેબુબા મુફતીના નિવાસ બહાર પોલીસ પહેરો ગોઠવી દેવાયો હતો તેમજ કોઈ અનિચ્છનીય પ્રત્યાઘાત ન પડે તેની પણ ચિંતા કરવામાં આવી હતી.

## સુપ્રીમ

(પહેલા પાનાનું ચાલું)

વિભાગને સ્ટેન્ડ ટુ રાખવામાં આવ્યો હતો તેમજ સોશ્યલ મીડીયામાં ભડકાઉ પોષ્ટ કરનાર પાંચ લોકોને પણ અટકાયતમાં લેવામાં આવ્યા હતા.

કેન્દ્રની મોદી સરકારે તેની બીજી ટર્મમાં આ હિંમતભર્યા નિર્ણયથી જમ્મુ-કાશમીરને કલમ ૩૭૦ હેઠળ જે ખાસ અધિકારો પ્રાપ્ત થયા હતા તેનો અંત આ કલમની નાબુદી સાથે જ લાવ્યો હતો. સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચૂડના વડપણ હેઠળની ખંડપીઠે બે અલગ રીતે ચુકાદા આપ્યા હતા. જેમાં કલમ ૩૭૦ની નાબુદીના નિર્ણયને તમામ જજોએ યોગ્ય ગણાવ્યો હતો અને કહ્યું હતું કે આ કલમ અસ્થાયી છે તે ચોકકસ સમયગાળા માટે લાવવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતે એ પણ જણાવ્યું કે કેન્દ્ર સરકારના દરેક નિર્ણયને કોર્ટમાં પડકારી શકાય નહી. જો કેન્દ્રના નિર્ણયથી કોઈ પ્રકારની મુશ્કેલી ઉભી થઈ હોય તો જ તેને પડકારી શકાય. સુપ્રીમ કોર્ટના આ ચૂકાદા સાથે જ મોદી સરકારને વધુ એક કાનુની સફળતા મળી છે અને જમ્મુ-કાશ્મીરમાં હવે આગામી સમયમાં ચુંટણી યોજવા સહિતનો માર્ગ પણ ખુલ્લો થઈ ગયો છે.

## વિજલાઈન

(છેલ્લા પાનાનું ચાલું)

પડયો હતો.

બિપરજોય અને તાઉતે વાવાઝોડા પછી પાવર સેકટરને થતાં ગંભીર નુકસાનથી બચવા માટે હાઈ ટેન્શન પાવર લાઈનોને જમીનમાં પાથરવા અંગે વિચારણા ચાલી રહી હતી. ખાસ કરીને કેન્દ્રીય ગૃહમંત્રી અમીતભાઈ શાહે જૂન માસમાં અસરગ્રસ્ત કચ્છની મુલાકાત બાદ ઉચ્ચસ્તરીય બેઠકમાં આ પ્રસ્તાવ અંગે વિચારણા કરવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ઉચ્ચ અધિકારીઓને સૂચના આપી હતી. આને પગલે પશ્ચિમ ગુજરાત વીજ કંપની એ કચ્છ-સૌરાષ્ટ્રના કાંઠા વિસ્તારો માટે એક રિપોર્ટ તૈયાર કર્યો છે. તેમાં કહેવાયું છે કે આ વિસ્તારમાંથી પસાર થતી ૧૧ કેવીની લાઈનો અને એમાંથી છેક નગરો, ગામડાં સુધી પહોંચતી લાઈનોને આકાશી એટલે કે થાંભલાઓ પરથી લઈ જવાને બદલે જમીનમાં પાથરી દેવી જોઈએ. આ માટે વીજ વિતરણ માટેની લાઈનોને વાવાઝોડા અને વિનાશક પવનના મારથી બચાવવા માટે એક સર્વગ્રાહી માળખું ઉભું કરવું જોઈએ. તેમ કહી રિપોર્ટમાં કહેવાયું છે કે, પીજીવીસીએલની ૧૧ કેવીની ઓવરહેડ લાઈનો તથા લાઈટ ટેન્શન (એલટી) લાઈનોથી સર્વિસ જોડાણ સુધીના નેટવર્કને અન્ડર ગ્રાઉન્ડ કરવાનું આયોજન છે. આ માટેનું પ્રારંભીક કામ શરુ કરી દેવાયું છે, તેમ સૂત્રોએ જણાવ્યું છે.

રિપોર્ટમાં કહેવાયું છે કે, ખાસ કરીને અરબી સમુદ્રના કાંઠા વિસ્તારથી વીસ કી.મી.ના વિસ્તારમાં ૧૧ કેવીની ઓવરહેડ લાઈનો તથા લાઈટ ટેન્શન (એલટી) લાઈનોથી સર્વિસ જોડાણ સુધીની લાઈનોને ભુગર્ભમાં પાથરી દેવાથી સાયકલોન અને વિનાશક પવનથી થતાં નુકસાન સામે રક્ષણ મળી શકે એમ છે. આ માટે કેન્દ્ર અને ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ હેઠળ તબકકાવાર રીતે કામ કરી શકાય એમ છે. એક અંદાજ પ્રમાણ રૂા.૨૫૦૦૦ કરોડનો એક સર્વગ્રાહી પ્રોજેકટ રિપોર્ટ કેન્દ્ર સરકારને મોકલી અપાયો છે.

ગુજરાતની જેમ ઓરિસ્સાએ પણ આવી જ એક દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલી છે, તેમ કેન્દ્રીય ઉર્જામંત્રી આર.કે.સિંગે જણાવ્યું હતું. વ્રિવાઈબ્રન્ટ સમીટના કાર્યક્રમમાં ગુજરાત આવેલા સિંગ સાથે ગુજરાતના અધિકારીઓએ આ મુદ્દે કેટલીક પ્રાથમીક ચર્ચા કરી હતી.

હાલ પીજીવીસીએલ સમગ્ર વીસ કીમી ત્રિજયામાં આવતી લાઈનોને રૂરલ ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ સ્ટ્રેન્થનિંગ સ્કીમ સહિતની વિવિધ યોજનાઓ થકી તબકકાવાર રીતે અમલમાં મુકશે. આ કામગીરી પુરી થયા બાદ ૫૦ કીમીની ત્રિજીયામાં આવતી લાઈનો માટેનો મહત્વાકાંક્ષી પ્રોજેકટ અમલમાં મુકવાની વિચારણા છે.

## ચુંટણી

(પહેલા પાનાનું ચાલું)

વ્યાપક ચૂકાદો આપ્યો હતો જેના કારણે હવે આ કલમ ભૂતકાળ બની ગઈ છે. જો કે તેની સાથે સર્વોચ્ચ અદાલતે એ પણ જણાવ્યું હતું કે રાજય લાંબા સમયથી તેના લોકપ્રતિનિધિત્વથી વંચિત છે અને તેથી જ રાજયમાં શકય તેટલી ઝડપી ચુંટણી યોજાવી જોઈએ. સર્વોચ્ચ અદાલતે આ ઉપરાંત જમ્મુ-કાશમીરમાં કલમ ૩૭૦ની નાબુદી સાથે તેણે જે રીતે કેન્દ્ર શાસીત પ્રદેશ જાહેર કરીને બાદમાં જમ્મુ તથા કાશમીરને અલગ રાજય તથા લદાખને કેન્દ્રશાસીત પ્રદેશ તરીકે જાહેર કર્યો હતો તે અંગેની અરજી પર પણ સુનાવણી કરી હતી અને રાજયને પુનઃ તેનો દરજજો આપવા પણ જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે જમ્મુ-કાશ્મીરમાં હવે શું તેનો પ્રસ્તાવિત રોડમેપ પણ કેન્દ્ર સરકારને આપ્યો છે અને તેમાં ખાસ કરીને કેન્દ્રશાસીત પ્રદેશનું લેબલ દુર કરવા ચુંટણી યોજવાની ડેડલાઈન પણ કેન્દ્ર સરકારને આપી હતી. હાલમાં જ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે લોકસભામાં જમ્મુ-કાશમીરના નવા સીમાંકન અંગે જે જાહેરાત કરી હતી તે સમયે પણ શકય તેટલી વ્હેલી ચુંટણી યોજવાની ખાતરી આપી હતી.

## શેરબજાર

(પહેલા પાનાનું ચાલું)

૭૦,૦૦૦ ને પાર કરી ગયો હતો. સેન્સેકસ ઉંચામાં ૭૦૦૪૮ તથા નીચામાં ૬૯૭૯૭ હતો.૧૨૦ પોઈન્ટનો સુધારો સુચવતો હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૩૨ પોઈન્ટનાં ઉછાળાથી ૨૧૦૦૧ હતો તે ઉંચામાં ૨૧૦૧૯ તથા નીચામાં ૨૦૯૨૩ હતો. શેરબજારમાં તેજી પુરબહારમાં છે અને નવા નવા ઈતિહાસ બની રહ્યા છે ત્યારે માર્કેટ કેપ પણ નવી ઊંચાઈએ પહોંચી ગયુ છે. મુંબઈ શેરબજારનું માર્કેટ કેપ ૩૫૦ લાખ કરોડથી વધુ થઈ ગયુ હતું આજે એક લાખ કરોડથી વધુની વૃધ્ધિ થઈ હતી. જાણકારોના કહેવા મુજબ એસઆઈપીઓ રોકાણ રેકોર્ડસ્તરે ઠલવાતું હોવાના કારણોસર નાના ઈન્વેસ્ટરો મોટુ રોકાણ કરતા હોવાનું ચિત્ર છે.

## કોંગ્રેસ

(પહેલા પાનાનું ચાલું)

નહિં સમગ્ર ઈન્ડીયા ગઠબંધન પર નિશાન સાધ્યુ છે. અને માત્ર પ્રજા સુધી લઈ જવાનું એલાન કર્યું છે. ભ્રષ્ટાચાર કોંગ્રેસનાં સ્વભાવમાં જ છે અને ભ્રષ્ટાચાર છુપાવવા જ મોદી સરકાર તપાસનીસ એજન્સીઓનો દુરૂપયોગ કરતી હોવાનું અભિયાન ચલાવ્યાનો પ્રહાર કર્યો હતો.

પટનામાં અમિત શાહે કહ્યું કે, આઝાદી બાદ કોઈપણ સાંસદના ઘરેથી આટલી મોટી રોકડ રકમ મળી આવી છે. પરંતુ સમગ્ર I.N.D.I.A.ગઠબંધન આ ભ્રષ્ટાચાર પર મૌન છે. હું સમજું છું કે આ કોંગ્રેસનો સ્વભાવ છે. કારણ કે ભ્રષ્ટાચાર તેમના સ્વભાવમાં છે, પરંતુ JDU, RJD, DMK અને SP બધા ચૂપ બેઠા છે.કોંગ્રેસના રાજ્યસભા સાંસદ ધીરજ સાહુના ઘરેથી અત્યાર સુધીમાં રૂ.૩૫૦ કરોડથી વધુની રોકડ મળી આવી છે. ભાજપે કોંગ્રેસ સાંસદ પર તેમના ઘરેથી રોકડ જપ્ત થવા પર નિશાન સાધ્યું છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે આ મુદ્દાને જનતા સુધી લઈ જવાની વાત કરી હતી.

હવે મને સમજાયું કે પીએમ મોદી વિરુદ્ધ અભિયાન કેમ ચલાવવામાં આવ્યું કે એજન્સીઓનો દુરુપયોગ થઈ રહ્યો છે. આવું એટલા માટે કરવામાં આવ્યું કારણ કે તેમના મનમાં એવો ડર હતો કે તેમના ભ્રષ્ટાચારના તમામ રહસ્યો ખુલી જશે. રાહુલ ગાંધીથી લઈને ઈન્ડિયા એલાયન્સના તમામ નેતાઓએ આ મુદ્દે જવાબ આપવો જોઈએ. અમે આ મુદ્દાને લોકો સુધી લઈ જઈશું.

## ગોકુલ હોસ્પિટલ

(છેલ્લા પાનાનું ચાલું)

તત્કાલ સારવાર કરી અવિનાશનું હૃદય ફરી ધબકતું કરવા મથામણ કરી હતી પણ તેમણે દમ તોડી દીધો હોય, મૃત જાહેર કરાતા હોસ્પિટલ સ્ટાફ સ્તબ્ધ થઈ ગયો હતો જ્યારે પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

મૃતકના પિતાએ જણાવ્યા મુજબ, ડો.અવિનાશ બે ભાઈમાં નાના હતા. આયુર્વેદ સારવારની બી.એ.એમ.એસ. ડીગ્રી મેળવ્યા બાદ તેઓ ગોકુલ હોસ્પિટલમાં મેડીકલ ઓફિસર તરીકે નોકરી કરતા. તેમને કોઈ બીમારી નહોતી. પિતાએ પોલીસને આપેલ નિવેદન મુજબ ડો.અવિનાશને નખમાં પણ રોગ નહોતો. છતાં અચાનક આ રીતે મૃત્યુ થતા મૃતદેહ પીએમ અર્થે ખસેડાયો હતો. પ્રાથમિક તારણ મુજબ હાર્ટ એટેકથી મોત થયાનું તબીબોનું માનવું છે.

## પીપાવાવ પોર્ટમાં અજાણ્યા વાહન હડફેટે દીપડાનું મોત નીપજ્યુ

રાજુલા, તા.૧૧

પીપાવાવ પોર્ટના દરિયાકાંઠે દીપડા અને સિહો ની દરરોજ અવર જવર કરે છે તેમજ પીપાવાવ અને અલ્ટ્રાટેક ની આસપાસ રહેણાક વિસ્તાર પણ આવેલ હોઈ જેથી અવાર નવાર સિંહ દીપડા અને જંગલી પ્રાણીઓ મોતના મુખમાં હોમાઈ છે. જેમાં વધુ ૩ થી ૫ વર્ષના દીપડા ને વાહન ચાલકે અડફેટે લેતા મોત દીપડાનું મોત નિપજ્યું.

દીપડાને અકસ્માત કોણ કરી ફરાર થયો તે અંગે વન વિભાગ એ તપાસ કરવાની માંગ જાણીતા પર્યાવરણ પ્રેમી ચેતન વ્યાસે કરેલ છે.તેઓ વન્ય પ્રાણી ઓ ના અત્યાર સુધીના મોત ની તપાસ કરી પીપાવાવ અને અલ્ટ્રા ટેક સામે વાઈડ લાઈફ પ્રોટેક્શન એક્ટ મુજબ કાર્ય વાહી ની માંગ કરેલ છે. આવા બનાવો માં વનવિભાગ કંપનીઓ ને બચાવવા માટે કામ કરતું હોઈ તેવું લાગી રહ્યું છે. કારણ કે સામન્ય ખેડૂત ના ખેતર માં જો વન્ય પ્રાણી નું મોત કોઈ કારણ સર થાય તો , વન વિભાગ ના અધિકારીઓ ખેડૂત પર કેટલીએ જાતની પૂછ પરછ કરે પરંતુ આવા બનાવોમાં ઢાક પીછોડો કરી રહ્યા નું પણ વ્યાસે જણાવેલ છે.જો વાઈડ લાઈફ એક્ટની કલમ હેઠળ ગુનો દાખલ કરી કાર્યવાહી કરવા માં આવે તેવી લોકોની માંગ ઉઠી છે.

# ખોદકામ દરમિયાન મળેલા સોનાના સિક્કા વેંચવાના નામે વેપારી બંધુ સાથે છ લાખની છેતરપીંડી

**હું મજૂર હોવાથી મારી પાસેથી કોઈ આ સોનાના સિક્કાની ખરીદી કરશે નહીં કહીં પરાબજારના વેપારીને અજાણ્યાં શખ્સોએ ચુનો લગાડ્યોઃ એ. ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી**

રાજકોટ,તા.૧૧

પરાબજારમાં દુકાન ધરાવતા બે વેપારી ભાઈઓને મોરબીમાં ખોદકામ દરમિયાન સોનાના સિક્કા મળ્યાનું અને તેને સસ્તામાં આપવાનું જણાવી ગઠીયા ટોળકી રૂ.૬ લાખનો ચૂનો ચોપડી ભાગી ગઇ હતી. એ.ડિવિઝન પોલીસે ગુનો દાખલ કરી સીસીટીવી ફૂટેજ અને મોબાઈલની કોલ ડીટેઇલના આધારે ફરિયાદ નોંધાવી છે.

બનાવ અંગે પરાબજારના કૃષ્ણપરા શેરી નં.૧માં ખાનપરા બાપજી ટાવરમાં રહેતા અને પરાબજારમાં રાજ ટ્રેડર્સ નામની તાલપત્રીની દુકાન ધરાવતાં તાહીર અસગરઅલી હથીયારી (ઉ.વ.૩૦) મૂળ અમરેલીના ચિતલના વતની છે. ભાઈ હુસેન સાથે મળી દુકાન ચલાવે છે.

તેણે પોલીસને જણાવ્યું કે, ગત નવેમ્બરના પહેલા અઠવાડિયામાં તે અને તેનો ભાઈ દુકાને હાજર હતા ત્યારે અજાણ્યો શખ્સ તાલપત્રી ખરીદવા આવ્યો હતો. જેણે કહ્યું કે હું મોરબીમાં ઠેકેદાર સાથે કામ કરું છું. ત્યાં ખોદકામ દરમિયાન થેલામાંથી સોનાના સિક્કાનો જથ્થો મળી આવ્યો છે. જે હાલ મારી પાસે છે.હું મજૂર હોવાથી મારી પાસેથી કોઈ આ સોનાના સિક્કાની ખરીદી કરશે નહીં. જેથી તેને વેચાવી દેવામાં તમે મારી મદદ કરો.

આ વાત સાંભળી તેણે કહ્યું કે, તમે સેમ્પલ માટે એક સિક્કો આપી જજો. જે હું કોઈને દેખાડીને જોઈશ. ત્યારબાદ તે શખ્સ ત્યાંથી જતો રહ્યો હતો. અઠવાડિયા પછી ફરીથી દુકાને આવી તાલપત્રીની ખરીદી કરી સેમ્પલ માટે એક સિક્કો આપ્યો હતો. આ વખતે તેના મોબાઈલ નંબર મેળવી સિક્કો દેખાડી દીધા બાદ પોતાને જણાવવાનું કહ્યું હતું. તેણે સિક્કો જોતા તે જૂનો અને તેમાં ઉર્દુમાં કાંઇક લખેલું હોવાનું દેખાયું હતું. બીજા દિવસે તેણે સોની બજારમાં જઈ વેપારીને સિક્કો દેખાડતા જાણવા મળ્યું કે આ સિક્કો સોનાનો છે. તેનું વજન ૧.૪ ગ્રામ છે. આ રીતે સિક્કો સોનાનો હોવાની તેને જાણ થઇ હતી. જેથી દુકાને આવીને તેણે સિક્કો આપનારને કોલ કરી જણાવ્યું કે આ એક સિક્કાના રૂ.૬૯૦ મળશે.

આ વાત સાંભળી સિક્કો આપનારે જણાવ્યું કે, મારી પાસે આવા બે થી ત્રણ કિલો સિક્કા છે, જે હું તમને આપી જઈશ, વજન પર આ તમામ સિક્કા આપી રૂપિયા લઇ જઈશ. ત્યારબાદ સિક્કા આપનાર સાથે સિક્કા ક્યા આપી જવા તે બાબતે વાતચીત થતી હતી. તે અને તેનો ભાઈ દુકાને ડીલ કરવા માગતા હતા. પરંતુ સિક્કા આપનાર કોઇ હાઇવે પર આવવાનું કહેતો હતો.

એટલું જ નહીં એક દિવસ સિક્કા આપનારે પોતાની માતા હોવાનું કહી એક મહિલા સાથે વાત કરાવી હતી. જેમાં તે મહિલાએ કહ્યું કે, તમારે હાઇવે પર જ સિક્કા લેવા આવવું પડશે. અમે બહારના છીએ, જો કોઈને અમને સિક્કા મળ્યાની જાણ થશે તો અમને ખોટા સલવાડી દેશે. આ રીતે સિક્કાની ડીલીવરી કઈ જગ્યાએ લેવી તે બાબતે સતત વાતચીત થતી હતી. આખરે તેણે દુકાને જ સિક્કાની ડીલીવરી લેવાનું મક્કમતાથી નક્કી કરી જણાવી દીધું હતું. જેથી સામાવાળો પણ તૈયાર થઇ ગયો હતો. તેણે કહ્યું કે હું સિક્કા લઇને આવું છું, તમે પાંચથી છ લાખ રૂપિયા તૈયાર રાખજો.

આ રીતે વાતચીત થયા બાદ તેણે અને તેના ભાઇએ યુટ્યુબમાં સોનાની પરખ કઇ રીતે કરવી તેની માહિતી મેળવી હતી. એક વીડિયોમાં જણાવાયું હતું કે સોનુ અસલી હશે તો નાઇટ્રીક એસિડમાં નાખતા તેમાં કોઇ રિએકશન નહીં આવે. પરિણામે તે કોઠારીયા નાકા ચોકી પાસે આવેલી દુકાનેથી નાઇટ્રિક એસિડ લઇ આવ્યા હતાં. ગઇકાલે રાત્રે સામાવાળો દુકાને આવ્યો હતો. જેણે સિક્કા ભરેલી પોટલી તેને આપી હતી. સામાવાળા સાથે બે અજાણ્યા શખ્સો પણ હતાં. તેણે પોટલીનું વજન કરતાં પોણા બે કિલોની થઈ હતી.

તેણે સિક્કા ચેક કરવાનું કહી પોટલીમાંથી છ સિક્કા આપવાનું કહેતા સામાવાળાએ છ સિક્કા આપ્યા હતાં. જેને નાઇટ્રિક એસિડવાળા કાચના બાઉલમાં નાખતા કોઇ રિએકશન આવ્યું ન હતું. જેથી તે સિક્કા સોનાના હોવાનું નક્કી થઇ ગયું હતું. તેણે વધારે સિક્કા ચેક કરવા માગતા સામાવાળાએ વધુ બે સિક્કા આપ્યા હતાં. તે પણ સોનાના હોવાનું જણાયું હતું.થોડીવાર બાદ તેણે વધુ સિક્કા ચેક કરવા માટે માગતા સામાવાળા અને તેની સાથેના અજાણ્યા શખ્સો છંછેડાઈ દુકાનની બહાર જતા રહ્યા હતાં. એટલું જ નહીં એમ પણ કહ્યું કે, તમને અમારી ઉપર વિશ્વાસ નથી. આમ કહી ચાલતી પકડી હતી. પરંતુ તેના ભાઇ હુસેને જઈ ત્રણેયને ફરીથી દુકાને લઇ આવી રૂ.છ લાખ તાલપત્રીમાં વિંટાળીને આપી સિક્કા લઇ લીધા હતા.

ત્યારબાદ પોટલીમાંથી મૂઠ્ઠી ભરીને સિક્કા લઈ તેને નાઇટ્રિક એસિડવાળા બાઉલમાં નાખતા જ ધૂમાડો નીકળવા લાગ્યો હતો. જેથી સિક્કા નકલી હોવાની જાણ થતા તત્કાળ ભાઈ સાથે મળી ત્રણેય ગઠીયાઓની શોધખોળ કરી હતી પરંતુ પત્તો નહીં મળતા એ.ડિવિઝન પોલીસ મથકે જઈ ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરિયાદ પરથી એ. ડિવિઝન પોલીસે છેતરપીંડી આચરનાર શખ્સોની શોધખોળ હાથ ધરી હતી.

# સાધુ વાસવાણી રોડ પર યુવાનની હત્યાના ગુનામાં સંડોવાયેલ વધુ એક આરોપી જૂનાગઢથી પકડાયો

**પોલીસ ફરિયાદનો ખાર રાખી સોહિલ બુકેરાનું ઢીમ ઢાળી દિધું 'તુંઃ અગાઉ ચાર આરોપીને દબોચી લીધા 'તા**

રાજકોટ,તા.૧૧

સાધુ વાસવાણી રોડ પર દિવાળીના દિવસે સોહિલ બુકેરા નામના યુવાન ઓર પોલીસ ફરિયાદનો ખાર રાખી થયેલ જીવલેણ હુમલામાં ઘવાયેલા યુવકે સારવારમાં દમ તોડતાં બનાવ હત્યામાં પલ્ટયો હતો. બનાવમાં પોલીસે અગાઉ ચાર આરોપીને પકડ્યા બાદ વધું એક આરોપીને જૂનાગઢથી દબોચી લીધો હતો.

બનાવ અંગેની પ્રાપ્ત વિગત મુજબ, દિવાળી સમયે સાધુવાસવાણી રોડ પર ગુરુજીનગર આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં સોહીલભાઇ બુકેરા (ઉ.વ.૨૫) નામના યુવક પર રણજિત પરમાર, ફૂલદીપ બારૈયા, મહાવીર વાળા, મયુરીબા રણજિત પરમાર અને અજાણ્યાં શખ્સોએ નવેક મહિના પહેલા રણજીત પરમારના ભાઈ પારસ પરમાર સાથે સોહીલને મજાક મશ્કરી કરતા બન્ને વચ્ચે ગાળા-ગાળી થતા જ ઝગડો થયેલ હતો. જેમા બન્ને પક્ષે પોલીસ ફરીયાદ થયેલ હોય જેનો ખાર રાખી આરોપીઓએ ધોકા-પાઇપ અને છરીથી જીવલેણ હુમલો કર્યો હતો. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસ મથકમાં હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધી રણજિત પરમાર સહિત ત્રણ આરોપીની ધરપકડ કરી હતી.બાદમાં સારવારમાં રહેલ સોહિલ બુકેરાનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોત નિપજતાં બનાવ હત્યામાં પલટયો હતો. બાદમાં પોલીસે વધું એક આરોપી વનરાજ લાંબાની ધરપકડ કરી હતી. જે બાદ ગઈકાલે યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઇ રજીયાની રાહબરીમાં પીએસઆઈ બી.આર. ભરવાડ અને ટીમે વધું એક આરોપી સોહિલ કાળુ સિડાને જૂનાગઢથી દબોચી લીધો હતો.

### જમ્મુ કાશ્મીરની સ્વાયતતા અંગે અરજદારના તર્ક પર સરકારની દલીલો ભારે પડી

# રાજ્યોને આંતરીક સ્વાયતતા જેવો કોઈ મુદ્દો જ હોતો નથીઃ કેન્દ્ર સરકાર

## જમ્મુ કાશ્મીરની બંધારણસભા વિખેરાઈ ગયા બાદ ધારાસભાને સત્તા મળે છે અને ધારાસભાના વિસર્જન કે સ્થગીત હોય તો સંસદને સત્તા પ્રાપ્ત થાય છે

નવી દિલ્હી, તા.૧૧
જમ્મુ કાશ્મીરમાંથી ૩૭૦મી કલમને હટાવવા નિર્ણયને પડકારતી રીટ અરજીમાં કેન્દ્ર તરફથી એર્ટની જનરલ આર.વેંક્ટરમણી, સોલીસીટર જનરલ તુષાર મહેતા તથા વધારાના ખાસ ધારાશાસ્ત્રી તરીકે હરિશ સાલવે, રાકેશ દ્વિવેદીએ કેન્દ્ર સરકાર વત મજૂબત કેસ રજૂ કર્યો હતો અને ૫ ઓગસ્ટ-૨૦૧૯નો કેન્દ્રનો નિર્ણય યોગ્ય અને બંધારણીય તથા કાનૂની દ્રષ્ટિએ પણ યોગ્ય રીતે વિચારીને લેવાયેલો નિર્ણય જણાવ્યો હતો. આ અગાઉ ૧૬ દિવસ સુધી ચાલેલી સુનાવણીમાં અરજદારોએ આ નિર્ણયને ગેરબંધારણીય દર્શાવતા અને તર્ક રજૂ કર્યા હતા અને તેમાં સુપ્રિમ કોર્ટની પાંચ ખંડપીઠ જેમાં મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ સંજય કિશન કોલ, ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના, ન્યાયમૂર્તિ બી.આર. ગવેય, અને જસ્ટીસ સૂર્યકાંતએ દલીલો સાંભળ્યા બાદ ૫-સપ્ટેમ્બરે તેમનો ચૂકાદો અનામત રાખ્યો હતો.

સૌ પ્રથમ તો એ પૂછાયું કે શું કલમ ૩૭૦ નાબૂદ કરવાનો સંસદને અધિકાર છે? આ નિર્ણય જમ્મુ કાશ્મીરની તે સમયની વિધાનસભામાં પ્રસ્તાવ લાવીને થઇ શકે છે. સરકારના નિર્ણયને અરજદારે વિરોધ કરતા જણાવ્યું કે આ કલમ દૂર કરવાનો નિર્ણય ૧૯૫૧થી ૧૯૫૭ દરમ્યાન જમ્મુ કાશ્મીરમાં જે બંધારણીય સભા હતી તે જ નિર્ણય લઇ શકે છે અને જ્યારે તેમાં કોઇ નિર્ણય નથી થયો તો તે કાયમી બની જાય છે. અને તેનો બદલાવ ફકત રાજકીય પ્રક્રિયા મારફત જ થઇ શકે છે. સુપ્રિમ કોર્ટ સમક્ષ એ મુદ્દો આવ્યો કે બંધારણ સભાની ભૂમિકાને લઇને સંસદને કોઇ અધિકાર છે? સંસદ ખુદ શું બંધારણસભા બની ન શકે?



### કેટલીક લડાઈઓ હારવા માટે જ લડાતી હોય છે



નવી દિલ્હીઃ આજે કલમ ૩૭૦ અંગે સુપ્રિમ કોર્ટના ચુકાદા પૂર્વે જ આ કેસ લડનાર ટોચના ધારાશાસ્ત્રી કપિલ સીબલે એકસ પર પોસ્ટ કરીને લખ્યું હતું કે કેટલીક લડાઇઓ પરાજીત થવા માટે જ લડાતી હોય છે, પરંતુ ઇતિહાસે એ નોંધ લેવી જોઇએ કે જેથી અયોગ્ય બાબતે ભવિષ્યની પેઢી જાણી શકે. ઇતિહાસ એક જ ફકત આ પ્રકારના ઐતિહાસિક નિર્ણયોને મુલવી શકે.

## રાષ્ટ્રપતિ શાસન સમયે રાજ્યપાલ નિર્ણય લઈ શકેઃ મંત્રી મંડળની ગેરહાજરીમાં રાષ્ટ્રપતિના નિર્ણયનું પાલન પણ કરાવી શકે છે

અરજદારોએ એ પણ દલીલ કરી હતી કે જમ્મુ કાશ્મીરનો ભારત સાથેનો જોડાણ અનોખુ છે, કોઇ વિલિનીકરણ થયું ન હતું. પરંતુ ઇન્ટુમેન્ટ ઓફ એક્સેસન પર હસ્તાક્ષર થયા હતા તેથી જમ્મુ કાશ્મીરના સાર્વભૌમત્વ પર હસ્તાક્ષર થઇ શકે નહીં. આ ઉપરાંત એ પણ દલીલ છે કે જમ્મુ કાશ્મીર અંગે કાનૂન બનાવવા અંગે સંસદને અધિકાર પણ મર્યાદિત છે આ ઉપરાંત રાજ્યપાલની ભૂમિકા પર પ્રશ્ન ઉઠાવાયા હતા અને જણાવાયું હતું કે જમ્મુ કાશ્મીરમાં મંત્રી મંડળની ભલામણ વગર રાજ્યમાં કોઇ નિર્ણય લઇ શકે નહીં ઉપરાંત રાજ્યના સ્ટેસને ફેરવવાનો એટલે કે તેને રાજ્યમાંથી કેન્દ્રશાશીત પ્રદેશ બનાવવાનો અધિકાર પણ વિધાનસભાને છે.

જેની સામે સરકારે તર્ક આપ્યો કે જમ્મુ કાશ્મીરના પુનઃગઠનમાં રાજ્યપાલની મંજુરી એ બંધારણ સાથે છેતરપીંડી છે તેવું કહી શકાય નહી, પ્રક્રિયામાં કોઇ છેડછાડ કરવામાં આવી નથી. જમ્મુ કાશ્મીરને ભારત સાથે જે જોડાણનો પત્ર અપાયો તેમાં તેનું સાર્વભૌમત્વ સંપૂર્ણ રીતે ભારત સરકારને આપી દેવામાં આવ્યું હતું અને સ્વાયતતાની સરખામણી આંતરીક સ્વાયતતા સાથે કરવી એક એક ભ્રમ છે. આ ઉપરાંત એ પણ તર્ક સરકાર આપ્યો કે જમ્મુ કાશ્મીરની જે બંધારણ સભા હતી તેને વિખેરી નાખવા સાથે વિધાનસભા બની હતી અને એ આધાર ઉપર કેન્દ્ર નિર્ણય લઇ શકે અને રાષ્ટ્રપતિ શાસન લાગુ હોય ત્યારે વિધાનસભાના નિર્ણય સંસદ લઇ શકે છે.

## કલમ ૩૭૦ અંગે ચીફ જસ્ટીસએ શું ક્હ્યુ?

### ૧૯૪૯માં યુવરાજ કરણસિંહની ઉદઘોષણા તથા રાષ્ટ્રપતિ દ્વારા કલમ ૩૭૦ને દાખલ કરવા બન્ને એક સાથે થયું હતું

નવી દિલ્હી, તા.૧૧
આજે સર્વોચ્ચ અદાલતે જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદીના નિર્ણયને યોગ્ય ગણાવતા જણાવ્યું હતું કે આ એક કામ ચલાઉ જોગવાઇ હતી. દેશમાં વિલીનીકરણની જે પ્રક્રિયા ચાલતી હતી તેના ભાગરુપે જમ્મુ કાશ્મીરમાં ૩૭૦ની કલમ દાખલ કરાઇ હતી અને તે કાયમી રહી શકે નહીં એટલું જ નહીં રાજ્યમાં યુધ્ધ જેવા હાલતના કારણે વિશેષ પરિસ્થિતિમાં આ વિશેષ કલમ દાખલ કરવામાં આવી હતી અને બંધારણમાં રાષ્ટ્રપતિના આદેશથી આ કલમ અમલમાં આવી હતી અને તેને રદ કરવાનો પણ રાષ્ટ્રપતિનો અધિકાર છે. જેને પડકારી શકાય નહીં. ચીફ જસ્ટીસ ડી.વાય. ચંદ્રચૂડે



એ પણ જણાવ્યું કે બંધારણમાં ક્યાંય પણ એવો ઉલ્લેખ નથી કે જમ્મી કાશ્મીર એ આંતરીક સાર્વભૌમત્વ ધરાવે છે. યુવરાજ કરણસિંહએ ૧૯૪૯માં જે જાહેરાત કરી હતી અને બંધારણમાં જે લખાયું તેને પુષ્ટી મળી હતી. બંધારણની કલમ ૧ મુજબ જમ્મુ કાશ્મીર ભારતનો અવિભાજ્ય ભાગ બની ગયો હતો. ભારતમાં વિલય બાદ તેની કોઇ આંતરીક પ્રભુસત્તા રહી નથી અને મુખ્ય ન્યાયમુત્રીએ એ પણ જણાવ્યું કે રાષ્ટ્રપતિ રોજબરોજના કામ સંબંધી જે આદેશ આપે છે તેની ન્યાય સમીક્ષા થઇ શકે નહીં. બંધારણની કલમ ૩૫૭ મુજબ રાજ્યની વિધાનસભાના કાનૂનને રદ કરવા કે તેમાં સુધારા કરવા માટે બંધારણની ૪૨માં સંશોધનમાં સ્પષ્ટ જોગવાઇ છે.

### નયા જમ્મુ કાશ્મીરઃ વડાપ્રધાનનું સ્લોગન

## આ ફકત કાનૂની ચૂકાદો નહીં, ઐતિહાસિક નિર્ણય, જમ્મુ કાશ્મીર અને લદાખના લોકોની આશા અને વિકાસ માટેની અપેક્ષાઓનું પણ પ્રતિબિંબ છેઃ વડાપ્રધાન મોદી

નવી દિલ્હી, તા.૧૧
આજે કલમ ૩૭૦ની નાબૂદી અંગે સુપ્રિમ કોર્ટના ચુકાદાને આવકારતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એકસ ઉપર પોસ્ટ કરીને લખ્યું કે આ ફકત એક કાનૂની ચૂકાદો જ નથી પરંતુ ભારતીય સંસદ દ્વારા ૫-ઓગસ્ટ-૨૦૧૯ના જમ્મુ કાશ્મીરના મારા ભાઇ-બહેનોની આશા પ્રગતિ અને એકતા પર પણ સુપ્રિમ કોર્ટે પોતાની મહોર લગાવી છે. વડાપ્રધાને લખ્યું કે સુપ્રિમ કોર્ટે તેના વ્યાયવસાયિક ડહાપણને ઉજાગર કર્યું છે. અને તે જમ્મુ કાશ્મીર અને લદાખના લોકોના સ્વપ્ન જે અધુરા રહ્યા છે તેને વાસ્તવિકતામાં ફેરવશે.



હું આ સાથે વચન આપું છું કે પ્રગતિના ફળો આપના સુધી પહોંચશે તે ઉપરાંત કલમ ૩૭૦થી અત્યાર સુધી સમાજના જે વર્ગને સહન કરવું પડ્યું છે અને છેવાડાના લોકો સુધી લાભ પહોંચ્યા નથી તે હવે તેઓ સુધી પહોંચી વળશે.

વડાપ્રધાને અંતમાં લખ્યું કે આ જમ્મુ કાશ્મીર અને લદાખના લોકોની આશાનું ઉજાસ છે. અને તે સાથે જ એક મજબૂત અને અખંડભારતના નિર્માણની પણ પ્રતિબધ્ધતા છે. વડાપ્રધાને પોતાની પોસ્ટ સાથે 'નયા જમ્મુ કાશ્મીર' તેવું હેશટેગ પણ આપ્યું હતું.

## કલમ ૩૭૦ નાબૂદીઃ ટાઈમ લાઈન

- કેન્દ્રની મોદી સરકારએ ૨૦૧૯માં પુનઃ સત્તા મેળવતા જ ભાજપના અને તે પૂર્વેના જનસંઘના જે મુળ મુદ્દાઓ હતા તેમાં અયોધ્યામાં રામ મંદિર નિર્માણ અને કાશ્મીરમાંથી ૩૭૦ કલમને નાબૂદી તેમજ સમાન નાગરિક ધારાને વર્ષ દસકાઓ સુધી ભાજપે આગળ વધાર્યા હતા અને ૨૦૧૯ની ચૂંટણીમાં સત્તા મળતા જ ૫ ઓગસ્ટ-૨૦૧૯ના રાજ્યસભામાં એક નાટ્યાત્મક જાહેરાત વચ્ચે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહએ કાશ્મીરમાંથી ૩૭૦ની નાબૂદીની જાહેરાત કરતાં જબરી ઉત્તેજના ફેલાઇ ગઇ હતી. એક તરફ કાશ્મીરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા આકરા પગલા લેવાયા બીજી તરફ જમ્મુ કાશ્મીરમાંથી લદાખને અલગ કરીને ત્રણેયને કેન્દ્રશાસીત પ્રદેશ કરાયા, રાજ્યસભામાં તે પ્રથમ રજૂ થયું અને ૬ ઓગસ્ટે લોકસભામાં મંજુરી મળી, ૯ ઓગસ્ટે રાષ્ટ્રપતિએ મંજુર આપતા આ પ્રસ્તાવ અમલી બની ગયો.
- કેન્દ્રના નિર્ણય સામે કાનૂની જંગના મંડાણ છે, ૨૮ ઓગસ્ટ-૨૦૧૯ના સુપ્રિમ કોર્ટની ત્રણ જજોની ખંડપીઠે કલમ ૩૭૦ની નાબૂદીને પડકારતી રીટ અરજીઓ પર સુનાવણી ચાલુ કરી અને બાદમાં તે બંધારણીય ખંડપીઠને સોંપાઇ.
- જો કે પાંચ જજોની બંધારણીય ખંડપીઠ સામે અરજી થઇ અને સાત જજોની ખંડપીઠને સુપ્રત કરવા માંગણી થઇ પણ તે ફગાવાઇ.
- ૧૧ જુલાઇ-૧૯૨૩થી સુપ્રિમ કોર્ટે નિયમીત સુનાવણીનો નિર્ણય કર્યો અને ૨ ઓગસ્ટ-૨૦૨૩થી સુનાવણી ચાલુ થઇ જે ૫ સપ્ટેમ્બર-૨૦૨૩ સુધી ચાલી અને બાદમાં સુપ્રિમે ચુકાદો મુલત્વી રાખ્યો.

## કરણી સેનાના ચીફની હત્યાના શૂટરો વિદેશ ભાગી જવાની ફિરાકમાં હતાઃ પૂછપરછમાં ખુલાસો

### શૂટરોને ૫૦-૫૦ હજારનું ટોકન અપાયું હતું ત્યારબાદ મોટી રકમ આપી વિદેશમાં આશરાનું ગેંગસ્ટર રોહિતે વચન આપેલુંઃ પૂછપરછમાં આરોપીઓની કબૂલાત



નવીદિલ્હી તા.૧૧
રાજપૂત કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ સુખદેવસિંહ ગોગામેડીની હત્યામાં સામેલ બે મુખ્ય આરોપીઓ નીતિન ફોજી અને રોહિત રાઠોડની દિલ્હી ક્રાઈમ બ્રાંચે એક જોઈન્ટ ઓપરેશનમાં ધરપકડ કરી હતી. બન્ને આરોપીઓને એક મદદગાર ઉધમસિંહને પકડી લેવામાં આવ્યો છે. આ આરોપીઓ વિદેશ ભાગી જવાની ફિરાકમાં પણ હતા.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ ત્રણેય હત્યાના આરોપીઓને શનિવારે મોડી રાત્રે ચંડીગઢના સેકટર ૨૪માં એક હોટેલમાંથી દબોચી લેવાયા હતા. આરોપીઓની રાજસ્થાન પોલીસ પૂછપરછ કરી રહી છે.

હત્યાની ઘટનાને અંજામ આપી આરોપીઓ જયારે ભાગ્યા તો ૬ ડિસેમ્બરે રાજસ્થાનના એડીની ક્રાઈમે દિલ્હી ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક કર્યો હતો. તેમણે ઈનપુટ આપેલા કે હત્યાના આરોપીઓએ દિલ્હીની બસ પકડી છે જયારે બસ દિલ્હી પહોંચી તો આરોપીઓ તેમાંથી નહોતા મળ્યા.

**આરોપી મનાલીની જગ્યાએ ચંડીગઢ પહોંચ્યા હતા**

દિલ્હી ક્રાઈમ બ્રાંચની ટીમને હિસ્સારના કુખ્યાત બદમાશ ઉધમસિંહની લિંક નજરે પડી હતી. તેનો ચાર વર્ષ પહેલા આરોપીઓ સાથે સંપર્ક હતો. ટીમ મનાલી પણ ગઈ પણ આરોપી ચંડીગઢની હોટેલમાં રોકાયા હતા. ક્રાઈમ બ્રાંચની કાર્યવાહીના દોઢ કલાક વહેલા જ આરોપીઓ ચંડીગઢની હોટેલમાં રોકાયા હતા. આ મામલે જયપુરના પોલીસ કમિશ્નરે કહ્યું હતું કે હાલ તો અમે હત્યાના ઉદ્દેશ અંગે નહીં બતાવી શકીએ, પૂછપરછ કરવામાં આવશે.

**બન્ને આરોપીઓ સામે અગાઉ અનેક કેસ નોંધાયા્ છ**

સ્પેશિયલ સીપીના જણાવ્યા મુજબ નીતિન ફૌજી પહેલા હિસ્સારમાં આર્મી રિક્રુટમેન્ટની ટ્રેનીંગ લઈ ચૂકયો છે. તેની સામે નાના મોયા ઝઘડાના કેસ છે. તે મોટો ક્રાઈમ કરીને વિદેશ જવા ભાગતો હતો. જયારે અન્ય આરોપી રોહિત રાઠોડ રેપ કેસમાં જેલમાં બંધ રહ્યો છે.

**વિદેશ ભાગવા માગતા હતા આરોપીઓ**

આરોપીઓની પુછપરછમાં એવો ખુલાસો થયો હતો કે આરોપીઓ હત્યા બાદ વિદેશ ભાગી જવાની ફિરાકમાં હતા. આ મામલે હત્યારાઓએ એવો ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે તેમને ગેંગસ્ટર રોહિત ગોદારાએ તેમને વિદેશમાં આશરો અપાવવાનો ખોટો વાયદો કર્યો હતો. આ મામલે રોહિતે તેમનો ઉપયોગ કરીને તેમની સાથે ઠગાઈ કર્યાનો ખુલાસો કર્યો હતો.

## વોટ્સએપ કોન્ટેક્ટના સ્ટેટસનો જવાબ આપવાની પદ્ધતિ બદલાઈ હિડન રિપ્લાય બાર જોવા મળશે

નવી દિલ્હી, તા. ૧૧
જો તમે WhatsApp ઉપયોગ કરો છો તો આ નવું અપડેટ તમારા માટે પણ ઉપયોગી થઈ શકે છે. વોટ્સએપ પાસે વિશાળ યુઝર બેઝ છે, તેથી જ મેટાના આ પ્લેટફોર્મ પર યુઝર્સની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિવિધ ફેરફારો કરવામાં આવે છે. આવો જ એક નવો ફેરફાર આગામી દિવસોમાં સ્ટેટસ અપડેટ્સમાં જોવા મળશે.



સ્ટેટસ અપડેટ્સમાં રિપ્લાય બાર દેખાશે. વાસ્તવમાં, WhatsApp તેના યુઝર્સ માટે સ્ટેટસ અપડેટ્સમાં રિપ્લાય બારને રોલઆઉટ કરી રહ્યું છે. નવા ફેરફારોને લઈને આ રિપોર્ટમાં સ્ક્રીનશોટ પણ શેર કરવામાં આવ્યો છે. અત્યાર સુધી, WhatsApp સંપર્કના સ્ટેટસનો જવાબ આપવા માટે, વપરાશકર્તાએ ફોનની સ્ક્રીનને નીચેથી ઉપર તરફ ખસેડવી પડતી હતી.

ફોનના આખા પેજ પર સ્ટેટસ જોવા મળે છે. સ્ટેટસનો જવાબ આપવા માટે, રિપ્લાય બાર હાલમાં છુપાવેલ છે.ફોનની નીચેની સ્ક્રીન પર માત્ર જવાબનો વિકલ્પ જ દેખાય છે. આ પછી સ્ક્રીનને ડ્રેગ કરીને જવાબ આપવામાં આવે છે.

જો કે, નવા અપડેટ પછી સ્ટેટસ સ્ક્રીન પર જ રિપ્લાય બાર દેખાશે. વોટ્સએપ યુઝરને જવાબ આપવા માટે, તેણે આ બારમાં સીધું જ ટાઇપ કરવું પડશે.

WhatsApp આ નવીનતમ અપડેટ હાલમાં Android અને iOS બીટા વપરાશકર્તાઓ માટે રજૂ કરવામાં આવ્યું છે.

આ નવો ફેરફાર પ્લે સ્ટોર અને એપ સ્ટોર પરથી એપ્સ અપડેટ કરીને જોઈ શકાય છે. WhatsApp ન્ય વપરાશકર્તાઓ માટે ટૂંક સમયમાં એક નવું અપડેટ રજૂ કરવામાં આવે તેવી અપેક્ષા છે.

## માર્કેટયાર્ડમાં ડુંગળીની હરરાજી-વેપાર ઠપ્પઃ ગોંડલને અનુસરવા નિર્ણય

### નિકાસસંબંધી સામે વિરોધઃ બેઠક યોજાઈ પરતુ દલાલમંડળે તૈયાર કરવાનો ઈન્કાર કરી દીધો

રાજકોટ તા.૧૧
કેન્દ્ર સરકારે ડુંગળીમાં નિકાસબંધી લાગુ પાડવાને પગલે ખેડુતો-વેપારીઓમાં તીવ્ર પ્રત્યાઘાતો પડયા હોય તેમ આજે યાર્ડોમાં હરરાજી-વેપાર થંભી ગયા હતા. મહુવા બાદ ભાજપ શાસિત ગોંડલ યાર્ડના શાસકોએ નિકાસબંધી મામલે કેન્દ્ર સરકારને પત્ર પાઠવીને રજુઆત કરી છે.




ડુંગળીમાં રાતોરાત નિકાસબંધીને પગલે ભાવો ગગડી ગયા હતા. વેપારીઓએ લોડીંગ અટકાવી દીધુ હતું. ભાવો ઘટી જવાને પગલે ખેડુતોમાં પણ ઉહાપોહ સર્જાયો હતો. એવી દલીલ કરવામાં આવી હતી કે ડુંગળીના ભાવમાં કોઈ મોટી તેજી થઈ નથી. વિપરીતપણે દિવાળી સમયે ભાવ ઉંચે ચડયા હતા તે પણ આવકો વધવા સાથે નીચા આવી ગયા હતા. આગામી ચુંટણીને ધ્યાને રાખીને રાજકીય દ્રષ્ટિકોણને આ નિર્ણય ખેડુતો માટે નુકસાનકર્તા છે એટલું જ નહીં, પરપ્રાંત કે વિદેશોના સોદામાં પણ વિવાદો સર્જાવાની આશંકા દર્શાવવામાં આવી હતી.

નિકાસબંધીના આ નિર્ણય સામે માત્ર રાજકોટ-સૌરાષ્ટ્રમાં જ નહીં દેશભરમાં તીવ્ર પ્રત્યાઘાતો પડયા હતા. મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ, દિલ્હી જેવા રાજયોમાં પણ વેપાર થંભી ગયા હતા.

દરમ્યાન રાજકોટ માર્કેટયાર્ડમાં આજે ડુંગળીના વેપાર-હરરાજી થંભી ગયા હતા. ખેડુતો માલ લાવ્યા ન હતા. સતાવાળાઓએ દલાલ-વેપારીઓ સાથે બેઠક પણ યોજી હતી. ખેડુતોને મુશ્કેલી ન પડે તે માટે ૧૦-૧૦ કિસાનોને માલ લાવવાની દરખાસ્ત થઈ હતી. પરંતુ દલાલમંડળે ફગાવી હતી અને એવું જાહેર કર્યુ હતું કે ગોંડલ યાર્ડમાં વેપાર ચાલુ થયા પછી જ તેનું અનુસરણ કરવામાં આવશે.

## લોકસભા ચૂંટણી સાથે જ જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી યોજાઈ શકે

### સુપ્રીમે સપ્ટે. ૨૦૨૪ની ડેડલાઈન આવતા વિચારણા



નવી દિલ્હીઃ
કલમ ૩૭૦ અંગે ચૂકાદો આવ્યા બાદ સુપ્રીમકોર્ટે સપ્ટેમ્બર ૨૦૨૪ પુર્વે રાજયને ચૂંટણી તથા પુર્વ રાજયનો દરજજો આપવા કેન્દ્રને જણાવ્યું હતું પણ કેન્દ્ર સરકાર લોકસભા ચુંટણી સાથે જ જમ્મુ-કાશ્મીરમાં ધારાસભા ચુંટણી કરાવી શકે છે. સરકાર એક દેશ એક ચુંટણી પ્રક્રિયામાં આગળ વધી રહી છે અને સપ્ટે. ૨૦૨૪થી સુપ્રીમની ડેડલાઈન પુર્વે એપ્રિલ-મે ૨૦૨૪માં લોકસભા ચૂંટણી યોજાવાની છે તેથી આ ચુંટણી સાથે જમ્મુ-કાશ્મીરમાં પણ ધારાસભા ચુંટણી યોજી શકે છે. રાજયમાં નવા સિમાંકન તથા બેઠકો ફાળવી અને કાશ્મીર પંડિતો માટે ૧ બેઠક અનામત રાખવા સહિતની કામગીરી પુર્ણ થઈ છે. જે મુજબ જમ્મુમાં ૪૩ અને કાશ્મીરમાં ૪૭ બેઠકમાં ૨૪ બેઠકો પાક કબ્જાના કાશ્મીર માટે અનામત છે.

## 6G પેટન્ટ ફાઈલ કરી ભારતે બાજી મારી! 5Gની સરખામણીમાં ૧૦૦ ગણી ઝડપી સ્પીડ મળશે

નવી દિલ્હી,તા.૧૧
ભારતે 6G ટેક્નોલોજી અને નેટવર્કના વિકાસ પર કામ શરૂ કર્યું છે. આમાં ભારતે 6G રેડિયો અને કોર કમ્પોનન્ટ માટે પેટન્ટ ફાઇલ કરી છે. ભારત 6G નેટવર્કમાં સ્વદેશી ટેક્નોલોજીનો ઉપયોગ કરશે. ભારત સરકાર સ્વદેશી 6G ટેક્નોલોજીને ભંડોળ પૂરું પાડી રહી છે. વધુમાં, 6G વાયરલેસ બ્રોડબેન્ડ ટેકનોલોજી ભારતમાં ૨૦૩૦ સુધીમાં રોલઆઉટ થઈ શકે છે.

સરકારે કહ્યું કે તે સ્વદેશી 6G ટેક્નોલોજી માટે મોટા પાયે ભંડોળ પૂરું પાડી રહી છે. પીએમ મોદી દ્વારા સ્વદેશી ૬જી ટેકનોલોજીને લઈને વિઝન ડોક્યુમેન્ટ જારી કરવામાં આવ્યો છે. ભારતમાં 6G ફાસ્ટ બ્રોડબેન્ડ સુવિધા આપવામાં આવશે.





6G વાયરલેસ બ્રોડબેન્ડ ટેક્નોલોજી વર્ષ ૨૦૩૦ સુધીમાં રોલઆઉટ થઈ શકે છે. આનો અર્થ એ છે કે ભારતમાં 6G સુધી પહોંચવામાં ૬ થી ૭ વર્ષનો સમય લાગી શકે છે. તે ૧૦૦લબાત ની હાઇ સ્પીડ ઇન્ટરનેટ પ્રદાન કરશે, જે વર્તમાન 5G સ્પીડ કરતાં ૧૦૦ ગણી વધારે હશે. જો આપણે 5G વિશે વાત કરીએ, તો 5G ભારતમાં મોટાભાગના સ્થળોએ પહોંચી ગયું છે.

હજુ પણ લોકોની ફરિયાદ છે કે 5G સરખું પહોંચ્યું નથી આવી સ્થિતિમાં, 6G માટે તૈયારી કરવાનો શું અર્થ છે? તો તમને જણાવાનું કે ભારત 6G ટેક્નોલોજીના મામલે દુનિયામાં સૌથી આગળ રહેવા માંગે છે. આ સાથે અન્ય દેશોમાં 6Gના વિસ્તરણ માટે ભારત પ્રથમ પસંદગી બની શકે છે. હાલમાં, યુએસ, ચીન સહિત ઘણા યુરોપિયન દેશો અન્ય દેશોમાં 5G ટેક્નોલોજી રોલઆઉટ કરી રહ્યા છે. આ જ કારણ છે કે ભારત સ્વદેશી 6G પર કામ કરી રહ્યું છે, જેમાં 6G પાર્ટ્સ અને તેનું ઉત્પાદન ભારતમાં કરવામાં આવશે અને તેને ભારતની સાથે અન્ય દેશોમાં પણ રોલઆઉટ કરવું જોઈએ. સરળ શબ્દોમાં કહીએ તો, ભારતમાંથી સ્માર્ટફોનની જેમ 6Gની નિકાસ અન્ય દેશોમાં કરવામાં આવશે.

## ભાજપના નેતાઓ પણ ડુંગળી નિકાસબંધીના નિર્ણયની વિરૂધ્ધમાંઃ સાંસદોની કૃષિમંત્રીને ધા

### રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખે પણ સાંસદોને પત્ર લખી સરકારમાં રજુઆત કરવા માંગ કરી



રાજકોટ, તા.૧૧
ડુંગળીની નિકાસબંધી મામલે ખેડૂતો-વેપારીઓમાં જબરો ઉહાપોહ છે. જયારે ખુદ ભાજપ શાસિત માર્કેટયાર્ડોએ પણ નિર્ણય રદ કરવાની ધા નાખી છે. એટલું જ નહીં સૌરાષ્ટ્રના સાત સાંસદો આ મામલે કેન્દ્રીય કૃષિમંત્રીને રજુઆત કરવાના હોવાના નિર્દેશ છે.

ડુંગળીની નિકાસબંધી મામલે ભાજપ શાસિત મહુવા યાર્ડના સત્તાધીશોએ વિરોધ નોંધાવીને કેન્દ્ર સરકારમાં ધા નાખી જ હતી. હવે ગુજરાતના સૌથી મોટા પૈકીના એક એવા ગોંડલ યાર્ડના ચેરમેન તથા રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયાએ પણ નિકાસબંધી રદ્ કરાવવા માંગ કરી છે. તેઓએ આ મામલે સાંસદોને પત્ર પાઠવ્યા છે. સૌરાષ્ટ્રના સાત સાંસદો આ મામલે કેન્દ્રીય કૃષિમંત્રીને રૂબરૂ રજુઆત પણ કરવાના છે.

જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયાએ પત્રમાં એમ કહ્યું છે કે સૌરાષ્ટ્રના માર્કેટયાર્ડોમાં ડુંગળીની મોટી આવક થ રહી છે. સૌરાષ્ટ્રના સૌથી મોટા ગોંડલ યાર્ડમાં સપ્લાય ઘણી મોટી છે. ગત વર્ષે સરકારે ટેકાના ભાવે ખરીદી કરી, જ્યારે ભાવ રૂા.૨૦ થી ૭૦ હતો જે ચાલુ વર્ષે ૪૦૦થી ૬૦૦ હતો. સરકારે નિકાસબંધી લાગૂ કરતા ભાવ ઘટીને રૂા.૧૦૦ થી ૨૦૦ થઇ ગયો છે. આ સંજોગોમાં રાજકોટ જીલ્લા તથા સૌરાષ્ટ્રના ડુંગળી પકવતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. સરકારનો નિર્ણય ખેડૂતો માટે આર્થિક ફટકા સમાન છે ત્યારે નિકાસબંધી રદ કરવાની માંગ છે.







સમરસ પેનલના ઉમેદવારો 'સાંજ સમાચાર કોર્પોરેટ હાઉસ'ની મુલાકાતે આવ્યા હતા અને 'સાંજ સમાચાર'ના યુવા એક્ઝીક્યુટીવ શ્રી કરણભાઈ શાહને આગામી રણનીતિથી માહિતગાર કર્યા હતા. (તસ્વીરઃ પંકજ શીશાંગીયા)

### રાજકોટ બારની ચૂંટણીનો જમાવટ લેતો જંગ પ્રચાર-પ્રસાર જોરમાં

# સમરસ પેનલ જંગી બહુમતીથી ચૂંટાશેઃ કમલેશ શાહ

## તમામ કોર્ટની કાર્યવાહી ઓનલાઈન જોઈ શકાય તે માટે સ્ક્રીન મુકવાનું વચન આપતા સમરસ પેનલના ઉમેદવારો

## સિનિયર-જુનિયર વકીલો ભાજપની સાથે છે; ક્રિમિનલ, રેવન્યુ, સિવિલ, લેબર, ફેમિલિ તમામ ક્ષેત્રમાં પ્રેક્ટિસ કરતા ઉમેદવારોની પસંદગી એડવોકેટનો મજબૂત અવાજ બનશે

## હાઈકોર્ટ બેચ મળે તે માટેની લડત મોટી છે, અમે તેને આગળ ધપાવશુંઃ પી.સી.વ્યાસ, સુરેશ ફળદુ

રાજકોટ તા.૧૧

રાજકોટ બારની ચુંટણીમાં ભાજપ પ્રેરીત સમરસ પેનલ જંગી બહુમતીથી ચુંટાશે તેવો વિજય વિશ્વાસ પ્રમુખ પદના મજબૂત દાવેદાર કમલેશભાઈ શાહે વ્યકત કર્યો હતો.

સમરસ પેનલના ઉમેદવારોએ જણાવ્યું કે, સિનિયર જુનિયર વકીલો ભાજપની સાથે છે. પેનલમાં તમામ ક્ષેત્રના વકીલોને સ્થાન અપાયું છે જેથી તમામ એડવોકેટનો અવાજ બનશે. સમરસ પેનલના ઉમેદવારોએ કોર્ટ કાર્યવાહી ઓનલાઈન જોઈ શકાય તે માટે સ્ક્રીન મુકવા વચન આપ્યું છે. તેમજ રાજકોટને હાઈકોર્ટની બેચ મળે તે માટેની લડતને આગળ લઈ જવા નેમ વ્યકત કરી છે.

સમરસ પેનલના કાર્યાલયનું આજરોજ સાંજે ૬ વાગે મહાનુભાવોના હસ્તે વિરાણી હાઈસ્કૂલ ખાતે ઉદઘાટન થવા જઈ રહ્યું છે. ત્યારે રાજકોટના તમામ એસો.ના અગ્રણીઓએ રાજકોટની વકીલ આલમને આ તકે બહોળી સંખ્યામાં હાજરી આપવા અપીલ કરી છે.

દર વર્ષે રાજકોટના વકીલોના સંગઠન રાજકોટ બાર એસો.ની ચૂંટણી યોજાતી હોય છે. અ ચૂંટણીમાં અલગ અલગ હોદેદારો માટે ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવતા હોય છે. આ ચુંટણીમાં વિજેતા થનાર ઉમેદવારો પોતાના પદ પર રહી વકીલોના પ્રશ્નો અંગે કાર્યરત રહે છે. હાલમાં ચૂંટણી ટીમ જેની આગેવાની રાજકોટના સીનીયર એડવોકેટ લલીતસિંહ શાહી દ્વારા કરવામાં આવી રહી છે તેમણે ગત વર્ષે ખાસ કરીને નવા બનેલા કોર્ટ બિલ્ડીંગ સબંધે જે કામગીરી કરેલી છે તે કાબીલેદાદ છે. વકીલો માટે વિશેષ સુવિધારૂપે એક અલાયદું બિલ્ડીંગ બનાવવા માટે રૂા.૩.૫૦ કરોડ અલગથી સરકારમાંથી મંજુર કરાવવાનું કાર્ય હાલની આ બોડીએ કરેલ છે, એ સિવાય એવા અનેક કાર્યો પણ કરેલ છે કે જેને વર્ષો સુધી રાજકોટના વકીલો અચુક યાદ રાખશે. આ નવા બિલ્ડીંગ વકીલોના તમામ એસો.ને સુવિધા પ્રાપ્ત થાય તે પ્રકારે કામગીરી કરેલ છે, જેથી આ નવા બિલ્ડીંગમાં કોર્ટનું સ્થળાંતર અને કાર્યવાહી થાય તે માટે રાજકોટના વકીલો કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

આ વર્ષે આ સંગઠનના નવા હોદેદારો પણ ગયા વર્ષે થયેલી કામગીરીને જાળવી રાખે અને રાજકોટ બારને વિકાસના નવા શીખરો સર કરાવે તેવી નેમ સાથે રાજકોટના ભાજપ લીગલ સેલ સમર્પિત સમરસ પેનલ રાજકોટ બાર એસો.ઈલેકશન ૨૦૨૩માં ઉમેદવારી નોંધાવી રહી છે. મધ્યસ્થ કાર્યાલય ઉદઘાટન પ્રસંગે કર્ણાટકના પૂર્વ રાજયપાલ વજુભાઈ વાળા, ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્યો ઉદયભાઈ કાનગડ, દર્શિતાબેન શાહ, માર્કેટીંગ યાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરા ઉપસ્થિત રહેશે.



પ્રદેશ ભાજપ લીગલ સેલના સહસંયોજક અનિલભાઈ દેસાઈ, કારોબારી સભ્ય કિશોરભાઈ સખીયા, રાજકોટ બારના પ્રમુક એલ.જે. શાહી તથા તમામ હોદેદારો, રાજકોટ ભાજપ મહાનગર લીગલ સેલના સંયોજક પીયુષભાઈ શાહ, સહસંયોજક કમલેશભાઈ ડોડીયા, રાજકોટ ક્રિમિનલ બારના પ્રમુખ એન.ડી. ચાવડા તતા તેમની ટીમ મહિલા બારના મહિલા વકીલ સભ્યો, રેવન્યુ બારના પ્રમુખ રમેશભાઈ કથીરીયા તથા તમામ મિત્રો, રેવન્યુ પ્રેકટીશનર એસો.ના પ્રમુખ એન.જે. પટેલ તથા અન્ય હોદેદારો, કલેઈમ બારના પ્રમુખ મનીષભાઈ ખખ્ખર તથા સમગ્ર ટીમ, કન્ઝયુમર બાર એસો.ના પ્રમુખ ગજેન્દ્રભાઈ જાની તથા અન્ય વકીલ મિત્રો, વોઈસ ઓફ લોયર્સ તથા લોયર્સ સ્પોર્ટસ ફાઉન્ડેશનના પરેશભાઈ મારૂ, ભગીરથસિંહ ડોડીયા, ઈન્દ્રસિંહ ઝાલા, બિમલભાઈ જાની, વિશાલભાઈ ગોસાઈ તથા તેમની ટીમ, જુનિયર બાર એસો.ના કે.બી. જાડેજા, ચંદ્રસિંહ તલાટીયા તથા મિત્રો, લેબર બારના પ્રમુખ સુનીલભાઈ વાઢેર તતા અન્ય મિત્રો, જી.એસ.ટી. બારના પ્રમુખ મનીષભાઈ સોજીત્રા તથા અન્યો, ઈન્કમટેકસ બારના પ્રમુખ રણજીતભાઈ લાલચંદાણી સાથે અન્ય અગ્રણીઓ, યુવા લોયર્સના કિરીટભાઈ નકુમ, હેમાંશુભાઈ પારેખ સહિતના તમામ મિત્રો, સરકારી વકીલો આબિદભાઈ સોશન, તરુણભાઈ માથુર, અનિલભાઈ ગોગીયા, રક્ષિતભાઈ કલોલા, મુકેશભાઈ પીપળીયા સહિતના તમામ અલગ અલગ એસોસીએશન, સંગઠનોના હોદેદાર તથા સભ્ય વકીલ મિત્રો આ ઉદઘાટન સમારોહમાં ખુબ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેનાર છે.

## પ્રમુખ પદના ઉમેદવાર કમલેશભાઈ શાહ



મુળ ચોટીલાના વતની રાજકોટના કર્મભૂમિ બનાવી રાજકોટમાં વકીલાતના વ્યવસાયમાં પોતાની આગવી ઓળખ ધરાવનાર જૂની પેઢીના સિનિયર ધારાશાસ્ત્રી સ્વ. નટવરલાલ પોપટલાલ શાહના બંને પુત્રો કમલેશભાઈ અને જીજ્ઞેશભાઈ વકીલાતના વ્યવસાયમાં લાંબા સમયથી જોડાયેલા છે.

રાજકોટની સૌરાષ્ટ્ર હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ અને ત્યારબાદ ધમસાણિયા કોલેજમાં બી.કોમ. સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ રાજકોટની એ.એમ.પી. ગવર્નમેન્ટ લો કોલેજમાં કાયદાનો અભ્યાસ પૂર્ણ કરી પોતાના પિતાજીની સાથે ૧૯૮૯થી વકીલાતના વ્યવસાયમાં જોડાયેલા છે અને ૩૪ વર્ષના લાંબા સમયથી વકીલાતના વ્યવસાયમાં હોવા છતા શાહ બીન વિવાદાસ્પદ વ્યકિતગત ધરાવે છે.

વકીલાતના વ્યવસાયની સાથે સાથે રાજકોટ બાર એસો.ના ઉપપ્રમુખ, જો.સેક્રેટરી અને કારોબારી સભ્ય તરીકે જવાબદારી સંભાળી ચુકયા છે. શ્રી શાહ રાજકોટના વકીલોની સામે પોતાના અંગત પોલીસ અને કોર્ટ કેસમાં પોલીસ સ્ટેશનમાં અને વિવિધ કોર્ટમાં નિ:શુલ્ક રીતે સહાયભૂત થયા છે.

ભારતીય જનતા પાર્ટીના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયમાં ચૂંટણી કંટ્રોલ રૂમ ખાતે સવારથી સુધી એટલે કે મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી અવિરતપણે કામગીરીમાં હંમેશા જોડાયેલા રહ્યા છે. તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિવિધ આયોમો સાથે અને વિશ્વ હિન્દુ પરિષદમાં સક્રિય રીતે જોડાયેલા છે. શ્રી શાહ સૌરાષ્ટ્ર કચ્છ સ્ટોક એકસચેન્જમાં પાંચ વર્ષ સુધી (પી.આર.) ડાયરેકટર તરીકે જવાબદારી સંભાળી ચુકયા છે. મહાનગરપાલિકાના સિનિયર લીગલ એડવાઈઝર તરીકે, જીવન કોમર્શિયલ બેંકસ સહિત અનેકવિધ સંસ્થાઓમાં એડવોકેટ તરીકે કાર્યરત છે.

શ્રી શાહ રાજકોટ સહિત સૌરાષ્ટ્રની જીવદયાની પ્રવૃતિ કરતી અનેકવિધ સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલા છે. રાજકોયમાં કરૂણા ફાઉન્ડેશન સંચાલીત એનીમલ હેલ્પલાઈન, શ્રીજી ગૌશાળા, રાજકોટ, જસદણ, ગોંડલ અને વીંછીયાની પાંજરાપોળમાં માનદ કાયદાકીય સલાહકાર તરીકે કામગીરી કરી રહ્યા છે જૈન સંસ્થાઓ સાથે સક્રિયતાથી જોડાયેલા છે. અજરામર ઉપાશ્રય, નવકારમંડલ, વૈશાલીનગર દેરાસર, ગોંડલ સ્થાનકવાસી જૈન સંઘ સહિતની સંસ્થાઓમાં સક્રિયતાથી જોડાયેલા છે.

## સમરસ પેનલના ઉમેદવારો

પ્રમુખ : કમલેશ શાહ
ઉપપ્રમુખ : સુરેશ ફળદુ
સેક્રેટરી : પી.સી. વ્યાસ
જો. સેક્રેટરી : જ્યેન્દ્ર ગોંડલીયા
ટ્રેઝરર : રાજેન્દ્રસિંહ ડી. ઝાલા
લા.સેક્રેટરી : મેહુલ મહેતા
મહિલા કારોબારી : રેખાબેન પટેલ

### ઉમેદવાર કારોબારી સભ્યો

નીશાંત જોષી
ભાવેશ રંગાણી
અમીત વેકરીયા
પ્રવીણ સોલંકી
અજયસિંહ ચૌહાણ
સાગર હપાણી
યશ ચોલેરા
વીશાલ કોટેચા
રણજીત મકવાણા

### અમિત વેકરીયા



એડવોકેટ અને નોટરી શ્રી અમીત બી.વેકરીયા રાજકોટ શહેરમાં છેલ્લા ૧૬ વર્ષથી રેવન્યુ ક્ષેત્રમાં પ્રેકટીસ કરી રહ્યા છે. તેઓએ રાજકોટ ધારાશાસ્ત્રી વી.એમ.પટેલ પાસેથી કાયદાકીય માર્ગદર્શન મેળવેલ છે.

તેઓના મહેનતુ, શાંત સ્વભાવ, સ્પષ્ટ વકતા તેમજ નિડર વ્યક્તિત્વના કારણે રાજકોટના સીનીયર અને જુનીયર વકીલોમાં ઘણી લોકચાહના ધરાવે છે.

લોયર્સના વાઈસ સેક્રેટરી તરીકે ફરજ બજાવે છે. ભાજપ લીગલ સેલ પ્રેરીત સમરસ પેનલમાંથી કારોબારી સભ્યપદના ઉમેદવાર તરીકે નોંધણી કરાવેલ છે.

### યશ એમ.ચોલેરા



આગામી રાજકોટ બાર એસો.ની સને-૨૦૨૩-૨૪ની સામાન્ય ચુંટણીમાં ભાજપ લિગલ સેવા પ્રેરિત સમરસ પેનલમાંથી કારોબારી સભ્ય પદના ઉમેદવાર તરીકે યશ એન.ચોલેરા એ ઉમેદવારી નોંધાવેલ છે. તેઓ છેલ્લા નવ વર્ષથી રાજકોટ ખાતે વકીલાત ક્ષેત્રે રાજકોટને કર્મભૂમિ બનાવી કાર્યરત છે અને દાદા બાલુભાઈ ઠકકરના આરએસએસના સિદ્ધાંતોને પોતાના જીવનમાં ઉતારી બાલ્યાવસ્થાથી આરએસએસ વિશ્વ હિન્દુ પરિષદ તથા બીજેપીનાં રંગે રંગાયેલા છે. રાજુલા ગામેથી રાજકોટ આવી પોતાના સાહસિક, મિશ્ર અને સરળ સ્વભાવથી વકીલાત કરે છે અને એડવોકેટ જીતેન્દ્ર પારેખ પાસેથી કાયદાની તજજ્ઞતા મેળવી ખૂબ જ સફળતાપૂર્વક વકીલાત કરી રહેલ છે.

### વર્ષોથી લડયે જ રાખવું એ યોગ્ય નીતિ નથી, બીજાને તક મળવી જોઈએઃ ડોડીયા



ભાજપ લીગલ સેલના સહકન્વીનર કમલેશ ડોડીયાએ જણાવ્યું કે, અમુક વકીલો એવું માને છે કે, જીત મળે કે હાર આપણે ચુંટણી લડવી છે એ માત્ર ચુંટણી લડવા પુરતા લડતા હોય. સમરસ પેનલ ભાજપ પ્રેરીત છે. શાસક પાર્ટીમાંથી ઉમેદવાર ચુંટાઈ તો તેનો લાભ વકીલોને મળે. ભાજપની નીતિ રીતિ છે કે, તમામને તક મળવી જોઈએ. આ બનાવની બારની ચુંટણીમાં નવા ચહેરા છે પણ તે ચહેરાઓ હંમેશા વકીલો માટે કાર્યરત રહ્યા છે.

### રેખા એન.લિંબાસીયા



રેખાબેન નિતેષભાઈ લીંબાસીયા (પટેલ) એ બી.કોમ., એલએલબીનો અભ્યાસ કર્યો છે. તેઓ રેવન્યુ સિવિલ ક્રિમીનલ, ફેમીલી ક્ષેત્રમાં વકીલાત કરે છે. રાજકોટ નાગરીક બેંક અને ડીસ્ટ્રીકટ બેંકમાં પેનલ એડવોકેટ છે. સીનીયર ધારાશાસ્ત્રી રજનીબા રાણાના જુનીયર તરીકે વકીલાતની શરુઆત ૧૯૮૯થી કરી હતી. તેઓ આ ચુંટણીમાં મહિલા અનામત બેઠક પર કારોબારી સભ્ય છે.

### રણજીત બી. મકવાણા



રણજીત બી. મકવાણાએ કારોબારી સભ્ય પદે ઉમેદવારી નોંધાવેલ છે. તેઓ છેલ્લા નવ વર્ષથી રાજકોટ ખાતે વકીલાત ક્ષેત્રે રાજકોટને કર્મભુમી બનાવી કાર્યરત છે સિવિલ કલેઈમ તેમજ હાલતમાં સાથીદાર એડવોકેટ જીગ્નેશ સભાડ સાથે ક્રિમીનલ ક્ષેત્રે ખુબજ મહત્વના અને ચકચારી કેસોમાં સારી એવી કામગીરી કરેલ છે અને પોતાના સીનીયર એડવોકેટ આર.યુ. પટેલ પાસેથી મહેનત અને પ્રમાણિકતા અને કાયદાની તજજ્ઞતા મેળવી ખુબજ સફળતા પૂર્વક વકીલાત કરી રહેલ છે. વકીલો સાથે રહીને સુમેળભર્યુ વાતાવરણ ઉભુ કરી તમામ સાથે રહી પોતાની નામના પ્રસ્થાપિત કરેલ છે. અને તેઓને હાલ તમામ વકીલોની સંસ્થા તથા સીનીયર જુનીયર એડવોકેટ ભાઈ બહેનોની જીતાડવાના સંકલ્પ સાથે પૂર્ણ સહકાર મળી રહેલ છે.

### પ્રવિણકુમાર ચંદ્રકાંતભાઈ વ્યાસ



પી.સી.ના હુલામણા નામથી પરિચિત પ્રવિણ ચંદ્રકાંતભાઈ વ્યાસના દાદા ચંપકભાઈ વ્યાસ તેમજ પિતા ચંદ્રકાંતભાઈ વ્યાસ બંને એડવાકેટ હતા. દાદા સુધરાઈ પ્રમુખપદે ૧૮ વર્ષ રહ્યા અને પિતા ચંદ્રકાંતભાઈ ૭ વર્ષ સુધરાઈ સભ્યપદે તથા ધોરાજી બાદ એસો.ના પ્રમુખપદે રહ્યા. નાના મવા (નવો વોર્ડ નં.૧૩) સુધરાઈમાં કાઉન્સિલર ચુંટાઈ ભાજપા વિરોધ પક્ષના નેતા તરીકે જાગૃત પ્રહરી તરીકે સફળ કાર્યરત રહ્યા. ધોરાજી શીકાકાળથી જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના રંગે રંગાયા અને વિવેકાનંદ સાયં શાખામાં મુખ્ય શિક્ષક તરીકેની જવાબદારી સંભાળી.

નામાંકીત ધારાશાસ્ત્રી ચીમનકાકા સાથે વકીલાતનો વ્યવસાય શરૂ કર્યો અને અખીલ ભારતીય ધારાશાસ્ત્રી પરિષદના સક્રિય સભ્યપદે રહી રાષ્ટ્રના જુદા જુદા રાજયોમાં યોજાયેલ રાષ્ટ્રીય સંમેલનોના કાર્યક્રમોમાં પણ ભાગ લીધો ઉપરાંત સૌરાષ્ટ્રના મોટા બાર એસો.માં પણ હાલમાં અગત્યના સેક્રેટરી પદના હોદા પર જંગી બહુમતીથી ચુંટાઈ આવેલ છે. આ ચુંટણીમાં તેઓ સેક્રેટરી પદે ઉમેવાર છે.

### જયેન્દ્ર એચ. ગોંડલીયા



જયેન્દ્ર હસમુખરાય ગોંડલીયા બી.કોમ. એલએલ.બી. એલએલ.એમ. સુધીનો અભ્યાસ કરી વર્ષ ૨૦૦૬થી રાજકોટ મુકામે સીનીયર ધારાશાસ્ત્રી તુલસીદાસ ભાવદાસ ગોંડલીયાની રાહબારી હેઠળ વકીલાતની શરૂઆત કરેલઅને ક્રિમિનલ, સીવીલ તથા રેવન્યુ સાઈડ કારકીર્દીની શરૂઆત કરી વર્ષ ૨૦૧૨માં રાજકોટ બાર એસો.ની ચુંટણીમાં કારોબારી સભ્ય તરીકે સેવા આપેલ અને વકીલોના રોજબરોજના સંપર્ક અને વાર્તાલાપથી જાણવા મળેલા નાના નાના પ્રશ્નોમાં રૂચી કેળવી દરેક પ્રશ્નોના શુભ નિરાકરણ અર્થેના પ્રયાસો કરેલ. રાજકોટ નાગરીક સહકારી બેંક તથા વિવિધ મંડળીના પેનલ એડવોકેટ તરીકે પણ સેવારત છે. ઘણા સમયથી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સ્વયં સેવક તરીકે તેમજ રાજકોટ અધિવકતા પરીષદમાં સક્રિય રીતે કાર્યરત રહી ઓલ ઈન્ડિયા અધિવકતા પરીષદની કોન્ફરન્સોમાં પણ ભાગ લીધેલ છે. આ ચૂંટણીમાં તેઓએ જોઈન્ટ સેક્રેટરી પદે ઉમેદવાર છે.

### આર.ડી.ઝાલા ટ્રેઝરર પદના ઉમેદવાર



ભાજપ લિગલ સેલ પ્રેરિત સમરસ પેનલમાંથી ટ્રેઝરર પદના ઉમેદવાર તરીકે રાજેન્દ્રસિંહ ધીરૂભા ઝાલાએ ઉમેદવારી નોંધાવેલ છે. તેઓ છેલ્લા ૨૯ વર્ષથી રાજકોટ ખાતે રેવન્યુ અને સિવિલની પ્રેકટીસ કરી રહેલ છે અને રેવન્યુ પ્રેકટીશનલ એસો.ના ઘણા હોદાઓ ઉપરથી અલગ અલગ વર્ષોમાં કામગીરી કરેલ છે અને છેલ્લા ૨૯ વર્ષમાં કોઈ પણ વખતે ચૂંટણી લડેલ નથી. પરંતુ સીનીયર એડવોકેટ તથા બહોળા વકીલ મીત્ર વર્તુળના ભાવભર્યા આગ્રહથી પ્રથમ વખત ચૂંટણી લડી રહેલ છે. લોયર્સ સ્પોર્ટસ ફાઉન્ડેશન તથા વોઈસ ઓફ લોયર્સ જેવી વિગેરે વકીલોની સંસ્થા સાથે પ્રથમથી સંકળાયેલા છે અને હાલમાં તમામ વકીલોની સંસ્થા તથા સીનીયર જુનીયર એડવોકેટ ભાઈ બહેનોનો જીતાડવાના સંકલ્પ સાથે પૂર્ણ સહકાર મળી રહેલ છે.

### ભાવેશ ડી. રંગાણી



મુળ દેડદડળના વતની રાજકોટને કર્મભુમી બનાવી રાજકોટમાં વકીલાતના વ્યવસાયમાં ભાવેશ ડી. રંગાણી વકીલાતના વ્યવસાયમાં રેવન્યુ પ્રેકટીસ સાથે ૨૦ વર્ષથી સંકળાયેલા છે. પડધરી સરકારી હાઈસ્કૂલમાં શિક્ષણ અને ત્યારબાદ એમ.પી. શાહ લો કોલેજમાં બી.કોમ. સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ રાજકોટની લો કોલેજમાં કાયદાનો અભ્યાસ પૂર્ણ કરી એડવોકેટ અનિલ આર. ગજેરાના વકીલાના વ્યવસાયમાં વકીલાતની તાલીમમાં જોડાયેલા. વકીલા વ્યવસાયની સાથે સાથે રાજકોટ બાર એસો.ના ઉપપ્રમુખ, જો.સેક્રેટરી, અને કારોબારી સભ્ય તરીકે જવાબદારી સંભાળી ચુકયા છે.

રંગાળી રાજકોટ મહાનગરપાલિકાના સિનિયર લીગલ એડવાઈઝર તરીકે જીવન કોમર્શિયલ બેંક સહિત અનેકવિધ સંસ્થાઓમાં એડવોકેટ તરીકે કાર્યરત છે. બાર ચુંટણી કારોબારી સભ્ય તરીકે ઉમેદવાર છે.

### નિકુંજ મહેશભાઈ શુકલ



તેઓ સને ૨૦૦૮-૦૯થી વકીલાતના વ્યવસાયમાં જોડાયેલ છે તેમજ વર્ષ ૨૦૧૦માં સનદ મેળવેલ છે. તેઓ રાજકોટ બારના સીનીયર એડવોકેટ સ્વ. ઘનશ્યામભાઈ શુકલના પૌત્ર છે તેમજ સ્વ. અભયભાઈ ભારદ્વાજ અને જયુભાઈ શુકલના ભત્રીજા થાય છે. તેમણે વકીલાની શરૂઆત ભારદ્વાજ એસોસીયેટમાં કરેલ છે. તેઓનો પરિવાર ત્રણ પેઢીથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તેમજ જનસંઘ કે જે હાલમાં ભાજપા સાથે સંકળાયેલ છે. તેઓ એમએસીપી બારમાં કારોબારી સભ્યની ફરજ બજાવી રહ્યા છે તેમજ વોઈસ ઓફ લોયર્સ અને લોયર્સ સ્પોર્ટ ફાઉન્ડેશનમાં પણ કારોબારી સભ્ય છે. તેઓ અનેક સામાજીક સંસ્થા અને બ્રહ્મસમાજમાં સક્રીય છે. આગામી આરબીએની વર્ષ ૨૦૨૩-૨૪ની ચુંટણીમાં ભાજપ લીગલ સેલની સમરસ પેનલના કારોબારી સભ્ય તરીકે ઉમેદવારી નોંધાવેલ છે.

### કૌશલ એમ. વ્યાસ



તેઓએ વર્ષ ૨૦૧૪માં સનદ મેળવેલ છે અને વકીલાતના વ્યવસાયમાં જોડાયેલ છે. તેઓ સિવિલ અને ક્રિમિનલ સાઈડની પ્રેકિટસ કરી રહ્યા છે અને વોઈસ ઓફ લોયર્સ તેમજ લોયર્સ સ્પોટ ફાઉન્ડેશનમાં પણ કારોબારી સભ્ય છે તેઓ અનેક સામાજિક સંસ્થા અને બ્રહ્મ સમાજમાં સક્રિય છે. આગામી આરબીએની વર્ષ ૨૦૨૩-૨૪ની ચૂંટણીમાં ભાજપ લીગલ સેલની સમરસ પેનલના કારોબારી સભ્ય તરીકે ઉમેદવારી નોંધાવેલ છે.

### અજયસિંહ એમ. ચૌહાણ



સમરસ પેનલમાં કારોબારી સભ્ય પદે ઉમેદવારી નોંધાવનાર અજયસિંહ એમ. ચૌહાણ (એડવોકેટ એન્ડ નોટરી) રાજકોટના જુના વોર્ડ નં.૨૩માં ભાજપ ઉપપ્રમુખ તરીકે સેવા આપી ચુકયા છે. ૧૮ વર્ષથી ભાજપમાં સક્રિય છે. ૧૯ વર્ષથી ક્રિમિનલ, રેવન્યુ ક્ષેત્રે વકીલાત કરે છે. જુદી જુદી બેંક મંડળીઓમાં પેનલ એડવોકેટ છે. કારડીયા રાજપૂત સમાજના કાર્યોમાં પણ અગ્રેસર રહ્યા છે.

# સૌરાષ્ટ્રમાં ૧૨.૫ ડિગ્રી સાથે જામનગર અને ૧૩.૫ ડિગ્રી સાથે રાજકોટ સૌથી ઠંડા શહેર

## ગિરનાર પર્વત ઉપર ૮.૫ ડિગ્રીથી પ્રવાસીઓ ઠુંઠવાયાઃ નલિયામાં ૮.૫ ડિગ્રી અને કંડલા એરપોર્ટ ૧૧ ડિગ્રી સાથે ટાઢાબોળઃ પોરબંદર, ભૂજ, અમરેલીમાં પણ શિયાળાનો અનુભવ

રાજકોટ, તા.૧૧

આવતા ત્રણ દિવસ માટે હજુ કચ્છના નલીયા ઉપરાંત સૌરાષ્ટ્રનાં રાજકોટ-પોરબંદર, અમરેલી, જૂનાગઢ અને જામનગર વિસ્તારમાં કડકડતી ઠંડી અનુભવાશે. ખાસ કરીને નલીયા પંથકમાં હજુ સિંગલ ડિઝીટમાં તાપમાન રહેશે તેવું રાજ્ય હવામાન વિભાગ દવારા જણાવાયું છે.

દરમ્યાન આજ રોજ પણ કચ્છ અને સૌરાષ્ટ્રનાં વિવિધ ભાગોમાં તીવ્ર ઠંડીનો અહેસાસ થયો હતો. રોજની જેમ જ આજરોજ પણ રાજ્યનું સૌથી ઠંડુ શહેર કચ્છનું નલીયા રહેવા પામ્યું હતું. આજરોજ સવારે પણ નલીયામાં ૮.૫ ડીગ્રી લઘુત્તમ તાપમાન સાથે ટાઢુબોળ રહેવા પામ્યું હતું.



જ્યારે ૧૧ ડીગ્રી સાથે કંડલા એરપોર્ટ પણ ઠંડુબોળ રહેવા પામ્યું હતું. તેમજ ગિરનાર પર્વત ઉપર પણ ૮.૫ ડીગ્રી તાપમાનથી પ્રવાસીઓ ઠુંઠવાયા હતા.

ઉપરાંત સૌરાષ્ટ્રમાં ૧૨.૫ ડીગ્રી સાથે જામનગર સૌથી ઠંડુ શહેર રહેવા પામ્યું હતું. તેમજ આજ રોજ રાજકોટ, પોરબંદર, ભુજ અને અમરેલીમાં પણ તીવ્ર ઠંડક અનુભવાઇ હતી. છેલ્લા બે-ત્રણ દિવસથી સૌરાષ્ટ્ર-કચ્છમાં શિયાળાએ અસલી રંગ બતાવવાનું શરૂ કર્યું છે.ખાસ કરીને કચ્છમાં નલીયા અને સૌરાષ્ટ્રભરમાં રાજકોટ-પોરબંદર-અમરેલી સહીતનાં સ્થળોએ તિવ્ર ઠંડી અનુભવાઈ રહી છે. ત્યારે ચાલુ સપ્તાહમાં પણ ખાસ કરીને કચ્છમાં તિવ્ર ઠંડીનો અહેસાસ થશે તેવુ રાજય હવામાન વિભાગે જણાવેલ છે. કચ્છમાં ખાસ કરીને નલીયામાં સિંગલ ડીજીટ તાપમાન યથાવત રહેશે. તેવો હવામાન વિભાગનો નિર્દેશ છે.

આ ઉપરાંત આજે રાજકોટ-પોરબંદર અને ભુજવાસીઓએ પણ તીવ્ર ઠંડી અનુભવી હતી. આજરોજ સવારે રાજકોટનુ લઘુતમ તાપમાન ૧૩.૫ ડીગ્રી અને પોરબંદરમાં ૧૩.૪ ડીગ્રી તથા ભુજ ખાતે ૧૫.૬ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

આ ઉપરાંત આજે સવારે અમદાવાદ ખાતે ૧૬.૫ ડીગ્રી વડોદરામાં ૧૬.૬ ડીગ્રી, ભાવનગરમાં ૧૮ ડીગ્રી અને ડીસામાં ૧૩.૮ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

જયારે દિવમાં ૧૯ ડીગ્રી દ્વારકામાં ૧૮.૬ ડીગ્રી, કંડલામાં ૧૬.૬, ઓખામાં ૧૯.૯ સુરતમાં ૧૯ અને વેરાવળ ખાતે ૨૦ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું.

## સૌરાષ્ટ્ર-કચ્છમાં હજુ ત્રણ દિવસ ઠંડીનું જોર રહેશેઃ ડો. મનોરમા મોહંતી

### ત્રણ દિવસ બાદ લઘુતમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો થશેઃ ચાલુ વીકમાં વરસાદની સંભાવના નહીંવત

રાજકોટ, તા.૧૧

છેલ્લા ત્રણેક દિવસથી સૌરાષ્ટ્ર-કચ્છનાં ભાગોમાં તીવ્ર ઠંડીથી શિયાળાનો અસલી રંગ અનુભવાઇ રહ્યો છે. અને હજુ આવતા ત્રણ દિવસ સુધી નલીયા, કંડલા, ભુજ, રાજકોટ, પોરબંદર, અમરેલી સહિતના શહેરોમાં તીવ્રઠંડી અનુભવાશે. ખાસ કરીને નલીયામાં હજુ પણ સિંગલ ડીઝીટ તાપમાન રહેશે. જ્યારે અન્ય સ્થળોએ સવારનું તાપમાન ૧૩ થી ૧૫ ડીગ્રી આસપાસ રહેશે. તેમ આજરોજ 'સાંજ સમાચાર' સાથેની એક વાતચીત દરમ્યાન રાજ્ય હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. મનોરમા મોહંતીએ



જણાવેલ હતું, તેઓએ એવું પણ જણાવેલ હતું કે, ત્રણ દિવસ બાદ ઠંડી ફરી ઘટશે અને લઘુતમ તાપમાનમાં ૨ થી ૩ ડીગ્રીનો વધારો થઇ જશે.

ડો. મોહંતીએ જણાવેલ હતું કે, ચાલુ સપ્તાહ દરમ્યાન રાજ્યમાં વરસાદ પડવાની શક્યતા નહિવત છે.

જો કે, ચાલુ સપ્તાહમાં ઠંડીનાં પ્રમાણમાં વધઘટ નજરે પડશે. આજથી ત્રણ દિવસ ઠંડીનું જોર વધશે પરંતુ ત્રણ દિવસ બાદ ઠંડી ઘટશે.

### કાલે પણ રાજનાથ જયપુર આવશે કે કેમ તે નકકી નથી

# રાજસ્થાનમાં વસુંધરાના લોબીંગથી ભાજપમાં નારાજગીઃ મત મોદીના ચહેરા પર મળે છેઃ વરિષ્ઠ નેતાનો કટાક્ષ

### ગુજરાતના કૃષીમંત્રી રાઘવજી પહોંચતા નવો તર્ક! જો કે તેઓ વાઈબ્રન્ટના કામે ગયા હોવાનો ખુલાસો

### ભાજપ રાજપૂત, બ્રાહ્મણ, જાટ, મીણા ફોર્મ્યુલાથી બે નાયબ મુખ્યમંત્રી પણ નિયુક્ત કરે તેવી ચર્ચાઃ હજુ કાલની બેઠક અંગે કોઈ જાણકારી નથી





જયપુરઃ રાજસ્થાનમાં આવતીકાલે નવા મુખ્યમંત્રી પરની પસંદગી પૂર્વે વસુંધરા રાજે ને સટ્ટાબજાર પણ સૌથી ફેવરીટ ગણે છે. એક તરફ રાજયના નવા ચુંટાયેલા ધારાસભ્યોની વસુંધરાના નિવાસે આવનજાવન ચાલુ રહી છે. હજુ સુધી જો કે આવતીકાલની બેઠક અંગે ધારાસભ્યોને કોઈ સૂચના મળી નથી. અહેવાલ મુજબ મુખ્ય નિરીક્ષક રાજનાથસિંહ જેવો આજે લખનૌમાં છે. તેઓ કાલે પણ તેમના અહી કાર્યક્રમ છે. બીજી તરફ ગુજરાતના કૃષિમંત્રી રાઘવજી પટેલ જયપુર પહોંચતા આશ્ચર્ય સર્જાયુ છે. તેઓ અહીની એક ફાઈવસ્ટાર હોટેલમાં રોકાયા છે અને તેઓ રાજયના નવા ચુંટાયેલા ધારાસભ્યોને પણ મળશે તથા તેમનું મન જાણીને ગુજરાત ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ મારફત મોવડીમંડળને અહેવાલ આપી શકે છે. જો કે તેઓ વાઈબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમ માટે અહી આવ્યા હોવાનું પણ જાહેર થયુ છે.

બીજી તરફ વસુંધરા રાજના નિવાસે ધારાસભ્યોની આવનજાવન પર ભાજપના વરિષ્ઠ નેતા રાજેન્દ્ર રાઠોર અકળાયા હતા અને તેઓએ કહ્યું કે મત મોદીના ચહેરા પર મળે છે અને તેમનો ચહેરો જ અમારા પક્ષનો સૌથી મોટો ચહેરો છે અને તેથી કાઈ એવું વિચારતા હોય કે તેના નામે મત મળે છે તો તે ભુલ છે. તેઓએ એવો પણ કટાક્ષ કર્યો કે પૈસાથી ધારાસભ્યોને બોલાવવા એ ભાજપની પરંપરા નથી.

ભાજપ રાજપૂત, બ્રાહ્મણ, જાટ, મીણા કોમ્બીનેશનમાં બે નાયબ મુખ્યમંત્રી પણ આપી શકે છે. બીજી તરફ જયપુરમાં સટ્ટાબજારે વસુંધરા રાજે આ દૌટમાં નંબર વન અને તેના ૧.૨૫નો ભાવ ખોલ્યો છે તો બીજા ક્રમે અહી અશ્વીની વૈષ્ણવ છે જેમાં ૧.૫૦નો ભાવ છે.

વૈષ્ણવ કોલ પ્રથમ ક્રમે હતા અને આજે બીજા ક્રમે ધકેલાયા છે.

### સટ્ટાબજારમાં વસુંધરા રાજે ફેવરીટઃ સૌથી મોટો ભાવ

ક્રિકેટ સહિતના સટ્ટાનું ઘર ગણાતા નવા મુખ્યમંત્રીની પસંદગીમાં પણ જંગી સટ્ટો લાગ્યો છે અને તેમાં વસુંધરા રાજેના ભાવ ૧.૨૫ના છે જે ગઈકાલે ૧.૫૦ હતા. જયારે કાલે કેન્દ્રીય મંત્રી અશ્વીની વૈષ્ણવ પ્રથમ ક્રમે હતા તે બીજા ક્રમે ધકેલાયા છે. બાબા બાલકનાથ ત્રીજા ક્રમે છે અને બાદમાં લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, કેન્દ્રીય મંત્રી અર્જુન મેઘવાલ, તેમના બાદના ક્રમે છે તો રાજઘરાનાની દિયાકુમારીનો ભાવ ૪ રૂપિયા અને ગજેન્દ્રસિંહનો ૪.૫૦, ઓમ માથુરનો ભાવ રૂા.૫ છે.

### પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ- સી.એમ. ભુપેન્દ્રભાઈ પટેલ હાજર રહેશે

# મિશન ૨૦૨૪ઃ પાયાથી પ્રારંભ કરતો ભાજપઃ કાલે કમલમમાં ધારાસભ્યો- સંગઠનની બેઠક

### તમામ જીલ્લા-મહાનગરોના પ્રમુખ- મહામંત્રીઓ તથા પ્રભારીઓ હાજર રહેશેઃ બુથ મજબૂત કરવા કવાયત

રાજકોટઃ પાંચ રાજયની ધારાસભા ચુંટણીમાં હિન્દી બેલ્ટના ત્રણ રાજયોની ચુંટણી જીતીને ભાજપે હવે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે અને હવે 'બુથ સશક્તિકરણ' થી ભાજપ તબકકાવાર આગળ વધશે અને કાલે ગાંધીનગરમાં પેજ-સમીતીની બેઠક મળશે જેમાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ હાજર રહેશે. કાલે બપોરે ૪ વાગ્યે મળનારી બેઠકમાં તમામ ધારાસભ્યો ઉપરાંત જીલ્લા-મહાનગરોના પ્રમુખ-મહામંત્રીઓને તથા પ્રભારીને ખાસ હાજર રહેવા જણાવ્યુ છે અને આઈટી-ઈનચાર્જ પણ હાજર રહેશે. ખાસ કરીને મતદાર યાદી સુધારણાની કામગીરી પુરી થઈ છે તેના આધારે હવે નવી મતદાર યાદી તૈયાર થશે તે સંદર્ભમાં દરેક બુથમાં નવા નામો તથા બાદ થયેલા નામો પરથી નવી બુથ રચના થશે.

સામાન્ય રીતે આ કામગીરીમાં ધારાસભ્યોને સામેલ કરતા નથી પણ ચુંટણીનું વર્ષ હોવાથી ધારાસભ્યોને ખાસ પહોંચવા જણાવ્યું છે. આ બેઠક બુથને મજબૂત કરીને તથા પેજ સમીતી જે વિધાનસભા ચુંટણી સમયે રચવામાં આવી હતી. તેમાં જે કોઈ જરૂરી ફેરફાર હોય તે કરવાના રહેશે. ભાજપે પેજ સમીતીના આધારે જ ત્રણ રાજયોમાં પ્રચંડ બહુમતી મેળવી છે તેથી આ મુદ્દો સૌથી મહત્વનો બની ગયો છે.

# વોર્ડ નં.૧૪ના મહિલા કોર્પોરેટરનો સીસી રોડનો પ્રશ્ન ઉકેલાયો : પુતળા દહનનો કાર્યક્રમ મુલત્વી!

### સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે રસ્તો કાઢી તુરંત કામ મંજૂર કરાવ્યું : ઘીના ઠામમાં ઘી પડતા ભાજપમાં પણ શાંતિ

રાજકોટ, તા. ૧૧

શહેરના વોર્ડ નં.૧૪માં આવેલા સોરઠીયા પ્લોટમાં સીસી રોડનું ગ્રાન્ટનું કામ અધિકારીઓએ મંજૂર ન કરતા આજે સોમવારે રાજયના મુખ્ય સચિવના પુતળા દહનનો કાર્યક્રમ મહિલા કોર્પોરેટર ભારતીબેન બકુલભાઇ મકવાણાએ જાહેર કર્યો હતો. પરંતુ સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે મામલો સંભાળતા શનિવારે મોડી સાંજે આ પ્રશ્નનો ઉકેલ આવી ગયો છે.

આ વિસ્તારમાં હવે તુરંતમાં સીસી રોડનું કામ શરૂ થઇ જાય તે પ્રકારે મંજૂરી અપાવી કોર્પોરેટરની નારાજગી દુર કરી છે. સાથે જ કોઇ પણ સભ્યોને પ્રશ્ન હોય તો પદાધિકારીઓની ટીમને જાણ કરવા પણ અનુરોધ કર્યો છે. હાલ ભાજપમાં આ વિવાદ પર પડદો પડયો છે. કોર્પોરેટરે પુતળા દહનનો કાર્યક્રમ ૧૫ દિવસ મુલત્વી રાખ્યાનો જાહેર કરતો પત્ર કમિશનર અને પદાધિકારીઓને મોકલ્યો છે.

તાજેતરમાં કોર્પોરેટર ભારતીબેન બકુલભાઇ મકવાણાએ કમિશનરને પત્ર લખી તેમના વોર્ડનું સીસી કામ મંજૂર ન કરવા બદલ તા.૧૧ના સોમવારે મહાપાલિકા કચેરીમાં રાજયના મુખ્ય સચિવનું પુતળુ બાળવા જાહેરાત કરી હતી. વોર્ડમાં આવેલા સોરઠીયા પ્લોટમાં સીસી રોડનું કામ કરવા ૧૫ થી ૨૦ વખત તો મૌખીક રજુઆતો કરી છે. દસેક લાખ રૂપિયાનું આ ગ્રાન્ટનું કામ છે. છતાં તેમની રજુઆત ધ્યાને લેવામાં આવતી ન હતી. તેમણે પત્રમાં જણાવ્યું હતું કે ઇરાદાપૂર્વક તેમના વિકાસના કામો અટકાવવા કમિશનર દ્વારા પ્રયત્ન થઇ રહ્યા છે. આથી નાછૂટકે મજબુર થઇને રાજયના મુખ્ય સચિવ રાજકુમારનું પુતળુ બાળવા કાર્યક્રમ આપવાનું નકકી કર્યુ હતું.

આ રીતે વિકાસ કામ માટે ઉગ્ર કાર્યક્રમની જાહેરાત બાદ હાલ પદાધિકારીઓએ રસ્તો કાઢયો છે. આ મામલો શાંત પાડવામાં વોર્ડના કોર્પોરેટરો કેતન પટેલ અને નિલેશ જલુએ પણ મધ્યસ્થી કરી હતી.

# મનપામાં ભરતી પૂર્વે કેવીએટ દાખલ : અન્યાય સામે બુધવારે યુનિયનનું રામધુનનું એલાન

### નવી આવી રહેલી ભરતીના નવા નિયમોને કોર્ટમાં પડકારની હિલચાલ વચ્ચે તંત્રએ તકેદારી માટે કેવીએટ દાખલ કરી : અન્યાય દુર ન કરાતા કર્મચારી પરિષદ મેદાનમાં : લાંબા સમયે યુનિયનોએ બાંયો ચડાવી

રાજકોટ, તા. ૧૧

રાજકોટ મહાપાલિકા દ્વારા તાજેતરમાં જુદી જુદી શાખાઓમાં ભરતી માટેના નિયમોમાં સુધારા કરવાની દરખાસ્ત મંજૂર થયા બાદ હજુ ઘણા યુનિયન પ્રતિનિધિઓ કેટલાક સુધારા માટે રજુઆતો કરતા હોય, આ મામલે કોઇ કાનુની વિઘ્ન ન આવી જાય તે માટે મહાપાલિકાએ કાનુની તકેદારી ધ્યાનમાં લીધી છે અને કોર્ટમાં કેવીએટ દાખલ કરી દીધી છે.

બીજી તરફ રાજકોટ મહાનગરપાલિકા કર્મચારી પરીષદ દ્વારા કર્મચારીઓના પ્રશ્ને કોઇ કાર્યવાહી કરાતી ન હોય, તા.૧૩ના બુધવારે સવારે ૧૧.૩૦ કલાકે મનપામાં રામધુનનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. લાંબા સમય બાદ વહીવટી તંત્ર સામે કર્મચારીઓ મેદાનમાં આવ્યા છે.

થોડા સમય પહેલા મનપામાં નવી જગ્યા ઉભી કરવા, ભરતી પ્રક્રિયા, લાયકાતોમાં સુધારા અને ફેરફાર, છુટછાટો સહિતના ફેરફાર સાથેની દરખાસ્ત સ્ટે.કમીટીમાં મુકવામાં આવી હતી. અભ્યાસ માટે આ દરખાસ્તો સતત મુલત્વી રહેતી હતી. તે દરમ્યાન પદાધિકારીઓની ટીમમાં પણ ફેરફાર થઇ ગયા હતા. અંતે ચર્ચાઓના અંતે શાસકોએ પણ કમિશનરની દરખાસ્તમાં કેટલાક ફેરફાર કર્યા હતા અને લાયકાત સુધારા સહિતની બાબતો મંજૂર કરી હતી. કર્મચારી પ્રતિનિધિઓને પણ તેમાં સામેલ કરવામાં આવ્યા હતા.

દરમ્યાન હજુ ભરતીના કેટલાક નિયમો અને છુટછાટોમાં વધુ રાહતની માંગણી અને સૂચન યુનિયનના ઘણા પ્રતિનિધિઓ કરી રહ્યા છે. પદાધિકારીઓને રજુઆતો કરે છે. અમુક કર્મચારીઓ દ્વારા આ મામલે કાનુની સલાહ પણ લેવાતી હોય, અદાલતમાં જઇને કોઇ નવા નિયમોના અમલ સામે સ્ટે લઇ આવે તેવી શકયતા પણ વ્યકત થતી હતી. આથી મનપાએ પાણી પહેલા પાળ બાંધી છે.

દરમ્યાન પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સમક્ષ મનપાએ તા.૭ના રોજ કેવીએટ નંબર ૪૨૩ દાખલ કરી છે. તેના પરથી રજિસ્ટ્રારે જાહેર નોટીસ આપી જણાવ્યું છે કે ભરતીના નિયમોમાં સુધારા અંગેની દરખાસ્ત તા.૨૦-૧૧ના જનરલ બોર્ડમાં ઠરાવ નંબર ૧૦૭થી મંજૂર કરવામાં આવી છે. મહેકમ શાખા દ્વારા ભરતી માટે કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી છે. જે અંગે મનપા સામે કોઇ કાયમી કે કામચલાઉ મનાઇ હુકમની માંગણી કરે તો પહેલા કોર્પો.ને સાંભળવા અને તે બાદ જ હુકમ ફરમાવવા કેવીએટ રજૂ કરાઇ છે.

આ રીતે મનપાને સાંભળ્યા વગર ભરતી સામે સ્ટે ન આવે તે માટે કોર્પો.એ આ કાનુની પ્રક્રિયા તકેદારી માટે કરી છે.

**કર્મચારી પરિષદ**

દરમ્યાન મનપા કર્મચારી પરિષદના મહામંત્રી પ્રેરીત જોષી અને મૌલેશ વ્યાસે જણાવ્યું છે કે તમામ કર્મચારીઓના હિતના પ્રશ્નોના નિરાકરણ અર્થે કમિશનર દ્વારા તા. ૩૦ નવેમ્બર સુધીમાં સમિતિની મીટીંગ બોલાવવા માંગ કરાઇ હતી. કર્મચારીઓને અન્યાય કરતા અનેક પ્રશ્નોનું નિરાકરણ થઇ રહે તે માટે દર માસના પ્રથમ શનિવારે યુનિયન તથા વહીવટી તંત્ર વચ્ચે મીટીંગનું આયોજન કરવા ખાતરી આપવામાં આવી હતી. પરંતુ અધિકારીઓ દ્વારા આજદિન સુધી કોઇ કાર્યાવહી કરાઇ ન હોય, રોષની લાગણી ફેલાઇ છે.

આ રોષનો પડઘો પાડવા બુધવારે સવારે ૧૧.૩૦ કલાકે નાયબ કમિશનરની ચેમ્બર પાસે કર્મચારીઓ દ્વારા રામધુનના કાર્યક્રમનું આયોજન જાહેર કરાયું છે. મહાપાલિકામાં નવી બોડીના આગમન બાદ કર્મચારી યુનિયનોએ આ લડતનો બુંગીયો ફુંકયો છે અને કમિશનર સામે પણ બાંયો ચડાવી છે તેવું વાતાવરણ સર્જાયું છે.

# સોડા બોટલનો ઘા કરવા મામલે ઈમીટેશનના ધંધાર્થી પર પિતા-પુત્ર સહિત ત્રણનો હુમલો

રાજકોટ,તા.૧૧

સંતકરબીર રોડ પર સોડા બોટલનો ઘા કરવા મામલે ઈમીટેશનના ધંધાર્થી પર પિતા-પુત્ર સહિત ત્રણ શખસોએ હુમલો કરતાં યુવાનનો પગ ભાંગી ગયો હતો. બનાવ અંગે થોરાળા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે પેડક રોડ પર રત્નદીપ સોસાયટીમાં રહેતાં કૌશલભાઈ અશોકભાઈ અગ્રાવત (ઉ.વ.૩૨) એ ફરિયાદમાં આરોપી તરીકે સંદીપ તેના પિતા પ્રવિણ અને એક અજાણ્યાં શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ઈમીટેશનનો ધંધો કરે છે. ગઈકાલે સાજના સાતેક વાગ્યે સંતકરબીર રોડ

### સંતકબીર રોડ પરનો બનાવઃ કૌશલ અગ્રાવતનો પગ ભાંગી નાંખતા સારવારમાં ખસેડાયોઃ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

પાસે આવેલ શકિત સોસા શેરી નં ૫ મા સંજયભાઇ સોલંકીનુ મકાન ઈમીટેશનનુ કામ ધંધો કરવા માટે ભાડેથી રાખેલ હોય ત્યા તેઓ બાજુમા આવેલ મકાન વાળા સંદિપ સાથે ઉભેલ હતો જે દરમ્યાન મકાનની પાછળથી ખાલી કાચની બોટલનો ઘા સામે આવેલ ખુલ્લા પ્લોટમા ગયેલ જેથી સંદિપએ મને કહેલ કે, બોટલના ઘા અહીં કરવા નહી જેથી મે કહેલ કે, હુ કાઈ જાણતો નથી જેથી તે ગાળો બોલી ઝઘડો કરવા લાગેલ અને દરમ્યાન ત્યાજ રહેતા તેના પિતા તેના ઘરેથી લાકડાનો ધોકો લઇને આવેલ અને ધોકા વડે માર મારેલ અને જાનથી મારી નાખવો છે તેવુ બોલવા લાગેલ અને બાજુમા રહેતા એક શખ્સ ધોકો લઇને આવેલ અને માથામા ધોકો ઝીંકી દિધેલ હતો.

બાદમાં લોકો દોડી આવતાં આરોપી નાસી છૂટયા હતાં અને તેઓને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા પગમાં તેમને ફેક્ચર આવ્યું હતું. બનાવ અંગેની ફરિયાદ પરથી થોરાળા પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

# લોકસભામાંથી બરતરફીને મહુઆ મોઈત્રાએ સુપ્રિમ કોર્ટમાં પડકારી

નવી દિલ્હી, તા.૧૧

સાંસદમાં પ્રશ્ન પૂછવાના બદલામાં ગીફ્ટ મેળવવાના વિવાદિત પ્રકરણમાં લોકસભામાંથી બરતરફ કરાયેલા તૃણમુલ કોંગ્રેસના નેતા મહુઆ મોઇત્રાએ હકાલપટ્ટીને સુપ્રિમ કોર્ટમાં પડકારી છે.



મહુઆ મોઇત્રાએ સંસદના પોર્ટલનો લોગઇન પાસવર્ડ ઉદ્યોગપતિ દર્શન હીરાનંદાનીને આપ્યો હતો. પ્રશ્ન પૂછવા બદલ મોંઘી ગીફ્ટ મેળવ્યાનું જાહેર થયું હતું. લોકસભાની એથિકસ કમીટીએ તેમની વિરુધ્ધના પુરાવાને માન્ય રાખ્યા હતા અને તેને પગલે મોઇત્રાને લોકસભામાંથી બરતરફ કરાયા હતા. તૃણમુલ નેતાએ બરતરફીના આ પગલાને સુપ્રિમ કોર્ટમાં પડકાર્યું છે. એથિકસ કમીટીને બરતરફીનો અધિકાર નથી એટલું જ નહીં ઉદ્યોગપતિ પાસેથી નાણાં મેળવ્યાના કોઇ પુરાવા નથી એટલું જ નહીં પોતાના પૂર્વ ભાગીદાર અનંત દેહાદી કે હિરાનંદાનીની ઉલટ તપાસ કરવાની પોતાને તક આપવામાં આવી નહતી.

બરતરફી બાદ મોઇત્રાએ ભાજપ સામે નિશાન તાક્યું હતું અને આવતા ૩૦ વર્ષ સુધી તેની સામે લડવાની તૈયારી છે.

# રાજકોટ જિલ્લાનાં સાયલન્ટ કરાયેલ રેશનકાર્ડ ફરી ચાલુ કરવા તંત્રની કવાયતઃ તા.૨૦મીએ સુનાવણી

### હવે દર બુધવારે અરજદારોને સાંભળી કાર્ડ ચાલુ કરી દેવાશેઃ પ્રથમ સુનાવણીમાં બાવન અરજદારોને બોલાવાયા

રાજકોટ તા.૧૧

તાજેતરમાં રાજકોટ સહિત રાજયભરમાં પુરવઠા વિભાગ દ્વારા ત્રણ મહિના કરતા વધુ સમયથી રેશનીંગની દુકાન ઉપર જથ્થો લેવા નહીં જતા હજારો રેશનકાર્ડ ધારકોનાં રેશનકાર્ડ સાયલન્ટ કરી દેવાયા હતા. આથી અસંખ્ય કાર્ડ ધારકોને દિવાળીના તહેવારો ઉપર પણ જથ્થાથી વંચિત રહેવું પડતા ભારે રોષ છવાયો હતો.

રાજકોટ જિલ્લામાં પણ ૨૩ હજારથી વધુ લાભાર્થીઓનાં કાર્ડ પુરવઠા તંત્રએ જે તે સમયે સાયલન્ટ કરી દીધા હતા. દરમ્યાન આ સાયલન્ટ કાર્ડ પ્રશ્ને દેકારો સર્જાતા હવે ફરીથી આવા કાર્ડ શરૂ કરી દેવા માટે તંત્રએ કવાયત હાથ ધરી છે. અને દરેક જિલ્લામાં આવા કાર્ડ ફરી શરૂ કરવા સુચના અપાઈ છે. ત્યારે રાજકોટ જીલ્લાનાં રેશનકાર્ડ લાભાર્થીઓના કાર્ડ ફરી શરૂ કરવા માટે આગામી તા.૨૦ને બુધવારના રોજ પુરવઠા તંત્રએ સંબંધિત અરજદારો સાથે મિટીંગ રાખી હોવાનું જાણવા મળેલ છે.

આ બેઠક દરમ્યાન સાયલન્ટ કાર્ડ ફરી શરૂ કરવા અંગે સુનાવણી થશે રાજકોટ જિલ્લામાં આવા સાયલન્ટ કાર્ડ શરૂ કરવા માટે અત્યાર સુધીમાં તંત્ર પાસે ૮૦ અરજીઓ આવી છે. આ ૮૦ પૈકી ૫૨ અરજદારોને તંત્રએ તા.૨૦મીએ બોલાવ્યા છે હજુ ૫૨ અરજદારો પૈકી સૌથી વધુ રાજકોટ તાલુકાના ૩૬ અરજદારો છે. ઉલ્લેખનીય બાબત એ પણ છે કે રાજકોટ જિલ્લામાં હવે દર બુધવારે સાયલન્ટ કાર્ડ શરૂ કરવા માટે સુનાવણી હાથ ધરાનાર છે.

પ્રાપ્ત વધુ વિગતો મુજબ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબો (પીએચએચ)માં લાભાર્થી તરીકે સમાવેશ કરવા અંગે અરજદાર દ્વારા એન.એફ.એસ.એ. અંગેની ફોર્મ/ અરજી જરૂરી આધાર પુરાવા સાથે સબંધીત તાલુકા ઝોનલ કચેરીમાં રજુ કરવામાં આવે છે; જે અન્વયે અન્ના, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ ગાંધીનગર દ્વારા તા.૨૩-૩-૨૦૧૬ના ઠરાવથી નિર્ણય કરવા માટેની સમિતિઓની રચના કરવામાં આવેલ છે.

તાલુકા કક્ષાએ તથા મહાનગરપાલિકા વિસ્તાર માટે મામલતદારના અધ્યક્ષસ્થાને રચાયેલ સમિતિ દ્વારા નામંજુર કરવામાં આવેલ અરજીઓ અંગેના નિર્ણય પરત્વે અરજદાર નારાજ થયેલ હોય તો જિલ્લા કક્ષાની કલેકટરના અધ્યક્ષસ્થાને રચાયેલ સમિતિ સમી અપીલ અરજી રજુ કરી શકે છે. જિલ્લા કક્ષાની સમિતિમાં કલેકટર- અધ્યક્ષ, નિવાસી અધિક કલેકટર, સભ્ય, નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સભ્ય અને જિલ્લા પુરવઠા અધિકારી સભ્ય સચિવ તરીકે સમાવેશ થયેલ છે.

જે અન્વયે જિલ્લા કક્ષાની સમિતિ સમક્ષ અત્રેની કચેરીમાં અપીલકર્તાઓની અપીલ રજુ થયેલ છે. તેઓમાંથી કુલ ૫૨ અપીલકર્તાઓને જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા આગામી તા.૨૦/૧૨ની મુદતે રૂબરૂ સુનાવણી માટે બોલાવવામાં આવેલ છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૭૩૦-૨૭૮૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૬૮૦-૨૭૩૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૬૧૦-૧૬૬૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૫૬૦-૧૬૧૦ |
| પામોલીયન તેલ | ૧૩૮૦-૧૩૮૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૬૦-૧૬૮૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૫૦-૧૫૭૦ |
| મકાઇ તેલ | ૧૫૫૦-૧૫૭૦ |
| વનસ્પતિ ઘી | ૧૫૦૦-૧૫૫૦ |
| કોપરેલ | ૨૨૭૦-૨૨૯૦ |
| દિવેલ | ૨૧૦૦-૨૧૨૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૬૩૬૦૦(-૧૫૦) |

| ચાંદી |
|---|
| ૭૩૭૦૦(-૧૦૦) |

# ઓપન રાજકોટ શહેર કરાટે ટુર્નામેન્ટ ૨૦૨૩ માં ટ્વિન્સ બહેનોનું શ્રેષ્ઠ પ્રદર્શન

## સ્નેહાબા અને સ્નેહલબા પરમારે ગોલ્ડ મેડલ જીત્યા




રાજકોટ,તા.૧૧

ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોટોકાન કરાટે યુનાઈટેડ (ISKU)રાજકોટ દ્વારા સંકલિત અને ટેક્નોફાઈટ માર્શલઆર્ટ એકેડમી રાજકોટ ( રોબિન સર ) દ્વારા ‘‘ઓપન રાજકોટ શહેર કરાટે ટુર્નામેન્ટ ૨૦૨૩’’ નું સ્પોર્ટ્સ કોમપ્લેકસ રાજકોટ ખાતે આયોજન થયું હતું.જેમાં સનરાઈઝ સ્કૂલ,રેલનગર,રાજકોટ માં ધોરણ-૨ માં ભણતી સ્નેહાબા વિરેન્દ્રસિંહ પરમાર એ કરાટે ની કાતા અને કુમિતે બન્ને ઈવેન્ટ માં બ્રોન્ઝ મેડલ તથા સ્નેહલબા વિરેન્દ્રસિંહ પરમાર એ કાતા માં ગોલ્ડ મેડલ અને કુમિતે ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતીને શાળાનું, તેમના માતા-પિતાનું અને સમગ્ર રાજપૂત પરમાર પરિવાર નું ગૌરવ વધારેલ છે.

તેમજ ઘીયાવડ પ્રા. શાળા સી આર સી જુના કણકોટ તા.વાંકાનેર જી.મોરબી ની વિદ્યાર્થીનીઓ બંસી રસિકભાઈ વાઘેલા ગોલ્ડ મેડલ ;દક્ષા જીવરાજભાઈ વનાણી અને સેજલ સંજયભાઈ ચૌહાણ એ સિલ્વર મેડલ તથા આકાશી અરવિંદભાઈ ચૌહાણ અને ક્રિષ્ના મજબૂતસિંહ ઝાલાએ બ્રોન્ઝ મેડલ જીતીને શાળા,માતા- પિતા અને સમગ્ર ઘીયાવડ ગામ નું ગૌરવ વધાર્યું છે.

# સ્વ. સુખદેવસિંહના હત્યારાઓને આકરી સજા તથા ન્યાયની માંગણી કરતા રાજપૂત સમાજની વિવિધ સંસ્થાઓ

રાજકોટ કલેકટર કચેરી ખાતે આજરોજ રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના સંસ્થાપક, સનાતન ધર્મ યોદ્ધા આપણા સમાજ બંધુશ્રી સ્વ. સુખદેવસિંહ ગોગામેડીના હત્યારાઓને કડકમાં કડક સજા થાય અને ન્યાયપૂર્ણ રીતે તપાસ થાય એ માટે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેમાં શ્રી ક્ષત્રિય કરણી સેના પરિવાર, શ્રી રાજપૂત ક્ષત્રિય સુપ્રીમ કાઉન્સિલ, શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેના, શ્રી રાજપૂત કરણી સેના ક્ષત્રિય રાજપુત સમાજ તથા રાજપૂત સમાજની વિવિધ સંસ્થાઓ જોડાઈ હતી. સાથે બ્રહ્મસમાજ તથા સર્વ હિન્દુ સમાજના લોકો બહોળી સંખ્યામાં જોડાયા હતા. પ્રશાસનને એવી રજુઆત કરવામાં આવી હતી કે જેલમાંથી અને વિદેશથી ગેંગો ચલાવતા લોકો સામે સરકાર પ્રશાસન આકરા પગલાં લે નહિંતર આગામી સમયમાં ઉગ્ર આંદોલનો કરવાની ફરજ પડશે. રાજસ્થાન પ્રશાસન અને કેન્દ્ર સરકાર આ ઘટનામાં યોગ્ય ન્યાયીક તપાસ કરે અને આ ઘટનાનું સત્ય બહાર લાવે તથા જે કોઈ પણ સામેલ હોય આ કૃત્યમાં એમને બક્ષવામાં ન આવે તથા બધા આરોપીઓને ફાંસીની સજા થાય અને આ ઘટનાનો ભોગ બનેલા લોકોને પણ





સરકાર સહાય આપે એવી રજુઆત કરવામાં આવી હતી.

# રાજકોટ જીલ્લા કોંગ્રેસના પ્રમુખપદે વસોયાની વરણીને ઉપલેટા તાલુકામાં આવકાર

ધોરાજી ઉપલેટાના પૂર્વ ધારાસભ્ય અને સૌરાષ્ટ્રના લડાયક ખેડૂત આગેવાન લલીતભાઈ વસોયાની ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી દ્વારા તાજેતરમાં રાજકોટ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ જેવા મહત્વના મુદ્દા ઉપરની નિમણૂકને ઉપલેટા તાલુકા કોંગ્રેસના પ્રમુખ ભુપતભાઈ કનેરિયા શહેર કોંગ્રેસ પ્રમુખ કૃષ્ણકાંત ચોટાઈ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ લાખાભાઈ ડાંગર જયદેવસિંહ વાળા હાજીભાઈ સીવાણી રજાકભાઈ હિંગોરા કમલેશ વ્યાસ ગઢાળાના સરપંચ નારણભાઈ આહીર ભોપાળા સહિતના આગેવાનોએ રાજકોટ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ તરીકે આવકારેલ હતી આગેવાનો લલિત વસોયા ની વરણીથી રાજકોટ જિલ્લામાં કોંગ્રેસ મજબૂત રીતે બહાર આવશે એવી અપેક્ષા વ્યક્ત કરી રાજકોટ જિલ્લાના કોંગ્રેસના સંગઠનને મજબૂત બનાવવામાં લલિત વસોયા સફળ રહે એવી શુભેચ્છા પાઠવી હતી આવકારી અભિનંદન પાઠવેલ છે

# સ્નેહ સંવેદના એજયુકેશન ટ્રસ્ટ રાજકોટ દ્વારા જરૂરિયાતમંદોને ધાબળા વિતરણ



એકલવ્ય એકેડમીના વિદ્યાર્થીઓને સાથે રાખી ભણતરની સાથે ગણતરના પાઠ શીખવવાના હેતુથી સ્નેહ સંવેદના એજ્યુકેશન ટ્રસ્ટ રાજકોટ દ્વારા ઠંડીમાં ઠૂઠવાતા જરૂરિયાતમંદોને ધાબળા વિતરણ કરીને અનોખી રીતે આજના દિવસને યાદગાર બનાવ્યો હતો. આ સેવાકાર્યમાં ટ્રસ્ટના પ્રમુખ, ડો. નીતિન ભરડવા સાહેબ, એકલવ્ય એકેડમીના શિક્ષકો ગોપાલભાઈ, ભાર્ગવ ભાઈ તેમજ વિદ્યાર્થીઓએ સાથે મળી ધાબળા વિતરણ કરી જરૂરિયાતમંદોની સેવા કરી સમાજ પ્રત્યેની સેવાની ફરજ અદા કરી હતી.

# ટ્રાફિક જીનિયસ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ-ઈનામ વિતરણ કરાયું

## ૧૨૪ વિદ્યાર્થીઓએ ટ્રાફિક જીનિયસ બનવા પરીક્ષા આપી હતી

રાજકોટ, તા. ૧૧

શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, અધિક પોલીસ કમિશ્નર વિધિ ચૌધરી, ડીસીપી ટ્રાફિક પુજા યાદવ અને એસીપી ટ્રાફિક જે.બી.ગઢવીના સુચના-માર્ગદર્શન હેઠળ આરટીઓ સાથે સંયુકત રીતે ટ્રાફિક જીનિયસ પરીક્ષાનું આયોજન કરાયું હતું.



ટ્રાફિક શાખાના જણાવ્યા મુજબ બાળપણથી જ ટ્રાફિક અંગેની જાગૃતિ આવે તે હેતુથી ટ્રાફિક શાખા તથા આરટીઓ દ્વારા તા. ૧/૧૦/૨૦૨૩ થી તા. ૩૧/૧૦/૨૦૨૩ દરમિયાન શાળાના વિદ્યાર્થીઓ માટે ટ્રાફિક જીનિયસ પ્રોજેકટ શરૂ કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ અન્વયે રાજકોટ શહેર ખાતેની ૩૯ જેટલી શાળાઓના ધો.૧૧, ૧૨ના કુલ ૪૪૯૦ વિદ્યાર્થીઓની ટ્રાફિક નિયમો સંબંધી જ્ઞાન ચકાસણીની પરીક્ષા લઈ શાળા દીઠ પ્રથમ દ્વિતીય અને તૃતિય આવનાર ૧૨૪ વિદ્યાર્થીઓની શહેર કક્ષાની ૧૦૦ માર્કસની પરીક્ષા તા. ૪/૧૧/૨૦૨૩ના રોજ પોલીસ હેડ કવાર્ટર, રાજકોટ શહેરના તાલીમ ભવન પર લેવામાં આવેલ જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય આવનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર તેમજ ફાઈનલ પરીક્ષામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને હેમુ ગઢવી હોલ ખાતે સર્ટીફીકેટ અને ઈનામ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

આ સ્પર્ધામાં ૧૦૦ માર્કસની પરીક્ષા લેવાઈ જેમાં પ્રથમ ક્રમે પી.બી.કોટક મેમોરીયા ઈંગ્લીશ સ્કુલની વિદ્યાર્થીની રાવલ ભાવી જીગરભાઈએ ૮૫ માર્ક, બીજા ક્રમે સૌરાષ્ટ્ર હાઈસ્કુલના વિદ્યાર્થી પરમાર જસ્મીન હરીશભાઈએ ૭૯ માર્ક, તૃતિય ક્રમે એમ.જી.એન્ડ એસ.જી. બારદાનવાલા કન્યા વિદ્યાલયની ગોંડલીયા માધવીએ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.

# સ્વ. દિનેશ ગોસાઈ મેમોરીયલ ઓપન સૌરાષ્ટ્ર ફુટબોલ ટુર્નામેન્ટ સંપન્ન



એ. જી. ઓફીસ રાજકોટના ફુટબોલ ખેલાડીઓ તથા ડિસ્ટ્રીકટ ફુટબોલ એસોસિએશન રાજકોટ દ્વારા સ્વ. પીટર જેક તથા સ્વ. દિનેશ ગોસાઈ મેમોરીયલ ઓપન સૌરાષ્ટ્ર ફુટબોલ ટુર્નામેન્ટ તા. ૦૬-૧૨-૨૦૨૩ થી તા. ૧૦-૧૨-૨૦૨૩ દરમ્યાન રેસકોર્સ ટર્ફ ફુટબોલ ગ્રાઉન્ડ રાજકોટ ખાતે રમાયેલ હતી. જેનો ફાઈનલ મેચ તા.૧૦-૧૨-૨૦૨૩ રવિવારના રોજ બપોરના ૩-૦૦ કલાકે રેસકોર્સ ફુટબોલ ગ્રાઉન્ડ ખાતે મારવાડી યુનિવર્સિટી તથા પાણીપુરી ફુટબોલ કલબ વચ્ચે રમાયેલ.જેમાં પાણીપુરી ફુટબોલ કલબ મારવાડી યુનિવર્સિટી સામે ૫-૪ ગોલથી વિજેતા થયેલ. ત્યાર બાદ ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.


## આગામી તા.૧૫ ડિસે.થી તા.૧૫ ફેબ્રુઆરી સુધી

# સદ્ગુરુ પરિવાર દ્વારા ઈન્દોરમાં ૪૪માં નેત્રયજ્ઞ કેમ્પનું નિઃશુલ્ક આયોજનઃ ટીમ રવાના

રાજકોટ તા.૧૧

સદ્ગુરુ પરિવાર ટ્રસ્ટ-રાજકોટ દ્વારા આગામી તા.૧૫ ડિસે.થી તા.૧૫ ફેબ્રુઆરી સુધી ઈન્દોર (એમપી)માં વિનામૂલ્યે ૪૪મો નેત્રયજ્ઞ શિબિરનું આયોજન કરાયાનું ટ્રસ્ટના પ્રમુખ શાંતુભાઈ રૂપારેલીયા તથા જાણીતા કરવેરા સલાહકાર ધવલભાઈ ખખ્ખરે જણાવેલ છે.

પૂ.ગુરુદેવના સિધ્ધાંતોને સ્વીકારીને સમગ્ર જીવન સેવા કાર્યોમાં વીતાવ્યું તેવા ટ્રસ્ટના પૂર્વ પ્રમુખ દાનાભાઈ ડાંગર તથા ટ્રસ્ટના પૂર્વ ખજાનચી ઈશ્વરભાઈ ખખ્ખર, આ



બન્નેની માનવ સેવાની જયોતને યથાવત રાખવા નવી ટીમ કાર્યરત છે.

તા.૧૫ ડિસે.થી તા.૧૫ ફેબ્રુઆરી દરમ્યાન નિઃશુલ્ક નેત્ર કેમ્પ શંકરા આઈ સેન્ટર, વિજયનગર, ઈન્દોર ખાતે યોજાશે. દર્દીઓના સર્વે તથા આનુસાંગિક સેવા માટે ચંદુભાઈ રાઠોડના નેતૃત્વ હેઠળ જોરૂભા ગઢવી, શૈલેષ મેઘાણી, ઘનશ્યામભાઈ, વિજયભાઈ, સહિતના અન્યો ઈન્દોર જવા રવાના થઈ ગયા છે. ૪૩ કેમ્પ દરમ્યાન ઈન્દોર ખાતે ૯૮ હજારથી વધુ મોતીયાના નિઃશુલ્ક ઓપરેશન સદ્ગુરૂ પરીવાર દ્વારા કરાયા છે.

આ મેગા પ્રોજેકટ માટે રમેશભાઈ રાચ્છ, મુકેશભાઈ રબારી, હરીશભાઈ લાખાણી, અશ્વિનભાઈ મોરજરીયા, જગદીશભાઈ ગણાત્રા સહિતના અન્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

## આત્મીય યુનિ. તથા યુ.એન.જી.સી.એન.આઈ.ના ઉપક્રમે

# ભ્રષ્ટાચાર નિવારણ અંગે પરિસંવાદ યોજાયો

## સમાજને ભ્રષ્ટાચાર મુક્ત કરવો હોય તો શરૂઆત આપણાથી જ કરવી પડે છે પૂ. ત્યાગવલ્લભ સ્વામી

રાજકોટ, તા.૧૧

દિન-પ્રતિદિન સમાજમાં વધતા ભ્રષ્ટાચારથી ચિંતિત આત્મીય યુનિ. અને નેશન્સ ગ્લોબલ કોમ્પેકટ નેટવર્ક ઈન્ડિયા દ્વારા ઓફલાઈન અને ઓનલાઈન એમ બન્ને માધ્યમોથી ભ્રષ્ટાચાર સામે વૈશ્વિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. આ પરિસંવાદમાં હ્યુમેનિસ્ટિક મેનેજમેન્ટ નેટવર્ક, રિસ્પોન્સિબલ યુએન પ્રિન્સિપલ્સ ફોર મેનેજમેન્ટ એજ્યુકેશન, એન્ટી કરપ્શન વર્કિંગ ગ્રુપ, બ્લીટ્ઝ ઈન્ડિયા, શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસો. અને રોટરી કલબ ઓફ પ્રાઈમ જેવી અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનો ભરપૂર સાથ અને સહકાર સાંપડ્યો.

પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીએ આશિર્વાદ આપતા જણાવેલ કે, સમાજને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવું હોય તો તેની શરૂઆત આપણાથી જ કરવી પડે પછી જ પરિવાર, સમાજ અને રાષ્ટ્ર ભ્રષ્ટાચાર મુક્ત બને આવા શુભ સંદેશ સાથે દિપપ્રાગટ્યથી આ કાર્યક્રમની શરુઆત થઈ. આ પરિસંવાદના અધ્યક્ષ તરીકે આત્મીય યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. શિવકુમાર ત્રિપાઠીએ ભ્રષ્ટાચાર વિરુધ્ધ લડવામાં આવનારૂ ભવિષ્ય શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિ.ઓમાં ભણતા વિદ્યાર્થીઓની મહત્વની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું. આ કાર્યક્રમમાં યુએન ગ્લોબલ કોમ્પેકટ નેટવર્ક ઈન્ડિયાના એક્ઝિકયુટીવ ડિરેકટર રત્નેશ ઝાએ ભ્રષ્ટાચારના કેટલાક તારણો ઉદાહરણો સાથે જણાવ્યા હતા. જીસીએનઆઈના ડેપ્યુટી ડાયરેક્ટર ડો. સોમનાથસિંહે સરકારના કેટલાક ભ્રષ્ટાચાર વિરોધી કાયદાઓ અને તેમાં દંડની જોગવાઈઓ પર પ્રકાશ પાડ્યો હતો.

પેનલ ચર્ચા બાદ, ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલા ભૂતપૂર્વ સુશ્રી ડેલિયા ફરેરા રુબિયોના પ્રારંભીક વ્કતવ્ય સાથે ઓનલાઈન વૈશ્વિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પેનલને આ ક્ષેત્રના અનેક પ્રતિષ્ઠત વૈશ્વિક વિદ્વાનો દ્વારા સંબોધિત કરવામાં આવી હતી. જેમાં પ્રો. ડો. વુલ્ફગેંગ સી અમન, એચ.ઈ.સી. પેરિસ, પ્રો. ક્રિશ્ચિયન હાઉઝર, એપ્લાઈડ સાયન્સ યુનિ. સ્વિટ્ઝર્લેંડ, પ્રો. અગાટા સ્ટેચોવિઝસ્ટાનસ્ક, કેનેડિયન યુનિ. ઓફ દુબઈ અને પ્રો. ડો. કાયરિયાકોસ કુવેલિયોટિસ, બર્લિન સ્કૂલ ઓફ બિઝનેસ એન્ડ ઈનોવેશન વગેરે હતા. આ પેનલનું



સંચાલન આત્મીય યુનિ.ના વાઈસ ચાન્સેલર પ્રો. શિવ ત્રિપાઠીએ કર્યું હતું. જ્યારે મહેમાનોનું સ્વાગત આત્મીય યુનિ.ના રજીસ્ટ્રાર ડો. દિવ્યાંગ વ્યાસ કર્યું હતું. જ્યારે મહેમાનોનું સ્વાગત આત્મીય યુનિ.ના રજીસ્ટ્રાર ડો. દિવ્યાંગ વ્યાસે કર્યું હતું. ફેકલટી ઓફ બિઝનેસ એન્ડ કોમર્સના ડિન ડો. વિશાલ ખાસગીવાલાની આભારવિધિથી આ કાર્યક્રમ સાથે સમ્પન્ન થયો હતો.

# સામાજીક કાર્યકર્તા માનસી રાઠોડનો આજે જન્મદિનઃ શુભેચ્છાવર્ષા



મૂળ રાજકોટના વતની હાલ રાજકોટમાં રહેતા એવા માનસીબેન રાઠોડ ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજના નાની વયે સારી લોકચાહના હાશલ કરી અનેક નામી અનામી સંસ્થા સાથે રહી સેવા ના કાર્ય કરતા માનસી બેન નો જન્મદિવસ ૧૧ /ડિસેમ્બર સોમવાર ના આજ રોજ ૨૬ મા વર્ષમાં પ્રવેશી રહ્યા છે. માનસી બેન રાઠોડ સેવાકીય પ્રવુતિ મા જીવદયા માનવસેવા જેવા અનેક કાર્ય મા રુચિ ધરાવે છે.

માનસી બેનના જન્મ દિવસે વિવિધ સામાજિક સંસ્થા આગેવાનો ગ્રુપ સર્કલ જન્મદિવસ ની શુભેચ્છા પાઠવી રહ્યા છે

# યુનેસ્કો દ્વારા “અમૂર્ત સાંસ્કૃતિક વારસા” તરીકે ગરબાની પસંદગીને શહેર મહિલા મોરચા દ્વારા આવકાર





ગુજરાત રાજયનું નૃત્ય ‘ગરબા’ને યુનેસ્કોમાં ‘‘અમૂર્ત સાંસ્કૃતિક વારસા’ તરીકે મોકલવામાં આવેલ હતું. જેને યુનેસ્કો દ્વારા ગરબા નૃત્યની ‘‘અમૂર્ત સાંસ્કૃતિક વારસા‘‘ તરીકે પસંદગી થઈ હતી. આ અવસરને વધાવવા માટે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ તેમજ પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ દિપીકાબેન સરડવા, શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કિરણબેન હરસોડા, દેવિકાબેન રાવલની આગેવાનીમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યકત કરવાં મહિલા મોરચાની બહેનો દ્વારા ભાજપ કમલમ કાર્યાલય ખાતે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# લોધીકાનાં માખાવડ વાણંદ સમાજ દ્વારા ચામુંડા માતાજીનો ૨૪ કલાકનો નવરંગો માંડવો યોજાશે

## શનિવારે સવારે થાંભણી રોપણ, સાંજે મહાપ્રસાદનું આયોજન




તસ્વીરઃ પંકજ શિશાંગીયા



રાજકોટ તા.૧૧

લોધીકા તાલુકાનાં માખાવડ ગામે રાઠોડ પરિવાર અને વાણંદ સમાજ દ્વારા શ્રી ચામુંડા માતાજીનો ૨૪ કલાકનો નવરંગો માંડવાનું તા.૧૬ને શનિવારે આયોજન કરવામાં આવેલ છે.

જેમાં તા.૧૬ને શનિવારે સવારે થાંભણી રોપણ, બપોરે ૩.૩૦ કલાકે માતાજીનાં સામૈયા, સાંજે ૬.૦૦ ગામનો ધુમાડા બંધ મહાપ્રસાદ તા.૧૭ને રવિવારે સવારે થાંભલી વધાવવામાં આવશે. આ શુભ પ્રસંગે કરનાં રાવળદેવ દાસ બાપુ તથા રાખડી બંધ ભુવા મિલનભાઈ રાઠોડ તથા પઢીયાર ભુવા અક્ષયભાઈ રાઠોડ, ડાક કથાકાર સંદીપભાઈ સોઢા, માતાજીના ગુણગાન ગાશે.

માંડવાના આયોજનને સફળ બનાવવા મિલનભાઈ રાઠોડ, યોગેશભાઈ રાઠોડ, રમેશભાઈ રાઠોડ, નિલેશભાઈ રાઠોડ, અક્ષયભાઈ રાઠોડ, રાજ ધામેલીયા, દીપકભાઈ રાઠોડ જહેમત ઉઠાવી રહ્યા છે.

# કોંગ્રેસ નેતાએ કરેલ ભ્રષ્ટાચાર સામે રાજકોટ શહેર ભાજપનું વિરોધ પ્રદર્શન

ઝારખંડના નેતા અને રાજયસભાના કોંગ્રેસ નેતા સાંસદના ઠેકાણેથી આયકર વિભાગ દ્વારા ૨૦૦ કરોડ રૂપિયા રોકડા પકડવામાં આવ્યા છે તે સમગ્ર બાબત ભારત દેશની પ્રજા કોંગ્રેસ નેતાઓને જાણે તે માટે રાજકોટ શહેર ભાજપ ધ્વારા બહુમાળી ભવન ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવેલ હતું, આ તકે શહેર પ્રભારી પ્રકાશભાઈ સોની, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, ડો. દર્શિતાબેન શાહ સહિતના બહોળી સંખ્યામાં ભાજપ કાર્યકતાઓ ઉપસ્થિત રહયા




# શાલીભદ્ર જૈન સ્થાનકવાસી દ્વારા વિરાણી મુકબધિર શાળાના બાળકોને લેપટોપ, સિલાઈ મશીન, કેમેરો અર્પણ



શાલીભદ્ર જૈન સ્થાનકવાસી દ્વારા દિવ્યાંગ રોજગાર યોજના અંતર્ગત બીનાબેન અજયભાઈ શેઠ દ્વારા છ.શા. વિરાણી મુક બધિર શાળા ના મુક બધિર બાળકોને ૧૦ આધુનિક લેપટોપ,૨૫ સિલાઈ મશીન,૧ ડિજિટલ કેનન કેમેરો આપવામાં આવ્યો. આ સુંદર પ્રસંગે શાળાના મંત્ર નરેન્દ્ર ભાઈ દવે શાળાના ટ્રસ્ટી તેમજ જેમના પુરુષાર્થને કારણે શક્ય બન્યું છે તેવા હરેશભાઈ વોરા, ટ્રસ્ટી પ્રવીણભાઈ ધોળકિયા, પ્રશાંતભાઈ વોરા, રાજેશભાઈ વિરાણી, શાળાના હિતેચ્છું એવા દાતા ઉમેશભાઈ દફતરી, પંકજભાઈ મુછડા આ કાર્યક્રમમાં પોતાનો કિંમતી સમય ફાળવીને ઉપસ્થિત રહ્યા હતા.

### ૧૩ ડિસેમ્બરે સોની ટેલીવીઝન પર રીલીઝ થશે એપીસોડ

# પ્રથમ પ્રયાસે જ હોટ સીટ પર પહોંચ્યા રાજકોટના મીત જોષી

રાજકોટ, તા. ૧૧

કેબીસી દરેક વ્યકિતનું એક સપનું બની ગયું છે. કેબીસી થકી મહાનાયક અમિતાભ બચ્ચનને મળવાની તક મળે છે અને કરોડપતિ બનવાનું સપનું પુરૂ થાય છે. આ સપનું રાજકોટના મીત સુધીરભાઇ જોષીનું સાકાર થયું છે. મીત જોષીને હોટ સીટ પર બેસી પ્રશ્નોના સાચા જવાબ આપી કૌન બનેગા કરોડપતિ રમવાનો મોકો મળ્યો છે.

એપ્રિલ મહિનામાં પ્રથમવાર રજીસ્ટ્રેશન કર્યા બાદ ગત તારીખ ૧૭ નવેમ્બરના કેબીસીના સેટ પર પહોંચ્યા હતા. આ આઠ મહિનાના ઇંતેજાર બાદ હોટ સીટ પર બેસવાનો મોકો મળ્યો. મુળ જુનાગઢના અને છેલ્લા ૧૦ વર્ષથી રાજકોટમાં સ્થાયી થયેલ મીત જોષી કૌન બનેગા કરોડપતિમાં રમવા પહોંચ્યા હતા જેમાં ત્રીજા રાઉન્ડમાં ફાસ્ટ એન્ડ ફિંગરમાં સાચો જવાબ આપી હોટ સીટી સુધી પહોંચ્યા હતા. જયાં તેઓએ રૂા. ૮૦,૦૦૦ જીત્યા હતા.

મીત જોષી હાલ ફોરેસ્ટ અધિકારી માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે તેમજ કરૂણા ફાઉન્ડેશન સાથે જોડાયેલા છે. ૨૬ વર્ષીય મીત જોષી છેલ્લા ૩ વર્ષથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે તેમની સાથે કેબીસીમાં તેમના બહેન ખુશ્બુ જોશી સાથીદારના રૂપે સાથે ગયા હતા. તેમના માતાનું સપનું પુરૂ કરવા તેઓએ કેબીસી માટે એપ્લાય કર્યુ હતું અને આજે તેઓએ પ્રથમ વખતમાં જ હોટ સીટ પર પહોંચી જતા માતાનું સપનું પૂર્ણ થયું.







(તસ્વીર : દેવેન અમરેલીયા)

## તમારો ડર મને આપો અને નિશ્ચિંત બની જવાબ આપો : અમિતાભ બચ્ચન

અનેક લોકો કૌન બનેગા કરોડપતિના હોટ સીટ સુધી પહોંચવા માંગે છે અને સારી એવી ધનરાશી જીતવા માંગે છે પરંતુ કેટલીક વાર કેબીસી જેવા મોટા પ્લેટફોર્મ સુધી પહોંચી ડરી જાય અથવા ગભરાહટમાં ખોટા જવાબ આપી બેસે છે. ત્યારે આ લ્હાવો રાજકોટના મીત સુધીરભાઇ જોષીને મળ્યો છે જયારે ત્રીજા રાઉન્ડમાં મીત જોષીએ ફાસ્ટે ટેસ્ટ ફિંગરમાં માત્ર ૩ સેકન્ડમાં જવાબ આપી હોટ સીટ પર પહોંચ્યા ત્યારે ખુબ ગભરાઇ ગયા હતા પરંતુ મહાનાયક અમિતાભ બચ્ચનએ ખુબ સહજતાથી મીત જોષીને નિશ્ચિંત બની રમવાનું કહ્યું, અમિતાભ બચ્ચને કહ્યું કે તમારો ડર મને આપો અને તમે નિશ્ચિંત બની ગેમ રમો અને ઘણી બધી ધનરાશી જીતો, અમિતાભ બચ્ચનના આ વાકયો સાંભળી મીત જોષી નિશ્ચિંત બન્યા. અમિતાભ બચ્ચનના આ વાકયો દરેક સ્પર્ધકને આરામદાયક અનુભવ આપે છે.

## ઓડીશનમાં ૯૦૦ લોકોની લાઇનઃ પ્રથમ વખતમાં જ તમામ પરીક્ષાઓ પાસ કરી

ભારતભરમાંથી લોકો કોન બનેગા કરોડપતિમાં ભાગ લેવા અરજી કરે છે. કાર્યક્રમની જાહેરાતથી જ લોકો ઓનલાઇન અપ્લાય કરવાનું શરૂ કરે છે. આથી એક-બે નહીં પરંતુ લાખો લોકો ઓનલાઇન એપ્લીકિશનમાં અરજીઓ કરે છે. તેમાંથી કેટલાક લોકો જ પાસ થાય છે. ત્યારે રાજકોટના મીત જોષીએ પ્રથમવાર જ ઓની લીવની એપ્લીકિશનમાં અપ્લાય કર્યુ હતું. જેમાં તેઓ પાસ થયા હતા અને મુંબઇમાં પરીક્ષા આપવા જણાવવામાં આવ્યું હતું. મીત જોષી જ્યારે મુંબઇ લેખીત પરિક્ષા માટે ગયા ત્યારે ૯૦૦ લોકોની લાઇન હતી એ સમય એક ભાગ માટે મીત જોષી હાર માની ગયા. તેઓએ વિચાર્યુ કે ૯૦૦ લોકોની હરોળમાં આપણો વારો નહીં આવે પરંતુ એક બાદ એક તમામ પરીક્ષાઓ પાસ કરી અને હોટ સીટ સુધી પહોંચ્યા.

## આજીવન યાદગીરી બનતો અનુભવ : ૮ પ્રશ્નોના સાચા જવાબ આપ્યા

તા. ૧૭ના તેઓ કેબીસીના પ્રથમ રાઉન્ડ માટે પહોંચ્યા હતા. કેબીસી દ્વારા તેઓને આવવા-જવા માટે ફલાઇટની ટીકીટ આપવામાં આવી હતી. આ ઉપરાંત મીત જોષી સાથે ગયેલ તેમની બહેનનો ખર્ચ પણ કેબીસી તરફથી હતો ૩ દિવસનો ખર્ચ અંદાજે ૨ લાખ સુધીનો થયો હતો. કેબીસીના સેટ પર પહોંચ્યા બાદ તમામ સ્પર્ધકોના ફોન લઇ લેવામાં આવતા હતા અને શુટીંગનું રિહર્સલ કરવામાં આવતું હતું.

આગામી તા. ૧૩ ડિસેમ્બરે મીત જોષીનો એપીસોડ રીલીઝ થશે.

કેબીસી તરફથી દરેક સ્પર્ધકાના ફોટાની પસંદગી કરવામાં આવતી અને સીલેકટેડ કપડા જ સ્પર્ધકો પહેરી શકે. મીત જોષી જયારે કેબીસીના સેટ પર પહોંચ્યા ત્યારે નકકી જ કર્યુ હતું કે હોટ સીટ પર જવું જ છે અને તેઓએ જે ધાર્યુ હતું તે સિધ્ધ કરી બતાવ્યું.

આઠમાં સવાલમાં તેઓને અડચણ આવતા ફોન ઓન ફ્રેન્ડથી તેમના સરને ફોન કરી મદદ માંગી હતી પરંતુ તેઓ તરફથી જવાબ ન મળતા અંતે કવીટ કર્યુ હતું. જયારે મીત જોષી અમિતાભ બચ્ચનને સેટ પર પ્રથમવાર મળ્યા ત્યારે મીત જોષીએ પોતાનો પરિચય આપતા જણાવ્યું કે 'હું મીત જોષી રાજકોટ ગુજરાતથી આવ્યો છું, જે ગુજરાત ટુરીઝમના બ્રાન્ડ એમ્બેસેડર હતા' ત્યારે આ સમયે અમિતાભ બચ્ચનએ પણ વાતને સ્વીકારી હતી.

મીત જોષીએ આજરોજ 'સાંજ સમાચાર'ની મુલાકાત લઇ કેબીસીના અનુભવો વિશે જણાવતા કહ્યું કે આપણે ત્યાં જવા માટે ઘણુ બધુ વિચારીએ છીએ કે ત્યાં પહોંચી શું શું કરીશુ પરંતુ સેટ પર પહોંચ્યા બાદ કેબીસીની લાઇટ, ત્યાંનો માહોલ, મ્યુઝીક અને સાથે અમિતાભ બચ્ચનને જોઇ મગજ સુન્ન થઇ જાય છે. શું બોલવું અને શું જવાબ આપવો તેનો ખ્યાલ જ નથી રહેતો.

## એક સ્પર્ધક પાછળ ૨ લાખનો ખર્ચ

કૌન બનેગા કરોડપતિનું વર્લ્ડ વાઇલ્ડ પ્રસારણ થાય છે. આથી તેના દર્શકો ભારતમાં જ નહીં પરંતુ અન્ય દેશોમાં પણ ઘણા છે. આથી બીગ બજેટના કાર્યક્રમમાં ખર્ચો પણ વિશાળ પ્રમાણમાં કરવામાં આવે છે. મીત જોષીના જણાવ્યા અનુસાર એક સ્પર્ધક પાછળ અંદાજે બે લાખનો ખર્ચ થાય છે. મુંબઇ જવા-આવવા માટે બે વખતનું ફ્લાઇટનું ભાડુ, હોટલમાં રહેવાનું ભાડુ, જમવાનું બીલ તેમજ હોટલની સેટ સુધી પહોંચવા સુધીનો તમામ ખર્ચ કેબીસી તરફથી કરવામાં આવશે. દરેક સ્પર્ધકને ફાઇવ સ્ટાર હોટલમાં રાખવામાં આવે છે અને તેની સાથે આવેલ સંબંધીને પણ તમામ સુવિધાઓ પણ આપવામાં આવે છે.

## માતાનું સપનું પુરૂ કરવા કેબીસી માટે સખત મહેનત કરી

હાલ મીત જોષી ફોરેસ્ટ અધિકારી માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે. જુનાગઢની ભરાડ સ્કુલમાં શાળાકીય અભ્યાસ પૂર્ણ કર્યો અને રાજકોટની વીવીપી એન્જીનીયરીંગ કોલેજમાંથી મીકિનીકલ એન્જીનીયરીંગનો અભ્યાસ કર્યો છે. પરિવારમાં માતા રેખાબેન જોષી, પિતા સુધીરભાઇ જોષી, મોટી બહેન વિશ્વા ભટ્ટ અને નાની બહેન ખુશ્બુ જોષી છે, રાજકોટના રૈયા વિસ્તારમાં રહે છે.

## એપ પર અપ્લાય કર્યાથી લઇ કેબીસીની હોટ સુધીની સફર...

મીત જોષીએ એપ્રિલ માસમાં સોની લાઇવ એપ પરથી ઓનલાઇન રજીસ્ટ્રેશન કર્યું હતું ત્યારે તેઓને અંદાજ પણ નહોતો કે તેઓ એક દિવસ હોટ સીટ સુધી પહોંચશે, સોની લાઇવની એપ દ્વારા રજીસ્ટ્રેશનમાં પાસ થયા બાદ તેઓને ફોન દ્વારા મુંબઇ લેખીત પરીક્ષા માટે બોલાવવામાં આવ્યા હતાં. જેમાં ૫૦ માર્કસની ઓ.એમ.આર. પરીક્ષા આપવામાં આવે છે. તેમાં ૪૦ માર્કસ સાથે પાસ થયા હતાં. ત્યારબાદ ત્રીજા રાઉન્ડમાં પર્સનલ પેનલ દ્વારા લેવામાં આવ્યું હતું જેમાં મીત જોષીના અંગતજીવન વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તેમાં પણ તેઓ પાસ થયા હતા અને અંતમાં તેઓને ફાસ્ટેસ્ટ ફિંગર માટે ફરી મુંબઇ બોલાવવામાં આવ્યા હતા. તેમાં પણ મીત જોષી ત્રીજા રાઉન્ડમાં જીત્યા હતા અને હોટ સીટ પર પહોંચ્યા હતા. સખત મહેનત બાદ હોટ સીટ પર પહોંચનાર મીત જોષી ભાવવિભોર બન્યા હતાં.


## કેબીસીનો અદ્‌ભુત માહોલ અને મહાનાયક અમિતાભ બચ્ચનને સામે જોતા ગભરાહટ વધી જાય છે

મીત જોષી જણાવે છે કે કેબીસીનો માહોલ જ કંઇક અલગ હોય છે, ૧૫ ડિગ્રી ઠંડીવાળા તાપમાન વચ્ચે હોટ સીટ પર બેસી અમિતાભ બચ્ચન સામે બેસીને રમવું ખુબ મુશ્કેલ છે, કેબીસી લાઇટીંગ અને બેકગ્રાઉન્ડનું મ્યુઝીક શ્વાસ થંભાવી દે છે, ડર વધી જાય, શુટીંગ શરૂ થાય ત્યારે અમિતાભ બચ્ચન દરેક સ્પર્ધકને રૂબરૂ મળે છે, તેના હાલચાલ પૂછે છે મહાનાયક હોવા છતાં અમિતાભ બચ્ચનનો સ્વભાવ ખુબ સરળ છે, દરેક વ્યકિતને સહજતાથી મળે છે, વાતચીત કરે છે. કેબીસીના હોટ સીટ સુધી પહોંચવું ખુબ મુશ્કેલ છે પરંતુ જયારે હોટ સીટ પર પહોંચો ત્યારે આનંદ છવાઇ જાય છે. દરેક સ્પર્ધકનું સપનું હોય છે કે હોટ સીટ પર બેસી અમિતાભ બચ્ચનની સામે બેસી કેબીસી રમે જે આજે મારૂ સપનું પુરૂ થયું છે.

---

### આધ્યાત્મિક ગુરૂ, વિખ્યાત ફિલોસોફર

# ઓશોની આજે ૯૨મી જન્મ જયંતિ



આધ્યાત્મક ગુરુ આચાર્ય રજનીશ જે 'ઓશો'ના નામથી સમગ્ર વિશ્વ જાણે છે. આજે ઓશોની ૯૨મી જન્મજયંતી છે. તેઓ મધ્યપ્રદેશના કુચવાડમાં જમ્યા હતા તેમણે અનેક ધર્મો અને વિચારધારાઓ પર પ્રવચનો આપ્યા છે. તથા ધ્યાન શિબિરો દ્વારા શિષ્યોને નવી દિશા આપી છે. આજે તા.૧૧ના ઓશોની જન્મજયંતી નિમિતે તેમના પુસ્તક 'દરિયા કહે શબ્દ નિરબાના'માંથી પ્રવચનના અંશો અત્રે પ્રસ્તુત છે.

હું તો નિહાળું છું એક નવો સૂરજ, એક નવી સવાર, એક નવી પૃથ્વી, એક નવો મનુષ્ય તે રોજ નિખરતી આવે છે. જો આપણે થોડાક સજાગ થઈ જશો તો આ ક્રિયા જલ્દી નિહાળી શકશોઃ આ રાત જલ્દી પૂરી થાય, આ પ્રભાત જલ્દી શરૂ થાય.

એટલા માટે ધ્યાનના દીવડાને પ્રગટાવો અને પ્રેમના ગીતો ગાઓ. પ્રેમના ગીત અને ધ્યાનના દીવડા જેવી સવાર આજ દિવસ સુધી માણસના જીવનમાં થઈ નથી. તેને પેદા કરી શકાય છે. માણસ ઘણો તડપાયો છે, નરકમાં ઘણું જીવી લીધું છે. સમય એ છે કે આપણે સ્વર્ગને પૃથ્વી પર ઉતારી લઈએ. સ્વર્ગ ઉતરી શકે છે.

જો એક અણુ વિસ્ફોટ હિરોશિમા જેવા વિશાળ નગરને પાંચ ક્ષણોમાં ખતક કરી શકે છે,. એક લાખ લોકોને રાખ કરી શકે છે ત્યારે દસ હજાર આત્માઓનો આનંદ વિસ્ફોટ આ સમગ્ર પૃથ્વી પર એક નવા યુગનું સૂત્ર અંકિત થઈ શકે છે.

એક નવા માનવને જન્મ આપવાનો છે. મનુષ્યની એક નવી ધારણા આવશ્યક થઈ ગઈ છે. એક એવી ધારણા જે જીવનને તેની સર્વાંગીલાતામાં સ્વીકાર કરતી હોય, અહોભાવથી, એક એવી ધારણા જે ક્ષુદ્રથી લઈને વિરાટ સુધી કંઈપણ અસ્વીકાર ન કરતી હોય કારણ કે કીચડમાં કમળ છૂપાયા છે કીચડનો સ્વીકાર કર્યો તો કમળ કયારેય પેદા નહિ થાય. કીચડ અને કમળ બન્ને અંગીકાર કરવા જોઈએ. એટલા માટે હું સંન્યાસીઓને કહું છું કે ઘર છોડશો નહિ. દ્વારા છોડશો નહિ, આ કીચડની દુનિયા છે. એને છોડી ભાગી ન જશો. નહિતર કમળ થશે નહિ. મારા સંન્યાસની ધારણામાં કેવો મનુષ્ય હોય તેની પહેલી રૂપરેખા છે. તેનું પહેલું વિધાન છે, પરંતુ આ બધી વાતો હું માત્ર ભારત માટે કરી રહ્યો નથી. સમસ્ત મનુષ્ય જાતિને લાગુ પડે છે.

આ અત્યંત નિર્ણાયક સમય નજીક આવી રહ્યો છે. જયારે બધુ નકકી કરવાનું રહેશે. આવનારા ૨૫ વર્ષોમાં આપણે જોઈશું કે સમસ્ત મનુષ્યતાએ પોતાની જ મૂઢતાના કારણે પોતાનો અંત નોતરી લીધો છે. એક એક માણસને સાત સાત વાર મારી શકાય છે. એ રીતે ૭૦૦ પૃથ્વીને નષ્ટ કરી શકાય છે. પરંતુ માત્ર મનુષ્ય જ નહિ મટે, પશુ-પક્ષી, છોડ, કીડા મકોડા બધા મરી જશે.

આટલા મોટા વિસ્ફોટ સાધનો પર જે લોકોનો હક છે તે થોડા પાગલ છે.

આપણા જીવનનો ભરોસો શું છે? આ જે વિરાટ ઉર્જા એકઠી થઈ ગઈ છે. સારા જગતમાં આ રાજનીતિજ્ઞોના હાથમાં છે. અને તેનાથી વધારે સનકી તકે કયા શોધશો? તેની ચાવીઓ પાગલાના હાથમાં છે. આપણે એક ખતરામાંથી પસાર થઈ રહ્યા છે. તેમાંથી કોઈપણ એક પાગલ તે મહાવિનાશની શરૂઆત કરી શકે છે. તે મહાવિનાશ શ્રૃંખલાબધ્ધ થશે.

તેની પહેલા આ વિનાશ થાય ત્યારે મનુષ્યના જીવનના કેટલાક નવા આધાર રાખી લેવા જોઈએ. ધ્યાનમાં જ તે આધાર રાખી શકાય છે. કારણ કે ધ્યાન જ મનુષ્યને શાંત કરે છે. યુધ્ધથી મુકત કરે છે. ધ્યાન જ મનુષ્યને અંતરાત્માનો અવાજ સાંભળવાની તક આપે છે.

એટલા માટે મારા બધા પ્રયાસો એક જ વાર ટકેલી છે કે કઈ રીતે વધારેમાં વધારે મનુષ્યો ધ્યાનની ગરિમાને મેળવી શકે. ધ્યાનમાં ભવિષ્ય છે અને ધ્યાનમાં જ એક માત્ર સુરક્ષાની સંભાવના છે.

### વિશ્વની વિષમ પરિસ્થિતિમાં ધ્યાનની પ્રક્રિયા જ સર્વશ્રેષ્ઠઃ ધ્યાનમાં જ સુરક્ષાની સંભાવના

## ઓશોના અમૃત વચન

★ માણસ વીતે છે. સમય વીતતો નથી. આપણો ખર્ચ થાય છે. સમયનો ખર્ચ થતો નથી.

★ કાલ તો કયારેય આવતી નથી. જયારે પણ આવે છે આજ જ આવે છે. કાલે પણ આજ જ આવશે.

★ જે કાલે થઈ ગયું, તેનાથી શીખો અને પાર થઈ જાઓ. દોહરાવો નહિં. જયાંથી પસાર થઈ ગયા. ત્યાંથી નીકળી જાઓ તેને પકડી ન રાખો.

★ જેણે પ્રથમ કદમ ઉઠાવી લીધું તે અંતિમ પણ ઉઠાવશે. પહેલામાં જ અડચણ છે, અંતિમમાં અડચણ નથી.

---

## નવનાત વણિક સમાજની બેઠક યોજાઈઃ ભાવિ કાર્યક્રમોની ચર્ચા

જીરાવલા પાર્શ્વનાથ જિનાલયે ગઈકાલે તા.૧૦મીના રવિવારે નવનાત વણિક સમાજની બેઠક યોજાઈ હતી. જેમાં એકતા અને સંગઠન સાથે આગામી તા.૧૦મી ફેબ્રુઆરીના 'વણિક રત્ન એવોર્ડ'ની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ફેબ્રુઆરી પહેલા સૌરાષ્ટ્રના તમામ જીલ્લામાં સંગઠન સ્થાપવામાં આવશે. રાજકોટમાં મહિલા શાખા રચવામાં આવશે. વર્ષ દરમ્યાન ત્રણ કાર્યક્રમો વણિક રત્ન એવોર્ડ, સ્નેહ મિલન, વેવિશાળ કાર્યક્રમ, નવરાત્રી સહિતના આયોજનો કરાશે.

ઉપરોકત બેઠકમાં પ્રશાંતભાઈ શાહ, વૈભવભાઈ ચોકસી, વિપુલભાઈ શાહ, નીતિન મહેતા, ગિરીશ શાહ, રીટાબેન, દિપાલીબેન, સ્નેહલતાબેન સહિતના અન્ય ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.





---



## ધ ન્યુ એરા સ્કૂલમાં વિદ્યાર્થીઓ દ્વારા પોસ્ટબોક્સ પર પ્રોજેકટ રજૂ કરાયો

ધ ન્યુ એરા સ્કૂલમાં ધો.૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શ્રેયાંશી ઝાટીયા, જીયા મોવર, શહાના મોવર, સન્તા મોવર, મનન પાનસુરીયા, હેમ શેઠ, કમલેશ માલી જેઓએ તાજેતરમાં પોસ્ટબોક્ષ પર પ્રોજેકટ રજૂ કરી પત્રવ્યવહારના સુવર્ણ દિવસોની યાદોને જીવંત કરી છે. વિદ્યાર્થીઓએ આ પ્રોજેકટ રજૂ કરીને પોસ્ટબોક્ષનું મહત્વ સમજાવ્યું અને વ્યવહારૂ જીવનમાં તેનો ઉપયોગ કઈ રીતે કરવો તેની પણ સમજ આપી. આ વિસરાયેલી યાદોને ફરીથી જીવંત રાખવા માટે નાના બાળકોને પોસ્ટ ઓફીસનું મહત્વ અને તેનો ઉપયોગ સમજાવવો ખૂબ જ જરૂરી છે.

## પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા હરીદ્વાર ગંગા કિનારે ભાગવત સપ્તાહનું આયોજન

રાજકોટ,તા.૧૧

પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાજકોટમાં પ્રથમ વખત અગામી ચૈત્ર માસ માં તા. ૦૩/૦૫/૨૦૨૪થી ૧૨/૦૫/૨૦૨૪ સુધી રાજકોટ શહેરમાં વસતા નિરાધાર, નિઃસહાય અપંગ (વિકલાંગ) લોકોના પિતૃઓના મોક્ષાર્થે હરીદ્વાર ગંગા કિનારે ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવેલ છે. આ ભાગવત સપ્તાહ માં સામેલ થનાર અપંગ (વિકલાંગ) લોકો પાસેથી એક પણ પૈસો ફી લેવામાં આવશે નહી. તેઓને વિનામુલ્યે હરી દ્વાર ભાગવત સપ્તાહમાં લઇ જવામાં આવશે.

આ ભાગવત સપ્તાહના મુખ્ય યજમાન પદે ચંદ્રિકાબેન નાનજીભાઈ જોષી તથા ભરતભાઈ લાખાણી પરિવારના પિતૃ મોક્ષાર્થે સ્વ. નાનજીભાઈ જીવનભાઈ જોષી, સ્વ. વિજયબેન નાનજીભાઈ જોષી તથા સ્વ. રમેશભાઈ નાનજીભાઈ જોષી તથા સ્વ. શારદાબેન ભરતભાઇ લાખાણી તથા સ્વ. ધર્મેન્દ્રભાઈ ભરતભાઈ લાખાણીના સ્મરણાર્થે રાખવામાં આવેલ છે.આ યાત્રામાં જોડાવા માટે અપંગ (વિકલાંગ) લોકોએ અપંગ (વિકલાંગ) દાખલાની ઝેરોક્ષ તથા આધાર કાર્ડની ઝેરેક્ષ એક ફોટો સાથે લઇ સંસ્થાના કાર્યાલય પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ, લક્ષ્મીવાડી-૯/અ, શ્રી પ્રગટ હનુમાનજી મંદિર, મીલપરા મેઇન રોડ, ઉપર સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૫ થી ૮ સુધીમાં મેળવી લેવાના રહેશે.આ યાત્રાના ફોર્મનું વિતરણ તા. ૧૦/૧૨/૨૦૨૩ થી શરૂ કરવામાં આવશે. અને ફોર્મ ભરીને તા. ૨૫/૧૨/૨૦૨૩ સુધીમાં કાર્યાલય ઉપર પરત જમા કરવાના રહેશે.

## નેશનલ યુથ પ્રોજેકટ દ્વારા સુવર્ણપ્રાશન કેમ્પ

નેશનલ યુથ પ્રોજેકટ તથા ફેમીલી પ્લાનીંગ એસોસીએશન ઓફ ઈન્ડિયા, રાજકોટ શાખા દ્વારા સુવર્ણ પ્રાશન કેમ્પનું આયોજન તાઃ ૨૮-૧૨ ના સવારે ૧૧-૩૦ થી બપોરે ૧૨-૩૦ સુધી અને સાંજના૬-૩૦ થી ૭-૩૦ વાગ્યા સુધી ડો.એલ.બી.રાવલને ત્યાં આર.એન.ડી આયુર્વેદિક સ્ટોર્સ, ગાયત્રીનગર મેઈન રોડ, જીવરાજ હોસ્પિટલની બાજુમાં, પેરેગોન પ્લાસ્ટિકની સામે, કેશર ડેરીની બાજુમાં, રાજકોટ ખાતે કરવામાં આવેલ છે

## માનવ અધિકાર દિવસની ઉજવણી

રાજકોટ ડીસ્ટ્રીક્ટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચ.આઇ.વી./એઇડ્સ (RDNP) સંસ્થાની વાર્ષિક સાધારણ સભા અને માનવ અધિકાર દિવસ યોજાય હતી. જેમાં ૭૨ મેમ્બરો હાજર રહયા હતા. ત્યાબાદ સંસ્થાનાં પ્રમુખ જગદીશભાઇ પટેલ દ્વારા આવેલ સભ્યોનું સ્વાગત કરવામાં આવેલ. બોર્ડ મેમ્બર નુ પુષ્પ ગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. તેમજ ધર્મેશભાઇ એંધાણી (મંત્રી) દ્વારા વાર્ષિક રીપોર્ટ નુ વાચન, અને ફાઇનાન્સ અહેવાલ નુ વાચન મધુબેન વડગામા (ખજાનચી) દ્વારા કરવામાં આવેલ, અને તમામ સભ્યોની સંમતિ લેવામાં આવેલ.

## ચામડીના રોગની નિષ્ણાંત ડોકટર દ્વારા રાહતદરે સારવાર

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ કનક રોડ, એસટી પાછળ રાજકોટ ખાતે કૃષ્ણ ચિકિત્સાલયમાં રાહતદરે ચામડીના રોગોના નિષ્ણાંત ડો. ચેતનભાઈ લાલસેતા દર મંગળવારે સાંજે ૪થી ૫ તથા ડો. વનશ્રી ચંદારાણા દર ગુરૂવારે સાંજે ૪થી ૫ પોતાની રાહતદરે સેવા આપશે.



## આત્મ કલ્યાણ માટે મનની શુધ્ધિ જરૂરી છેઃ પૂ.ધીરજમુનિ મહારાજ

રાજકોટ તા.૧૧

શ્રી સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન સંઘ, જૈનભવનના આંગણે પુ.શ્રી ધીરગુરુ દેવનું તા.૯ના પદાર્પણથી ધર્મોત્સાહ છવાયો હતો. પૂ.નયનાજી મ.સ. આદિ તથા શ્રમણ સંઘના સાધ્વીરત્ના પૂ.દર્શનપ્રભાજી, પૂ. અનુપમાજી મ.સ. પૂ.સૌરભસુધાજી મ.સ. ઠાણા-૧૧ના પધારવાથી ચતુર્વિધ સંઘનું મિલન થયેલ. મંગળ પ્રવેશ બાદ નવકારશી અને વ્યાખ્યાન યોજાયેલ.

પૂ.જિનેશ્વરાજી મ.સ. એ ગુરુ સ્વાગત ગીત બાદ આત્માને જાણવા માટે જીવનમાં 'ધીરજ'ની જરૂરિયાત અંગે અને પૂ.સૌરભસુધાજીએ ઈન્દોરમાં સ્થવીરા પૂ. રમરીકકુંવરજી મ.સ.ના ઉપાશ્રય નિર્માણમાં પૂ. ગુરુદેવના ઉપકારને સ્મૃતિમાં લાવી ઉદારતાને બિરદાવી હતી.

પૂ.ગુરુદેવે ધર્મસભાને સંબોધતા જણાવેલ કે આત્માને જાણવા મનની શુધ્ધિ માટે કોઈનું ખરાબ ન જોવું, ન બોલવું અને પરનિંદા ન સાંભળવી. વધુમાં ઉમેર્યુ હતું કે કોઈના દુઃખી દુઃખી થવું તે પણ 'આત્મવત સર્વભુતેસુ' સૂત્રને ચરિતાર્થ કરવામાં ઉપયોગી બને છે.

જૈન ભવનમાં શ્રીપાક ગૃહ નિર્માણ યોજનામાં ૧ લાખ ૮ હજારની યોજનામાં ૮ દાતાઓ જોડાયા હતા. સાતાકારી પાટમાં ૧૭ ભાવિકોએ અને જીવદયા કળશનો લાભ કિરણભાઈ દોશીએ લાભ લીધેલ.

## ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સમાં યુનિક વિકલાંગ સંસ્થાના ૪ ખેલાડીઓ સિલેક્ટ થયા

દિલ્હીમા ૧૦થી ડીસેમ્બરથી પ્રથમ વખત ખેલો ઇંડીયા પેરા ગેમ્સનુ આયોજન શરુ થયેલ છે. જેમા ગુજરાતમાથી ૯૫ જેટલા પેરા ખેલાડીઓ ભાગ લેતા જોવા મળશે. આ ગેમ્સમા રાજકોટથી યુનિક વિકલાંગ સસ્થાના ૨ પેરા ખેલાડીઓ પાવરલિફ્ટીંગ અને ૨ પેરા ખેલાડીઓ ટેબલટેનીસ ગેમ્સમા સિલેક્ટ થયા છે. સંસ્થાના ઇંટરનેશનલ લેવલના ખેલાડી રામ બાભવા જે તાજેતરમાં જ એશીયન ગેમ્સ રમીને આવેલ છે તેઓ અને નેશનલ પ્લેયર પ્રભા શિયાળ પેરા પાવરલિફ્ટિંગમા પોતાનુ કૌવત બતાવશે. પેરા ટેબલટેનીસ ગેમ્સમા સંસ્થાના મનિષા ખખ્ખર અને ધ્વની શાહ પોતાની પ્રતિભા દર્શાવશે.

## વોર્ડ નં.૧૦માં સરકારી યોજનાના કેમ્પનો લાભ લેતા ૨૯૬૦ લોકો : કાલે વોર્ડ ૭માં સંકલ્પ યાત્રા

### મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય દર્શિતા શાહની હાજરીમાં યોજાયેલા કાર્યક્રમ



રાજકોટ, તા. ૧૧

મ્યુનિ. કોર્પોરેશનની સંકલ્પ યાત્રા ગઇકાલે વોર્ડ નં.૧૦માં પહોંચી હતી અને સાથે યોજાયેલા યોજનાકીય કેમ્પમાં લોકોએ જુદી જુદી સરકારી સેવાનો લાભ લીધો હતો. રવિવારે વોર્ડ નં.૧૦માં શ્રી અમૃત ઘાયલ કોમ્યુનિટી હોલમાં કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયાની હાજરીમાં અને બપોર બાદ પુષ્કરધામ હોકર્સ ઝોન ખાતે ડો. દર્શિતા શાહની ઉપસ્થિતિમાં કેમ્પ યોજાયો હતો. બંને કેમ્પમાં ૨૯૬૦ લોકોએ આધાર, રેશનકાર્ડ, હેલ્થ કાર્ડ, પ્રધાનમંત્રી યોજનાઓ, રમત ગમત, પેન્શન યોજના સહિતના કામ કરાવ્યા હતા. આ અવસરે ભાનુબેન બાબરીયાએ આયુષ્યમાન કાર્ડ સહિતના લાભો સહિતના કામો સહિતની યોજના વર્ણવી હતી. તો મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે લોકોને યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં ભાજપ પ્રમુખ મુકેશ દોશી, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, કમિશનર આનંદ પટેલ, શાસક નેતા લીલુબેન જાદવ, દંડક મનીષ રાડીયા, હોદ્દેદારો, કોર્પોરેટરો, અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા. આવતીકાલ તા. ૧૨ના રોજ વોર્ડ નં.૭માં યોજનાકીય કેમ્પ યોજાશે.






(તસ્વીર : દેવેન અમરેલીયા)

# સડન કાર્ડિયાક ડેથના બધા કેસમાં પોસ્ટમોર્ટમ અચૂક કરાવવુ જોઈએ તો જ સાચુ કારણ જાણી શકાયઃ ડો. તેજસ પટેલ



## સી.પી.આર. ટ્રેનીંગનો વ્યાપ દરેક ગલી મહોલ્લા સુધી પહોંચવો જોઈએ જીભને ભાવે એ હૃદયને ઓછુ ફાવે એ વાતનું ખાસ ધ્યાન રાખો

રાજકોટ તા. ૧૧: છેલ્લાં થોડા સમયથી આપણે ગુજરાતભરમાં તરૂણથી લઈ યુવાનો સુધીના લોકોમાં અચાનક હાર્ટ એટેક આવવાના અને મૃત્યુ થવાના સમાચારો વારંવાર સાંભળીએ છીએ અને આવા બનાવોના કારણે સમાજમાં આ બાબતે ભયનો માહોલ જોવા મળે છે ત્યારે સડન કાર્ડિયાક ડેથના બધા કેસ એ હાર્ટએટેક નથી, આવા મૃત્યુના બનાવ વખતે દરેક કેસમાં અચૂક પોસ્ટમોર્ટમ કરાવવુ જોઈએ અને તો જ સાચા કારણની જાણ થશે અને ભવિષ્યમાં આવા કારણોથી અચાનક થતાં મોત અટકાવી શકાશે એમ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રામ અમદાવાદના જાણીતા કાર્ડિયોલોજીસ્ટ પદ્મથી ડો. તેજસ પટેલે જણાવ્યું હતું. રાજકોટમાં આજે ઈન્ડીયન મેડિકલ એસોસીએશન દ્વારા આયોજીત આઈ.એમ.એ. દિલથી યુવા હૃદય સુધી પરિસંવાદમાં બોલતાં તેમણે હૃદય રોગ વિશે લોકોએ ગભરાવાની જરૂર નથી પણ સાવચેત ચોક્કસ થવુ પડશે એવી ટકોર કરી હતી.

ડો. તેજસ પટેલે જણાવ્યુ હતું કે, હમણાં હમણાં આપણે રોજ નાની ઉંમરના લોકોના અચાનક હાર્ટ એટેકના કારણે મોત થયાના સમાચાર જાણીએ છીએ એટલે આપણને લાગે છે કે અચાનક હાર્ટએટેકના બનાવ વધ્યા છે પણ હકીકતમાં એવ નથી, છેલ્લાં વીસ વરસથી હાર્ટએટેકના બનાવ સતત વધતા જ જાય છે પણ અત્યારે વિવિધ મિડિયાના પ્રભાવના કારણે આપણને તરત આવા બનાવોની જાણ થાય છે. તેમણે વરસોની તેમની પ્રેક્ટીસ દરમિયાન થયેલાં અનુભવનો નીચોડ આપતાં કહ્યુ કે અનિયમીત જીંદગી, જંકફુડ, કસરતનો અભાવ અને ખાસ યુવા વર્ગમાં વધતા જતા વ્યસનોના કારણે છેલ્લાં ઘણા વરસથી નાની વયના લોકોમાં હૃદય રોગનું પ્રમાણ વધ્યુ છે. નાની વર્ષના લોકોના અચાનક હાર્ટએટેકના કારણે મૃત્યુ થાય એવા દરેક કેસમાં પોસ્ટમોર્ટમ ખાસ કરાવવાથી મૃત્યુ નું સાચુ કારણ જાણી શકાશે અને અમુક કેસમાં વારસાગત હૃદયની બિમારી માલુમ પડશે તેવા કેસમાં તેના પરિવારના દરેક સભ્યોની તપાસ કરી તેમના પર હૃદયરોગનું જોખમ ઓછુ કરી શકાશે. પોસ્ટમોર્ટમ માટે તબીબો આગ્રહ કરતાં હોય છે પણ હજુ સમાજમાં જાગૃત્તિનો અભાવ છે એટલે જલ્દી પરિવારજનો પોસ્ટમોર્ટમ માટે તૈયાર થતાં નથી, સમાજમાં આ બાબતે વધુ જાગૃત્તિ આવશે તો ભવિષ્યમાં અનેક લોકોના મોત અટકાવવામાં આપણે નિમિત બની શકીશુ એવુ મારૂ માનવુ છે. હંદપરોગ માટે વારસાગત કારણો પણ જવાબદાર હોઈ શકે છે, જન્મજાત હૃદયની દિવાલો જાડી કે પાતળી હોય એવા કેસમાં વહેલું નિદાન થાય તો સારવાર શક્ય છે. ડાયાબીટીસ, બ્લડપ્રેસર, મેદસ્વીતા વગેરે કારણો પણ હૃદય રોગ માટે જવાબદાર હોઈ શકે છે. કોરોના કાળ વખતે અનેક પરિવારોમાંથી મૃત્યુના બનાવ બન્યા છે તે પરિવારના સભ્યોમાં મેન્ટલ ટ્રોમા જોવા મળે છે એ પણ અચાનક મોતનું કારણ હોઈ શકે છે. નાની વયના મૃત્યુના કેસમાં બધામાં હાર્ટએટેક જ આવ્યો હોય એવુ કહી ન શકાય અન્ય પણ અનેક કારણો આ માટે જવાબદાર હોઈ શકે છે, પણ એની ખબર તો પોસ્ટમોર્ટમ રીપોર્ટ અને તેના અભ્યાસ પરથી જ થઈ શકે છે. ડો. તેજસ પટેલે સમાજને ખાસ ટકોર કરતાં કહ્યું કે, જીભને ભાવે એ હૃદયને ઓછુ ફાવે એ વાત દરેકે ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ. જંકફુડ, આઈસ્ક્રીમ વગેરે જીભને બહુ ભાવે છે પણ તે હૃદય માટે ખૂબ નુકસાન કર્તા છે એટલે આપણે આવા ખોરાકથી દૂર રહેવુ જોઈએ. તેમણે હૃદયરોગના કેસમાં પ્રાથમીક અને જરૂરી સારવાર એવી સી.પી.આર. ટ્રેનીંગ નો વ્યાપ વધારવા પણ ભાર મુક્તાં કહ્યુંકે, દરેક મહીલા, સોસાયટી, શેરીઓમાં સી.પી.આર. ની તાલીમ ધરાવતા અમુક લોકો હોવા જ જોઈએ, જેથી હાર્ટ એટેકના કેસમાં આસપાસમાં કોઈને કોઈ સી.પી.આર. દ્વારા દર્દીને બચાવવા પ્રયાસ કરી શકે અને સી.પી.આર.થી દર્દીના બચવાના ચાન્સ વધી જાય છે. તેમના મતે કોઈ પણ બદલાવ માટે જીવનમાં એક પેઢી પસાર થઈ જતી હોય છે એ પ્રમાણે છેલ્લાં વીસેક વરસથી ધીમે ધીમે હૃદયરોગ વધતાં વધતાં હાલ રોજબરોજ હાર્ટ એટેકના કારણે અચાનક મોતના બનાવો વધ્યાનું આપણને લાગે છે એ જ રીતે અત્યારથી જાગીશું અને પ્રયાસો શરૂ કરીશું ત્યારે આગામી દસ-વીસ વરસે ફરી હૃદયરોગ બાબતે નોર્મલ સ્થિતિ જોવા મળશે એવું મને લાગે છે. અત્યારે દરેક વર્ગ, સમાજના લોકો જાત જાતની કોમ્પીટીશન, ટેન્શન હેઠળ જીવે છે ત્યારે હૃદય રોગથી બચવા તાણમુક્ત થવુ જરૂરી છે એના માટે પ્રાણાયામ, યોગ, અને ખાસ કરીને મેડિટેશન કરવુ જોઈએ. નિયમીત ચાલવા સાથે કસરત કરવી જોઈએ, અંતમાં તેમણે માનવજાત કયારેપ વિલુપ્ત થવાની નથી એવુ હળવાશથી જણાવી લોકો ભય પામવાના બદલે સાવચેત બનવા સલાહ આપી હતી.

### શાસ્ત્રી મેદાનમાં ચાલી રહેલ વિરાટ વાજપેય સોમયજ્ઞ દરમ્યાન
# આજે સાંજે નંદમહોત્સવ ભવ્ય રીતે ઉજવાશે



રાજકોટ, તા.૧૧

રાજકોટ ખાતે ચાલી રહેલ વિરાટ વાજપેય મહાસોમયજ્ઞના પ્રથમ દિવસે અગ્નિ મંથન દ્વારા વેદોના મંત્રોચ્ચાર સાથે અગ્નિ પ્રજવલિત કરી યજ્ઞનો પ્રારંભ કરવામાં આવેલ હતો. દિવસ દરમ્યાન વિવિધ અનુષ્ઠાનો પદ્મ શ્રી, પદ્મ વિભૂષણ શ્રી ગોકુલોત્સવજી મહારાજ તેમજ સોમયજ્ઞ સમ્રાટ યજ્ઞાચાર્ય વ્રજત્સવજી મહોદયશ્રી દ્વારા કરવામાં આવેલ હતા. યજ્ઞના પ્રથમ દિવસે રાજ્યના કૃષિ મંત્રી અને રાજકોટ શહેરના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ દિપીકાબેન સરડવા આશિર્વાદ લેવા માટે ઉપસ્થિત રહ્યા હતા અને રાત્રે દાંડિયારાસની રમઝટ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ આયોજિત થયેલ હતો.

સવારે ૯ થી રાત્રે ૮ સુધી વિરાટ વાજપેય સોમયજ્ઞ અને વિષ્ણુ ગોપાલ યજ્ઞનું અનુષ્ઠાન કરવામાં આવે છે અને વિશ્વના કલ્યાણ માટે આયોજિત મહાયજ્ઞની પરિક્રમા ભાવિકો ૨૪ કલાક કરી શકે છે. ૨૪ કલાક પરિક્રમારૂટ ખુલ્લા રાખવામાં આવેલ છે. આજના બીજા દિવસે સાંજે ૭ કલાકે તુલસી વિવાહ મનોરથના દર્શન કાર્યક્રમ રાખેલ છે. મુખ્ય મનોરથી નીતિનભાઈ પારેખ પરિવાર સાથે સોમયજ્ઞ કમિટિના પ્રમુખ અશોકભાઈ ઝિંઝુવાડીયા (રાધિકા જ્વેલર્સ), અરવિંદભાઈ પાટડીયા, સંયોજક હિતેશભાઈ પોપટ (મોટલ ધી વિલેજ ગ્રુપ) તથા અંતુભાઈ સોની, માર્ગદર્શક ગોવિંદભાઈ પટેલ, કલ્પેશભાઈ પલાણ, મુકેશભાઈ જવેરી તેમજ અન્ય મહાનુભાવો હાજરીથી પ્રસંગ શોભાયમાન થયેલ હતો. પ્રેસ મીડિયા કમિટિના વિજયભાઈ કારીયા, હરેશભાઈ જોશી, વિશાલભાઈ માંડલીયા, પરેશભાઈ જનાણી, વિનય કારીઆ વ્યવસ્થા સંભાળી રહ્યા છે.

આજે સાંજે ૭ થી ૧૦ નંદમહોત્સવની ઉજવણી રાખેલ હોવાથી કમીટીએ દરેક વૈષ્ણવોને વધુને વધુ સંખ્યામાં હાજર રહી લાભ લેવા જણાવેલ હતું. રવિવારે હજારોની સંખ્યામાં લોકોએ યજ્ઞના દર્શન, પરિક્રમા અને પ્રસાદનો લાભ લીધો હતો. નીતિનભાઈ પાટડીયા, વિરેનભાઈ પારેખ, નારણભાઈ ઓડ, વિજયભાઈ, પરેશભાઈ જનાણી, અરવિંદભાઈ ભેસાનીયા, મુકેશભાઈ રાધનપુરા, કિશોરભાઈ મહેતા, મેહુલ ભગત, અશ્વિનભાઈ રાણપરા, પીન્તુભાઈ પારેખ, કુમારભાઈ ધાણક, ભરતભાઈ પારેખ, હસમુખભાઈ પાટડિયા, ધીરુભાઈ માંડલીયા, અશ્વિનભાઈ વિઠલાની, વિજય પાટડીયા તથા અન્ય સેવાભાવિકો સેવા આપીને યજ્ઞની બધી જ વ્યવસ્થાનું સંચાલન કરી રહ્યાનું યાદીમાં જણાવવામાં આવેલ હતું.

# કોંગ્રેસના રાજયસભા સાંસદ ધીરજ સાહુના ૨૦૦ કરોડના ભ્રષ્ટાચાર સામે વિરોધ દર્શાવતા રાજકોટ જીલ્લા ભાજપ

રાજકોટ,તા.૧૧

ઈન્કમ ટેક્સની રેડની કાર્યવાહીમાં ઝારખંડના કોંગ્રેસ સાંસદ ધીરજ સાહુ સાથે ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં સંકળાયેલા બિઝનેસ ગ્રૂપ પાસેથી રૂ.૨૦૦ કરોડથી વધુની રોકડ જપ્ત કરવામાં આવી હતી. ત્યારે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના આદેશ અનુસાર અને રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, રવિભાઈ માંકડિયાની ઉપસ્થિતિમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. રાજકોટ જીલ્લા ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ વિરોધ કાર્યક્રમમાં જીલ્લા ઉપપ્રમુખ પ્રફુલભાઈ ટોળિયા, ખોડાભાઈ ખસીયા, જીલ્લા મંત્રી ઓ મનોજભાઈ રાઠોડ, વિશાલભાઈ ફાગલીયા, જસ્મીનભાઈ પીપળીયા, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ રાજેશભાઈ ડાંગર, જીલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ નવીનપરી ગૌસ્વામી હાજર રહ્યા હતા.

# કાલાવડ યાર્ડમાં દસ કરોડનું ફુલેકુ ફેરવી દલાલ ફરાર

### યાર્ડ ત્રણ દિવસથી બંધઃ વેપારીઓ હેરાન પરેશાનઃ ખેડૂતોમાં રોષ




(રાજુ રામોલિયા)

કાલાવડ, તા.૧૧

કાલાવડ માર્કેટિંગ યાર્ડ મા દલાલ ૧૦ કરોડનું ફુલેકું ફેરવી નાસી જતા યાર્ડ ત્રણ દિવસ થી બંધ. કાલાવડ માર્કેટિંગ યાર્ડ મા જે ભગવાન ટ્રેડિંગ કુ.નામની પેઢીએ કરોડો નું ફુલેકું ફેરવતા અનેક વેપારીઓ મુકાયા મુશ્કેલીમાં. વેપારીઓ ખેડૂતો નો માલ નહિ ખરીદતા ખેડૂતો મા પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. જે ભગવાન ટ્રેડિગ કંપની ચલાવતા વિજય તાળા અને કરશન પ્રાગડા હાલ છેલ્લા પાંચ દિવસ થી ફરાર છે. બંને વેપારી ના ફોન પણ હાલ સ્વીચ ઓફ આવી રહ્યા છે. કાલાવડ માર્કેટિંગ યાર્ડ છેલ્લા ત્રણ દિવસ થી બંધ રહેતા ખેડૂતોમાં પણ રોષ ની લાગણી જોવા મળી રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ દલાલ જે પેઢી ચલાવતો હતો તે પેઢી પાસે લાઈસન્સ પણ ન હતું. ત્રણ દિવસ યાર્ડ બંધ રહેતા તમામ વેપાર ખોરવાય જવા પામ્યા છે અને યાર્ડના સતાધીશો પણ ચુપકીદી સેવી રહ્યા છે. ત્રીસ થી ચાલીસ વેપારીઓ નો જ આંકડો દશેક કરોડ નો છે હજી પણ આંકડો મોટો આવે તેવી શકયતા સેવાઈ રહી છે. યાર્ડ ના ચેરમેન મૌલિક નથવાણી અને યાર્ડ ના ડાયરેક્ટરો એ અથાગ પ્રયત્નો કરવા છતાં પણ કંઈ સાફ સુથરું જણાતું નથી અને હજુ પણ આજે યાર્ડ બંધ રહેશે તેવું જણાય રહ્યું છે.

# રાજકોટ જિલ્લામાં ૯૧૯ રસીકરણ બુથ ઉપર ૧,૪૧,૯૫૮ બાળકોને પોલિયો વિરોધી રસી અપાઈ

### પ્રથમ દિવસે જ ૮૨.૬૧% લક્ષ્યાંક પૂર્ણ, આગામી દિવસોમાં હાઉસ ટુ હાઉસ સર્વે દ્વારા અન્ય બાળકોને આવરી લેવાશે



રાજકોટ,તા.૧૧

રાજકોટ જિલ્લામમાં બાળ લકવા નાબુદી અભિયાન અંતર્ગત આજે તા.૧૦ ડિસેમ્બવરના રોજ પોલિયો રવિવારના દિવસે ૯૧૯ રસીકરણ બુથ ઉપર ૧૭૫૩ રસીકરણ ટીમો થકી ૧,૪૧,૯૫૮ બાળકોને પોલિયો વિરોધી રસી આપવામાં આવી હતી. પ્રથમ દિવસે જ ૮૨.૬૧% લક્ષ્યાંક પૂર્ણ થઈ ચૂક્યો છે. બીજા અને ત્રીજા દિવસે આરોગ્યં ટીમ ગામના દરેક ઘરોની મુલાકાત લઈ, કોઈ બાળક બાકી નથી તેની ખાત્રી કરશે અને જો રસીકરણમાં બાળક બાકી હશે તો સ્થરળ પર જ રસી આપવામાં આવશે

જિલ્લાન વિકાસ અધિકારી દેવ ચૌધરીના માર્ગદર્શન હેઠળ મુખ્ય૧ જિલ્લાા આરોગ્યશ અધિકારી ડો.નિલેશ એમ. રાઠોડ તથા તેમની ટીમનાં આયોજન મુજબ આરોગ્યર કર્મચારી, આશા બહેનો, આંગણવાડી કાર્યકર તથા સ્વંડયસેવકોએ અસરકારક કામગીરી કરી હતી. અંતરીયાળ વિસ્તામર, વાડી વિસ્તારમાં કામગીરી કરવા માટે ૨૨૭ મોબાઈલ ટીમ કાર્યરત રહી હતી. રેલ્વેત સ્ટેશન, બસ સ્ટેશન તથા મોટી સંખ્યાટમાં જયાં લોકો એકત્રિત થાય છે તેવી જગ્યાહઓ માટે ૪૬ ટ્રાન્ઝીસટ ટીમ બનાવાઈ હતી. આ કામગીરી માટે જિલ્લામાં ૧૮૯ સુપરવાઈઝરો નિમાયા હતા.

# ૮૦ ફુટ રોડ પર આવેલ ક્રિષ્ના રેસ્ટોરન્ટમાં પાર્સલ લેવા મામલે સંચાલક અને ગ્રાહક વચ્ચે બઘડાટી

### સામસામી ગાળો અને ધમકી આપ્યાની ભક્તિનગર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ

રાજકોટ,તા.૧૧

શહેરના ૮૦ ફુટ રોડ પર આવેલા ક્રિષ્ના રેસ્ટોરન્ટમાં જમવાના પાર્સલ બાબતે રેસ્ટોરન્ટ સંચાલક અને મહિલા ગ્રાહક વચ્ચે માથાકૂટ થઈ હતી. જે મામલે ભક્તિનગર પોલીસ મથકમાં સામસામી ફરિયાદ નોંધાવવામાં આવી છે. જેમાં ગાળો અને ધમકી આપ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

જાણવા મળતી વિગતો મુજબ, શહેરના ગાયત્રીનગર મેઈન રોડ પર રહેતા તૃપ્તિબેન હસમુખભાઈ દેવમુરારી(ઉ.વ. ૩૩) દ્વારા ભક્તિનગર પોલીસ મથકમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે ૮૦ ફુટ રોડ પર ક્રિષ્ના રેસ્ટોરન્ટના સંચાલક કુલદીપ આહીર, નીરવ આહીર તથા રેસ્ટોરન્ટના કર્મચારી ટકોના નામ આપ્યા છે. મહિલાએ ફરિયાદમાં જણાવ્યુ હતું કે, ગઈકાલ રાત્રિના ૮:૩૦ વાગ્યે આસપાસ તેઓ અહીં ક્રિષ્ના રેસ્ટોરન્ટ ખાતે જમવાનું પાર્સલ લેવા માટે ગયા હતા. ત્યારે પાર્સલના પૈસા ચૂકવવા બાબતે કુલદીપ આહીર સાથે બોલાચાલી તથા ઝઘડો થતાં નીરવ આહીર અને ટકાએ ગાળો આપી ફરિયાદીને ધક્કો મારી અને રેસ્ટોરન્ટે આવતા નહીં તેવી ધમકી આપી હતી.

સામાપક્ષે નિમિષાબેન કુલદીપભાઈ રાઠોડ (ઉ.વ ૩૩ રહે. કોઠારીયા કોલોની ક્વોટર્સ નંબર ૩૫૫ ક્રિષ્ના રેસ્ટોરન્ટની ઉપર) દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે તૃપ્તિબેન દેવમુરારીનું નામ આપ્યું છે. જેમાં તેમણે જણાવ્યું હતું કે તે ક્રિષ્ના રેસ્ટોરન્ટ ખાતે હાજર હતા ત્યારે તૃપ્તિબેન અહીં જમવાનું પાર્સલ લેવા માટે આવ્યા હતા અને ફરિયાદીના પતિ કુલદીપ આહીર તથા કર્મચારી ટકા અને તેમના જેઠ નિરવ આહીર સાથે જોર જોરથી બોલાચાલી કરી બૂમો પાડી, ગાળો આપી ગ્રાહક સુરક્ષામાં તમારી ફરિયાદ કરીશ તેવી ધમકી આપી હતી. પોલીસે સામસામી ફરિયાદના આધારે એન.સી ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# બનાસકાંઠામાંથી ૪ લાખના મેફેડ્રોન ડ્રગ્સ સાથે મોરબીના બે પટેલ યુવાનોની ધરપકડ

અમદાવાદ, તા.૧૧

ગુજરાતમાંથી કેફી દ્રવ્યો-ડ્રગ્ઝ પકડવાનો સિલસિલો ચાલુ જ હોય તેમ બનાસકાંઠામાંથી ચાર લાખથી વધુના મેફેડ્રોન ડ્રગ્ઝ સાથે મોરબીના બે પટેલ યુવાનોની ધરપકડ કરવામાં આવી હતી.

બનાસકાંઠાના થરાદ પાસેથી બે યુવાનો ડ્રગ્ઝ સાથે પસાર થવાના હોવાની બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. રાજસ્થાનથી આવી રહેલા બે શખ્સોને ચેકપોસ્ટ પર અટકાવવામાં આવ્યા હતા. તલાશી દરમ્યાન ૪.૦૫ લાખનું મેફેડ્રોન ડ્રગ્ઝ મળી આવ્યું હતું. પોલીસના સુત્રોએ કહ્યું કે બન્ને શખ્સો રાજસ્થાનથી કારમાં મોરબી જઈ રહ્યા હતા. તેઓએ પોતાના નામ રવિ દુર્લભજી પટેલ અને હાર્દિક ઠાકરશી પટેલ હોવાનું અને મોરબીના જ રહેવાસી હોવાનું દર્શાવ્યું હતું. ચાર લાખના ડ્રગ્ઝ કાર સહિત ૧૪ લાખનો મુદામાલ કબ્જે કરીને બન્નેની ધરપકડ કરવામાં આવી હતી.

# દ્વારકામાં ૩૭૦૦૦ આહીરાણીઓ રમશે મહારાસ




### સમગ્ર આયોજન સફળતાપૂર્વક પાર પાડવા જામનગર ખાતે યોજાઈ રાજયભરના આહીર આગેવાનો-યુવાનોની બેઠક

જામનગર તા.૧૧: ભાગવાન કૃષ્ણની કર્મભૂમિ દ્વારકા ખાતે અખિલ ભારતીય આહીરાણી મહારાસ સંગઠનના નેજા હેઠળ અગામી તા.૨૩ અને ૨૪ ડીસેમ્બરના રોજ મહારાસનું આયોજન કરવામાં આવ્યું છે. પાંચ હજાર પૂર્વેનો ઈતિહાસ ફરી જીવંત કરવાના હાર્દ અને સામાજીક એકતૃત્વ વધુ પ્રબળ બને એ હેતુથી મહારાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ રાસના આયોજનના ભાગરૂપે સમગ્ર રાજ્યના ૨૪ જિલ્લાઓમાંથી ૩૭ હજાર બહેનોએ 'મહારાસ'માં ભાગ લેવા નામ નોધણી કરાવી છે.

દસ દિવસ બાદ ૩૭ હજાર આહીરાણીઓ એક સાથે મહારાસ રમી નવો કીર્તીમાન સ્થાપશે, આ કાર્યક્રમની અંતિમ તૈયારીના ભાગ રૂપે આજે જામનગર આહીર કન્યા છાત્રાલય ખાતે રાજ્યભરના આહીર આગેવાનો-યુવાનો અને કાર્યકરોની તેમજ શહેરના આહીર સમાજ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં જામનગર ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છ ઉપરાંત મધ્ય-ઉતર દક્ષીણ રાજ્યના ૨૪ જિલ્લાઓમાંથી યુવાનો-કાર્યકરો-આગેવાનો હાજર રહ્યા હતા. આ બંને બેઠકમાં કાર્યક્રમના આયોજન અંગે પાયાથી માંડી છેક અંતિમ ક્ષણ સુધીની ચર્ચાઓ કરવામાં આવી હતી. આ ઉપરાંત આગેવાન-કાર્યકરોના મંતવ્યો-સૂચનો પર પણ ચર્ચાઓ થઈ હતી.

આ ઐતિહાસિક કાર્યક્રમ સફળતા પૂર્વક પાર પડે એ હેતુથી સમાજના આગેવાનોએ હાજર યુવાનો-કાર્યકરોનો જુસ્સો વધારી કાર્યક્રમને સફળ બનાવવાના ઉત્સાહને વધાવ્યો હતો. સામે પક્ષે આહીર યુવાઓ અને આગેવાનોએ પણ ખંભેથી ખંભો મિલાવી કાર્યક્રમને સફળ બનાવવા હુકાર ભણ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન મેરામણભાઈ ભાટુ, લીરીબેન માડમ, નરેશભાઈ ડુવાએ કર્યું હતું. આ બેઠકમાં આહીર અગ્રણી ભામાસા ભીખુભાઈ વારોતરીયા, મુળુભાઈ કંડોરીયા, એડવોકેટ વી એચ કનારા, પ્રવીણભાઈ માડમ, ગોવિંદભાઈ કરમુર, આહીર સમાજ યુવા ગ્રુપના પ્રમુખ મહેશભાઈ નંદાણીયા, લાલાભાઈ ગોરિયા, હિતેશભાઈ ગાગલીયા, રામદેભાઈ કંડોરિયા, હંસરાજભાઈ કંડોરિયા, આહીર કર્મચારી મંડળના પ્રમુખ રામસીભાઈ ચાવડા, આહીર સમાજ સત્યમ કોલીનીના પ્રમુખ દેવશીભાઈ પોસતરિયા, કરશનભાઈ કરમુર, રચનાબેન માડમ, જ્યોતિબેન ભારવાડિયા સહિતનાઓ હાજર રહ્યા હતા.

# મોરબીના સરદારબાગ પાસે રીક્ષામાં અશ્લીલ હરકતોનો વિડિયો વાઈરલઃ યુવક-યુવતી સામે ગુનો



(જીગ્નેશ ભટ્ટ) મોરબી તા.૧૧

મોરબી રાજકોટ હાઈવે રોડ ઉપર બાઇક ઉપર યુવક યુવતી સ્ટંટ કરતાં હોય તેવો વિડીયો વાયરલ થયો હતો ત્યાર બાદ હાલમાં મોરબીમાં શનાળા રોડે આવેલ સરદાર બાગની સામેના ભાગમાં ધોળા દિવસે રીક્ષામાં બેઠા બેઠા પ્રેમી યુગલ અશ્લીલ હરકત કરતાં હોય તેવો વિડીયો સોશ્યલ મીડિયામાં વારયલ થયેલ હતી જેથી મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે હાલમાં યુવક અને યુવતીની સામે ગુનો નોંધીને પોલીસે આગળની કાર્યવાહી કરેલ છે

મોરબીની સરાજાહેર અશ્લીલ હરકત કરવાનો જાણે કે ટ્રેન્ડ ચાલુ હોય તેવું મોરબીમાં જોવા મળી રહ્યું છે તેવામાં મોરબીના શનાળા સતત ટ્રાફિકથી ધમધમતા સરદાર બાગ સામેના ભાગમાં રિક્ષામાં બેઠા બેઠા યુવક અને યુવતી કોઇની પરવા કર્યા વગર બીભત્સ અને અશ્લીલ હરકતો કરતા હતા જેનો વિડીયો સોશ્યલ મીડિયામાં વારયલ થયેલ હતો. આ મામલે મોરબી એ ડિવિઝન પોલીસ દ્વારા તપાસ શરૂ કરેલ હતી અને હાલમાં સી.એન.જી રીક્ષા નં. જીજે ૧૩ વાય ૦૬૭૫ માં બેસીને અશલીલ હરકત કરનારા સંદીપભાઇ ઉર્ફે સુનીલ ધીરૂભાઇ પેથાણી રાવળદેવ (૩૮) રહે. વિધુતનગર ગરબીચોકની બાજુમા સામાકાંઠે મોરબી-૨ તેમજ તેની સાથે રહેલ યુવતીની સામે હાલમાં પોલીસે આઇ.પી.સી કલમ-૨૯૪, જી.પી.એક.ટ કલમ ૧૧૦, ૧૧૭ મુજબ ગુનો નોંધીને આગળની કાર્યવાહી કરેલ છે

આ વાયરલ વીડિયોમાં જોઇ શકાય છે કે એક રિક્ષાચાલક છોકરો અન્ય છોકરી સાથે અશ્લીલ હરકતો કરી રહ્યો છે. આ વીડિયો મોરબીના ધમધમતા વિસ્તાર પરથી સામે આવી રહ્યો છે. સરદારબાગની સામે જાહેર જગ્યામાં પાર્ક કરેલી રિક્ષામાં એક છોકરો છોકરીનો વીડિયો સામે આવ્યા બાદ હવે પ્રશ્નએ થઈ રહ્યો છે કે શું આ લોકોને મોરબી પોલીસનો કોઈ ડર રહ્યો નથી. આવી રીતે જાહેરમાં સંસ્કારોનું વસ્ત્રાહરણ થતું જોવા મળે તે સમાજ માટે ચિંતાનો વિષય કહી શકે છે. ઉપરાંત શું હવે પોલીસ રિક્ષાચાલકને કાયદાના પાઠ ભણાવશે કે કેમ તેના પર પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં આવેલી એકલવ્ય સ્કૂલના લંપટ શિક્ષકની કાળી કરતૂતથી વાલીઓમાં રોષ જોવા મળ્યો હતો. એકલવ્ય સ્કૂલના કરાટેના શિક્ષક દ્વારા ધોરણ ૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અશ્લીલ વીડિયો બતાવવામાં આવતા હોવાનો વાલીઓ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો. વાલીઓ દ્વારા સ્કૂલે જઈને હોબાળો મચાવવામાં આવતા લંપટ શિક્ષકને છૂટો કરી દેવામાં આવ્યો હતો.

### ધોળા દિવસે સંસ્કારોનું વસ્ત્રાહરણઃ એ ડિવિઝન પોલીસ દ્વારા તપાસઃ રીક્ષા નંબરના આધારે ઓળખ મળી

### છતીસગઢમાં આદિવાસી ચહેરાને પસંદ કરી ભાજપે અટકળોને ખોટી પાડી

# મધ્યપ્રદેશમાં આજે, રાજસ્થાનમાં કાલે નવા CMની પસંદગી

## બન્ને રાજયો સંભાળપૂર્વક આગળ વધતા ભાજપ શિવરાજની વિદાયના નિશ્ચિત સંકેત વચ્ચે સીનીયર નેતાઓ વચ્ચે સ્પર્ધાઃ સંઘની પણ ભૂમિકા હશેઃ આજે ધારાસભ્યોની બેઠક



નવી દિલ્હી:

હિન્દી બેલ્ટના ત્રણ મહત્વના રાજયો મધ્યપ્રદેશ, છતીસગઢ અને રાજસ્થાનમાં વિધાનસભા ચુંટણીમાં ભવ્ય વિજય બાદ પણ એક સપ્તાહ સુધી નવા મુખ્યમંત્રી નિશ્ચિત કરવામાં 'સમય' લીધા બાદ ગઈકાલે છતીસગઢમાં ચર્ચાને તથા અટકળોને ખોટી પાડીને આદિવાસી ક્ષેત્રના 'મહારથી' તરીકે ઉપસી આવેલા અને વિષ્ણુદેવ સાયતાને જવાબદારી સોપ્યા બાદ આજે સાંજે મધ્યપ્રદેશના નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત થઈ શકે છે પણ રાજસ્થાનમાં કોકડું ભારે ગુંચવાયું છે અને હવે આજે મળનારી ધારાસભ્યોની બેઠક મુલત્વી રખાઈ છે તથા આવતીકાલે નવા નામ પર મંથન થશે. મધ્યપ્રદેશમાં આજે બપોરે ૧ વાગ્યાથી જ પાટનગર ભોપાલમાં આ માટેની સતાવાર ગતિવિધિ શરુ થઈ જશે અને ૩.૪૫ કલાકે ધારાસભ્યોની બેઠક મળશે જેમાં સાંજે પાંચ વાગ્યે નવા ચહેરાની જાહેરાત થઈ શકે છે. ભાજપે મધ્યપ્રદેશમાં પણ છતીસગઢ જેવું આશ્ચર્ય સર્જવાની તૈયારી રાખ્યાના સંકેત છે જેમાં સૌથી આગળ પુર્વ કેન્દ્રીય મંત્રી પ્રહલાદ પટેલનું નામ છે. તેઓએ કેન્દ્રીય મંત્રી તરીકે કામગીરી તેમના પ્લસ પોઈન્ટ છે. આ આરએસએસની મંજુરી પર સૌની નજર છે તો ૨૦૧૮માં પરાજય બાદ ભાજપે પક્ષાંતરથી સરકાર 'ભેટ'માં આપનાર કેન્દ્રીય મંત્રી જયોતીરાદીત્ય સિંધીયા પણ ચર્ચામાં છે પણ તેમનું મૂળ કોંગ્રેસી લેબલ તેના વિરોધમાં છે. આ ઉપરાંત પુર્વ કેન્દ્રીય મંત્રી નરેન્દ્રસિંહ તોમર માટે સૌથી વધુ તક હતી પણ ચુંટણી સમયે તેના પુત્રનો એક વિડીયો વાયરલ થયો તે તેમના વિરૂદ્ધ જઈ શકે છે પણ સંઘનું દબાણ તેમની સાથે છે.

આ ઉપરાંત કૈલાસ વિજય વર્ગીય જેઓએ પશ્ચીમ બંગાળમાં બે બે વર્ષ કેમ્પ કરીને ભાજપને મજબૂત કરવાની જવાબદારી લીધી હતી તેઓ પણ સ્પર્ધામાં છે અને તેમના પુત્ર જે ગત ટર્મમાં ધારાસભ્ય હતા તેમને ટિકિટ નહી આપી ખુદ કૈલાસ વિજય વર્ગીયને ટિકિટ આપી માલવા ક્ષેત્રમાં કોંગ્રેસના પ્રભાવ ઘટાડવામાં અને ભાજપને વધુ બેઠકો મળે તેમાં સફળતા મેળવી છે પણ હાલના મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણ પાંચમી ટર્મ માટે આશાવાદી છે પણ ભાજપ મોવડીમંડળ કદાચ તેમને અપગ્રેડ કરીને કેન્દ્રમાં લઈ જાય તેવા સંકેત છે પણ આ ચાર સીનીયર નામોમાં જો કોઈને મુખ્યમંત્રી પદ ન મળે તો નાયબ મુખ્યમંત્રી અથવા અધ્યક્ષપદ મળી શકે છે.

### મધ્યપ્રદેશમાં 'તમામ'ને 'તક'!

★ શિવરાજ ચૌહાણને પાંચમી ટર્મ નહી આપવાના સંકેત છતા સૌથી લોકપ્રિય નેતા તરીકે દાવો

★ પુર્વ કેન્દ્રીયમંત્રી પ્રહલાદ પટેલ ઓબીસી તરીકે તથા મોદી-શાહની ગુડબુકમાં પણ સંઘની મંજુરી જરૂરી

★ ૨૦૧૯માં સરકાર 'ભેટ'માં આપનાર જયોતિરાદીત્ય સિંધીયાનો પણ દાવો પણ મૂળ કોંગ્રેસી લેબલ

★ નરોતમ મિશ્રા મજબૂત દાવેદાર પણ ચુંટણી સમયે પુત્રનો વિડીયો નડી જાય તેવા સંકેત

★ કૈલાસ વિજય વર્ગીયને મુખ્યમંત્રી નહી તો નાયબ મુખ્યમંત્રીની ખુરશી મળી શકે અથવા વિધાનસભા અધ્યક્ષની જવાબદારી પણ શકય છે



**રાજસ્થાન**

કોંગ્રેસ પાસેથી પુરી બહુમતી સાથે સતા છીનવી લીધા બાદ પણ ભાજપ માટે રાજસ્થાનમાં નવા મુખ્યમંત્રીની પસંદગી મુશ્કેલ બની હોવાના સંકેત છે અને છેલ્લા બે દિવસ રાજનાથસિંહ સિવાયના નિરીક્ષકો ધામા નાખીને બેઠા છે પણ આજે મળનારી બેઠક હવે કાલ પર મુલત્વી રખાઈ છે. ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ પુર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે તેમના દાવાને છોડવા તૈયાર નથી. દિલ્હીથી ડેપ્યુટ થયેલા નેતાઓ સમક્ષ તેમની દલીલ છે કે પાંચ વર્ષ તેણે પ્રદેશમાં મહેનત કરી ફરી ભાજપને વિજેતા બનાવી છે. તેમના નિવાસે ધારાસભ્યોની આવનજાવન ચાલુ છે. જો કે આજે રાષ્ટ્રપતિ લખનૌમાં છે અને તે ક્ષેત્રના સાંસદ હોવાથી રાજનાથસિંહ માટે હાજર રહેવું જરૂરી છે તેથી તેઓ મોડામાં મોડા સાંજે જયપુર પહોંચી જશે તેવા સંકેત છે પણ રાજયમાં વિવિધ સમાજના ટોચના અગ્રણીઓ પણ જયપુર પહોંચી ગયા છે. જેમાં રાજપૂત, મીણા, જાટ વિ. સમાજનું જે પ્રતિનિધિત્વ છે તેના આધારે દાવા થઈ રહ્યા છે. ભાજપ હવે જૂના ચહેરાને રીપીટ કરવા માંગતા નથી તે સંદેશ છત્તીસગઢથી આપી દીધો છે તેથી વસુંધરા રાજેને કઈ રીતે સંતોષ આપે છે તેના પર સૌની નજર છે.

### રાજસ્થાનમાં 'કોકડું' ગુંચવાયુંઃ વસુંધરા રાજે હજુ માન્યા નથી

રાજસ્થાનમાં સંગીત ખુરશી જેવી સતાની અદલાબદલીમાં પાંચ વર્ષ પછી ફરી ભાજપને સતા મળતા જ હવે પુર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે એ તેનો દાવો મજબૂત કર્યો છે તથા તેઓ સૌથી અનુભવી તથા સીનીયર નેતા હોવાનું જણાવીને તેમના નિવાસે ધારાસભ્યોનું શક્તિ પ્રદર્શન પણ કરી રહ્યા છે. તેઓએ દિલ્હી જવાનો ઈન્કાર પણ કર્યો છે અને તેમ ભાજપ મોવડીમંડળ એ હવે રાજનાથસિંઘ જયપુર પહોંચે પછી જ કોઈ આખરી નિર્ણય લેવાશે.



## રાજસ્થાનમાં વસુંધરાનો દાવો યથાવતઃ નિરીક્ષકોમાં રાજનાથસિંઘ આજે જયપુર પહોંચશેઃ ધારાસભ્યોની બેઠક હવે કાલે મળશે

### કોણ છે આ આદિવાસી નેતા? રસપ્રદ વિગતો

## છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુદેવ આદિવાસી ચહેરોઃ ૪ વખત 'સાંસદ' રહ્યા છે

### કેન્દ્રીય મંત્રી પણ રહી ચૂક્યા છેઃ લોકસભા ચૂંટણી પૂર્વે ભાજપનો મોટો દાવ

રાયપુર, તા.૧૧

છત્તીસગઢમાં સીએમના નામને લઇને ૩ ડિસેમ્બરથી ચાલી રહેલ સસ્પેન્સનો અંત આવ્યો છે. ભાજપ પાર્ટીએ મુખ્યમંત્રી પદ માટે વિષ્ણુદેવ સાયના નામને મંજુરી આપી છે. વિધાનસભ્ય દળની બેઠકમાં તમામ ધારાસભ્યો વિષ્ણુદેવ સાયના નામ પર સહમત થયા હતા. રમણસિંહે પણ વિષ્ણુદેવ સાયને સમર્થન આપ્યું હતું. વિષ્ણુદેવ સાય રાજ્યના રાજકારણમાં એક મોટો આદિવાસી ચહેરો છે. તેઓ કુંકુરીના ધારાસભ્ય છે. વિષ્ણુદેવ સાય રાયગઢથી સાંસદ પણ રહી ચૂક્યા છે.



**૪ વખત સાંસદ અને કેન્દ્રના મંત્રી**

વિષ્ણુદેવ સાય ૪ વખત ૧૯૯૯થી લઇને ૨૦૧૪ સુધી રાયગઢથી સાંસદ તરીકે ચૂંટાયા હતા. વિષ્ણુદેવ સાયએ નરેન્દ્ર મોદી સરકારના પ્રથમ કાર્યકાળમાં કેન્દ્રીય મંત્રી તરીકે સેવા આપી હતી. પરંતુ ભાજપે તેમને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં મેદાનમાં ઉતાર્યા ન હતા, કારણ કે છત્તીસગઢમાં ૨૦૧૮ની રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં હાર્યા બાદ ભાજપે તેના કોઇપણ વર્તમાન સાંસદોનું પુનરાવર્તન ન કરવાનો નિર્ણય લીધો હતો. આ સાથે વિષ્ણુદેવ સાય રાજ્ય ભાજપના પૂર્વ અધ્યક્ષ પણ છે. જુન ૨૦૨૦માં ભાજપે પૂર્વ કેન્દ્રીય મંત્રી વિષ્ણુદેવ સાયને છત્તીસગઢના પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ ઓગસ્ટ-૨૦૨૨ સુધી પ્રદેશ ભાજપ અધ્યક્ષ પદ પર રહ્યા હતાં.

વિષ્ણુદેવ સાય છત્તીસગઢની કુંકુરી વિધાનસભામાંથી ચૂંટાઇને આવે છે. રાજ્યમાં આદિવાસી સમુદાયની વસ્તી સૌથી વધુ છે. વિષ્ણુદેવ એક આદિવાસી સમાજનો મોટો ચહેરો છે. અજીત જોગી પછી આ સમુદાયમાંથી કોઇ છત્તીસગઢમાં મુખ્યમંત્રી બની શક્યું નથી. આ વખતે ભાજપ આદિવાસી સમુદાયમાંથી આવતા વિષ્ણુદેવ સાય પર દાવ રમ્યો છે. વિષ્ણુદેવ સાય ૧૯૮૦માં ભાજપમાં જોડાયા હતા. પાર્ટીને મજબૂત કરવા માટે તેમણે છત્તીસગઢમાં પાયાના સ્તરે કામ કર્યું. એટલું જ નહીં રાજ્યમાં વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં ભાજપની જીતમાં પણ તેમણે ઘણી વખત મહત્વની ભૂમિકા ભજવી છે. તેઓ બે વખત ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે.

# ચાર વર્ષથી અટકેલા આવકવેરા રીફંડ જાન્યુઆરી સુધીમાં મળી જશે



### ટેકનિકલ કારણોસર લાંબા સમયથી પેન્ડીંગ રિફંડના કેસોનો આવકવેરા વિભાગ ઝડપથી નિકાલ કરશે

નવી દિલ્હી તા.૧૧

ટેકનીકલ કારણોથી અટકેલા આવકવેરા રિફંડના કેસોમાં કરદાતાઓને રાહત મળી રહી છે. ખાસ કરીને તેમને, જેમને છેલ્લા ચાર આકલન વર્ષો માટે રિફંડ નથી મળ્યું, આવકવેરા વિભાગ આ મામલામાં ઝડપથી નિકાલ કરીને ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં સંબંધીત કરદાતાઓના ખાતામાં બાકી રકમ જમા કરી દેશે. આ બાબતે વિભાગ તરફથી આદેશો ઈસ્યુ કરી દેવાયા છે.

વિભાગના અનુસાર અનેક કરદાતાઓના આવકવેરા રિટર્ન-આઈટીઆરને સમય સીમા પુરી થઈ જવાના કારણે પ્રોસેસ નહોતો કરી શકાયા. જયારે કેટલાક મામલામાં આઈટીઆરમાં આવેલી ટેકનીકલ મુશ્કેલીના કારણે તેને વેરિફીકેશન નહોતું થઈ શકયું, જેના કારણે પણ કરદાતાઓના રિફંડના દાવાઓનો નિકાલ નહોતો થઈ શકયો.

આ શરતોનું પાલન કરવું પડશે: વિભાગના અનુસાર જુના કેસમાં રિફંડ ત્યારે જાહેર થશે. જયારે આઈટીઆરમાં કરદાતા દ્વારા કરવામાં આવેલી ગણતરી આવકવેરા વિભાગની ગણતરી સાથે મેળ ખાતી હશે. આવકવેરા વિભાગ દ્વારા રિફંડ મંજુર થતા જ કરદાતાને ઈ-મેલ મોકલી જાણ કરવામાં આવશે. તેમનું આવકવેરા રિફંડ ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં ઈસ્યુ કરી દેવામાં આવશે. વિભાગના આદેશ અનુસાર સૌથી પહેલા એ લોકોની આઈટીઆરની પ્રોસેસ કરવામાં આવશે, જેમણે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ રિફંડ નથી મળ્યું. ત્યારબાદ આકલન વર્ષ ૨૦૨૦-૨૧ના કેસોને લેવામાં આવશે.

### કરચોરી સામે દાનની બોગસ રસીદનો ભાંડો ફૂટયોઃ નોટીસ

નવી દિલ્હી:

આવકવેરા વિભાગ એ આવકવેરા રિટર્નની બીજીવાર તપાસ કરી રહ્યું છે. જેમાં ચેરીટિબલ સંસ્થાઓ અને રાજનીતિક પક્ષોને કરવામાં આવેલા દાન પર કરમુકિત (ટેકસ ફ્રી)નો દાવો કરવામાં આવ્યો છે. કેટલાંક કેસોમાં દાનની રસીદ બોગસ મળી આવી છે. વિભાગે આ કરદાતાઓને નોટીસ જાહેર કરીને જવાબ માંગ્યો છે.આ કેસો નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના છે.

એઆઈ આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સની મદદથી વિભાગે એ લોકોની ઓળખ કરી છે. જેમની આવક અને દાનનું પ્રમાણ સાચુ નથી લાગતુ. આ નોટીસમાં વ્યાજબી કારણ પૂછવામાં આવ્યુ છે જે કેસોમાં કરમુકિતની મોટી રકમ છે. તેમને બીજીવાર સંશોધીત (સુધારેલુ) રીટર્ન દાખલ કરવાનુ કહેવામાં આવ્યું છે.

# આવકવેરા કરદાતાઓને જુની-વેરા મુક્તિ લાભો આપતી પદ્ધતિ વધુ પસંદ

### ૬૩% કરદાતાઓએ ઓલ્ડ રીજીમ મુજબ જ તેના રીટર્ન ફાઈલ કર્યાઃ બચતની બચત અને કરલાભનો મુદો સ્પર્શી ગયો

નવી દિલ્હી:

દેશમાં આવકવેરાના કરદાતાઓ માટે બે વર્ષ પુર્વે નાણામંત્રી નિર્મલા સીતારામને કોઈપણ ટેક્ષ ફ્રી સુવિધા વગર જ રૂા.૭ લાખ સુધીની આવક ધરાવતા લોકોને આ કરજાળમાંથી મુકત કરીને સરળ-કર પદ્ધતિ અપનાવવા માટે સરકાર આગળ વધી રહી હોવાનું જણાવી ધીમે ધીમે 'ન્યુ રીજીમ' તરીકે ઓળખાતી આવકવેરા પદ્ધતિને લોકપ્રિય બનાવવાની જાહેરાત કરી હતી પણ ભારતમાં ૬૩% આઈટી કરદાતાઓ તો જુના 'ટેક્ષ-રીજીમ' ને જ પસંદ કરે છે.

મૂળભૂત રીતે આ જુની આવકવેરા પદ્ધતિએ લોકોને 'બચત' કે પછી કહો ફરજીયાત બચતની ટેવ પાડે છે પણ બે વર્ષ પછી ૬૩% એ આ જુની કરપદ્ધતિ પર જ તેનો ભરોસો યથાવત રાખ્યો છે. હાલમાં જ થયેલા આ સર્વેમાં બહાર આવ્યું છે કે જૂની કર પદ્ધતિ પસંદ કરવા પાછળ એક તર્ક એવો છે કે લોકોને તેની આવક મર્યાદામાં ફરજીયાત કે પછી આવશ્યકતા મુજબની બચત બાદ બહુ ઓછો આવકવેરો ભરવો પડે છે અને તે વર્ગમાં ૪૩% કરદાતા આવે છે તો તેની સાથે બચતની બચત થશે અને ટેક્ષની ચિંતા નહી તેવા મત ધરાવતા લોકોની સંખ્યા ૨૩ ટકા છે. બાકીના ૨૪% લોકોએ કોઈ કારણ દર્શાવવાનો ઈન્કાર કર્યો હતો પણ તેમાં અન્ય કારણમાં અનેક રોકાણ હાલ અને મેચ્યોરીટી એટલે કે પાકતા સમયે પણ ટેક્ષ ફ્રી હોવાથી ૪૬% લોકોએ તેને પસંદ કરી હતી. ૨૬% લોકો નિવૃતિ માટે બચત થઈ શકે છે અને કરલાભ પણ મળે છે તેથી આ જોગવાઈ સ્વીકારી હતી. એક ૨૪% વર્ગ એવો પણ છે જે લાંબા ગાળાના રોકાણથી વધુ પડતા ખર્ચમાં તેમનો હાથ બંધાઈ જાય છે તે રીતે પણ ફાયદો છે તેવું મંતવ્ય વ્યકત કર્યુ હતું તો ૨૦% તો તેના કરવેરા નિષ્ણાંત કે પછી મિત્રો કે ફેમીલીના કહેવા મુજબ આ પદ્ધતિ પસંદ કરી હતી.

ખાસ કરીને સેલેરી કલાસ લોકો જ આવક છુપાવી શકતા નથી તેઓ જુની આવકવેરા કરપદ્ધતિને વધુ સ્વીકાર્ય ગણે છે જયાં સુધી કરવેરાની નવી કે જુની સીસ્ટમનો પ્રશ્ન છે તો મહિલાઓ જુની સીસ્ટમ કે કરપદ્ધતિ વધુ સ્વીકાર્ય ગણે છે. તેઓને બચત-વિમા કવચ-નિવૃતિ સમયે યોગ્ય આવક મળી રહે તે રીતે થતી વૃદ્ધિ વિ.ને વધુ મહત્વનું ગણે છે.




### શા માટે જુની પદ્ધતિ પસંદ?

★ ટેક્ષ જવાબદારી ઓછી

★ અનેક બચત યોજનાઓમાં પાકતી મુદે પણ કરલાભ

★ નિવૃતિ બાદની બચત માટે યોગ્ય

★ લાંબા ગાળાના 'ફરજીયાત' રોકાણથી ખર્ચ પર પણ કાબુ રહે છે

★ પગારદાર અને મહિલા કરદાતાઓની આ પદ્ધતિમાં સંખ્યા સૌથી વધુ

# ઓરિસ્સામાં વીલર દ્વીપમાં માર્ચ સુધી નહીં થાય મિસાઈલ પરીક્ષણ, કારણ છે લાખો કાચબાઓ!

### ઓલિવ રિડલે સમુદ્રી કાચબાનો પ્રજનન કાળ હોય લેવાયો નિર્ણયઃ મિસાઈલનો તેજ પ્રકાશ અને ભારે અવાજ કાચબાને વિચલિત કરે છે

ભુવનેશ્વર (ઓરિસ્સા) તા.૧૧

ભારતની મુખ્ય સૈન્ય અનુસંધાન અને વિકાસ એજન્સી રક્ષા અનુસંધાન (ડીઆરડીઓ) આવતા વર્ષે એટલે કે જાન્યુઆરીથી માર્ચ પોતાના મિસાઈલનું ટેસ્ટીંગ નહીં કરે. આટલો મોટો નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે. કારણ કે સમુદ્રમાં કાચબાઓને પરેશાની ન થાય. ખરેખર તો ઓલિવ રિડલે સમુદ્રી કાચબાઓની મોટા પ્રમાણમાં માળા બનાવવાની આ ઋતુ હોય છે. આ દરિયામાં ઓરિસ્સા તટના વ્હીલર દ્વીપ પર મિસાઈલ પરીક્ષણ નહીં કરાય એટલા માટે કે લુપ્તપ્રાય કાચબાની પ્રજાતિ જિંદગીની દોડ જીતી શકે.



અધિકારીએ જણાવ્યું હતું કે ડીઆરડીઓ ઓલિવ રિડલેની સુરક્ષા માટે વન વિભાગની સાથે બહેતર સમન્વય માટે એક નોડલ અધિકારીને પણ નોમિનેટ કરશે. ૬ જિલ્લા ગંજમ, પુરી, જગતસિંહપુર, કેન્દ્રપાડા, ભદ્રક અને બાલાસોરના કલેકટરો અને એસપીને વાર્ષિક કાચબા સંરક્ષણ અભિયાન માટે વન વિભાગની સાથે સમન્વય કરવાનું કહેવામાં આવ્યું છે. ગંજન જિલ્લામાં લગભગ ૬.૬ લાખ સમુદ્રી કાચબા માળા બનાવે છે. ઓરિસ્સા સરકારે આ કારણે પહેલાથી જ એક નવેમ્બરથી ૩૧ મે સુધી તે ભાગોમાં માછલી પકડવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. ઉલ્લેખનીય છે કે નાના કાચબાઓનો શિકાર ખાવા અને તેના તેલ માટે કરવામાં આવે છે. મુખ્ય વન સંરક્ષક સુશાંત નંદાએ જણાવ્યું હતું કે કાચબાઓનું માળા બનાવવાનું સ્થળ વ્હીલર દ્વીપની પાસે છે. મિસાઈલ પરીક્ષણમાં તેજ રોશની અને ગડગડાટનો અવાજ આ કાચબાને વિચલીત કરતો હોય છે. તેમના પ્રજનન પર પ્રતિકુળ અસર પડે છે. આ વર્ષે લગભગ પાંચ લાખ ઓલિવ રિડલે સમુદ્રી કાચબાઓએ વીલર આઈલેન્ડ (ટાપુ)માં નિવાસ કર્યો છે.

# બેકારી કે સરકારી નોકરી મેળવવાની માનસિકતા : ગુજરાતમાં ૨૫૦૦ ટેકિનકલ જગ્યા માટે ૧.૦૫ લાખ અરજી

ગાંધીનગર તા.૧૧


દેશમાં સૌથી ઓછા બેકારો ગુજરાતમાં હોવાના દાવા વચ્ચે માત્ર ૨૫૦૦ ટેકનીકલ જગ્યાઓ માટે એક લાખથી વધુ અરજીઓ થયાના અહેવાલ છે. ગુજરાત સબઓર્ડીનેટ સર્વીસ સિલેકશન બોર્ડ દ્વારા વિવિધ વિભાગોમાં ૨૫૦૦ પદ પર ભરતી પ્રક્રિયા હાથ ધરી હતી. તેમાં ૧,૦૫, ૮૭૦ અરજીઓ આવી હતી.

ભરતી બોર્ડ દ્વારા મહેસુલ, આયોજન, ઉદ્યોગ અને ખાણ ખનીજ તથા સરકારી પ્રેસ જેવા વિભાગો માટેની ટેકનીકલ જગ્યાઓ માટે અરજીઓ મંગાવવામાં આવી હતી. સ્ટરીલાઈઝર ટેકનીશ્યન, ગ્રાફીક ડીઝાઈનર, મશીન



ઓવરસીયર, સર્વેયર, જુનીયર પ્રોસેસ આસીસ્ટંટ જેવી જગ્યાઓ માટે ભરતી હાથ ધરવામાં આવી છે.ઓજસ વેબસાઈટ મારફત ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી ભરતી બોર્ડનાં એક સીનીયર અધિકારીએ કહ્યું કે સરકારી નોકરી પ્રત્યેનો લગાવ તથા ગુજરાતનાં જ વહીવટી તંત્રમાં સ્થાન પામવાની માનસીકતાથી અરજીઓની સંખ્યા મોટી છે.

આ ભરતી પ્રક્રિયામાં લેખીત પરીક્ષા અને જરૂર પડયે વધુ રાઉન્ડ બાદ ઈન્ટરવ્યુ યોજાશે.વર્ગ-૩ ની આ જગ્યા માટે અરજદારોનો રાફડો ફાટયો હોવાથી સરકારી નોકરી મેળવવાનો ટ્રેંડ વધ્યો છે. સર્વેયર માટેની જગ્યા માટે જ ૫૦,૦૦૦ થી વધુ અરજી થઈ હતી. હજુ ઘણા વિભાગોમાં ટેકનીકલ જગ્યાઓ ખાલી છે.એટલે વધુ ભરતી નીકળવાની શકયતા છે.



### આંતરરાષ્ટ્રીય કિડની સ્વેપની ૨૦૧૩ બાદ મહારાષ્ટ્રનો બીજો કેસ

# ટાન્ઝાનિયા અને ભારતના યુવકોએ એકબીજાના માતા માટે કિડની દાનમાં આપી

### કિડની સ્વેપીંગ રજીસ્ટરની પરસ્પરનું બ્લડગ્રુપ મેચ થતા સુખદ સંબંધો બંધાયા

મુંબઈ:

સામાન્ય રીતે કુટુંબના પુરુષ સભ્યનું જીવન બચાવવા માટે સભ્ય તેની કીડની આવતી હોય છે પણ આ એક અનોખી ઘટના છે. મુંબઈ અને ટાન્ઝાનીયાના એક શહેર મવાન્ઝામાં વસતા બે પુત્રોએ એકબીજાના માતાને બચાવવા પોતાની કીડની આપી હતી. ભારતમાં ૨૦૦૬ થી સ્વેપ ટ્રાન્સપ્લાંટને મંજુરી મળી છે જે હેઠળ બે કુટુંબ એક બીજાના કોઈ સભ્યને બચાવવા માટે કીડનીનું ક્રોસ ડોનેશન કરી શકે છે. કીડની મેળવનારના કુટુંબ તે આપતા હતા. કુટુંબના કોઈ સભ્યને કીડની આપે છે. આ કાનૂન બન્યા બાદ કીડની સ્વેપીંગના હજારો કિસ્સા બન્યા છે.

જેમાં ભારત અને ટાન્ઝાનીયાના બે કુટુંબે મુંબઈની નાણાવટી એકસ હોસ્પીટલ અને ચેમ્બુરની સુશ્રત હોસ્પીટલમાં રહેતા દર્દીઓને કીડની સ્વેપીંગનો લાભ મળ્યો હતો. આ આંતરરાષ્ટ્રીય સ્વેપીંગનો મહારાષ્ટ્રમાં ૨૦૧૩ બાદ બીજો કેસ હતો.

આ માટે સ્વેપ ટ્રાન્સપ્લાંટ રજીસ્ટ્રી રાખવામાં આવે છે. જેના આધારે મેચીંગ કુંડળી શોધી લેવાય છે. જેમાં ટાન્ઝાનીયાના માતા-પુત્ર અને મુંબઈના માતા-પુત્રની જોડી વચ્ચે મેચીંગ થયું.

બન્ને યુવકોએ એકબીજાના માતાનું જીવન બચાવવા પોતપોતાની કીડની આપી હતી. ટાન્ઝાનીયાના ૫૮ વર્ષના ફ્રાન્સીસ્કા અને તેના પુત્ર ગત સપ્ટેમ્બરમાં અમદાવાદ આવ્યા હતા. જયાં તેઓને કિડની ટ્રાન્સપ્લાંટની જરૂર હોવાનો અભિપ્રાય આપતા સેકન્ડ ઓપીનીયન માટે મુંબઈ ગયા હતા અને નાણાવટી હોસ્પીટલમાં દાખલ થયા પણ માતા-પુત્રનું બ્લડગ્રુપ મેચ થતું ન હતું. બાદમાં સ્વેપ રજીસ્ટ્રીનો સહારો લેવાયો તેમાં ૫૭ વર્ષના શીલા ચૈતાની તે પણ કીડનીની જરૂર હતી તેના સામે પણ બ્લડગ્રુપ મેચ થતુ ન હતું પણ સ્વેપ રજીસ્ટ્રી મારફત તેમાં સંપર્કમાં આવ્યા બન્નેના પુત્રોના બ્લડગ્રુપ એકબીજાના માતાના બ્લડગ્રુપ મેચ થતાં હતા અને પ્રક્રિયા પુરી થયા બાદ આ ટ્રાન્સપ્લાંટ થયું હતું અને બન્ને માતાઓ તથા બન્ને પુત્રો આગામી સપ્તાહમાં ડિસ્ચાર્જ પણ થઈ જશે.

# કોંગ્રેસના સ્વભાવમાં જ ભ્રષ્ટાચારઃ 'રોકડ જપ્તિ'નો મામલો જનતા સુધી લઈ જવાશે



### ગૃહમંત્રી અમિત શાહે વિપક્ષો પર નિશાન તાકયુંઃ માત્ર કોંગ્રેસ જ નહિં; 'ઈન્ડિયા'ગઠબંધનના પક્ષો પણ કેમ ચૂપ?

અમદાવાદ તા.૧૧

કોંગ્રેસનાં સાંસદ ધીરજ સાહુ પર આવકવેરા દરોડામાં પકડાયેલી ૨૫૦ કરોડથી વધુ રોકડના મામલે કેન્દ્રીય ગૃહપ્રધાન અમીત શાહે માત્ર કોંગ્રેસ જ નહિં સમગ્ર ઈન્ડીયા ગઠબંધન પર નિશાન સાધ્યુ છે. અને માત્ર પ્રજા સુધી લઈ જવાનું એલાન કર્યું છે. ભ્રષ્ટાચાર કોંગ્રેસનાં સ્વભાવમાં જ છે અને ભ્રષ્ટાચાર છુપાવવા જ મોદી સરકાર તપાસનીસ એજન્સીઓનો દુરૂપયોગ કરતી હોવાનું અભિયાન ચલાવ્યાનો પ્રહાર કર્યો હતો.

પટનામાં અમિત શાહે કહ્યું કે, આઝાદી બાદ કોઈપણ સાંસદના ઘરેથી આટલી મોટી રોકડ રકમ મળી આવી છે. પરંતુ સમગ્ર I.N.D.I.A.ગઠબંધન આ ભ્રષ્ટાચાર પર મૌન છે. હું સમજું છું કે આ કોંગ્રેસનો સ્વભાવ છે. કારણ કે ભ્રષ્ટાચાર તેમના સ્વભાવમાં છે, પરંતુ JDU, RJD, DMK અને SP બધા ચૂપ બેઠા છે.કોંગ્રેસના રાજ્યસભા સાંસદ ધીરજ સાહુના ઘરેથી અત્યાર સુધીમાં રૂ.૩૫૦ કરોડથી વધુની રોકડ મળી આવી છે. ભાજપે કોંગ્રેસ સાંસદ પર તેમના ઘરેથી રોકડ જપ્ત થવા પર નિશાન સાધ્યું છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે આ મુદ્દાને જનતા સુધી લઈ જવાની વાત કરી હતી.

હવે મને સમજાયું કે પીએમ મોદી વિરુદ્ધ અભિયાન કેમ ચલાવવામાં આવ્યું કે એજન્સીઓનો દુરુપયોગ થઈ રહ્યો છે. આવું એટલા માટે કરવામાં આવ્યું કારણ કે તેમના મનમાં એવો ડર હતો કે તેમના ભ્રષ્ટાચારના તમામ રહસ્યો ખુલી જશે. રાહુલ ગાંધીથી લઈને ઈન્ડિયા એલાયન્સના તમામ નેતાઓએ આ મુદ્દે જવાબ આપવો જોઈએ. અમે આ મુદ્દાને લોકો સુધી લઈ જઈશું.

### અયોધ્યામાં મેગા શો માટે ધમધમાટ

# વડાપ્રધાનના વિમાનને અયોધ્યા એરપોર્ટ પર લેન્ડ કરવાની તૈયારીઃ જાહેરસભા યોજાશે

## ૧૫ હજાર કરોડની યોજનાઓનું ભવ્ય લોકાર્પણ, શિલાયન્સ પણ કરવામાં આવશે

લખનૌ,તા.૧૧

અયોધ્યામાં બની રહેલા શ્રી રામ ઈન્ટરનેશનલ એરપોર્ટના ઉદઘાટન સમારોહની સાથે જ રામનગરીમાં પીએમ નરેન્દ્ર મોદીના મેગા શોનું આયોજન કરવાની તૈયારીઓ ચાલી રહી છે. આ કાર્યક્રમને ભવ્ય બનાવવા માટે કેન્દ્ર અને રાજ્યની અન્ય યોજનાઓના શિલાન્યાસ અને ઉદઘાટન માટે બ્લુ પ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે. એક મોટી જાહેર સભાનું પણ આયોજન કરવામાં આવશે.

૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં રામ મંદિરમાં રામ લલ્લાના અભિષેક પહેલા મોટા વિકાસ પ્રોજેક્ટ્સને અંતિમ સ્વરૂપ આપવાનું કામ ચાલી રહ્યું છે. અયોધ્યા ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી પણ આ મહિને ઉડાન ભરવાની તૈયારીઓ ચાલી રહી છે. હાલમાં જ અયોધ્યાની મુલાકાતે ગયેલા સીએમએ એરપોર્ટને લગતા તમામ કામને આખરી ઓપ આપવા સૂચના આપી હતી. ગયા અઠવાડિયે તેઓ દિલ્હી ગયા હતા અને પીએમને ઉદઘાટન માટે આમંત્રણ આપ્યું હતું. સૂત્રોનું કહેવું છે કે પીએમ એરપોર્ટનું ઉદઘાટન કરવા માટે ૨૭ થી ૩૧ ડિસેમ્બરની વચ્ચે અયોધ્યા આવી શકે છે. યોગી સરકાર નવા એરપોર્ટ પર જ પીએમના પ્લેનને લેન્ડ કરવાની તૈયારી કરી રહી છે.

### અયોધ્યાનો વિકાસ દર્શાવવામાં આવશે

સરકાર, સંઘ અને ભાજપ રામલલાના અભિષેકના પ્રસંગને આસ્થાનો તહેવાર બનાવવા અને તેને દરેક ઘર સુધી લઈ જવાની તૈયારી કરી રહ્યા છે. આ સાથે લોકસભા ચૂંટણી માટે પાર્ટીનો ચૂંટણી પ્રચાર વધુ મજબૂત થઈ શકશે. તેથી વર્તમાન સરકાર અયોધ્યા સાથે જોડાયેલી દરેક ઘટનાને ભવ્ય બનાવવામાં વ્યસ્ત છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અભિષેક પહેલા અયોધ્યામાં ઉભા કરવામાં આવેલા પીએમના મંચ પરથી રામનગરીના વિકાસને પણ ઉજાગર કરવામાં આવશે. એરપોર્ટ ઉપરાંત ૧૫ થી ૧૮ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટનું ઉદઘાટન અને શિલાન્યાસ પીએમ દ્વારા કરવામાં આવશે.



# છત્તીસગઢના સીએમ બન્યા બાદ પ્રથમવાર વિષ્ણુદેવ સાંઈ ભગવાન રામના દર્શને પહોંચ્યા :પૂજા કરી




છત્તીસગઢ રાજ્યના નવનિયુક્ત મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાંઈ આજે સવારે રાજધાની રાયપુરમાં હતા. VIP રોડ સ્થિત ભગવાન શ્રી રામના મંદિરે પહોંચ્યા. મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાંઈએ ભગવાન શ્રી રામ, માતા જાનકી હનુમાનજી અને ભગવાન શિવની પૂજા કરી અને છત્તીસગઢ રાજ્યના સર્વાંગી વિકાસ અને રાજ્યના લોકોના સુખ અને સમૃદ્ધિની કામના કરી.

### વર્ષ ૨૦૨૩ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ માટે ખૂબ જ શુકનિયાળ નિવડ્યું

# ‘એનિમલ’ સહિત પાંચ ફિલ્મોએ બોકસ ઓફીસ પર રૂા.૬૫૦ કરોડથી વધુ કમાણી કરી

## ‘પઠાન’, ‘ગદર-૨’, ‘જવાન’, ‘જેલર’,‘એનિમલ’, જેવી ફિલ્મોએ સિનેમાહોલ છલકાવી દીધાઃ હજુ ‘ડંકી’, ‘સાલાર’ પણ નવા રેકોર્ડ તોડે તેવી સંભાવના





મુંબઈ: ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ માટે ૨૦૨૩નું વર્ષ ખુબ શુકનીયાળ રહ્યું છે. બોકસ ઓફીસ પર નવા રેકોર્ડ બનવાની સાથે ફિલ્મ મેકર્સનાં આત્મ વિશ્વાસમાં વધારો થયો છે. રણબીરકપુરની ‘એનિમલ’ સહીત પાંચ ફિલ્મોએ આ વર્ષે ડીસેમ્બર ૧૦ સુધીમાં વર્લ્ડવાઈડ બોક્સ ઓફીસ પર રૂા.૬૫૦ કરોડથી વધુનુ કલેકશન મેળવ્યુ છે. આ મહિનામાં બે બીગ બજેટ ફિલ્મોની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. જેમાં શાહરૂખખાનની ડન્કી અને પ્રભાસની સાલાર પાર્ટી-૧ સીઝ ફાયરનો સમાવેશ થાય છે આ બન્ને ફિલ્મોએ જમાવેલા માહોલને જોતા ૬૫૦ કરોડની કલબમાં યાદી લાંબી થઈ શકે છે.

રણબીરકપુર, રશ્મીકા મંદાના, બોબીદેઓલ, અનિલકપુર અને તૃપ્તિ ડીમરીની ફિલ્મ એનિમલ પહેલી ડીસેમ્બરે રીલીઝ થઈ રહી છે. બીજા વિકેન્ડમાં પણ હાઉસફૂલ થઈ રહેલી આ ફિલ્મે વર્લ્ડવાઈડ બોકસ ઓફીસ પર રૂા.૬૫૦ કરોડથી વધુ કલેકશન મેળવ્યુ છે. એનિમલ, પહેલા શાહરૂખખાનની જવાન, પઠાણ, રજનીકાંતની જેલર અને સન્ની દેઓલની ગદર-૨ ને આ કલબમાં સ્થાન મળ્યુ હતું.

ફિલ્મ ટ્રેડ એનાલીસ્ટ રમેશ બાલાએ એકસ પ્લેટફોર્મ પર ટવીટ કર્યુ હતું કે ૨૦૨૩ માં ગ્રોસ રૂા.૬૫૦ કરોડથી વધુ વર્લ્ડવાઈડ બોકસ ઓફીસ કલેકશન મેળવનારી ફિલ્મોમાં પઠાન, જવાન, જેલન અને ગદર-૨ બાદ હવે એનિમલનો પણ સમાવેશ થયો છે.એનિમલ હજુ થીયેટરમાં ચાલી રહી છે.સંદીપ રેડ્ડી વાંગાનાં ડાયરેકશનમાં બનેલી આ ફિલ્મે રિલીઝના ૯ દિવસમાં જ વર્લ્ડવાઈડ રૂા.૬૬૦.૮૯ કરોડનું કલેકશન મેળવ્યુ છે. હિંસક દ્રશ્યો અને મહિલા પર અત્યાચારના કારણે આ ફિલ્મની ટીકા પણ થઈ રહી છે. એડલ્ટ સર્ટીફીકેટ હોવા છતા ઓડીયન્સને આ ફિલ્મ જોવામાં મજા આવી રહી છે.

### શાહરૂખ, સન્નીદેઓલ અને રજનીકાંતની હરોળમાં રણબીરનો સમાવેશ

૨૦૨૩ના વર્ષમાં વર્લ્ડવાઈડ રૂા.૬૫૦ કરોડ મેળવનારી પહેલી ફિલ્મ શાહરૂખખાનની જવાન હતી. શાહરૂખની સાથે દિપિકા પાદુકોણ અને જહોન અબ્રાહમનાં રોલ ધરાવતી આ ફિલ્મ પ્રજાસતાક દિને રજુ થઈ હતી અને તેનું લાઈફટાઈમ કલેકશન રૂા.૧૦૫૫ કરોડ રહ્યુ હતું. ત્યારબાદ સન્ની દેઓલની ફિલ્મ ગદર-૨ અને રજનીકાંતની ફિલ્મ જેલર ઓગસ્ટમાં રીલીઝ થઈ હતી.રીપોર્ટસ મુજબ ગદર-૨ ને રૂા.૬૫૦ કરોડ અને જેલરને રૂા.૬૮૬ કરોડથી વધુનુ કલેકશન મળ્યું હતું. જેલર મુળે તમિલ ફિલ્મ હતી જેનુ ડબ્ડ વર્ઝન હિન્દી, કન્નડ અને તેલુગુમાં રીલીઝ થયુ હતું. વળી આ યાદીમાં સ્થાન મેળવનારી સાઉથની એક માત્ર ફિલ્મ પણ જેલર છે.

શાહરૂખખાનની બીજી ફિલ્મ જવાનને વર્લ્ડવાઈડ રૂા.૧૧૬૦ કરોડનું કલેકશન મળ્યુ હતું. આ વર્ષે શાહરૂખખાનની ત્રીજી ફિલ્મ ડન્કી આવી રહી છે તેની સીધી ટકકર પ્રભાસની ફિલ્મ સાલાર સાથે થવાની છે. પ્રભાસની ફીલ્મ એકશન થ્રિલર છે.જયારે ડન્કીમાં સોશ્યલ કોમેડીની સાથે ગેરકાયદે ઈમિગ્રેશનનાં ગંભીર વિષયની ચર્ચા છે. બે અલગ-અલગ જોનરની ફિલ્મો વચ્ચે સીધી ટકકરની સ્થિતિમાં ઓડીયન્સની ઉત્સુકતા વધી રહી છે.હાલની સ્થિતિએ તો આ બન્ને ફિલ્મ પણ રૂા.૬૫૦ કરોડથી વધુનુ કલેકશન મેળવે તેવી શકયતા છે. જોકે શાહરૂખની બાદશાહત ટકી રહેશે કે પ્રભાસના નસીબ બદલાશે તેનો ચૂકાદો ઓડીયન્સનાં મિજાજ પર રહેલો છે.

### હાલ કડકડતી ઠંડીમાં ઠંડી ઉડાડી દેતો ધગધગતો રિપોર્ટ

# આવનારા ૬ દાયકામાં દુનિયાના ૨.૭૯ અબજ લોકો લુની ઝપટમાં આવી જશે

## જલવાયું પરિવર્તન, અલનીનોની અસરથી આગામી સદી સુધીમાં તાપમાન ૩ ડીગ્રી સેલ્સીયસ વધવાની સંભાવનાઃ આઈઓએમનાં ન્યુ કલાઈમેટ મોબિલીટી ઈમ્પેકટ રિપોર્ટમાં ચોંકાવનારા ખુલાસા

નવી દિલ્હી તા.૧૧

હાલ તો દેશમાં કડકડતી ઠંડી શરૂ થઈ ગઈ છે. આ ઠંડીની મોસમમાં ઠંડી ઉડી જાય તેવો એક ધગધગતો રિપોર્ટ બહાર આવ્યો છે. જે મુજબ આગામી ૬ દાયકામાં દુનિયાનાં ૨.૭૯ અબજ લોકોને લુનો સામનો કરવો પડશે.



એક અહેવાલ મુજબ વર્ષ ૨૦૯૦ સુધીમાં દુનિયાનાં ૨.૭૯ અબજ લોકો ભયાનક ગરમીની ઝપટમાં આવી જશે. આ દાવો આંતર રાષ્ટ્રીય પ્રવાસનાં સંગઠન (આઈઓએમ) તરફથી જાહેર ન્યુ કલાયમેટ મોબિલીટી ઈમ્પેકટ રિપોર્ટમાં કરવામાં આવ્યો છે.

જેમાં જણાવાયું છે કે લુથી સૌથી વધુ એશીયા અને આફ્રિકામાં રહેતા લોકોને અસર થશે. તેમની સંખ્યા લગભગ ૨.૬ અબજ કે ૯૩ ટકા રહેવાનું અનુમાન છે.

સંશોધકો આ લુની ઘટનાઓમાં વધારા માટે જલવાયું પરિવર્તન અલનીનોની અસર અને ચરમ ઋતુઓ સંબંધી ઘટનાઓને કારણે મળી રહ્યા છે.આઈઓએમનાં આંકડા અનુસાર વધુ ગરમી વાળા ક્ષેત્રોમાં આવતા સાત વર્ષમાં ૫૭ કરોડ લોકો હિટવેવનાં સંપર્કમાં આવી શકે છે. જેથી આગામી સદી સુધીમાં તાપમાન ત્રણ ડીગ્રી સેલ્સીયસ વધવાની સંભાવના છે.

રિપોર્ટ અનુસાર ઓછી ગરમીવાળા ક્ષેત્રોમાં વર્ષ ૨૧૦૦ સુધીમાં વૈશ્વીક તાપમાન ૨ ડીગ્રી સેલ્સીયસથી નીચે વધવાની સંભાવના છે. જયારે વધુ ગરમ ક્ષેત્રોમાં લુના સંપર્કમાં આવનારા લોકોની સંખ્યા ઓછા ગરમવાળા ક્ષેત્રોથી બેગણી થઈ જશે.

**અહીં સૌથી વધુ અસરઃ**

આફ્રિકા એશીયા, અમેરીકા, યુરોપ અને ઓશિનિયા ખંડમાં ઓછા અને વધુ ગરમીવાળા ક્ષેત્રોનો આંકડો રાખવામાં આવ્યો છે. ગરમ દેશોવાળા ક્ષેત્રોમાં હીટવેવની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. ઓછા અને ગરમ ક્ષેત્રોમાં લુની ઝપટમાં આવનારી ૯૦ ટકાથી વધુ વસ્તી આફ્રિકા અને એશિયામાં હશે.ગરમ ક્ષેત્રોવાળા દેશોમાં વર્ષ ૨૦૯૦ સુધીમાં પુરથી ૧૫ કરોડથી વધુ લોકો અસરગ્રસ્ત થશે.

# તામિલનાડુમાં માલગાડીના પાંચ ડબ્બા પાટા પરથી ખડી પડયાઃ જાનહાની નહીં



ચેંગલપટ્ટુ (તામિલનાડુ) તા.૧૧

અત્રે લોખંડથી ભરેલી એક માલગાડી ગઈકાલે રાત્રે ૧૦.૩૦ વાગ્યે પાટા પરથી ખડી પડતા ટ્રેનના પાંચ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. આ બનાવમાં કોઈ જાનહાનીના સમાચાર નથી પણ આ અકસ્માતના કારણે અન્ય યાત્રી ટ્રેનોના પરિચાલનને અસર થઈ હતી. આ અંગેની વિગત મુજબ ચેંગલપટ્ટુ પાસે ચેન્નાઈ હાર્બર તરફ જતી માલગાડી મોડીરાત્રે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ પાટા પરથી ખડી પડી હતી. લોખંડ ભરેલા માલગાડીના પાંચ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. આ અકસ્માતમાં જાનહાની નથી થઈ પરંતુ દક્ષિણ તામિલનાડુથી ચેન્નઈ જતી યાત્રી ટ્રેનોને અસર થઈ હતી.


### નેશનલ ક્રશ : ‘એનિમલ’ની ઝોયાએ ઈન્ટીમેટ સિન વિશે કહ્યું ..

# સિન જોઈને માતા-પિતા ચોંકી ગયા, તેમને સ્વીકારવામાં સમય લાગ્યો : તૃપ્તિ દિમરી

મુંબઇ :

ફિલ્મ એનિમલ ને ઘણી સફળતા મળી છે. તેના સ્ટારકાસ્ટમાં રણબીર કપૂર, રશ્મિકા મંદાના, અનિલ કપૂર, બોબી દેઓલ ઉપરાંત એક નવો ચેહરો જોવા મળ્યો હતો જેને બધા લોકોનું ધ્યાન ખેચ્યું છે. અને તે છે ફિલ્મમાં ઝોયા નો કિરદાર નિભાવનાર અભિનેત્રી તૃપ્તિ દિમરી. તેને અભિનેતા રણબીર કપૂર સાથે એક ઇન્ટીમેટ સીન આપ્યા બાદ ઘણી ચર્ચામાં છે.

એકટ્રેસ તૃપ્તિ ડિમરીએ ફિલ્મ એનિમલમાં એક નાનકડી પરંતુ ખૂબ જ અસરકારક ભૂમિકા ભજવી છે. ફિલ્મમાં તેના પાત્રનું નામ ઝોયા છે જે રણબીરના પાત્ર વિજયની દુશ્મન છે પરંતુ તેના પ્રેમમાં પડે છે. ફિલ્મમાં તૃપ્તિ અને રણબીર વચ્ચે ઘણા ઈન્ટિમેટ સીન્સ પણ છે. એક ઈન્ટરવ્યુમાં તૃપ્તિએ જણાવ્યું કે આ સીન કેવી રીતે શૂટ કરવામાં આવ્યા હતા અને આ સીન જોયા બાદ તેના માતા-પિતાએ કેવી પ્રતિક્રિયા આપી હતી. તૃપ્તિએ કહ્યું કે તેના માતા-પિતાને આ દ્રશ્ય સ્વીકારવામાં થોડો સમય લાગ્યો.



## જ્યાં પણ જાવ છું લોકો મને ભાભી કહે છેઃ રાતોરાત સોશ્યલ મીડિયા પર ૩૦ લાખ ફોલોઅર્સ વધી ગયા

### આ સિન માત્ર ચાર લોકોની હાજરીમાં શૂટ કરવામાં આવ્યો હતો

અગાઉ આપેલા ઈન્ટરવ્યુમાં અભિનેત્રીએ જણાવ્યું હતું કે આ સીન કેવી રીતે શૂટ કરવામાં આવ્યો હતો. અભિનેત્રીએ કહ્યું- નિર્દેશક સંદીપ રેડ્ડી વાંગાએ આ દ્રશ્યના શૂટિંગ માટે સેટ બંધ કરી દીધો હતો. અને ફક્ત ચાર લોકો સામે શૂટ થયું હતું.

### માતા-પિતાએ કહ્યું- અમે ક્યારેય ફિલ્મોમાં આવું કંઈ જોયું નથી

બોલિવૂડ હંગામા સાથે વાત કરતા તૃપ્તિએ કહ્યું, ‘મારા માતા-પિતા ફિલ્મમાં મારા પાત્ર અને ઈન્ટિમેટ સીન જોઈને ચોંકી ગયા હતા. તેણે કહ્યું- ‘અમે ફિલ્મોમાં આવું ક્યારેય જોયું નથી અને તમે કર્યું છે.’ તેને આ સીન સ્વીકારવામાં થોડો સમય લાગ્યો હતો જો કે, તે મારી સાથે ખૂબ જ મીઠી હતી. તેણે કહ્યું, ‘તમારે આવું ન કરવું જોઈતું હતું પણ હવે ઠીક છે. માતાપિતા તરીકે, અમે દેખીતી રીતે આ અનુભવીશું.

**હું મારા કામ અને પાત્ર પ્રત્યે ઈમાનદાર છુંઃ તૃપ્તિ**

તૃપ્તિએ આગળ કહ્યું- ’પછી મેં તેમને સમજાવ્યું કે હું કંઈ ખોટું નથી કરી રહી. આ મારું કામ છે અને જ્યાં સુધી હું સલામત અને આરામદાયક અનુભવું છું ત્યાં સુધી મને આવું કંઈક કરવામાં કોઈ સમસ્યા નથી. હું એક એક્ટર છું અને હું મારા કામ અને પાત્ર પ્રત્યે ૧૦૦ ટકા પ્રમાણિક છું.

### સંદીપ દર ૫ મિનિટે પૂછતો- શું તું ઠીક છે?

આ દરમિયાન સેટ પર માત્ર હું, રણબીર, સિનેમેટોગ્રાફર અને સંદીપ હાજર હતા. શૂટિંગ દરમિયાન સંદીપ મને દર ૫ મિનિટે પૂછતો હતો કે હું કમ્ફર્ટેબલ છું કે નહીં? શું મારે કંઈ જોઈએ છે? આ સમય દરમિયાન મને જરાય અસ્વસ્થતા અનુભવાઈ ન હતી કારણ કે નિર્માતાઓએ આનું ધ્યાન રાખ્યું હતું.

## નેશનલ ક્રશ, ભાભી-૨ થી સોશ્યલ મીડિયા પર ટ્રેન્ડ થાય છે તૃપ્તિ

અભિનેત્રી તૃપ્તિ સોશ્યલ મીડિયા પર નેશનલ ક્રશ, ભાભી ૨ ના હેશ ટેગ થી ટ્રેન્ડ થાય છે. તેને આ ફિલ્મમાં ભાભી ૨ તરીકે બોલાવવામાં આવે છે અને એના કારણે તે હવે આ નામથી ખૂબ જ લોકપ્રિય બની ગઈ છે.

તૃપ્તિએ ઇન્ટરવ્યૂમાં જણાવ્યું કે તે ગમે ત્યાં જાય ત્યાં ભાભી ૨ જ બોલાવે છે. એટલું જ નહિ પરંતુ, હાલમાં તે એરપોર્ટ ગઈ હતી ત્યાં પણ તેને ભાભી તરીકે ચેક ઈન કાઉન્ટર પર બોલાવવામાં આવી હતી.

જોકે તેને કહ્યું કે તે તેને ગમે છે. અને તેની સ્વીટ સ્માઈલ અને સુંદરતાને કારણે તેને નેશનલ ક્રશ તરીકે બોલાવવામાં આવે છે.

### ઈન્સ્ટાગ્રામ પર ૩ મિલિયનથી વધુ ફોલોઅર્સ મેળવ્યા

દરમિયાન, રવિવારે તૃપ્તિના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટને ૩ મિલિયન ફોલોઅર્સ મળ્યા. અભિનેત્રીએ કેક કાપીને તેની ઉજવણી કરી હતી. તમને જણાવી દઈએ કે ‘એનિમલ’ રિલીઝ થયા બાદ તૃપ્તિની ફેન ફોલોઈંગ ઘણી વધી ગઈ છે. માત્ર સાત દિવસમાં તેના ફોલોઅર્સમાં લગભગ ૨૦ લાખનો વધારો થયો છે.

### એનિમલને કારણે લોકપ્રિયતા વધી, તેની જૂની ફિલ્મો વધુ જોવાય છે

તૃપ્તિએ એનિમલ ફિલ્મ પહેલા કલા, પોસ્ટર બોયઝ, બુલબુલ જેવી ફિલ્મો કરી હતી. આ બધી એટલી લોકપ્રિય નહોતી. પરંતુ હવે એનિમલ રિલીઝ થયા બાદ, અભિનેત્રીની લોકપ્રિયતામાં વધારો થયો છે. લોકો તેના વિશે સર્ચ કરે છે અને સાથોસાથ તેની પહેલાની ફિલ્મો જોઈએ રહ્યા છે.

## ફિલ્મ ‘એનિમલ’એ વિશ્વભરમાં રૂા. ૬૬૦.૮૯ કરોડની કમાણી કરી હતી

દરમિયાન, તમામ પ્રકારની ટીકાઓનો સામનો કરવા છતાં, એનિમલે બોકસ ઓફિસ પર વિશ્વભરમાં રૂ. ૬૬૦.૮૯ કરોડની કમાણી કરી છે.

શનિવારે, રિલીઝના ૯માં દિવસે, ફિલ્મે વિશ્વભરમાં ૬૦.૨૨ કરોડ રૂપિયાની કમાણી કરી, જે પોતાનામાં એક રેકોર્ડ છે. આ સાથે એનિમલ ૯માં દિવસે વિશ્વભરમાં આટલું મોટું કલેક્શન કરનાર પ્રથમ ભારતીય ફિલ્મ બની છે






Open AI માં સર્જાયેલા વિવાદ પાછળની મુળ હકીકત હવે બહાર આવી છે

# પ્રોજેકટ Q* : Open AI નો સૌથી ખતરનાક પ્રોજેકટ

**સેમ ઓલ્ટમેનએ લગભગ એક દસકાથી ChatGPT ની સાથે જે તૈયારી કરી હતી તે પ્રોજેકટ Q* ટુંક સમયમાં દુનિયા સમક્ષ મુકાશે અને કદાચ તે અત્યાર સુધીનો આર્ટીફીશયલ ઇન્ટેલીજન્સનો સૌથી ખતરનાક પ્રોજેકટ ગણવામાં આવે છે, જે માનવ જાત સામે ખતરો સર્જી શકે છે એટલે કે મશીન માનવથી પણ વધુ સ્માર્ટ બની જશે, યુરોપીયન દેશોએ અત્યારથી તેની સામે એલર્ટ કર્યુ છે**

**ECOCIDE આ એક નવો શબ્દ દુબઇમાં સંપન્ન થયેલ 'COP-28'ની બેઠકમાં જોવા મળ્યો તે જ દર્શાવે છે કે જે દેશમાં સતત યુધ્ધ ચાલી રહ્યા છે ત્યાં વાતાવરણની સૌથી ખરાબ અસર થઇ રહી છે તે પછી યમન હોય કે યુક્રેન અને તેનો પ્રભાવ દસકાઓ સુધી રહેશે, કલાયમેટ ચેન્જમાં આ પણ એક ભૂમિકા ભજવશે, યુધ્ધ એ વાતાવરણને સૌથી વધુ નુકસાન કરે છે તે પ્રથમ વખત જાહેર થયું છે**

**મશીન લર્નિંગ એટલે કે આપણે અનેક ટુલ્સ અને મશીનને પોતાની રીતે જ કામ કરતા જોઇએ છીએ તે તેની લર્નિંગ ક્ષમતા છે અને તેમાં હવે આર્ટીફીશયલ ઇન્ટેલીજન્સની સૌથી મહત્વની મેથેમેટીકલ ક્ષમતાનો પણ ઉમેરો થયો છે અને તેથી પ્રોજેકટ Q* એ ખતરનાક બની જશે તેવી આગાહી થઇ રહી છે પરંતુ દુનિયામાં હવે આર્ટીફીશયલ ઇન્ટેલીજન્સને આગળ વધી શકાય તેમ નથી**



હાલમાં જ આર્ટીફીશયલ ઇન્ટેલીજન્સની જબરી ચર્ચા છે અને ChatGPT આવ્યા બાદ Open AI ની પણ જબરીચર્ચા થઇ જયારે બોર્ડમાં સેમ ઓલ્ટમેનની હકાલપટ્ટીની કલાકોમાં તેની વાપસીની સનસનાટી મચી હતી. તે સમયે હવે Open AI એ હવે તેના નવા પ્રોજેકટ TOOL Q* ની જાહેરાત કરીને સનસનાટી મચાવી દીધી છે આ પ્રોજેકટ ઉપર લાંબા સમયથી કંપની કામ કરી ગઇ હતી. અત્યાર સુધી આ Q* પ્રોજેકટ પર બહુ ઓછી જાણકારી ઉપલબ્ધ હતી જે માહિતી બહાર આવી છે તે આર્ટીફીશયલ જનરલ ઇન્ટેલીજન્સ ટુલ છે અને સેમ ઓલ્ટમેનના જણાવ્યા મુજબ AJI ની માનવથી વધુ સ્માર્ટ હશે જોકે સેમે તે દરમ્યાન તેની કોઇ ખામીઓ અંગે કોઇ માહિતી આપી ન હતી પરંતુ આ પ્રોજેકટ માનવતા અને ખાસ કરીને માણસો સામે બહુ ખતરનાક હોય તેવું જણાય છે આપણે ટર્મીનેટર ફિલ્મમાં જોયું છે કે એક મશીન કે જે પોતાની બુધ્ધિ ધરાવતું હોય તે કેટલું ખતરનાક નિવડી શકે છે. AJI એ મેથેમેટીકલ ટુલ છે અને તે મુખ્યત્વે મશીન લર્નિંગનો એક ભાગ છે એટલે કે મશીન પોતાની મેળે કઇ રીતે શીખવા લાગે તે દર્શાવે છે અને આ Open AI પ્રોજેકટ જયારે ખરેખર ચેટ જીટીપીની જેમ પોતાની કામગીરી ચાલુ કરશે ત્યારે તેની ખતરનાક બાજુ જાણવા મળે તેવી સ્થિતિ છે અને Open AI ના મોંડે પણ તે અંગે ચેતવણી આપી છે, વાસ્તવમાં પ્રોજેકટ Q* ના કારણે સેમ ઓલ્ટ મેનની હકાલપટ્ટી થઇ હોય તેવા સંકેત છે અને કંપનીએ ત્યારબાદ તેમાં જે જંગી રોકાણ કર્યુ હતું તેના કારણે તેને અંતે વ્યાપારીકરણ માટે પણ સેમની જરૂર હોવાનું બહાર આવતા તેને ફરી વખત કંપનીમાં લેવાયો છે. OPEN AI માં થયેલી બગાવત અને તે બાદ જે પરિસ્થિતિ સર્જાઇ તે દુનિયા સામે છે. પરંતુ આ પ્રોજેકટ પૂરેપૂરો બહાર આવશે તે સમયે યુરોપ સહિતના દેશોએ પણ તેની સામે અત્યારથી સાવચેતીનો સુર કાઢયો છે. વિશ્વમાં આ અંગે જોકે હજુ બહુ ઓછી જાણ OPEN AI એ કરી છે. મશીનરી લર્નિંગનો દુરઉપયોગ જોઇ શકે છે અને તેથી ફકત આર્ટીફીશયલ ઇન્ટેલીજન્સની સૌથી આ અનિયંત્રીત શકિત પણ આપણી સામે આવી જશે.

### ECOCIDE

જો હાલ ઇઝરાયલ અને હમાસ વચ્ચે કે પછી રશિયા અને યુક્રેન વચ્ચે યુધ્ધ ચાલી રહ્યું છે તો તેમાં તમે આગામી સમયમાં વાતાવરણમાં પણ બદલાવ જોઇ શકો છો. એક તરફ વિશ્વ ગ્લોબલ વોર્મિંગની ચિંતા કરી રહ્યું છે તો બીજી તરફ યુધ્ધ અને કલાયમેટ ચેન્જ વચ્ચે પણ અનેક વખત સંબંધ સ્થપાયો છે હાલમાં દુબઇમાં મળેલી 'COP-28 'ની બેઠકમાં યુધ્ધ અને કલાયમેટ ચેન્જ વચ્ચેના સંબંધો એક અભ્યાસ પેપર રજૂ કરવામાં આવ્યું છે અને તેમાં ખાસ કરીને યુધ્ધમાં હોમાયેલા ગાઝા ઉપરાંત યમન સીરીયા અને યુક્રેને પણ ફરિયાદ કરી કે સતત યુધ્ધના કારણે તેના વાતાવરણ ઉપર પણ અસર થઇ રહી છે અને યુક્રેને તેને ECOCIDE તરીકે ઓળખાવ્યું અને ખાસ કરીને રશિયા દ્વારા જે યુક્રેનમાં મોટા પાયે હુમલા કરીને તબાહી વરસાવામાં આવી હતી તે અંગેના કેટલાક પોસ્ટર રજુ કર્યા ખાસ કરીને યુક્રેનમાં રશિયાએ જે જુન માસમાં આ દેશનો સૌથી મોટો કાખોવકા ડેમ તોડયો પાડયો તેના કારણે તેના પાણીના રીસોર્સીસ પર અસર પડી છે અને વર્લ્ડ બેંકનો અહેવાલ જણાવે છે કે જે દેશ વાતાવરણના આ પ્રકારની અસર અનુભવતા હોય તેઓની રાજકીય અને ઇકોનોમી હાલત પણ નબળી હોય છે.

**સ્પોટ-લાઈટ**
**કે.આર.**
krisht555@gmail.com

યમન કે જે અરબ દ્રીપકલ્પમાં આવેલું છે ત્યાં સતત અને ખાસ કરીને છેલ્લા આઠ વર્ષથી સીવીલ વોર કહી શકાય તે રીતે એક બાદ એક જુથો વચ્ચે યુધ્ધ ચાલતા રહે છે અને તેના કારણે પાણીની પરિસ્થિતિ પર સતત અસર થઇ રહી છે અને ખાસ કરીને નાગરિકોને તેનાથી સૌથી વધુ સહન કરવું પડે છે. સાઉથ સુદાન કે જે થોડા સમય પહેલા આઝાદ થયું તેને પણ કહ્યું કે તેમના દેશના આંતરિક યુધ્ધથી લાખો લોકોને અસર થઇ છે. શાંતિ અને સલામતી ખાસ કરીને વાતાવરણ ઉપર સૌથી વધુ અસર કરે છે. પેલેસ્ટાઇન તરફથી આ સમારોહમાં એક પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું અને તેમાં જણાવાયું કે જે રીતે પેલેસ્ટાઇન તેમજ ગાઝામાં સતત હુમલા અને યુધ્ધ જેવી સ્થિતિ છે તેના કારણે કઇ રીતે તેના વાતાવરણને અસર થઇ રહી છે. રેડક્રોસ પણ આ પરિસ્થિતિથી સંમતિ દર્શાવે છે, યુક્રેનમાં બે વર્ષના યુધ્ધના કારણે આગામી લગભગ ૪૦ થી ૫૦ વર્ષ સુધી તેની અસર દેખાશે તેવું પણ વિશ્વ બેંકે તારણ કાઢયું છે અહીંનો સૌથી મોટો ડેમ તુટી પડવાના કારણે જે વ્યાપક પુરની પરિસ્થિતિ સર્જાઇ તેમાં ૧૫૦ મીલીયન ટન 'CO2' એમીશન થયું ખાસ કરીને યુધ્ધના કારણે વારંવાર આગ લાગે છે અને ઇંધણોના ધુમાડા થાય છે તેની પણ અસર થઇ છે. યુક્રેનના લગભગ ૩૦ ટકા જંગલ વિસ્તાર છે અને તેના ૨૦ ટકા વિસ્તારોને આ યુધ્ધની અસર થઇ છે અને તેથી આ બેઠકમાં યુધ્ધને પણ એક વાતાવરણ બદલાવ પર સૌથી મોટા દુશ્મન તરીકે દર્શાવાયું હતું.

બીજી તરફ યુરોપીયન યુનીયને પણ હવે પ્રદુષણ સામે નવો જંગ છેડી દીધો છે અને અહીં પ્રદુષણ ફેલાવનારને ૧૦ વર્ષ સુધીની જેલ સજા અને પાંચ ટકા રકમ તેના જે તે કંપનીના ગ્લોબલ ટર્નઓવર પર દંડની જોગવાઇ કરી છે. ભારતે પણ જી-૨૦ના પ્રમુખ પદ સમયે જમ્મુ કાશ્મીરમાં જે રીતે ટુરીઝમ અંગેની બેઠકો યોજી તે સમયે પણ ઇકો સાઇડની ચર્ચા થઇ હતી.


# ભારત-દક્ષિણ આફ્રિકાનો પ્રથમ ટી-૨૦ મેચ વરસાદમાં ધોવાયો:ટોસ પણ ન થઈ શકયો



**ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ટી-૨૦ શ્રેણીનો પ્રથમ જ મેચ વરસાદમાં ધોવાઈ ગયો છે. એક પણ દડો ફેંકાયા વિના મેચ રદ કરી દેવાયો હતો. એકધારા વરસાદ પછી મેદાનમાં પાણીની સ્થિતિ ચકાસીને છેવટે અમ્પાયરે મેચ રમી શકાય તેમ ન હોવાનું જાહેર કર્યું હતું આ મેચમાં ટોસ પણ થઈ શકયો ન હતો.આવતા વર્ષે રમાનારા ટી-૨૦ વર્લ્ડકપ પૂર્વે ખેલાડીઓની પસંદગી માટે વર્તમાન શ્રેણી મહત્વની ગણાઈ રહી છે. તેને ઝાટકો લાગ્યો છે. હવે વર્તમાન શ્રેણીના બે તથા જાન્યુઆરીમાં અફઘાનીસ્તાન સામે ત્રણ ટી-૨૦ મેચો પર નજર રહેશે વર્લ્ડકપ પુર્વે ભારત પાંચ ટી-૨૦ મેચ રમશે.**

# અમિત શાહે લખી છત્તીસગઢના મુખ્યમંત્રીની સ્ક્રિપ્ટઃ વિષ્ણુદેવના સીએમ બનવા પાછળ રમણસિંહનો હાથ, સંઘને પણ સાંઈ પસંદ

**અમિત શાહ ચૂંટણી પૂર્વે સભામાં બોલ્યા હતા, ભાજપને જીતાડો, વિષ્ણુદેવને 'મોટો માણસ' બનાવીશું**





ન્યુ દિલ્હી : આખરે વિષ્ણુદેવ સાંઈ છત્તીસગઢના નવા મુખ્યમંત્રી બન્યા, પરંતુ આ નિર્ણય એટલો સરળ નહોતો. ડો.રમણ સિંહ, કેન્દ્રીય રાજ્ય મંત્રી રેણુકા સિંહ, રામવિચાર નેતામ, ગોમતી સાઈ અને પ્રદેશ અધ્યક્ષ અરુણ સાઓ પણ મુખ્યમંત્રીની રેસમાં હતા.

પાર્ટીએ સૌપ્રથમ વખત આદિવાસી સમુદાયમાંથી સાઈના રૂપમાં મુખ્યમંત્રીની પસંદગી કરી. મુખ્યમંત્રીની સ્ક્રિપ્ટ લખવામાં અમિત શાહની ભૂમિકા મહત્વની હતી. વારંવાર એવું કહેવામાં આવી રહ્યું હતું કે જો ડો.રમણ સિંહ મુખ્યમંત્રી નથી તો તેમની પસંદગીને મુખ્યમંત્રી બનાવી શકાય છે.

વિષ્ણુદેવ સાંઈને રમણ સિંહની પસંદગી માનવામાં આવે છે. જ્યારે રમણ સિંહને પૂછવામાં આવ્યું કે, તેમણે જે બે-ત્રણ નામો આપ્યા તેમાં વિષ્ણુદેવ સાંઈ પણ હતા.

વિષ્ણુદેવ સાંઈ કેન્દ્રીય મંત્રી રહી ચૂક્યા છે. તેઓ ભાજપના છત્તીસગઢ પ્રદેશ અધ્યક્ષ પણ હતા. આદિવાસી દિવસ પર જ્યારે તેને દૂર કરવામાં આવ્યો ત્યારે પણ તે શાંત રહ્યો. ક્યારેય પાર્ટી વિરુદ્ધ કોઈ નિવેદન આપ્યું નથી. આ કારણે અમિત શાહ તેમને પસંદ કરતા હતા.

આ જ કારણ છે કે જ્યારે શાહ જશપુર વિસ્તારમાં રોડ શોમાં ગયા હતા, ત્યાં તેમણે કહ્યું હતું કે વિષ્ણુદેવ સાંઈને જીતાડીને લાવો, અમે તેમને મોટા માણસ બનાવીશું.

આદિવાસી વિસ્તારની ૧૪ માંથી ૧૪ બેઠકો જીતી : સુરગુજા વિસ્તારમાં ૧૪ બેઠકો

છે અને તમામ કોંગ્રેસ પાસે હતી. અહીંથી ભાજપે કોંગ્રેસ પાસેથી તમામ ૧૪ બેઠકો છીનવી લીધી છે. આથી એવું માનવામાં આવે છે કે મુખ્યમંત્રી મજબૂત વિસ્તારમાંથી આપવામાં આવ્યા હતા. ભાજપ આગામી લોકસભા ચૂંટણીમાં આદિવાસી મુખ્યપ્રધાનનો ફાયદો મળશે.

# અંડર-૧૯ એશિયા કપમાં પાકિસ્તાને ભારતને હરાવ્યુંઃ ૮ વિકેટે જીત; અઝાન આવાશની સદી, ઝીશાને ૪ વિકેટ ઝડપી હતી

**ભારતે ટુર્નામેન્ટમાં પહેલી હારનો સામનો કરવો પડ્યો**

દુબઈ : અંડર-૧૯ એશિયા કપમાં ટીમ ઈન્ડિયાને પહેલી હારનો સામનો કરવો પડ્યો હતો. પાકિસ્તાને ટીમને ૮ વિકેટે હાર આપી હતી. દુબઈમાં રવિવારે પ્રથમ બેટિંગ કરતા ભારતે ૯ વિકેટે ૨૫૯ રન બનાવ્યા હતા. પાકિસ્તાને ૪૭ ઓવરમાં માત્ર ૨ વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. પાકિસ્તાન તરફથી અઝાન અવશે ૧૦૫ રનની અણનમ ઈનિંગ રમી હતી. જ્યારે કેપ્ટન સાદ બેગ અને શાહઝેબ ખાને અર્ધસદી ફટકારી હતી. તેના પહેલા મોહમ્મદ જીશાને માત્ર ૪૬ રનમાં ૪ વિકેટ લીધી હતી.

# ભારતીય સિરીઝથી દક્ષિણ આફ્રિકા ૫૭૩ કરોડની કમાણી કરીને 'માલામાલ' બનશે




**હાલ ભારતીય ટીમ સાઉથ આફ્રિકાના પ્રવાસે છે. જ્યાં બંને ટીમો વચ્ચે ૩ ટી૨૦, ૩ વન ડે અને ૨ ટેસ્ટ મેચની શ્રેણી રમવાની છે**

આ સંદર્ભમાં દક્ષિણ આફ્રિકા ક્રિકેટ બોર્ડ માટે એક સારા સમાચાર સામે આવી રહ્યા છે. ભારતીય ટીમનો આ પ્રવાસ સાઉથ આફ્રિકા માટે લોટરી સમાન છે. આ પ્રવાસથી તેને આર્થિક રીતે ઘણો ફાયદો થશે. દક્ષિણ આફ્રિકાના બોર્ડને આ શ્રેણીની તમામ ૮ મેચોમાંથી બમ્પર નફો મળશે

ભારતીય ટીમનો આ સાઉથ આફ્રિકા પ્રવાસ લગભગ ૨૯ દિવસ ચાલવાનો છે.ક્રિકબઝના અહેવાલ મુજબ, ભારતીય ટીમના પ્રવાસથી ક્રિકેટ સાઉથ આફ્રિકા બોર્ડના તિજોરીમાં આશરે રૂ. ૫૭૩ કરોડની કમાણી થશે. તેનાથી તેનું સંપૂર્ણ દેણું ચૂકતું થઈ જશે. તેને છેલ્લા ૩ વર્ષમાં કુલ લગભગ રૂ. ૨૩૭.૭૦ કરોડનું નુકસાન થયું છે. આવી સ્થિતિમાં ભારતીય ટીમનો પ્રવાસ ન માત્ર નુકસાનને ભરપાઈ કરશે પરંતુ આવનારા વર્ષો માટે પૂરતા પૈસાની પણ જરૂરિયાતને સંતોષશે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ વિશ્વનું સૌથી ધનિક ક્રિકેટ બોર્ડ છે. ગયા મહિને BCCIની નેટવર્થ લગભગ ૧૮ હજાર કરોડ રૂપિયા હતી. નેટવર્થની દષ્ટિએ દક્ષિણ આફ્રિકાનું બોર્ડ છઠ્ઠા સ્થાને છે. તેમની કુલ સંપત્તિ ૪૭ મિલિયન ડોલર છે.

# BBLમાં 'ખતરનાક પિચ'ના કારણે મેચ રદ્દઃ અમ્પાયરે અધવચ્ચેથી મેચ અટકાવી

મેલબોર્ન : ભારતમાં આઈપીએલ જેમ ઓસ્ટ્રેલિયાની બિગ બેશ લીગ (BBL) માં ગઈકાલે અજીબો ગરીબ કિસ્સો થયો છે . મેલબોર્ન રેનેગેડ્સ અને પર્થ સ્કોર્ચર્સ વચ્ચેની બિગ બેશ લીગ (BBL) મેચ નબળી પિચને કારણે રદ કરવી પડી હતી. લીગના ઈતિહાસમાં રવિવારે ગીલોંગના મેદાન પર પહેલીવાર એવું બન્યું હતું કે અસુરક્ષિત પીચને કારણે મેચને રદ કરવી પડી હોય.



મેચ માત્ર ૪૧ બોલ એટલે કે ૬.૫ ઓવર સુધી ચાલી હતી. ત્યારે સ્કોર્ચર્સ બેટિંગ કરી રહ્યો હતો. ખરાબ પિચ ત્યારે પ્રકાશમાં આવી જ્યારે મેલબોર્નના બોલર વિલ સધરલેન્ડે એક જ પિચ પર ત્રણ વખત બોલ ફેંકયો, જેણે અલગ-અલગ સ્પીડ અને બાઉન્સ આપવાનું શરૂ કર્યું.

પીચ જોયા બાદ અમ્પાયરે તરત જ રમત રોકવાનો નિર્ણય લીધો અને ૨૦ મિનિટ બાદ મેચ રદ્દ કરી દીધી. અમ્પાયરે કહ્યું કે રમત ચાલુ રાખવી ખૂબ જોખમી છે. ત્યારબાદ પર્થ સ્કોર્ચર્સે ૨ વિકેટ ગુમાવીને ૩૦ રન બનાવ્યા હતા. પીચને ખતરનાક તરીકે ગણાવવામાં આવી હતી.

### વરસાદને કારણે પિચ બગડી

શનિવારે ગીલોંગના મેદાન પર વરસાદ પડ્યો હતો. વરસાદ દરમિયાન, કવરમાંથી પાણી લીક થતું હતું, જે પીચની સપાટી પર સીધું જતું હતું. જેના કારણે પિચ અસમાન બની ગઈ હતી.

રૂા.૪૦ લાખ આપવાના મામલે સમાધાનનો ભંગ થયો હોઈ જામીન રદ કરવાનો મામલો

# સમાધાનનો ભંગ થયો હોવાના આધારે મંજુર થયેલા જામીન રદ કરી શકાય નહિંઃ હાઈકોર્ટ

અમદાવાદ: ગુજરાત હાઈકોર્ટે એક અત્યંત મહત્વનો ચુકાદો આપતા કાયદાની પરિસ્થિતિ અને સુપ્રિમ કોર્ટનાં ચુકાદાને સ્પષ્ટ કરતા ઠરાવ્યુ છે કે 'જો આરોપી અને ફરીયાદી વચ્ચે સમાધાન થઈ ગયું હોય અને એ આધારે આરોપીને જામીન પર મુકત કરવામાં આવ્યો હોય, ત્યારબાદ સમાધાનની શરતનો ભંગ થયો હોવાના આધારે જામીન રદ કરી શકાય નહિં.જામીન અરજી રદ કરવાની બાબત અને મંજુર થયેલા જામીનને રદ કરવાની બાબતો જુદી જુદી છે.હાઈકોર્ટે ઉકત આદેશ કરતાં રૂા.૪૦ લાખ ફરિયાદીને પરત નહિં કરનારા આરોપીને આપવામાં આવેલા જામીન રદ કરવાનો ઈન્કાર કર્યો છે.

હાઈકોર્ટનાં જસ્ટીસ જે.સી.દોશીએ ચુકાદામાં ઠરાવ્યું હતું કે આ કેસના રેકોર્ડ પર એવુ સામે આવ્યું છે કે ટ્રાયલ કોર્ટ બન્ને પક્ષો વચ્ચે થયેલા સમાધાનને ધ્યાનમાં લીધુ હતું એટલુ જ નહિં આરોપીને જામીન આપવામાં આવે તો કોઈપણ વાંધો નહીં હોવાના ફરીયાદીના નિવેદનને પણ રેકોર્ડ પર લીધો હતો.હવે જયારે સમાધાનનો અમલ ન થયો હોય અથવા સમાધાનની શરતોની અમલવારી ન થઈ હોય તો એના આધારે મંજુર થયેલા જામીનને રદ કરી શકાય નહિં. જો સમાધાનનો ભંગ થયો હોય તો એ બાબત સિવીલ કાર્યવાહી દરમ્યાન ચકાસણીનો વિષય બને છે.પરંતુ જામીન રદ કરવા માટેનું એ કારણ બની શકે નહિં.જામીનને રદ કરવાનો મુદ્દો વ્યકિતની સ્વતંત્રતા સાથે સંકળાયેલી બાબત છે. પ્રસ્તુત કેસમાં એવુ જણાય છે કે અરજદાર ફરીયાદી આરોપી સામે પ્રેસર ટેકિટકસનો ઉપયોગ કરી તેને ઘુંટણીએ લાવવા માંગે છે અને સિવીલ કાર્યવાહીના બદલે જામીન રદ કરવાની કાર્યવાહીને મહત્વ આપી રહ્યા છે. જો સમાધાનની શરતો મુજબ જામીન મંજુર થયા હોય તો ફરીયાદી અરજદાર સિવીલ કોર્ટ સમક્ષ જઈને યોગ્ય રાહત મેળવી શકે છે.પરંતુ હાલ જામીનને રદ કરવાના કોઈ સંજોગો દેખાતા નથી. આ અવલોકનો સાથે હાઈકોર્ટે આરોપીને મળેલા જામીનના રદ કરવા માટેની ફરીયાદીની અરજી રદબાતલ કરી છે.



આ સમગ્ર મામલો અમદાવાદ ડીસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરીયાદનો છે.જેમાં ટ્રાયલ કોર્ટે આરોપીને એવા આધારે જામીન આપ્યા હતા કે બન્ને પક્ષો વચ્ચે સમાધાન થઈ ગયુ છે અને આરોપી ફરીયાદીને બાકીના રૂપિયા ૪૦ લાખ હપ્તામાં ચુકવી આપશે.ફરીયાદીએ પોતાના એવા હકક સુરક્ષીત રાખ્યા હતા કે જો આરોપી રૂપિયાની ચુકવણી કરવામાં નિષ્ફળ રહેશે તો તે જામીન રદ કરવાની અરજી કરી શકે છે.તેથી તેણે નીચલી અદાલતમાં જામીન રદ કરવા અરજી કરી હતી. જે અરજી નીચલી અદાલતે રદ કરીને ભુલ કરી હોઈ ફરીયાદી અરજદારે હાઈકોર્ટનાં દ્વાર ખખડાવ્યા હતા.

# મહિન્દ્રા-એન્ડ-મહિન્દ્રાના એમડી અનીશ શાહ FICCIના પ્રમુખ બન્યા

**અનંત ગોએન્કાને વાઈસ પ્રેસિડેન્ટ અને શૈલેષ પાઠકને જનરલ સેક્રેટરી બનાવાયા**

નવી દિલ્હી: મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના મેનેજિંગ ડિરેક્ટર અને ગ્રુપ CEO અનીશ શાહને ૨૦૨૩-૨૪ માટે ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI)ના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. અનિશ શાહ શુભ્રકાંત પાંડાનું સ્થાન લેશે. રાજધાની દિલ્હીમાં આયોજિત FICCIના ૯૬માં વાર્ષિક અધિવેશનમાં તેમની આ પદ પર નિમણૂક કરવામાં આવી હતી. અનીશ શાહે કાર્નેગી મેલોનની ટેપર સ્કૂલ ઓફ બિઝનેસમાંથી ડૉઉ કર્યું છે. તેમણે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદમાંથી પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા કર્યું છે.



**શાહ ઘણા ફોરમમાં મોટી જવાબદારીઓ સંભાળી રહ્યા છે :**

ફિક્કીનાપ્રમુખ હોવા ઉપરાંત, ડો. શાહ યુકે ઇન્વેસ્ટમેન્ટ કાઉન્સિલના સભ્ય, વર્લ્ડ ઇકોનોમિક ફોરમના ઓટોમોટિવ ગવર્નર્સ કાઉન્સિલના ચેરમેન, કલાઇમેટ ચેન્જ પરના સીઇઓ ઓફ ઇન્ડિયા એલાયન્સના વાઇસ પ્રેસિડેન્ટ અને વાઇસ પ્રેસિડેન્ટ છે. ભારત-ઓસ્ટ્રેલિયા CEO કાઉન્સિલ. પ્રમુખની જવાબદારી સંભાળવી.

### અનંત ગોએન્કા ઉપપ્રમુખ, શૈલેષ કે. પાઠક જનરલ સેક્રેટરી બન્યા

FICCIએ શાહ સાથે મળીને હર્ષવર્ધન અગ્રવાલને વરિષ્ઠ ઉપાધ્યક્ષ તરીકે, અનંત ગોયેન્કાને ઉપપ્રમુખ તરીકે, શુભ્રકાંત પાંડાને તાત્કાલિક ઉપપ્રમુખ તરીકે અને શૈલેષ કે.ને ૨૦૨૩-૨૪ના નેતૃત્વ માટે નિયુક્ત કર્યા છે. પાઠકને મહામંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# લગ્નગાળા વચ્ચે સીઝનલ રોગચાળો કાબુ બહાર : ૧૪૦૦ નવા કેસ

## સપ્તાહમાં શરદી-ઉધરસ, તાવ, ઝાડા-ઉલ્ટીના દર્દીઓની સંખ્યામાં મોટો વધારો : ડેંગ્યુ અને ચીકનગુનીયાના ૫-૫ કેસ : મચ્છર ઉત્પત્તિ બદલ ૨૬૮ આસામીને નોટીસ

રાજકોટ, તા. ૧૧

રાજકોટ મહાનગરમાં પખવાડિયાથી લગ્નગાળો પુરબહારમાં જામ્યો છે અને ધીમે ધીમે શિયાળો પર શરૂ થઇ રહ્યો છે ત્યારે સીઝનલ રોગચાળાના છેલ્લા સમયના સૌથી વધુ કેસ આ અઠવાડિયામાં આવ્યા છે. શરદી-ઉધરસના એક હજાર થી વધુ સહિત વાયરલ રોગચાળાના ૧૪૦૦ જેટલા દર્દી ચોપડે ચડયા છે તો ડેંગ્યુ અને ચીકનગુનીયાના નવા કેસ ઘટીને ૫-૫ નોંધાયાનું આરોગ્ય વિભાગે જાહેર કર્યુ છે.

મનપાની મેલેરીયા શાખાએ જાહેર કરેલા સાપ્તાહિક રીપોર્ટ મુજબ તા.૪-૧૨થી ૧૦-૧૨ સુધીમાં શરદી-ઉધરસના ૧૦૮૧, સામાન્ય તાવના ૭૩ અને ઝાડા-ઉલ્ટીના ૨૪૦ દર્દી આવ્યા છે. આ સીઝનલ રોગચાળાના દર્દીનો કુલ આંકડો ૧૩૯૪ થયો છે. પૂરા વર્ષમાં શરદી-ઉધરસના ૨૧૭૬૪, સામાન્ય તાવના ૨૨૧૮ અને ઝાડા-ઉલ્ટીના ૬૩૪૬ કેસ આવ્યા છે.

મચ્છરજન્ય રોગચાળાની વાત કરીએ તો સપ્તાહમાં ડેંગ્યુના કેસ ઘટીને માત્ર પાંચ નોંધાયા છે. તો ચીકનગુનીયા હજુ કાબુમાં આવતો ન હોય તેમ આ તાવના પણ પાંચ દર્દી ચોપડે ચડયા છે. સપ્તાહમાં મચ્છર ઉત્પતિ બદલ ૨૬૮ આસામીઓને નોટીસ આપવામાં આવી છે.





મચ્છરોનો ઉપદ્રવ રોકવા મનપા દ્વારા સઘન ફોગીંગથી માંડી લોકોને માર્ગદર્શન આપવાના કેમ્પ પણ યોજાઇ રહ્યા છે.

હાલ રાજકોટમાં લગ્નગાળો જામ્યો છે અને રોજ હજારોની સંખ્યામાં લોકો જમણવારમાં એકઠા થાય છે. આવા સમયે વધુ જનસમુદાય હોય તેવા સ્થીળો એ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહેતું હોય, લોકોને સતર્ક રહેવા તંત્ર સતત અપીલ કરે છે.

શહેરી વિસ્તારોમાં લોકોમાં સાફસફાઈના અભાવ, પોતાના સ્વાસ્થય પ્રત્યે બેદરકારી અને માનવીય બેદરકારીથી સહેલાઈથી મચ્છરને પ્રજનન માટે મળી રહેતા ચોખ્ખા પાણીના પાત્રોને કારણે મચ્છરની ઉત્પતિ ઘણી વધી જાય છે.

આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે વાહક નિયંત્રણની કામગીરી હેઠળ ૫૮,૭૧૨ ઘરોમાં પોરાનાશક અને ૧૭૭૪ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવ સમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

**સપ્તાહના કેસ**

| રોગ | દર્દી |
|---|---|
| ડેંગ્યુ | ૫ |
| ચીકનગુનીયા | ૫ |
| શરદી-ઉધરસ | ૧૦૮૧ |
| સામાન્ય તાવ | ૭૩ |
| ઝાડા-ઉલ્ટી | ૨૪૦ |

રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેક્સ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળે ત્યારે મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૫૨૩ પ્રીમાઇસીસમાં મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં રહેણાંકમાં ૨૬૦ અને કોર્મશીયલ ૮ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.

# સબરજિસ્ટ્રાર કચેરીઓ-જનસેવા કેન્દ્રોનું સર્વર ડાઉનઃ દસ્તાવેજ નોંધણી ઠપ્પઃ દેકારો

## કનેકટીવીટી ખોરવાતા રાજકોટ શહેર-જિલ્લાની ૧૮ સહિત રાજયની ૨૬૦ સબરજિસ્ટ્રાર કચેરીઓની કામગીરી પર અસરઃ રેશનકાર્ડ, આવકના દાખલા સહિતની કામગીરી બંધ રહેતા અરજદારો તોબા

રાજકોટ તા.૧૧

રાજકોટ શહેર-જિલ્લાની સબ રજિસ્ટ્રાર કચેરીઓ તેમજ જનસેવા કેન્દ્રોમાં આજે સર્વર ડાઉન રહેતા કામગીરી ઠપ્પ થવાના પગલે અરજદારોમાં દેકારો બોલી જવા પામેલ હતો.

રાજકોટ શહેર-જિલ્લાની ૧૮ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં સર્વર ડાઉન થવાના પગલે ઈન્ટરનેટની કનેકટીવીટી ખોરવાતા દસ્તાવેજ નોંધણીની કામગીરી ઠપ્પ બની જવા પામી હતી.


આવી જ રીતે શહેરની ત્રણેય ઝોનલ કચેરીઓના જનસેવા કેન્દ્રોમાં પણ સર્વર ડાઉન રહેતા અરજદારોના થમ્બ અને ફીંગરપ્રિન્ટ લઈ નહીં શકાતા. રેશનકાર્ડ, આવકનાં દાખલા સહિતની કામગીરી ઠપ્પ બની જતા અરજદારો ભારે પરેશાનીમાં મુકાઈ ગયા હતા.

મિલ્કતોના દસ્તાવેજોની નોંધણી માટે રાજકોટ શહેર-જિલ્લામાં ૧૮ સહિત રાજયમાં ૨૬૦ જેટલી સબ રજિસ્ટ્રાર કચેરીઓ આવેલી છે. આ તમામ સબ રજિસ્ટ્રાર કચેરીમાં સર્વર ડાઉન થતા મિલ્કત દસ્તાવેજ નોંધણી ઠપ્પ રહેવા પામી હતી. ઈન્ટરનેટની ખોરવાયેલી કનેકટીવીટી ફરી પુર્વવત થાય તેની અરજદારોને લાંબા સમય સુધી પ્રતિક્ષા કરવી પડી હતી. અહીં એ ઉલ્લેખનીય છે કે સબ રજિસ્ટ્રાર કચેરીઓ તેમજ જનસેવા કેન્દ્રોમાં સર્વર ડાઉન થવાની અવારનવાર ઘટના ઘટી રહી છે. જેમાં આજે પણ સર્વર ડાઉન થતા કામગીરી ઠપ્પ થતા અરજદારોમાં કચવાટ જાગેલ હતો.












(તસ્વીર : પંકજ શીશાંગીયા)

### ઘોરાડ પક્ષી અભયારણ્ય માટે સુપ્રીમ કોર્ટે સૂચના આપી છે

કચ્છ-સૌરાષ્ટ્રમાં વર્ષ દરમિયાન જુદા જુદા યાયાવર પક્ષી આવતા હોય છે. વર્ષે દહાડે જુદી જુદી પ્રજાતિના લગભગ વીસથી ત્રીસ હજાર પક્ષીઓ જીવંત વીજ લાઈનોને અથડાવાથી મૃત્યુ પામે છે. અલબત, ગુજરાત કંપનીએ હાલ તો આવી લાઈનો પર રિફલેકટર્સ અને અન્ય પ્રોટેકટીવ વ્યવસ્થા ગોઠવી છે. કચ્છના જખૌ અબડાસાની આસપાસમાં ઘોરાડ એટલે કે કચ્છ ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ પક્ષી અભ્યારણ્યની જાળવણી માટે સુપ્રીમ કોર્ટે થોડા સમય પહેલાં જ ગુજરાત સરકારને આદેશ કર્યો છે. થોડા સમય પુર્વે સુપ્રીમે વીજ રેષાઓને અભ્યારણ્ય પરથી દુર કરવા સૂચના આપી હતી.

### કુદરતી આપતિઓ વખતે જંગી નુકશાન રોકવા મહત્વકાંક્ષી પ્રોજેકટ

# સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં હાઈટેન્શન વિજલાઈન હવે ભૂગર્ભમાં ઉતારાશેઃ રૂા.૨૫૦૦૦ કરોડનો પ્રોજેકટ

ગાંધીનગરઃ ગુજરાતના સામાજીક, આર્થિક અને ઔધોગીક વિકાસમાં મહત્વનો ફાળો આપતાં વીજ પુરવઠાને પાવર સ્ટેશનથી નિયત સ્થળે પહોંચાડતી હાઈટેન્શન લાઈનોને હવે આકાશીને બદલે જમીનમાં પાથરવાની તૈયારી રાજયના ઉર્જા વિભાગે કરી છે. ખાસ કરીને કચ્છ-સૌરાષ્ટ્રના કાંઠા વિસ્તારોમાં વારંવાર આવતી કુદરતી આપતિમાં વીજપુરવઠા અને તેની માળખાકીય સુવિધાને થતું સૌથી વધુ નુકસાન હવે નિવારવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખી રાજય સરકારે રૂા.૨૫૦૦૦ કરોડનો મહત્વાકાંક્ષી



પ્રોજેકટ તૈયાર કરી કેન્દ્ર સરકારે મોકલ્યો છે. તાજેતરમાં ગુજરાત આવેલા કેન્દ્રીય ઉર્જામંત્રી આર.કે.સિંગે રાજયના ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈ અને ઉર્જા અગ્રસચીવ મમતા વર્મા સાથે કેટલીક મહત્વની ચર્ચા કરી હતી.

**PGVCLનો રીપોર્ટ કેન્દ્રને સોંપાયોઃ તબકકાવાર કામગીરી થશેઃ રસ્તા-માર્ગો પર વાયર-થાંભલા જ નહીં રહે**

ચાલુ વર્ષે જૂન માસમાં જ કચ્છ ઉપર અત્યાર સુધીના સૌથી વિનાશક વાવાઝોડા બિપરજોયના કારણે પાવર સેકટરને સૌથી વધારે નુકશાન થયું હતું. અંદાજે ૩૩ હજારથી વધારે થાંભલા પડી ગયા હતા અને દસ લાખથી વધુ ઘર, હોસ્પિટલ, ઔધોગીક એકમોને ચારથી પાંચ દિવસ માટે વીજ પુરવઠો મળવામાં મુશ્કેલી પડી હતી. કચ્છ ઉપરાંત અરબી સમુદ્રના સૌરાષ્ટ્રના કાંઠા વિસ્તારોમાં પણ બિપરજોયના કારણે પારાવાર નુકસાન સહન કરવું પડયું હતું. આવું જ ત્રણ વર્ષ અગાઉ તાઉતે વાવાઝોડાથી સૌરાષ્ટ્રમાં પણ પાવર સેકટરને મોટો ફટકો

(અનુસંધાન છઠ્ઠા પાને)

# જો આંગળી નથી તો આંખોની કીકી સ્કેન કરી આધારકાર્ડ બની શકશે

## જેમની ફિંગરપ્રિન્ટ ઘસાઈ ગઈ છે કે આંગળી નથી તેવા કિસ્સામાં કેન્દ્રનો નિર્દેશ



નવી દિલ્હી તા.૧૧

સરકારે શનિવારે જણાવ્યું હતું કે જો કોઈ વ્યકિતને આંગળી નથી તો આધારકાર્ડ તેની આંખોની કીકીઓ સ્કેન કરીને બની શકશે. આંગળીઓ ન હોવાને લઈને કેરળમાં એક મહિલાને આધાર કાર્ડ બનાવવામાં સમસ્યા પેદા થઈ હતી.

ઈન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી રાજયમંત્રી ચંદ્રશેખરે નિર્દેશ આપ્યો હતો કે ફિંગર પ્રિન્ટ ઘસાઈ જવા કે આવી કોઈ સમસ્યાથી ગ્રસ્ત દિવ્યાંગોના વૈકલ્પિક બાયોમેડીકસ લેવા જોઈએ નિવેદન અનુસાર, જે આંગળી કે આંખની કીકી બન્ને બાયોમેટ્રિકસ નહીં આપી શકતા તેઓ કંઈપણ જમા કરાવ્યા વિના નામાંકન કરાવી શકે છે. યુઆઈડીએઆઈએ પણ કેરળની મહિલાની સમસ્યાને લઈને દખલ કરી છે.

# રાજકોટની ૧૫ નામાંકિત હોટલોમાંથી રૂા.૧૨ કરોડનાં બિલ વિનાનાં વ્યવહારો પકડાયા

## લાંબા સમયથી હોટલો-રેસ્ટોરન્ટો માત્ર કાચા બીલ ઉપર લાખોનો ધંધો કરી કરચોરી કરતા હોવાનું ખૂલ્યુંઃ જી.એસ.ટી.ની હજુ તપાસો ચાલુઃ કરચોરીનો આંક વધશેઃ રાજકોટ ઉપરાંત અમદાવાદ, વડોદરા, સુરતની હોટલોમાં પણ દરોડા

રાજકોટ, તા.૧૧

છેલ્લા ઘણા સમયથી નોંધણી નંબર વિના જ અને કાચા બીલ ઉપર લાખો રૂપિયાનો ધંધો કરી હોટલો-રેસ્ટોરન્ટો દ્વારા જંગી કરચોરી કરાતી હોવાની ચોંકાવનારી માહિતી સ્ટેટ જીએસટીની એન્ફોર્સમેન્ટ વિંગને મળી હતી. આથી સ્ટેટ જીએસટી વિભાગના ઉચ્ચ અધિકારીઓની ટીમો રાજકોટ ઉપરાંત અમદાવાદ, વડોદરા, સુરતમાં ત્રાટકી હતી. અને આજે સતત ત્રીજા દિવસે પમ તપાસો ચાલુ રાખી જંગી રકમની કરચોરી ઝડપી લેવાઇ હોવાનું જીએસટીના સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

ખાસ નોંધનીય બાબત એ છે કે, રાજકોટ શહેરની નામાંકિત ગણાતી ૧૫ જેટલી હોટલ-રેસ્ટોરન્ટો ઉપર પણ જીએસટી વિભાગે દરોડા પાડી તપાસણી હાથ ધરી હતી. રાજકોટની જે હોટલ-રેસ્ટોરન્ટોમાં દરોડા પડાયા છે તેમાં સરગમ ફૂડ્સ, લોર્ડસ, ટેમ્પટેશન ગીરીરાજ, મટુકી, ફલેવર્સ, સન્ની પાજી કા ઢાબા, ગ્રેટ પંજાબી ઢાબા, સચ્ચા સૌદા, ક્રિસ્ટોજ જંક ફૂડ, ગુરૂકૃપા રેસ્ટોરન્ટ, દ્વારકાધિશ હોટલ સહિતની ૧૫ હોટલ-રેસ્ટોરન્ટનો સમાવેશ થાય છે.

રાજકોટની ઉપરોકત ૧૫ હોટલોમાં આજે સતત ત્રીજા દિવસે પણ તપાસો ચાલુ રહી હતી. અને આજે બપોર સુધીમાં જ શહેરની ઉપરોક્ત ૧૫ હોટલોમાંથી રૂા.૧૨ કરોડનાં બિલ વગરનાં વ્યવહારો જીએસટી અધિકારીઓએ ઝડપી લીધા હતાં.

હજુ પણ આ હોટલોમાં અંતિમ તબકકાની તપાસો ચાલુ છે, ત્યારે કરચોરીનો આંક હજુ વધશે તેવી શક્યતા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક દિવસોથી સ્ટેટ જીએસટીની એન્ફોર્સમેન્ટ વિંગ કરચોરો સામે સક્રિય બની છે. અને આડેધડ કરચોરી કરતા એકમો સામે તવાઇ ઉતારી છે ત્યારે છેલ્લા બે દિવસથી રાજકોટ, સુરત, અમદાવાદ અને વડોદરામાં નામાંકિત હોટલ-રેસ્ટોરન્ટો ઉપર સામુહિક દરોડા પડાયા છે.

છેલ્લા ઘણ સમયથી હોટલો, રેસ્ટોરન્ટોનાં સંચાલકે નોંધણી નંબર વિના જ અને કાચી ચીઠ્ઠી ઉપર લાખો રુપિયાનો વેપાર કરી કરચોરી કરતા હોવાની ચોંકાવનારી બાબતો સ્ટેટ જીએસટીના ધ્યાને આવી હતી. આથી જીએસટી વિભાગે છેલ્લા બે દિવસથી સામુહિક રીતે હોટલ-રેસ્ટોરન્ટોમાં દરોડા પાડ્યા છે.

રાજકોટ શહેરમાં જ ૧૫ જેટલા હોટલ-રેસ્ટોરન્ટોમાં દરોડા પડાયા છે અને આજે સતત ત્રીજા દિવસે પણ નામાંકિત હોટલ-રેસ્ટોરન્ટોમાં તપાસો ચાલુ હતી. સ્ટેટ જીએસટીના સુત્રોના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં અંદાજીત રૂા.૧૨ કરોડ આસપાસના બિલ વિનાના વ્યવહારો આવ્યા છે. હજુ તપાસ ચાલુ છે ત્યારે કરચોરીનો આંક હજુ વધે તેવી પુરી સંભાવના છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાંક દિવસોથી સક્રિય બનેલા જીએસટી વિભાગે હાલમાં જ સંશોધનને આધારે અમદાવાદ, સુરત, રાજકોટ ખાતે કુલ ૨૮ ડ્રાય-ફ્રૂટ્સના વેપારીઓના ૫૧ ધંધાના સ્થળોએ તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. તપાસના ધ્યાને આવેલ કે, આ પેઢીઓ દ્વારા રુપિયા ૨૦ કરોડથી વધુના છૂપા વેચાણો કરી કરચોરી કરવામાં આવેલ હતી.

મોટાભાગના વેપારીઓના ધંધાના સ્થળે હિસાબી સાહિત્ય મુજબનો માલ-સ્ટોક અને હાજર માલ-સ્ટોકમાં તફાવત મળી આવેલ. કેટલાક વેપારીઓ દ્વારા એચએસએન કોડમાં ફેરફાર કરી કાયદા મુજબ ભરવાપાત્ર વેરો ભરપાઇ કરવામાં આવતો ન હતો તથા અમુક વેપારીઓ દ્વારા બિલ વગર માલનું વેચાણ પણ કરી દેવામાં આવતું. આમ, વેપારીઓ તેઓને ભરવાપાત્ર વેરો સરકારી તિજોરીમાં જમાન કરાવી કરચોરી આચરતા હોવાનું ધ્યાને આવેલ હતું.

**રાજકોટની કઈ-કઈ હોટલોમાં દરોડા પડ્યા?**

સરગમ ફૂડ્ઝ, લોર્ડસ, ટેમ્પટેશન, ગીરીરાજ, મટુકી, ફ્લેવર્સ, સન્ની પાજી કા ઢાબા, ગ્રેટ પંજાબી ઢાબા, સચ્ચા સૌદા, ગુરૂકૃપા રેસ્ટોરન્ટ, ક્રિસ્ટો જેક ફૂડ્ઝ, દ્વારકાધીશ રેસ્ટોરન્ટ.

# ગોકુલ હોસ્પિટલના ૨૨ વર્ષીય ડોકટર અવિનાશ વૈષ્ણવનું હાર્ટ એટેકથી મોત

**નાની વયે હૃદય રોગના હુમલાનો વધુ એક કિસ્સો, મૃતક ડો.અવિનાશને નખમાં પણ રોગ નહોતો, છતાં સુતા બાદ ઉઠ્યા જ નહીં**

રાજકોટ, તા.૧૧

રાજકોટની ગોકુલ હોસ્પિટલના ૨૨ વર્ષીય ડોકટર અવિનાશ વૈષ્ણવનું હાર્ટ એટેકથી મોત થયું છે. નાની વયે હૃદય રોગના હુમલાથી મોત થતા હોસ્પિટલ સ્ટાફ અને પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા અને શોકની કાલીમા છવાઈ હતી.

આ અંગે મળતી વિગત મુજબ, રાજકોટના મોરબી રોડ પર ડી.કે. સ્કૂલ પાછળ, સેટેલાઇટ ચોકમાં આવેલ ધારા એવન્યુમાં રહેતા ડો.અવિનાશ ગોરધનભાઈ વૈષ્ણવ(ઉ.વ.૨૨) શહેરની ગોકુલ હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. તેઓ શાપર ખાતે આરોગ્ય કેન્દ્રમાં ઇન્ટરનશીપ પણ કરતા હતા. ગોકુલ હોસ્પિટલમાં મુખ્યત્વે

## હોસ્પિટલમાં નાઈટ ડ્યુટી કરી ઘરે આવેલ, બપોરે મને ન ઉઠાડતા તેમ કહીં સવારે ૯ વાગ્યે સુતા બાદ સાંજે ૭ વાગ્યે પિતા ગોરધનભાઈ ઉઠાડવા ગયા પણ ન ઉઠતા હોસ્પિટલે ખસેડવામાં આવેલ

નાઈટ ડ્યુટી રહેતી હોવાથી શનિવારે રાત્રે નાઈટ ડ્યુટી કરી ગત રોજ સવારે ૯ વાગ્યે ઘરે આવ્યા હતા. ઘરે આવી હવે બપોરે મને ન ઉથડતા તેમ કહી તે સુઈ ગયા હતા. સાંજે ૭ વાગ્યે તેમને પિતા ગોરધનભાઇ ઉઠાડવા જતા ઉઠતા ન હોવાથી બેભાન થઈ ગયાનો ખ્યાલ આવતા પરિવારજનો દ્વારા તુરંત તેઓને ગોકુલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. અત્રે ફરક પરના ડોક્ટરે

(અનુસંધાન છઠ્ઠા પાને)

# કલેકટર કચેરીમાં તા.૨૦ના લેન્ડગ્રેબીંગની બેઠકઃ ૫૦ કેસ

## સરકારી જમીનો પર પેશકદમી અને પારકી મિલ્કતો પચાવી પાડનારા સામે કસાશે કાયદાનો સકંજો

રાજકોટ તા.૧૧

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે આગામી તા.૨૦ ને બુધવારે કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને લેન્ડગ્રેબીંગની ખાસ બેઠક આયોજીત કરવામાં આવી છે. જેમાં ૨૦ કેસની સુનાવણી હાથ ધરવામાં આવનાર છે.

લાંબા સમય બાદ આગામી તા.૨૦ને બુધવારે લેન્ડગ્રેબીંગ કમીટીની આ બેઠક યોજવામાં આવી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે કલેકટર કચેરીમાં લેન્ડગ્રેબીંગનાં ૧૫૦ જેટલા કેસોનો ભરાવો થવા પામેલ છે. જેમાં આ બેઠકમાં ૫૦ કેસોનું હિયરીંગ કરવામાં આવનાર છે.

જેમાં સરકારી જમીનો પર પેશકદમી અને પારકી મિલ્કતો પચાવી પાડનારા સામે કાયદાનો શિકંજો કસવામાં આવશે. આ બેઠકમાં પોલીસ કમિશ્નર, જિલ્લા પોલીસવડા, પ્રાંત અધિકારીઓ, ડે.કલેકટર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે અરજદારોને ન્યાય આપવા માટે રાજય સરકાર દ્વારા લેન્ડગ્રેબીંગનો આ ખાસ કાયદો અમલમાં મુકવામાં આવેલ છે. આ માટે કલેકટર કચેરીમાં અલગથી ખાસ સેલ કાર્યરત કરવામાં આવેલ છે.

જેમાં અરજદારોની તેમજ ઓનલાઈન અરજીઓ પણ સ્વીકારવામાં આવી રહી છે. તા.૨૦ના યોજાનાર આ બેઠકમાં ૫૦ કેસ સુનાવણી માટે લેવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

દરેક કારની ચીપ (સેન્સર)વાળી ચાવી
રાજુ ડીઝીટલ ભુતખાના ચોક, રાજકોટ મો.: ૯૮૨૫૨ ૭૭૧૬૯

સ્ટુડીઓ રત્નદીપ
બેસણાં-ઉઠમણાંના ફોટા
ફક્ત ૧ કલાકમાં
૧૬-પારેખ ચેમ્બર્સ ઢેબર રોડ વન-વે, રાજકોટ
૭૮૭૮૨૬૮૬૮૨

# ૪ વર્ષની બાળકી સાથે ૧૪ વર્ષના સગીરે અડપલા કર્યા, પોલીસે ફરિયાદ ન નોંધી હોવાનો આક્ષેપ

## રૈયાધાર વિસ્તારના સલ્મ કવાર્ટરની ઘટના, ઘર બહાર રમતી બાળકીને એકાંતમાં લઈ જઈ ગુપ્તાંગમાં અડપલા કરતા માસુમને લાલ નિશાનો પડી જતા રડતી રડતી ઘરે આવી અને માતાને આપવીતી જણાવી

### આરોપી સગીરના પિતા અને ભાઈની ધમકી, જ્યાં દોડવું હોય ત્યાં દોડી લે, હવે તને અહીં રહેવા નથી દેવો, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો આરોપ

રાજકોટ, તા.૧૧

રૈયાધાર વિસ્તારના એક સલ્મ ક્વાર્ટરમાં રહેતી ૪ વર્ષની બાળકી સાથે ૧૪ વર્ષના સગીરે અડપલા કર્યા હોવાનો અને ઘણા દિવસથી પોલીસે ફરિયાદ ન નોંધતી હોવાનો આક્ષેપ થતા ખળભળાટ મચી ગયો છે. ઘર બહાર રમતી બાળકીને એકાંતમાં લઈ જઈ ગુપ્તાંગમાં આંગળી નાખી અડપલા કરતા માસુમને લાલ નિશાનો પડી જતા રડતી રડતી ઘરે આવી અને માતાને આપવીતી જણાવી હતી. યુનિવર્સિટી પોલીસમાં જાણ કરી પણ એફઆઈઆર ન થતા પોલીસ કમિશનરને રજુઆત કરવામાં આવી છે.

આ અંગે રૈયાધાર વિસ્તારના એક સલ્મ ક્વાર્ટરમાં રહેતા અને ફૂટનો વ્યવસાય કરતા બાળકીના પિતાએ સાંજ સમાચારને જણાવ્યું કે, તેમને ૮ વર્ષનો



પુત્ર અને ૪ વર્ષની પુત્રી છે. તા.૩/૧૨ના રોજ બાળકી ઘર બહાર રમતી હતી. તેની સામે રહેતા પરિવારનો ૧૪ વર્ષનો ધો.૯માં ભણતો સગીર બાળકીને ફોસલાવી સીડી પાસે લઈ ગયો. એકાંતમાં બાળકીના ગુપ્તાંગમાં અડપલા કર્યા. બાળકીને બળતરા અને દુખાવો થતા રડતી રડતી ઘરમાં આવી. માતાને વાત કરી. સગીરના પરિવારને આ બાબતે જાણ કરી તો સગીરના પિતા અને મોટો ભાઈ ચોરી પે સીના જોરી કરે તેમ સામો ઝઘડો કરવા આવેલ. પોલીસમાં જાણ કરતા શી ટીમ આવી હતી. જેણે બાળકી સાથેના કૃત્ય અંગે જાણી મુંજકા ખાતે યુનિવર્સિટી પોલીસ મથકમાં લઈ ગયા હતા.

પોલીસે બાળકીનું મેડિકલ ચેક અપ કરાવ્યું હતું. પરત ઘરે આવેલા પરિવાર પર હુમલો કરાયો હતો. જેથી ફરી પોલીસમાં જાણ કરતા સગીરાના પિતા રાજુભાઇ અને સચિનને પોલીસે લોક અપમાં પૂર્યા હતા. બાળકીના પિતાને ધમકી અપાઈ હતી કે, તેના હાથ પગ ભાંગી નાખશે. અહીં રહેવા નહીં દયે અને જો રહેશે તો જાનથી મારી નાખીશું તેવી ધમકીથી ડરી પરિવાર ભયભીત છે. આક્ષેપો અંગે હાલ તપાસ થઈ રહી હોવાનું પોલીસ જણાવી રહી છે.

### ગરીબની અવગણના : કડકડતી ઠંડી વચ્ચે અડધી રાત સુધી માસૂમ બાળા સાથે પરિવારે સીપી કચેરીએ ધરણાં કર્યા : કોઈ અધિકારી સાંભળવા ન આવ્યા

પોલીસે ફરિયાદ ન લેતા ગઈકાલે રાત્રે બાળકી સાથે પરિવાર કડકડતી ઠંડી વચ્ચે અડધી રાત સુધી પોલીસ કમિશનર કચેરીની બહાર બેઠો રહ્યો. ધરણાં કર્યા હતા. જોકે કોઈ અધિકારી તેમને સાંભળવા આવ્યા નહોતા. ગરીબ પરિવારની અવગણના કરાઈ હોય તેમ ઠંડીમાં પરિવાર ઠુઠવાતો રહ્યો. જોકે રાતે ૧ વાગ્યે કંટ્રોલ રૂમના કોઈ અધિકારીને જાણ થતાં તેઓએ પરિવારને સમજાવેલ અને સવારે પોલીસ કમિશનર આવે ત્યારે રજુઆત કરવા આવજો તેમ કહીં પોલીસ વાનમાં ઘર સુધી પહોંચાડવા વ્યવસ્થા કરેલી.

### રાતે પરિવારને ઘરમાં પુરી કોઈ ફરાર થઇ ગયું

બાળકીના પિતાએ જણાવ્યું કે, રાત્રે પોલીસ વાન તેમને ઘરે મુકવા આવી. ધમકી મળી હતી એટલે બે હોમ ગાર્ડ બહાર બેસાડ્યા હતા. ૪-૫ વાગ્યે આ હોમગાર્ડ પણ જતા રહ્યા હતા. વહેલી સવારે ૬ વાગ્યે દૂધ લેવા બહાર જવું હોય ક્વાર્ટરનો દરવાજો કોઈ બહારથી બંધ કરી પરિવારને ઘરમાં પુરી કોઈ ફરાર થઇ ગયાનું જણાતા ફરી ૧૦૦ નંબર પર કોલ કરતા જતા રહેલા હોમગાર્ડ પાછા આવેલ હતા.

### મેડિકલ રિપોર્ટ આવ્યા બાદ પોલીસ આગળની કાર્યવાહી કરશે : પીઆઈ

યુનિવર્સિટી પોલીસના પીઆઈ બી.પી. રજયાએ જણાવ્યુ હતુ કે, બાળકીના માતા પિતા જ્યારે બાળકીને લઈ પોલીસ મથકે આવેલા ત્યારે બાળકીનું મેડિકલ ચેક અપ કરાવવામાં આવેલું. પ્રાથમિક તપાસમાં બંન્ને પક્ષે કોઈ બાબતે માથાકૂટ ચાલતી હોય તેના કારણે બાળકીની સાથે અડપલા થયાની ફરિયાદ ઉભી કરાઈ હોય તેવું જણાય છે. પરંતુ પોલીસ મેડિકલ રિપોર્ટની રાહ જોઈ રહી છે. રિપોર્ટમાં બાળકી સાથે કંઈ અજુગતું થયાનું જણાશે તો કાયદેસર આગળની કાર્યવાહી કરાશે.

# આર્થિક ભીંસથી કંટાળી સ્ક્રેપના ધંધાર્થીનો ફાંસો ખાઇ આપઘાત

## કોઠારીયા મેઈન રોડ પર ગ્રીન પાર્કનો બનાવ : નિલય ભંડેરીના પિતાએ દરવાજો તોડી જોતા પુત્ર લટકતો'તોઃ ત્રણ બહેનોના એકના એક ભાઇના મોતથી પરિવાર પર આભ તુટી પડયું : પોલીસ દોડી ગઇ



રાજકોટ, તા. ૧૧

કોઠારીયા મેઈન રોડ પર આવેલ ગ્રીન પાર્કમાં રહેતા સ્ક્રેપના ધંધાર્થી નિલય ભંડેરી (પટેલ) નામના યુવાને આર્થિક ભીંસથી કંટાળી પોતાના ઘરે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવ અંગે જાણ થતા ભકિતનગર પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ કોઠારીયા ચોકડી પાસે ગ્રીનપાર્ક મેઈન રોડ પર રેતા નિલય દામજીભાઈ ભંડેરી (ઉ.વ.૨૮) આજે સવારે પોતાના ઘરે રૂમમાં સુતો હતો. જે મોડે સુધી રૂમમાંથી બહાર ન નીકળતા તેના પિતા દામજીભાઈએ રૂમનો દરવાજો ખખડાવતા દરવાજો ન ખોલતા તેમના મિત્રને બોલાવી દરવાજો તોડી જોતા પુત્ર લટકેલી હાલતમાં જોવા મળતા આક્રંદ મચાવ્યો હતો.

દોડી આવેલ પરિવારજનોએ ૧૦૮ને જાણ કરતા, દોડી આવેલ ૧૦૮ની ટીમે યવાનને તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતા ભકિતનગર પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. અને મૃતદેહને પી.એમ.ના ખસેડી બનાવનું કારણ જાણવા તજવીજ હાથ ધરી હતી.

વધુમાં મળેલ વિગત મુજબ મૃતક યુવાન માંડાડુંગરમાં ભંગારનો ડેલો ધરાવે છે અને તેના પિતા હાલ નિવૃત છે. મૃતક યુવાનને ધંધામાં નુકસાની આવતા આર્થિક ભીંસમાં સપડાતા પગલું ભર્યાનું પ્રાથમિક તારણ બહાર આવ્યું હતું.

વધુમાં મૃતક ત્રણ બહેનોનો એકનો એક ભાઈ હતો. બનાવથી પરિવારમાં ગમગીની સાથે શોકનું મોજુ ફરી વળ્યું હતું.

# ઈંડાની લારી પાસે ઝઘડો જોવા જતાં યુવકને બાબા ખાને ફડાકા ઝીંકી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યો

## નાણાવટી ચોક પાસે સ્ટર્લિંગ હોસ્પિટલ નજીકનો બનાવઃ યુવકની પત્નીને પણ બેફામ ગાળો આપીઃ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ,તા.૧૧

નાણાવટી ચોક પાસે સ્ટર્લિંગ હોસ્પિટલ નજીક ઇંડાની લારી પાસે ઝઘડો જોવા જતાં યુવકને બાબા ખાન નામના શખ્સે ફડાકા ઝીંકી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરતાં યુનિવર્સિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે નાણાવટી ચોક પાસે સ્ટર્લિંગ હોસ્પિટલ ની બાજુમાં રહેતાં પ્રકાશભાઈ દિલીપભાઈ સારેડા (ઉ.વ.૩૨) એ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઇ કાલે રાત્રીના સાડા અગીયારેક વાગ્યાની આસપાસ તેઓ ઘરની દિવાલે બેઠેલ હતો ત્યારે અમારા ઘરની બાજુના વંડામા તકદીર નામની ઇંડાની લારી પાસે કોઇ લોકો ઝઘડો કરવાનો અવાજ આવતા ત્યા જોવા ગયેલ તો ત્યા રાજા બાબા ખાન પઠાણ નામનો વ્યક્તિ ગાળો બોલતો હતો અને તે ફરિયાદીને પણ ગાળો આપવા લાગેલ અને ઉશ્કેરાઇને ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતો. ફડાકા ઝીંકી દેતા તેઓનો પત્નિ વચ્ચે પડતા રાજાબાબાખાને તેણીને પણ ગાળો આપવા લાગેલ અને બધા વચ્ચે કહેવા લાગેલ કે, અહીં થી જતી રે બાકી તને કપડા કાઢીને મારવી પડશે એવી ધમકી હતી. તેમજ પોલીસ ફરિયાદનું કહેતાં આરોપીએ કહેલ કે, જ્ઞાતિ વિષે બોલી, તમને અહિ ક્વાટરમા રહેવા જ નથી દેવા પતાવી દેવા છે એમ કહી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરેલ કર્યા હતાં. બનાવ અંગેની ફરિયાદ પરથી યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# પ્રાંત-૨ અધિકારી તરીકે ચાર્જ સંભાળતા IAS નિશાબેન

## ડે.કલેકટર તરીકે પ્રથમ પોસ્ટીંગ

રાજકોટ, તા. ૧૧

રાજકોટના પ્રાંત-૨ અધિકારી તરીકે મૂકાયેલા આઇએએસ નિશાબેનએ પોતાના આ નવા હોદ્દાનો વિધિવત રીતે ચાર્જ સંભાળ્યો હતો. રાજકોટમાં ડે.કલેકટર તરીકે ડો. નિશાબેનનું આ પ્રથમ પોસ્ટીંગ છે. તેઓ મુળ રાજસ્થાનના વતની હોવાનું જાણવા મળ્યું છે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા તાજેતરમાં ૧૭ ડેપ્યુટી કલેકટરોની બદલી કરવામાં આવી છે.

જેમાં પ્રાંત-૨ અધિકારી તરીકે ફરજ બજાવતા સંદિપ વર્માને મોરબી જિલ્લા પુરવઠા અધિકારી તરીકે નિમણુંક કરાતા તેઓની ખાલી પડેલ જગ્યા પર આઇએએસ નિશાબેનની નિયુકિત કરવામાં આવી છે.

નિશાબેનએ આજે જિલ્લા કલેકટર પ્રભવ જોશી સમક્ષ હાજર થયા બાદ તેઓએ પ્રાંત-૨ અધિકારીનો ચાર્જ ડો. સંદિપ વર્મા પાસેથી સંભાળ્યો હતો.

# મધ્યપ્રદેશમાં નવા મુખ્યમંત્રી પસંદગીની પ્રક્રિયા શરૂઃ નિરીક્ષકો ભાજપ કાર્યાલય પર પહોચ્યા

## સાંજે ૬ વાગ્યા પુર્વે નામની જાહેરાતઃ દરેક ધારાસભ્યનો અભિપ્રાય લેશે

મધ્યપ્રદેશમાં ભાજપે નવા મુખ્યમંત્રીની પસંદગી પ્રક્રિયા તેજ બનાવ્યા છે. ભાજપ કાર્યાલયે પક્ષના નિરીક્ષકો હરિયાણાના મુખ્યમંત્રી મનહરલાલ ખટ્ટરના નેતૃત્વમાં પહોંચ્યા છે અને વધુ એક ધારાસભ્યોના અભિપ્રાય લીધા બાદ પક્ષની ધારાસભા દળની બેઠકમાં તથા નામની જાહેરાત થશે.

### એઈમ્સને જોડતા રોડ પર બ્રીજ નિર્માણની કામગીરી ગતિશીલ : મોરબી રોડનો પુલ ચાલુ માસમાં તૈયાર થઇ જશે

# રાજકોટ-કાનાલુસ બ્રોડગેજ લાઇન માટે સંપાદિત ૧૩ ગામોની જમીનનો કબ્જો રેલવેને, માત્ર ૨૧ કિસ્સામાં વિવાદ : કલેકટર

## જે આસામીઓને વારસાઇ વિવાદના કારણે પેમેન્ટ લીધા નથી તેમને નોટીસ : એક વર્ષની કામગીરી કલેકટર તંત્રે છ માસમાં પૂર્ણ કરી : હિરાસર એરપોર્ટ પાસે ફલાયઓવર બ્રીજ માટે ફોરેસ્ટ વિભાગના કલીરીયન્સ સર્ટી.ની કાર્યવાહી અંતિમ ચરણ : સાંજે કલેકટર કચેરીમાં કેબીનેટ સેક્રેટરીની વિડીયો કોન્ફરન્સ

રાજકોટ, તા. ૧૧

કેન્દ્ર સરકારના કેબીનેટ સેક્રેટરીએ આજે બપોરના રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશી સહિતના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ આયોજિત કરી પી.એમ. ગતિશકિત યોજના હેઠળ સમાવિષ્ટ રાજકોટ-કાનાલુસ બ્રોડગેજ ડબલીંગ રેલવે લાઇન તથા એઇમ્સના પ્રોજેકટની કામગીરીની સમીક્ષા કરી હતી.

જે અંતર્ગત રાજકોટ-કાનાલુસ બ્રોડગેજ ડબલીંગ રેલવે લાઇનના પ્રોજેકટ અંગે રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે રાજકોટ જિલ્લા કલેકટર તંત્ર દ્વારા આ પ્રોજેકટ માટે જમીન સંપાદનની કામગીરી કે જે એક વરસના બદલે માત્ર છ માસમાં પૂર્ણ કરી દીધી છે.

કરોડોના આ પ્રોજેકટ માટે ૧૩ ગામોની સંપાદિત કરાયેલ જમીનનો કબ્જો પણ રેલવે તંત્રને સોંપી દેવામાં આવેલ છે. જેમાં સંપાદિત સરકારી જમીન પર આ પ્રોજેકટનું કામ પણ રેલવે



વિભાગ દ્વારા શરૂ કરી દેવાયું છે.

આ પ્રોજેકટમાં માત્ર ૨૧ કિસ્સામાં વારસાઇ જમીનના મુદ્દે વિવાદ થતા આસામીઓએ પેમેન્ટ લીધા નથી તેઓને નોટીસ ફટકારી દેવામાં આવી છે.

કલેકટર પ્રભવ જોષીએ વધુમાં જણાવ્યું હતું કે એઇમ્સ પ્રોજેકટની કામગીરી પણ ગતિશીલ છે. એઇમ્સને જોડતા પુલ પર બ્રીજ નિર્માણની કામગીરી ઝડપભેર આગળ વધારાશે જેમાં મોરબી રોડ પર ચાલુ માસના અંત સુધીમાં બ્રીજની નિર્માણ કામગીરી પૂર્ણ કરી દેવાશે એઇમ્સને ચાલુ માસના અંતમાં પૂર્ણરૂપે ધમધમતા કરવા આરોગ્ય વિભાગનો લક્ષ્યાંક છે.

આ ઉપરાંત હિરાસર એરપોર્ટ પાસે ફલાયઓવર બ્રીજનું નિર્માણ કરવામાં આવનાર છે. આ ફલાયઓવર બ્રીજ માટે ફલાય ઓવર બ્રીજ માટે ફોરેસ્ટ વિભાગ પાસેથી કલીરીયન્સ સર્ટી. મેળવવાની કામગીરી પણ અંતિમ તબકકામાં છે.

# મોરબીમાં યુવાનને છરીના ઘા ઝીંકી લૂંટ

## ઈજાગ્રસ્ત કિશોર ચાવડા સારવારમાં દાખલ, વીસીપરાના અલ્તાફ ઉર્ફે અલ્ટી જેડા અને અલ્યાસ ઉર્ફે ભીમા સુમરા સામે ગુનો નોંધાયો

રાજકોટ, તા.૧૧

મોરબીમાં યુવાનને છરીના ઘા ઝીંકી લૂંટ કરાઈ હતી. ઈજાગ્રસ્ત કિશોર ચાવડા સારવારમાં દાખલ કરાયો હતો અને વીસીપરાના અલ્તાફ ઉર્ફે અલ્ટી જેડા અને અલ્યાસ ઉર્ફે ભીમા સુમરા સામે ગુનો નોંધાયો હતો.

ફરિયાદી કિશોરભાઈ મનુભાઈ ચાવડા (ઉ.વ.૨૩, રહે. મોરબી વિશીપરા રોહીદાસપરા, મોરબી)એ જણાવ્યું કે, અમે બે ભાઈઓ અને મારે બે બહેનો છે. જેમાં સૌથી મોટી બહેન કંચનબેન અને તેનાથી નાની ભાવના બેન છે જે બન્નેના લગ્ન થઇ ગયેલ છે અને તેનાથી નાનો વિજયભાઈ છે તેના પણ લગ્ન થઇ ગયેલ છે સૌથી નાનો હુ છુ કુંવારો છુ હુ આઠ ધોરણ સુધી ભણેલ છુ હાલમા એસી રીપેરીંગની કામગીરી કરી મારા માતા પિતા સાથે રહીને મારા ઘ રનું ગુજરાન ચલાવું છું.તા.૯/૧૨/૨૦૨૩ના સવારથી હુ મારા ઘરે જ હતો અને સાંજના સાડા છએક વાગ્યે મારો મિત્ર ઉમંગ મને મળવા માટે અમારા ઘરે આવેલ. અમે ઘરની બહાર અડધો કલાક બેસેલ પછી ઉમંગને રેલ્વે સ્ટેશન પાસે મૂકી સાડા સાતેક વાગ્યે મારા ઘરે આવતો હતો. રેલ્વે સ્ટેશનની પાછળ ખાડા વિસ્તાર તરીકે ઓળખાતા વિસ્તારમાં પહોંચતા સામેથી એક ડબલ સવારી બાઈક આવેલ. મારા બાઈક આગળ આવીને ઉભું રાખી બાઈક સવાર અલ્તાફ ઉર્ફે અલ્ટી અબ્દુલભાઇ જેડા તથા અલ્યાસ ઉર્ફે ભીમો હુસેનભાઈ સુમરા (રહે. બન્ને વિસીપરાવાળા)એ મને પાટુ મારી પછાડી કહેલ કે તારે જીવવું હોય તો તારી પાસે જેટલા રૂપીયા હોય તેટલા આપી દે. અલ્તાફ ઉર્ફે અલ્ટીએ પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢેલ અને અલ્યાસે મને પકડી રાખેલ અને મારૂ પાકીટ કાઢી લઇ લીધું. અલ્તાફ મને હાથ ના અંગુઠામાં, પગમાં પાછળ સાથળના ભાગે છરી મારી. ત્યાથી ભાવેશ રમેશભાઇ રાઠોડ, ઉમંગભાઈ દિનેશભાઈ પરમાર, જીગ્નેશ મહેશભાઇ પરમાર પસાર થતા આ બન્ને બાઇકમાં છરીઓ તથા પાટા મારી નુકશાની કરી. મારો મોબાઇલ તોડી નાખી નુકશાની કરી ભાગી ગયા હતા. મને પ્રથમ આયુષ હોસ્પીટલ અને મોરબી સરકારી હોસ્પીટલ સારવારમાં લાવી દાખલ કરેલ છે. હાલે મારી સારવાર ચાલુ છે હુ સંપુર્ણ ભાનમા છું. બનાવ રેલવે સ્ટેશનની હદમાં હોય, રાજકોટ રેલવે પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જાહેરમાં ગંદકી કરતા ૯ હજાર લોકોને ૨૬.૮૮ લાખનો દંડ

## ન્યુસન્સ પોઇન્ટ પર કેમેરો એકટીવ : ચાલુ વાહને થૂંકતા વધુ ૧૧ વ્યસની પકડાયા : ગંદકી ફેલાવતા ૩૬ નાગરિકોને દંડ : ન્યુસન્સ પોઇન્ટ પરથી ૪૧ ટન કચરાનો નિકાલ

રાજકોટ, તા. ૧૧

મહાપાલિકાની સ્વચ્છતા ઝુંબેશમાં બે દિવસમાં વધુ ૧૧ લોકોને જાહેરમાં થૂંકતા પકડીને દંડ કરાયા છે. કોર્પો. દ્વારા શરૂ કરાયેલા સ્વચ્છતા અભિયાનમાં છેલ્લા ૭ વર્ષમાં ૯૦૦૦થી વધુ લોકોને ગંદકી કરવા બદલ દંડ કરાયો છે અને તંત્રએ ૨૬.૮૮ લાખનો દંડ વસુલ્યો છે.

સીસીટીવી કેમેરાનો ખરો ઉપયોગ હવે તંત્રએ શરૂ કર્યો છે. વર્ષ ૨૦૧૬થી અત્યાર સુધીમાં ૨૯૨ ન્યુસન્સ પોઇન્ટ પર ૯૨૩૯ એટલે કે ૨૬.૮૮ લાખના ઈ-ચલણ ઈસ્યુ કરાયા છે. ૧૦૦૦ કેમેરાથી મોનીટરીંગ કરાઇ રહ્યું છે. ઇ-મેમો વસુલવા ઘર સુધી ઉઘરાણી થઇ









રહી છે. આઈ-વે પ્રોજેકટ અંતર્ગત સૌથી વધુ ગંદકી ફેલાવતા વિસ્તારમાં કેકેવી ચોક, ઢેબર રોડ, જામટાવર, ઈન્દીરા સર્કલ, હોસ્પિટલ ચોક, ભકિતનગર સર્કલ, પેડક રોડ, માર્કેટ યાર્ડ, એરપોર્ટ ફાટક, પીડીએમ ફાટક વિસ્તારમાં સૌથી વધુ ઈ-ચલણ મોકલાયા છે.

**નવા દંડ**

તા.૯ અને ૧૦ના રોજ પાન-ફાકી ખાઈને થૂંકતા ૧૧ વાહન ચાલકો કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમના સીસીટીવી કેમેરામાં દેખાયા હતા. વાહન નંબર પરથી તેમને ઈ-મેમો મોકલવામાં આવ્યા છે. સફાઈ નહીં થયાની ૨૮ ફરિયાદો પણ કંટ્રોલ રૂમ દ્વારા મોકલવામાં આવી હતી.

સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત બે દિવસમાં જાહેરમાં કચરો ફેંકતા ૩૬ નાગરિકોને દંડ કરીને ૩.૪ કિલો પ્લાસ્ટીક જપ્ત કરવામાં આવ્યું હતું. સેન્ટ્રલ ઝોનમાં ૧૨, વેસ્ટ ઝોનમાં ૧૨ અને ઈસ્ટ ઝોનમાં પણ ૧૨ નાગરિકો સામે આ કાર્યવાહી કરવામાં આવી હતી. એન્ટ્રી અને એકઝીટ પોઈન્ટ પરથી ૬.૮ કિલો અને ૧૦૮ અને ૧૦૯ ન્યુસન્સ પોઈન્ટ પરથી ૪૧.૧ કિલો કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. વોર્ડ નં. ૩, ૬, ૭, ૧૨ અને ૧૪માં વોંકળામાંથી ૨૪ ટન ગારનો નિકાલ કરવામાં આવ્યાનું વિભાગે જણાવ્યું હતું.

કમિશનર આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ સોલીડ વેસ્ટ અને સીસીસીની ટીમ આ સઘન કામગીરી કરી રહી છે.

# બી ડિવિઝન પોલીસે ગુમ થયેલા ૧૦ મોબાઈલ શોધી માલીકોને પરત કર્યા

રાજકોટ તા.૧૧

બી ડિવિઝન પોલીસે અરજદારોની અરજી આધારે ગુમ થયેલા ચોરાયેલ મોબાઈલ ફોન શોધી મુળ માલીકને પરત કર્યા છે.



૧૦ દિવસમાં બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુમ/ચોરાયેલા મોબાઈલ ફોનની ફરીયાદ અરજી મળતા સીઈઆઈઆર પોર્ટલ તથા હ્યુમન સોર્સિસનો ઉપયોગ કરી ૧૦ જેટલા મોબાઈલ શોધી કાઢી મુળ માલીકોને પરત આપતા અરજદારોએ પોલીસની કામગીરીની પ્રસંશા કરી હતી. આ કામગીરી બી ડિવિઝનના પીઆઈ આર.જી. બારોટ સહિતના સ્ટાફે બજાવી હતી.



# કુબલીયાપરામાંથી ૪૮૦૦ લીટર દારૂ ઝડપાયો

રાજકોટ, તા.૧૧

કુબલીયાપરા વોકળા વિસ્તારમાં ગેર કાયદેસર પ્રવૃતિઓ અટકાવવા અંગે રાજકોટ પોલીસ દ્વારા પ્રોહિબિશનની વિશેષ ડ્રાઇવ યોજવામાં આવી હતી. આ ડ્રાઇવમાં સ્થળ પર તપાસ હાથ ધરાતા દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ ખાસ પ્રોહિબિશનની ડ્રાઇવ દરમિયાન ૩૨૦ ડબ્બા એટલે કે લગભગ ૪૮૦૦ લીટર દારૂ ગાળવાનો વોશનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. તેમજ જવાબદારો સામે પાંચ ગુના દાખલ કરવામાં આવેલ હતા. પી.આઈ. ભાર્ગવસિંહ ઝણકાટ, પી.એસ.આઇ. આર.આર.સોલંકી તથા થોરાળા પોલીસ સ્ટેશનના અન્ય સ્ટાફ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી.

### રાજકોટમાં વધુ એક યુવાનની જીંદગી સમાપ્ત

# સોરઠીયાવાડીમાં યુવાનનું હાર્ટએટેકથી મોત

**રાજકોટ, તા.૧૧**

યુવાનોમાં અચાનક હાર્ટએટેક અને મોતનો સિલસિલો જારી હોય તેમ રાજકોટમાં ૪૧ વર્ષના વધુ એક યુવાનનું હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યું હતું.



શહેરના ૬-સોરઠીયાવાડીમાં રહેતો ૪૧ વર્ષિય યુવાન વિપુલ મગનભાઇ કેરાળીયા ગઇસાંજે ઘેર બેભાન હાલતમાં મળી આવ્યો હતો. તાબડતોડ ૧૦૮ એમ્બ્યુલન્સ માટે હોસ્પીટલે લઇ જવાના પ્રયાસ કરાયો હતો પરંતુ તેને મૃત જાહેર કરાયો હતો. તપાસમાં એવું ખુલ્યું છે કે ત્રણ ભાઇઓમાં સૌથી નાનો વિપુલ કેરાળીયા એકલવાયુ જીવન જીવતો હતો. ગઇ સાંજે તેમના મોટાભાઇ પ્રફુલભાઇ ઘેર આવ્યા ત્યારે દરવાજો બંધ હતો અને ખખડાવવા છતાં ન ખોલતા દરવાજો તોડીને પ્રવેશ કર્યો હતો ત્યારે બેભાન હાલમાં મળી આવ્યો હતો.

મૃતક યુવાનને પેટમાં પાણી ભરાઇ જવાની બિમારી હતી પરંતુ મોત અચાનક હાર્ટએટેકથી થયાનું તબીબી તારણ દર્શાવવામાં આવ્યું છે. રાજકોટમાં એક યુવાન તબીબનો પણ ભોગ લેવાયો હતો. આમ એક જ દિવસમાં બે યુવાનોએ હાર્ટએટેકમાં જીંદગી ગુમાવી હતી.

# ઝોનલ કચેરીઓના સિકયુરીટી ગાર્ડને એકાએક છૂટ્ટા કરી દેવાયા

## ઓપરેટરોને સિક્યુરીટીગાર્ડ તરીકે કામ કરવું પડે તેવી નોબત

રાજકોટ, તા.૧૧

રાજકોટની ત્રણેય ઝોનલ કચેરીઓમાં સિક્યુરીટી ગાર્ડને છૂટા કરી દેવાતા આ કચેરીઓમાં કોમ્પ્યુટર ઓપરેટરોને હવે સિક્યુરીટી ગાર્ડ તરીકે કામ કરવું પડે તેવી નોબત આવી પડી છે.શહેરની આ ઝોનલ કચેરીઓમાં આવકના દાખલા ઈ-ડબલ્યુ એસ સહિતના પ્રમાણપત્રો મેળવવા માટે અરજદારોની લાંબી કતારો લાગી રહી છે. આ તમામ કચેરીઓમાં અગાઉ બે-બે સિક્યુરીટીગાર્ડ ફરજ બજાવતા હતા.જે બાદ એક-એક સિક્યુરીટી ગાર્ડને છુટા કરી દેવામાં આવેલ હતા. હવે જે ત્રણ સિક્યુરીટી ગાર્ડ હતા તેને પણ એકાએક છુટા કરી દેવામાં આવેલ છે.

જેના કારણે કોમ્પ્યુટર ઓપરેટરોને સિક્યુરીટી ગાર્ડ તરીકે કામ કરવું પડે તેવી પરિસ્થિતિ સર્જાયેલ છે.

# હેપ્પી બર્થ ડે ધ્યાનસુ



રાજકોટ શહેર ભાજપ કિશાન મોરચાના મંત્રી રાજેનભાઈ કે. સિંધવના પૌત્ર ધ્યાનસુ પ્રશાંતભાઈ સિંધવનો આજે જન્મ દિવસ છે. તેના જન્મ દિવસે મોટા દાદા નિવૃત રેલ્વે કર્મચારી મચ્છાભાઈ કે.સિંધવ, દાદા અજયભાઈ, બાપુ ભરતભાઈ વિજયભાઈ કાકા પારસભાઈ પાર્થભાઈ રાહુલભાઈ વિકાસભાઈ ભરતભાઈ પ્રિયાન્સુ કરણ બહેન આયુશી શુભકામનાઓ પાઠવી રહ્યા છે.

# પુત્રના મોતનો આઘાત સહન નહીં થતા માતા લીલાબેન રાઠોડનો આપઘાતનો પ્રયાસ

## નવા થોરાળા બાપા સીતારામનગરનો બનાવઃ મહિલા સારવારમાં



રાજકોટ તા.૧૧

રાજકોટના નવા થોરાળા વિસ્તારમાં પુત્રના મોતનો આઘાત સહન નહીં થતા માતાએ એસીડ પી આપઘાતનો પ્રયાસ કરતા તેણીને સારવારમાં ખસેડાયેલ છે.

નવા થોરાળામાં બાપા સીતારામનગર રહેતા લીલાબેન રતીભાઈ રાઠોડ (ઉ.૬૦)નો પુત્ર બે વર્ષ પહેલા અકસ્માતમાં ગુજરી જતા પુત્રના મોતનો આઘાત સહન નહીં થતા પોતાની જાતે જ એસીડ પી જતા તેણીને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ છે. તેણીના પતિનું અવસાન થયું છે. તેણીને ૪ પુત્ર ૨ પુત્રી છે. હાલ તેમને મગજના રોગની પણ દવા ચાલુ હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.

# આનંદનગરમાં કડીયા કામ કરતા કારીગર ઉપર લાકડાથી હુમલોઃ ઈજા



રાજકોય તા.૧૧

રાજકોટના આનંદનગર મેઈન રોડ પર કડીયા કામના કારીગરને અજાણ્યા શખ્સે લાકડા વડે માર મારી ઈજા કર્યાની ફરીયાદ નોંધાઈ છે.

વાણીયાવાડી જગદીશ હોલની બાજુમાં રહેતા મોહનસીંગ અભલાભાઈ મેડા (ઉ.૪૦) સાંજના આનંદનગર મેઈન રોડ પર પસાર થતો હતો ત્યારે અજાણ્યા શખ્સે લાકડા વડે માર મારી ઈજા પહોંચાડતા તેને સારવારમાં સિવિલ હોસ્પીટલમાં ખસેડાતા ભકિતનગર પોલીસે નિવેદન લેવા તજવીજ હાથ ધરી છે.

# સામાન્ય કારોબારી સભ્ય પદે મહિલા વકીલ હિરલબેન જોષીએ ઉમેદવારી નોંધાવી



ગુજરાતના અગ્રિમ હરોળના ધારાશાસ્ત્રીઓ પૈકી એક સ્વ. નિરંજનભાઈ દફતરી અને ભાવિનભાઈ દફતરીના જુનિયર તરીકે ૮ વર્ષ પહેલાં વકિલાતની કારકિર્દી શરૂ કર્યા બાદ શહેરના અન્ય નામાંકિત ધારાશાસ્ત્રીઓ સાથે વકિલાત ચાલુ રાખનારા હિરલબેન વિનોદભાઈ જોશીએ રાજકોટ રેવન્યુ બાર અને મહિલા બારમાં પણ કારોબારી સભ્ય તરીકે યોગદાન આપી રહ્યા છે. વર્ષોથી ભાજપના ભગવા રંગે રંગાયેલા હિરલબેન ભાજપના જ સક્રીય કાર્યકર છે. તરીકે સતત સેવારત છે. રાજકોટ મહાનગરપાલિકા અને રૂડા માં રાજકોટ નાગરિક સહકારી બેંકના પેનલ એડવોકેટ તરીકે છેલ્લા ૬ વર્ષ સતત કાર્યરત છે. રાજકોટ બારની ચૂંટણીમાં કારોબારી સભ્ય તરીકે ઉમેદવારી નોંધાવી છે. જેમાં એક જ મહિલા ઉમેદવાર હોય સૌ ગૌરવની લાગણી અનુભવી રહ્યા છે.

# પ્રકાશ સોસાયટીમાં લગ્ન પ્રસંગમાં ૨૫૦૦૦ની માલમત્તા સાથેનું પર્સ ચોરાયું

રાજકોટ, તા.૧૧

રાજકોટમાં ચોર-ગઠીયાઓ લગ્નપ્રસંગોને નિશાન બનાવતા હોય તેમ નિર્મલા સ્કુલ સામે પ્રકાશ સોસાયટીમાં યોજાયેલા એક પ્રસંગ દરમ્યાન મોબાઈલ-રોકડ સહિત ૨૫૦૦૦ની માલમાતની ચોરી થતા પોલીસે તપાસ હાથ ધરી છે.

રાજકોટના ૯ માસ્તર સોસાયટીમાં રહેતા અને કલરની દુકાન ધરાવતા નીતિનભાઈ નટવરલાલ રત્નેશ્વરે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે ગત ૬ ડીસેમ્બરના રોજ ૧/૫ પ્રકાશ સોસાયટી, નિર્મલા સ્કુલની સામે અમાદા સગાને ત્યાં લગ્નપ્રસંગમાં ગયા હતા ત્યાં મારા પત્ની પાસે પર્સ હતું જેમાં ૧૯૯૯૦ની કિંમતનો મોબાઈલ, ૫૦૦૦ની રોકડ તથા આધાર કાર્ડ-લાયસન્સ જેવા દસ્તાવેજો હતા. પ્રસંગમાં વ્યસ્ત બનતા તેમણે પોતાનું પર્સ મકાનના હોલમાં રાખ્યું હતું. પરંતુ પરત લેવા જતા ગાયબ હતું. સગાસંબંધીઓ પણ તે વિશે અજાણ માલુમ પડતા ચોરી થયાનું જણાવ્યું હતું.

પોલીસ દ્વારા અજાણ્યા શખ્સ વિરુધ્ધ ચોરીનો ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

# રાજયસભામાં મુસ્લીમ સાંસદોને નમાઝ માટેનો ખાસ બ્રેક બંધ

## સભાપતિએ કહ્યું- બધા સાંસદો સરખા, લોકસભામાં આવો બ્રેક નથી અપાતો

નવી દિલ્હી તા.૧૧

રાજયસભામાં મુસ્લિમ સાંસદોને નમાઝ માટે ૩૦ મીનીટનો ખાસ બ્રેક આપવામાં આવતો હતો, જે રાજયસભાના સભાપતિ ધનખડે રદ કર્યો હતો.

સભાપતિ ધનખડે વધુમાં જણાવ્યું હતું કે રાજયસભામાં બધા સાંસદો સરખા છે, મુસ્લિમોને આવા વધારાના ખાસ બ્રેકની જરૂર નથી. તેમણે ઉમેર્યું હતું કે લોકસભામાં મુસ્લીમ સાંસદોને નમાઝ માટે આવો કોઈ ખાસ બ્રેક આપવામાં આવતો નથી.



# તોલાણી પરીવારના આંગણે લગ્નોત્સવ

જાણીતા વેપારી સ્વ કુંદનદાસભાઇ પ્રભુદાસ તોલાણી પરીવાર મા લગ્નોત્સવ યોજાશે. જેમાં કુંદનદાસભાઇ ના પુત્ર રમેશભાઈ તથા સીમાબેન ના સુપુત્ર એડવોકેટ અજય ના શુભ લગ્ન પન્નાબેન અને કમલેશભાઇ બુદ્ધદેવ ની સુપુત્રી એડવોકેટ ધ્વનિ સાથે ૧૪.૧૨.૨૦૨૩ ના રોજ નિર્ધારીત કરેલ છે.





# મોદી સરકાર રીટર્ન ગીફટ આપશે? પેટ્રોલ-ડિઝલના ભાવમાં ઘટાડાની વિચારણા

## ઓઈલ માર્કેટીંગ કંપનીઓ હવે બંને ઈંધણમાં તોતીંગ નફો કરવા લાગીઃ ઈકોનોમીક ટાઈમ્સનો રિપોર્ટ

નવી દિલ્હી તા.૧૧

પાંચ રાજયોની ધારાસભા ચુંટણીઓમાં ત્રણ રાજયોમાં વિજય મેળવ્યા બાદ સરકાર પેટ્રોલ-ડિઝલના ભાવમાં ઘટાડો કરે તેવા સંકેત છે. ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ હવે ક્રુડ તેલના ભાવમાં ઘટાડો થતા પેટ્રોલના વેચાણમાં પ્રતિ લીટર રૂા.૮થી૧૦ અને ડિઝલના ભાવમાં પ્રતિ લીટર રૂા.૩થી૪નો નફો કરવાનું શરુ કર્યુ છે અને સરકાર પાસે હવે પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટાડવા માટે ઓઈલ માર્કેટીંગ કંપનીઓને કહેવાની પુરતી તક છે.

ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ ગત વર્ષે જે ઉંચા ક્રુડભાવના કારણે અંડર રીકવરી કરી હતી તે પુરી થઈ ગઈ છે અને તેમાં હવે નફો પણ વધી ગયો છે.

### કલમ ૩૭૦ અંગે સુપ્રીમ કોર્ટના નિર્ણય પર...

# મહેબૂબા મુફતીના બગડયા બોલઃ આ નિર્ણય સજા એ મોતથી જરાય ઓછો નથી

## કોંગ્રેસના નેતા મિલિંદ દેવરા સુપ્રીમના નિર્ણયને વધાવી લખ્યુંઃ કાશ્મીરમાં શાંતિ પાછી ફરી છે



શ્રીનગર (જમ્મુ-કાશ્મીર) તા.૧૧

જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ની કલમને રદ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને સુપ્રીમ કોર્ટે બહાલ કરવો નિર્ણય આપતા કાશ્મીરી નેતાઓએ નિરાશા વ્યક્ત કરી છે. આટલું જ નહીં, પીડીપીની નેતા અને જમ્મુ-કાશ્મીરની પુર્વ સીએમ મહેબૂબા મુફતીએ સુપ્રીમ કોર્ટના નિર્ણયને સજા એ મોત કહી દઈ વિવાદ સર્જયો છે.

તો બીજી બાજુ કોંગ્રેસના નેતા અને પુર્વ કેન્દ્રીય મંત્રી મિલિંદ દેવરાએ સુપ્રીમ કોર્ટના નિર્ણય પર ખુશી વ્યક્ત કરી લખ્યું છે- સુપ્રીમ કોર્ટના આ નિર્ણયનું હું સ્વાગત કરું છું.

મહેબૂબા મુફતીએ વધુમાં કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટનો નિર્ણય નિરાશાજનક છે પણ અમારે નિરાશ થવાની જરૂર નથી, અમારા વિરોધી ઈચ્છે કે અમે નિરાશ થઈ જાય, પાછળ હટી જાય પણ જમ્મુ-કાશ્મીરના લોકો એટલા કમજોર નથી, આ અમારી હાર નથી, આઈડીયા ઓફ ઈન્ડીયાની હાર છે, જે રીતે ગંગા-જમના સભ્યતાની સાથે કાશ્મીરના મુસલમાનોએ પાકિસ્તાનના બદલે ગાંધીના મુલ્ક સાથે, હિન્દુ ભાઈઓ સાથે હાથ મિલાવ્યા તેની હાર છે.

તો કોંગ્રેસ નેતા મિલિંદ દેવરાએ વધુમાં લખ્યું છે- આર્ટીકલ ૩૭૦ હટયા બાદ કાશ્મીરના વિકાસમાં ગતિ આવી છે. આથી રાજનીતિક સંકટ પણ ખતમ થશે.

# કલમ ૩૭૦ ચૂકાદો આવકારતા અમીત શાહઃ રાજયમાં પત્થરબાજી અમે ભૂતકાળ બનાવી છે

## રાજયસભામાં કાશ્મીર અંગે સુધારા ખરડો રજૂ



નવી દિલ્હીઃ જમ્મુ-કાશ્મીરને ભારત સાથે જોડતી કલમ ૩૭૦ની નાબુદી પર પ્રતિભાવ આપતા ગૃહમંત્રી અમીત શાહે કહ્યું કે કેન્દ્રની સરકારના નિર્ણયને સુપ્રીમકોર્ટે પણ બંધારણીય ગણાવ્યો છે અને આ કલમની નાબુદી થયા બાદ રાજયમાં પત્થરબાજી તથા અલગતાવાદ એ ભૂતકાળ બન્યો છે. તેઓએ 'એકસ' પર પોસ્ટ કરીને રાજયમાં શાંતિ, સ્થિરતા પરત આવી હોવાનું જણાવ્યું છે. આજે તેઓ જમ્મુ-કાશ્મીર અનામત (સુધારા) ખરડો રજુ કર્યો હતો. આ ખરડો અગાઉ લોકસભામાં મંજુર કર્યો જેમાં નવા વિમોચનમાં કાશ્મીરી પંડિતો માટે ૨ બેઠકો અનામત રાખવાની જોગવાઈ છે.

શ્રી શાહે કહ્યું કે રાજયમાં ટુરીઝમ-વ્યાપારી પ્રવૃતિ વધી છે. લોકોની આવક પણ વધી છે અને જમ્મુ-કાશ્મીરને દેશના સમૃદ્ધ રાજયોની સાથે ઉભુ રહેશે.

### સુપ્રિમ કોર્ટના નિર્ણય પર ગુલામનબી આઝાદની પ્રતિક્રિયા

# સુપ્રિમ કોર્ટના નિર્ણયથી હું નિરાશ, હવે કલમ ૩૭૦ અને ૩૫એ બહાલ થવી મુશ્કેલઃ આઝાદ

## કાશ્મીરના મહારાજા હરિસિંહના પુત્ર અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા કર્ણસિંહે સુપ્રીમના નિર્ણયનું સ્વાગત કર્યું



શ્રીનગર, તા.૧૧

સુપ્રિમ કોર્ટની પાંચ જજોની બંધારણીય બેન્ચે જમ્મુ કાશ્મીરને વિશેષ દરજજો આવતી કલમ ૩૭૦ રદ કરવાના સરકારના નિર્ણયને પડકારતી અરજીઓ ફગાવી અને ૨૦૧૯માં કેન્દ્ર સરકારે લીધેલા ફેસલાને સાચો ઠેરવ્યા બાદ આ મામલે જમ્મુ-કાસ્મીરના મહારાજા હરિસિંહના પુત્ર અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા કર્ણસિંહ સુપ્રિમ કોર્ટના આ નિર્ણયનું સ્વાગત કર્યુ છે એટલું જ નહીં તેમણે વડાપ્રધાન મોદીને અપીલ કરી હતી કે કાશ્મીર જલદી રાજ્યનો દરજજો બહાલ કરવામાં આવે

તો બીજી બાજુ કોંગ્રેસના પૂર્વ નેતા અને બાદમાં પોતાની ડેમોક્રેક્ટિ પ્રોગ્રેસીવ આઝાદી પાર્ટી રચનાર અને પાર્ટીના અધ્યક્ષ ગુલામ નબી આઝાદ સુપ્રિમ કોર્ટના ફેસલા સામે નિરાશા વ્યકત કરી હતી.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ સુપ્રિમ કોર્ટના નિર્ણયને આવકારનાર પૂર્વ કેન્દ્રીય મંત્રી કણસિંહે વધુમાં જણાવ્યું હતું કે સુપ્રિમના નિર્ણય બાદ કાશ્મીરમાં બહારના લોકો જમીન ખરીદી શકશે અને અહીં બહારના લોકો નોકરીમાં સામેલ થશે ત્યારે કાશ્મીરના યુવકોને કેવી રીતે રોજગારી મળશે?

જ્યારે ગુલામનબી આઝાદે વધુમાં જણાવ્યું હતું કે જમ્મુ-કાશ્મીરના લોકો આ ફેસલાથી ખુશ નથી થતાં અમારે સ્વીકારવો પડશે.

# ચાલુ રીક્ષાએ હાર્ટ એટેક આવતા પલ્ટી મારી, પ્રૌઢનું ઘટના સ્થળે મોત

## મૃતક નરશી પરમાર નવાગઢથી વીરનગર જતા હતા ત્યારે બનાવ બન્યો



રાજકોટ, તા. ૧૧

રાજકોટના જેતપુર નજીક નવાગઢની વીરનગર જતા રસ્તા પર રીક્ષા ચાલકને ચાલુ રીક્ષાએ હાર્ટ એટેક આવતા રીક્ષા પલ્ટી મારી ગઈ હતી જે પછી સારવારમાં ખસેડી તે પહેલા જ ચાલકનું મૃત્યુ નિપજયું હતું.

ચાલકનું નામ નરશીભાઈ પરમાર (ઉ.વ.૫૦) હોવાનું અને તેઓ જેતપુર નવાગઢના રહેવાસી હોવાનું જાણવા મળે છે. મૃત્યુનું સચોટ કારણ જાણવા મૃતદેહનું પીએમ કરાયું હતું. મૃતકને સંતાનમાં બે દીકરા છે. બનાવથી પરિવારમાં શોક છવાયો છે.

# પૂનમ સોસાયટીમાં પત્તા ટીંચતા આઠ બાજીગરો ઝડપાયા

## માલવીયાનગર પોલીસે રૂા.૧૬૪૦૦ની રોકડ કબ્જે કરી

રાજકોટ, તા.૧૧

ઓમનગર બસ સ્ટેન્ડ પાસે પૂનમ સોસાયટીમાં જાહેરમાં પતાટીચતા આઠ બાજીગરોને પોલીસે દબોચી લઇ રુા. ૧૬૪૦૦ની રોકડ કબ્જે કરી હતી.

દરોડાની વિગત મુજબ માલવીયાનગર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ભેટરીયા, અંકિત નિમાવત અને ભાવેશ ગઢવીને મળેલ ચોક્કસ બાતમીના આધારે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ ઓમનગર બસ સ્ટેન્ડ પાસે આવેલ પૂનમનગરમાં જાહેરમાં પતા ટીંચતા હરેશ માવજી મુલાશીયા, રાજેશ લાલસીંગ કારેલીયા, પ્રવિણ જરીયા, બળવંત ઉર્ફે પ્રદિપ કાળુ જરીયા, આકાશ પ્રવિણ દક્ષીણી, ચીરાગ અરવિંદ જરીયા, કુલદિપ ભરત જરીયા અને ભાવેશ મુકેશ જરીયાને દબોચી રુા.૧૬૪૦૦ની રોકડ કબજે કરી હતી.

### લાગે વાગે લોહીની ધાર...

# સાહુના ૩૫૩ કરોડના કેશ કાંડમાં કોંગ્રેસે કહી દીધું- અમારે કંઈ લાગે વળગે નહીં

## સાહુનું એક વર્ષ પહેલાનું ટવીટ વાયરલ- જેમાં દેશમાં કાળા નાણાથી પોતે વ્યથિત હોવાનું લખે છે!



નવી દિલ્હી તા.૧૧

કોંગ્રેસના રાજયસભાના સાંસદ અને શરાબ કારોબારી ધીરજ સાહુના ઠેકાણાઓમાંથી ૩૫૩ કરોડથી વધુનો કાળા નાણાનો ભંડાર મળી આવતા આખો દેશ આશ્ચર્યચકીત છે અને કોંગ્રેસ સવાલોના ઘેરામાં આવી ગઈ છે ત્યારે હવે આ મામલે કોંગ્રેસે નિવેદન કર્યુ છે કે મેટર ધીરજ સાહુની પર્સનલ છે, અમને એની સાથે કંઈ લાગતું વળગતું નથી. આ કાળાનાણા મામલે રસપ્રદ વિગતે બહાર આવી છે કે જે ધીરજ સાહુના ઠેકાણાઓમાં અબજો રૂપિયા મળી આવેલા, તેમનું એક ટવીટ વાયરલ થઈ રહ્યું છે તેમાં તે દેશમાં કાળા નાણાને લઈને ચિંતા વ્યક્ત કરતા જોવા મળે છે!

કોંગ્રેસ સાંસદ ધીરજ સાહુના ઠેકાણાઓમાં અબજો રૂપિયાની બેહિસાબ રકમ મળી આવવાને પગલે કોંગ્રેસ સવાલોના ઘેરામાં આવી છે ત્યારે આ મામલે ખુલાસો કરવા પડી રહ્યા છે. જેમાં કોંગ્રેસના મહામંત્રી અવિનાશ પાંડેએ જણાવ્યું હતું કે જયાં સુધી આ મામલે સતાવાર વિગત બહાર ન આવે ત્યાં સુધી અમે કંઈ કહેવા માંગતા નથી. વધુમાં કોંગ્રેસે કાળા નાણા મામલે સાહુને નોટિસ આપી જવાબ માંગ્યો છે.

દરમિયાન સાહુનું એક એક વર્ષ પહેલાનું એક ટવીટ વાયરલ થઈ રહ્યું છે જેમાં તેમણે લખ્યું છે- મારી સમજમાં નથી આવતું કે કયાંથી લોકો આટલું કાળુ નાણુ જમા કરી લેતા હશે.

# ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ફેબ્રુઆરીમાં : અંદાજપત્રનું કદ ૨૦ થી ૨૫ ટકા વધી શકે

## લોકસભા ૨૦૨૪ની ચૂંટણીને કેન્દ્રસ્થાને રાખી સરકાર નવી બાબતો લાવી શકે છે





ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ફેબ્રુઆરીમાં શરૂ થશે. વાત જાણે એમ છે કે, આ વર્ષે વિધાન સભાનું બજેટ સત્ર ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં શરૂ થવાની સંભાવના છે. આ સાથે ગત વર્ષની તુલનામાં ગુજરાતના બજેટના કદમાં ૨૦ થી ૨૫ ટકા વધારાની શકયતા છે. નોંધનિય છે કે, ગત વર્ષ ૨૦૨૩-૨૪માં ગુજરાતનું અંદાજપત્ર ૩ લાખ કરોડ હતું. જોકે હવે આ વખતે લોકસભા ૨૦૨૪ ચૂંટણીને કેન્દ્ર સ્થાને રાખી સરકાર નવી બાબતો લાવી શકે છે.

### ફેબ્રુઆરીમાં વિધાનસભામાં યોજાશે બજેટ સત્ર

ભૂપેન્દ્ર પટેલ સરકારમાં આગામી ફેબ્રુઆરી માસની શરૂઆતમાં જ બજેટ સત્ર શરૂ થવાની સંભાવના છે. ગતવર્ષની તુલનાએ બજેટના પ્રમાણમાં ૨૦થી ૨૫ ટકાનો વધારો થઈ શકે છે. નોંધનિય છે કે, ગત વર્ષે રાજ્યની ભૂપેન્દ્ર પટેલ સરકાર ૨.૦ના પ્રથમ બજેટમાં રાજયના નાણાપ્રધાન કનુ દેસાઈએ વિવિધ વિભાગો વચ્ચે સંતુલિત ફાળવણી કરવા સાથે ૯૧૬.૮૭ કરોડની પૂરાંત વાળું બજેટ રજૂ કર્યું હતું.

ગુજરાત વિધાનસભામાં અગાઉ રજૂ કરવામાં આવેલા વર્ષ ૨૦૨૩-૨૪ માટેના ૩.૦૧ લાખ કરોડ રૂપિયાના કદના આ બજેટમાં નાણાપ્રધાને શિક્ષણ, આરોગ્ય, કૃષિ ક્ષેત્ર સહિતના ક્ષેત્રોમાં ફાળવણી વધારીને સર્વાંગી વિકાસનો પાયો નાખ્યો હતો. રૂ.૮૫,૬૩૦.૮૯ કરોડની મૂડી આવક સામે કુલ રૂ.૯૭,૯૦૨.૬૧ કરોડના ખર્ચનો અંદાજ અને પરિણામે ૧૨,૨૭૧.૭૨ કરોડની મૂડી ખાધનો અંદાજ અને બજેટનું કુલ કદ ૩.૦૧ લાખ કરોડનું હતું.

# યુવતીના ચેટ ફોટા વાયરલ કરવાની ધમકી આપી રૂા. ૨૫ હજાર પડાવનાર શખ્સને પોલીસે પકડયો

## ભકિતનગર પોલીસે તપાસ અમદાવાદ સુધી લંબાઇ શખ્સને ઝડપી લીધો



રાજકોટ, તા. ૧૧

સોશ્યલ નેટવર્કિંગ સાઈટ સ્નેપચેટ ઉપયોગ કરતી યુવતીએ ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી જેમાં મિલન પટેલે વાતો કરી બાદમાં ચેટના ફોટા વાયરલ કરવાની ધમકી રૂા. ૨૫ હજાર પડાવતા યુવતીની ફરિયાદ આધારે ભકિતનગર પોલીસે અમદાવાદના શખ્સની ધરપકડ કરી છે.

રાજકોટની ફરિયાદી યુવતીએ ગત તા. ૩ના રોજ ભકિતનગર પોલીસમાં આપેલ ફરિયાદમાં મિલન પટેલ નામના શખ્સે ચેટ વાયરલ કરવાની ધમકી આપી રૂા. ૨૫ હજાર પડાવી પોતાની ઓળખ છુપાવી છેતરપીંડી કર્યાની ફરીયાદ આધારે પી.આઇ. એમ.એમ.સરવૈયા સહિતના સ્ટાફે તપાસ દરમિયાન કિશન ઉર્ફે મીલન ઉર્ફે ડો.મિલન અશ્વિનીકુમાર પટેલ રે. વીર સાવરકર હાઇટસ, ઓગણજ રોડ, ગોતા, અમદાવાદ મુળ રે. આનંદપુરા રાજપુર તા. સિધ્ધપુરને ઝડપી લઇ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રીકવરી ઝુંબેશમાં વધુ ૭ મિલ્કતો સીલ

## અડધા દિવસમાં ૩૧.૩૦ લાખની આવક : ૧૨ને ટાંચ જપ્તીની નોટીસ



રાજકોટ, તા. ૧૧

મ્યુ. કોર્પોરેશનની વેરા વસુલાત શાખાએ બાકી વેરાની વસુલાત માટે રીકવરી ઝુંબેશને કડક બનાવી છે. આજે સવારથી બપોર સુધીમાં વધુ ૭ મિલ્કતોને સીલ અને ૧૨ મિલ્કતોને ટાંચ જપ્તીની નોટીસ આપી છે સાથે રૂા. ૩૧.૩૦ લાખની રીકવરી કરી છે.

વેરા વસુલાત શાખાએ આજે સંત કબીર રોડ, ચંપકનગર, યાજ્ઞિક રોડ, મવડી રોડ, રૈયા ચોકડી, ૧૦૫ ફુટ રીંગ રોડ, કોઠારીયા રોડ, જીઆઇડીસીમાં બાકી વેરાની વસુલાતમાં યાજ્ઞિક રોડ સહિત ૭ મિલ્કતોને સીલ મારવાની કામગીરી થઇ હતી.

આજ બપોરના ૧ કલાક સુધીમાં ૭ મિલ્કતોને સીલ સાથોસાથ ૩૧.૩૦ લાખની રીકવરી અને ૧૨ મિલ્કતોને ટાંચ જપ્તીની નોટીસ આપી હતી.

### ઓરિસ્સા અને બિહાર જેવી...

# રેલ દુર્ઘટનાઓ નિવારવા રેલવેએ કમર કસીઃ ૧૪૬૫ કિ.મી. માર્ગ પર લાગ્યું 'કવચ'



ભુવનેશ્વર (ઓરિસ્સા) તા.૯

ઓરિસ્સા અને બિહાર ટ્રેન દુર્ઘટનાઓ બાદ ભારતીય રેલવે દરેક સંભવ સુરક્ષા મજબૂત કરવામાં લાગ્યું છે ત્યારે આ ક્રમમાં સ્વદેશી રૂપે વિકસીત ઓટોમેટીક ટ્રેન સુરક્ષા પ્રણાલી (એટીપી) 'કવચ' અત્યાર સુધીમાં ૧૪૬૫ કિલોમીટર લાંબા માર્ગ અને દક્ષિણ મધ્ય રેલવે ખંડો ઉપર ૧૩૯ લોકોમોટીવ (ઈલેકટ્રીક મલ્ટીપલ યુનિક રેક) પર સ્થાપિત કરવામાં આવ્યું છે.

કવચ ટેન્ડર જાહેર કરાયાઃ ઉલ્લેખનીય છે કે લિંગાપલ્લી વિકારાબાદ- વાડીના ૨૬૫ કિલોમીટર અને વિકારાબાદ બીદરખંડ, મનમાડ-મુદખેડ-ધોને-ગુંટકલ ખંડના ૯૫૯ કિલોમીટર અને બીદર પર ભણી ખંડના ૨૪૧ કિલોમીટર લાંબા માર્ગ પર મહત્વની પ્રગતિ થઈ છે.